

ાનું ઉદ્યાન (ત્રીજી આવૃત્તિ) ..........................૩૦.૦૦
ાંતિ કે ઉપવનમેં (હિંદી) ..........................૩૦.૦૦
સૌંદર્ય (બીજી આવૃત્તિ)..................................૮.૦૦
સુધા (બીજી આવૃત્તિ) ..................................૨૮.૦૦
લંક ફૂ દૂર નિવારો .......................................૧૧.૦૦
ત્ર સ્વાધ્યાય..................................................૧૦.૦૦
ા ચંદરવો (બીજી આવૃત્તિ) ...............................૧૬.૦૦
ીઠી વાણી (ત્રીજી આવૃત્તિ) ..............................૩૦.૦૦
એક પાસા અનેક ............................................૩૦.૦૦
દન પચ્ચક્ખાણ ભાષ્યના રહસ્યો (ત્રીજી આવૃત્તિ) .....૨૫.૦૦
ંકુચન મુક્તિ ભણી (બીજી આવૃત્તિ) ......................૧૬.૦૦
ાને વસંત ......................................................૨૦.૦૦
વાણી લો પીછાણી ..........................................૧૬.૦૦
ાથી સિદ્ધિ ભણી ............................................૨૫.૦૦
જન તો તેને કહીએ .........................................૧૨.૦૦
ા વહેણ .........................................................૨૫.૦૦
મ દરિયો રત્ને ભરિયો .....................................૪૦.૦૦
ર્થની વાણી અનુભવની ખાણી ...............................૧૬.૦૦
ા યાત્રાથી ચેતન યાત્રા .......................................૩૦.૦૦
ા હૈયાનો લીલો વૈભવ .......................................૨૮.૦૦
: માનવથી મહામાનવની ......................................૩૦.૦૦
મ રૂપાળા ખેલ નિરાળા .......................................૩૦.૦૦
ા સંશય ભાંજ્યા રે ............................................૩૦.૦૦
ી બાંધ્યા રતન..................................................૩૦.૦૦
ા પથરાયો પંથમાં ..............................................૩૦.૦૦
ની શોધમાં ........................................................૫૦.૦૦
યની રસધાર..................................................... ૭૦.૦૦

વૈરાગ્યની રસધાર

વૈરાગ્યશતક વિવેચન





શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ऐं નમઃ

# વૈરાગ્યની રસધાર

(વૈરાગ્યશતક વિવેચન)

## ભાગ-૧


-: વિવેચનકાર :-

પ.પૂ.આ.શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી

મ. પટ્ટધર વિરાગમૂર્તિ સુવિશાલગચ્છાધિપતિ

પ.પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા

-: સંપાદક :-

પ.પૂ. મુનિરાજ શ્રી સત્યકાંત વિ.મ.



-: પ્રકાશક :-

દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,

ધોલકા-૩૮૭૮૧૦

| વિ. સં. | પ્રકાશન : | પ્રતિ |
| --- | --- | --- |
| ૨૦૬૮ | માગશર સુદ ૬ | ૧૦૦૦ |

કિંમત : ૭૦ રૂા.


# લીધા લાભ સવાયા

પ.પૂ. મુનિરાજ **શ્રી પ્રેમસુંદર વિ.મ.** ની
ગણિપદની નિમિત્તે તેમના સંસારી દાદી
**હીરાબાઇ ધરમચંદજી**ના શ્રેયાર્થે
સંસારી કાકા **શ્રી પોપટલાલ ધરમચંદજી**... ચેન્નઇ


**-: પ્રાપ્તિસ્થાન :-**

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૬, કલિકુંડ સોસાયટી,
મફલીપુર ચાર રસ્તો, ધોળકા

**અરવિંદભાઇ જે. શાહ**
૮૯, શેખ મેમણ સ્ટ્રીટ, ૨જે માળે,
મુંબઇ-૪૦૦ ૦૦૨.


## વાત સંપાદકની...

પૂર્વ પુરુષોના જીવનચરિત્રો વાંચતા-સાંભળતા મને-તમને-ઘણાને ઘણીવાર મનમાં આશ્ચર્ય સહ વિચાર આવતો હોય છે -

નાનકડું નિમિત્ત અને સંપૂર્ણ સંસારનો ત્યાગ! લોભામણા પ્રલોભનો છતાં સાધનામાં નિષ્પ્રકંપતા!

થોડી શુભધ્યાનની વધુ ધારા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ!

શી રીતે આ શક્ય બનતું હશે? એવું શું તેઓના હાથમાં આવી ગયું હશે કે સંસારત્યાગ કરવાનો હોય કે સાધનામાં અડોલ રહેવાનું હોય કે સર્વજ્ઞ બનવાનું હોય બધું તેમને સહજ-સુલભ લાગે.

એમ કહેવાય છે કે જેને Backing મજબૂત હોય તેની ક્યાંય હાર-પીછેહઠ ન થાય. મહાપુરુષોના જીવનમાં વૈરાગ્યનું Backing Solid હતું. સંસારમાં રહ્યા તોય તેઓમાં સંસાર રહી ન શક્યો એક માત્ર વૈરાગ્યના કારણે. સંયમ લીધું કે સાધના પકડી તો આના સહારે જ તેઓ વિરાગી અને વીતરાગી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શક્યા.

આવો મહા સામર્થ્યવાન વૈરાગ્ય મેળવવા-કેળવવા સંસારના સાચ્ચા સ્વરૂપને જાણવું જરૂરી છે. આપણી તેના ઉપરની આસક્તિ છોડવા-ભ્રમને તોડવા પ્રભુની વાણીના સંગ્રહ સ્વરૂપ અનેક શાસ્ત્રો-ગ્રંથો-પ્રકરણો હયાત છે. તેમાંનો એક ગ્રંથ એટલે જ **વૈરાગ્ય શતક**. ૧૦૦-૧૦૦ ગાથા સુધી ગ્રંથકારે વૈરાગ્યને જ લક્ષમાં રાખી સંસારના વિકૃત-ભદ્દા ચિત્રને રજૂ કર્યું છે. એક-એક ગાથા વૈરાગ્ય જગાડવા-ટકાવવા-વધારવા સક્ષમ છે ત્યારે તે પ્રત્યેક શ્લોક ઉપર **મુનિ શ્રી રત્નભાનુ વિ.**

ની લાગણીભરી વિનંતીથી કલમ ચલાવી છે મૂર્તિમંત વૈરાગી ગચ્છાધિપતિના ઉચ્ચપદે બિરાજિત છતાં અનાસક્ત યોગી પૂજ્યપાદ દાદા ગુરૂદેવ **શ્રીમદ્‌વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજાએ...** પછી આપણી વિષયાસક્તિના છોતરા-ફોતરા ઉડવામાં કચાશ ક્યાં રહેશે? આપણું સંસાર પ્રત્યેનું પાગલપણું છૂટ્યા વિના બાકી રહેશે?

તો લો પુસ્તક હાથમાં - શાંતચિત્તે વાંચવાનું કરો ચાલુ પછી પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ ધારક પૂ. **વિદ્વદ્વર્ય આ. શ્રી અભયશેખર સૂ. મ.** એ પ્રસ્તાવનામાં લખેલ શબ્દો **"થોડી પણ સહૃદયતા જો છે તો આનું અધ્યયન વૈરાગ્યનો અંકુર પ્રગટાવ્યા વિના ન રહે તેવું છાતી ઠોકીને કહી શકાય."** આપણા માટે સાચા પુરવાર થશે. ગાથાઓનો અંગ્રેજી અર્થ લખી આપનાર **મનીષ મોદીનું સસ્નેહ સ્મરણ...**

**પૂ.પં.શ્રી સૂર્યકાંતવિ. મ.ના શિષ્ય**

**મુ. સત્યકાંત વિ.**

## રસાધિરાજનો રસાસ્વાદ....

અર્હન્ કૌશલિક શ્રીઋષભદેવ ભગવાન સંયમગ્રહણ બાદ રોજ ભિક્ષાએ જાય છે.. પણ ગોચરી મળતી નથી.. પારણું થતું નથી... તપશ્ચર્યા વધતી જાય છે. આ સિલસિલો ૩૯૯ દિવસ સુધી ચાલ્યો પણ કોઇ અકળામણ નથી, દીનતા-હીનતા નથી... નજરમાં તપોવૃદ્ધિ છે.. ને તેથી આનંદ જ આનંદ છે.

ખંધકઋષિ... શરીર પરથી જીવતેજીવ ચામડી ઉતરડાઇ રહી છે... ને છતાં સ્વસ્થતા-સ્થિરતા-સમતાને સમાધિનો ઇન્ડેક્સ વધતો ગયો... ક્ષપકશ્રેણિ, કેવળજ્ઞાન ને મોક્ષ....

પત્નીના મોત પર ભક્તકવિ શ્રી નરસિંહ મહેતાના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા :

**ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ...**

પત્નીએ ગુસ્સામાં આવીને બરડા પર શેરડીનો સાંઠો ફટકાર્યો.. શેરડીના બે ટુકડા થઇ ગયા... પણ સંત પતિએ પ્રત્યાઘાત ન આપ્યો. પ્રતિસાદ આપ્યો.. તું કેટલી વિચક્ષણ છે! આપણા બે માટે બે ભાગ કરી દીધા.

પરિસ્થિતિ ગમે એટલી પ્રતિકૂળ હોય... અનુભૂતિ આનંદની જ હોય... આ વૈરાગ્યનો પ્રભાવ છે માટે હાસ્યરસ...વીરરસ... વગેરેને 'રસ' કહ્યા હોવા છતાં વૈરાગ્યને 'રસાધિરાજ' કહ્યો છે.. દરેક પરિસ્થિતિમાં આનંદનો જ રસાસ્વાદ એટલે જ તો સાધુ માટે **'સાધુ તો સુખિયા ભલા દુઃખિયા નહીં લવલેશ...'** કહ્યું છે - 'બધો જ તો ત્યાગ કરી દીધો છે... હવે સાધુને સુખ શી રીતે?' આ પ્રશ્નનો જવાબ છેઃ **તેન ત્યક્તેન ભુઞ્જીથાઃ** વિષયેચ્છાને ત્યાગીને સુખી થા... હા, વિષયેચ્છાથી વિષયપ્રવૃત્ત થનાર કરતાં વિષયેચ્છાને છોડી દેનારનું સુખ અનેકરીતે ચઢિયાતું હોય છે. ખણજને ખંજવાળવાના સુખ કરતાં ખણજ ઉઠતી જ ન હોવાના સુખની જેમ. આ ઇચ્છાનો ત્યાગ.. એ જ તો વૈરાગ્ય છે.

તેથી, સાધુ પણ સુખિયા એ જ હોય છે જેના દિલમાં વૈરાગ્ય ઝળહળતો હોય.. વૈરાગ્ય બૂઝાઇ ગયા પછી તો સાધુજીવન બોજરૂપ બની જાય છે. માત્ર દિવસો પૂરા કરવાના રહે.

પરિસ્થિતિ આપણા હાથમાં હોતી નથી. વૈરાગ્ય આપણા હાથમાં છે. જેને સદા સુખી રહેવું છે એને વૈરાગ્યરસાધિરાજ જ શરણભૂત છે. અલબત્ત લોકોની ફરિયાદ હોય છે. 'વૈરાગ્ય થતો નથી!' પણ આ વાત દિલમાં શૂળની જેમ ભોંકાતી હોય છે, શા માટે?

ભારે નશામાં ચકચૂર શરાબી ટ્રાફિક પોલીસની બાજુમાં આવીને ઊભો રહી ગયો... પોલીસે એની હાલત જોઇને પૂછ્યુંઃ अबे! कहां जाना है?

'मेरे घर पर...' 'तो चलने लग... यहां क्यों खडा है?'

'अरे! चलने की क्या जरुरत है? सारी दुनिया चक्कर चक्कर घुमती है, घर आयेगा तो घुस जाउंगा....

ઘર સામેથી આવે કે જવું પડે? વૈરાગ્ય થાય કે કેળવવો પડે? વૈરાગ્ય થવાની રાહ જોશો તો એ આજે, પાંચ વરસ પછી, પાંચ ભવ પછી કે અનંતભવ પછી... ક્યારેય થવાનો જ નથી. કારણ કે વૈરાગ્ય એ થવાની વસ્તુ નથી, પણ કેળવવાની- ઊભો કરવાની વસ્તુ છે. એટલે જ એ જેનાથી કેળવાય એવા સંખ્યાબંધ ગ્રન્થોની પૂર્વાચાર્યોએ રચના કરી છે. વૈરાગ્યપ્રેરક આ ગ્રન્થોમાં પ્રથમ હરોળમાં આવી શકે એવો ગ્રન્થ એટલે વૈરાગ્ય શતક. અલબત્ત એના રચયિતા સ્વનામ સુદ્ધા પ્રત્યે એટલા વિરક્ત છે કે સાક્ષાત્ તો નહીં, આડકતરો પણ ક્યાંય એનો ઉલ્લેખ કર્યો નથી. પણ એમની આ કૃતિ... થોડી પણ સહૃદયતા જો છે, તો એનું અધ્યયન-પરિશીલન વૈરાગ્યનો અંકુર પ્રગટાવ્યા વિના ન રહે એવું છાતી ઠોકીને ચોક્કસ કહી શકાય.

એક તો સ્વયં વૈરાગ્યથી રસતરબોળ ગ્રન્થ..ને એના વિવેચનને સાથ મળ્યો એક જિનાજ્ઞાપરિભાવિત, તત્ત્વપરિણત, માર્ગાનુસારી, શાંત-પ્રશાંત-ઉપશાંત ઝળહળતા ક્ષયોપશમનો... હા, પ્રસ્તુત વિવેચનના રચયિતા **'સિદ્ધાન્તદિવાકર'** એવા યથાર્થ વિશેષણના ધારક **પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.નો,** ખૂબ ઊંડા ઊંડા સૂક્ષ્મ રહસ્યોની ખોજ એ શોખ નથી, પણ સ્વભાવ છે... ને તેથી શ્રુતસાગરના અતલ ઊંડાણમાં રહેલા રત્નો હાથ ન આવે તો જ નવાઇ કહેવાય.

વળી વિશેષતા એ કે આ રહસ્યો પણ તેઓશ્રીના વ્યવહારુ દૃષ્ટાન્તોને પામીને બે ને બે ચાર જેવા સરળ થઇ જાય છે.

જેમ કે કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ.. આ વાત પુણ્યકાર્ય માટે સમજવી, પાપકાર્ય માટે નહીં... એ સમજાવવા તેઓશ્રી જણાવે છે કે 'વહેતાં પાણી નિર્મળા'ની વાત નદીના જળ માટે છે, ગટરના પાણી માટે નહીં, કારણ કે એ તો બધે ગંદકી જ ફેલાવવાના છે.

જીવ બધાની ચિંતા કરે છે, પણ પોતાની (આત્માની) નહીં... આ વાતને 'ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો' આ પ્રસિદ્ધ વાતથી સમજાવી છે.

પાપોદયે થયેલ વિપરીત પરિસ્થિતિમાં વેરઝેર-કષાયોના તોફાન વગેરેના નુકશાનો સમજાવવા તેઓશ્રી લખે છે - એક તો શર્દી થઇને વળી આઇસ્ક્રીમ ઉડાવ્યો... પછી હાલત? રોજ-બરોજની જિંદગીમાં અનુભવાતા આવા ઢગલાબંધ દૃષ્ટાંત વગેરે દ્વારા અને શાસ્ત્રીય પદાર્થોની અવસરે અવસરે છાંટ પામવા દ્વારા આ વિવેચન ખરેખર ખૂબ જ વૈરાગ્યપ્રેરક બન્યું છે.

એક થી પચાસ ગાથાના વિવેચનનો આ પ્રથમ ભાગ છે. એમાં છાપેલ ગાથા, પૂજ્યશ્રીના હસ્તાક્ષરવાળી ગાથા, ગુજરાતી અર્થ અને અંગ્રેજી અર્થ એક પૃષ્ઠ પર આપ્યા પછી આ રસપ્રદ વિવેચન લેવામાં આવ્યું છે. ગુરુભક્તિ અને શ્રુતભક્તિરૂપે આ ગ્રન્થનું સંપાદન કરી રહેલા મુનિરાજ **શ્રી સત્યકાંત વિજયજી**એ પ્રસ્તાવના લખવાનું આમંત્રણ આપ્યું ને મને અનાયાસે વૈરાગ્યને ઓર ધબકતો કરી લેવાનો એક સુંદર અવસર મળી ગયો. ધન્યવાદ!

આ ગ્રન્થના અને વિવેચનના સહારે સહુ કોઇ રસાધિરાજનો રસાસ્વાદ માણો એવી મંગળ પ્રેરણા સાથે...

શ્રી સૂરિમંત્રના સમારાધક સ્વ.પૂ.ગુરુદેવશ્રી
જયશેખર સૂ.મ.સા.નો શિષ્યાણુ
**અભયશેખર**

संसारम्मि असारे,
नत्थि सुहं वाही-वेअणा पउरे ।
जाणंतो इह जीवो,
न कुणइ जिणदेसियं धम्मं ।।१।।

अज्जं कल्लं परं परारिं
पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
अंजलिगयं व्व तोयं,
गलंतमायुं न पिच्छंति ।।२।।

जं कल्ले कायव्वं
तं अज्जं चिय करेह तुरमाणा,
बहुविग्धो हु मुहुत्तो,
मा अवरण्हं पडिक्खेह ।।३।।

ही संसारसहावं
चरियं नेहाणुरागरत्ता वि ।
जे पुव्वण्हे दिट्ठा
ते अवरण्हे न दिसंति ।।४।।

मा सुयह जग्गियव्वे,
पलाइयव्वंमि कीस विसमेह ।
तिण्णि जणा अणुलग्गा,
रोगो अ जरा अ मच्चु अ ।।५।।

दिवसनिसाघडिमालं,
आयुसलिलं जीयाण घित्तूणं ।
चंदाइच्च बइल्ला,
कालरहट्टं भमाडंति ।।६।।

सा नत्थि कला तं नत्थि
उसहं तं नत्थि किंपि विन्नाणं ।
जेण धरिज्जइ काया,
खज्जंति कालसप्पेण ।।७।।

दीहर फणिंदनाले,
महियरकेसर दिसामहदलिल्ले ।
उप्पिअइ कालभमरो,
जणमयरंदं पुढवीपउमे ।।८।।

छायामिसेण कालो,
सयलजीवाणं छलं गवेस्संतो ।
पासं कहवि न मुच्चइ,
ता धम्मे उज्जमं कुणह ।।९।।

कालम्मि अणाइये,
जीवाणं विविहकम्मवसगाणं ।
तं नत्थि संविहाणं
संसारे जं न संभवइ ।।१०।।

बंधवा सुहिणो सव्वे,
पियामायापुत्तभारिया ।
पेअवणाऊ नियत्तंति,
दाऊणं सलिलंजलिं ।।११।।

विहडंति सुआ विहडंति
बंधवा वल्लहा य विहडंति ।
इक्को कहवि न विहडई,
धम्मो रे जीव! जिणभणिओ ।।१२।।

अडकम्मपासबद्धो,
जीवो संसारचारए ठाइ ।
अडकम्म पास मुक्को,
आया शिवमंदिरे ठाइ ।।१३।।

विहवो सज्जणसंगो,
विसयसुहाइं विलासललिआइं ।
नलिणीदलग्गघोलिर,
जललवपरिचंचलं सव्वं ।।१४।।

तं कत्थ बलं तं कत्थ
जुव्वणं अंगचंगिमा कत्थ ।
सव्वमणिच्चं पिच्छह
दिट्ठं नट्ठं कयंतेणं ।।१५।।

घणकम्मपासबद्धो,
भवनयरचउप्पहेसु विविहाओ ।
पायई विडंबणाओ,
जीवो को इत्थ सरणं से ।।१६।।

घोरम्मि गब्भवासे,
कलमलजंबालअसुइबीभच्छे ।
वसिओ अणंतखुत्तो,
जीवो कम्माणुभावेण ।।१७।।

चुलसीइ किर लोए,
जोणीणं पमुहसयसहस्साइं ।
इक्किक्कम्मि य जीवो,
अणंतखुत्तो समुप्पन्नो ।।१८।।

माया-पिय-बंधूहिं
संसारत्थेहिं पूरिओ लोओ ।
बहुजोणी निवासीहिं,
नय ते ताणं च सरणं च ।।१९।।

जीवो वाहिविलुत्तो,
सफरो इव निज्जले तडप्फडइ ।
सयलो वि जणो पिच्छइ,
को सक्को वेअणाविगमे ।।२०।।

मा जाणसि जीव! तुमं,
पुत्रकलत्ताइ मज्झ सुहहेऊ ।
निउणं बंधण-मेयं,
संसारे संसरंताणं ।।२१।।

जणणी जायइ जाया,
जाया माया पिया य पुत्तो य ।
अणवत्था संसारे,
कम्मवसा सव्वजीवाणं ।।२२।।

न सा जाई न सा जोणी,
न तं ठाणं न तं कुलं ।
न जाया न मुया जत्थ
सव्वे जीवा अणंतसो ।।२३।।

तं नत्थि किंपि ठाणं
लोए वालग्गकोडिमित्तं पि ।
जत्थ न जीवा बहुसो,
सुहदुक्ख परंपरा पत्ता ।।२४।।

सव्वाओ रिद्धिओ,
पत्ता सव्वे वि सयणसंबंधा ।
संसारे ता विरमसु,
तत्तो जइ मुणसि अप्पाणं ॥२५॥

एगो बंधई कम्मं,
एगो वह बंध-मरण वसणाइं,
विसहइ भवंमि भमडई,
एगुच्चिय कम्मवेलविओ ॥२६॥

अन्नो न कुणइ अहियं,
हियंपि अप्पा करेइ न हु अन्नो ।
अप्पकयं सुहदुक्खं,
भुंजसि ता कीस दीणमुहो ॥२७॥

बहुआरंभविढत्तं,
वित्तं विलसंति जीव! सयणगणा ।
तज्जणियपाव-कम्मं,
अणुहवसि पुणो तुमं चेव ॥२८॥

अह दुक्खियाइं तह
भुक्खियाइं जह चिंतियाइं डिंभाइं।
तह थोवंपि न अप्पा,
विचिंतिओ जीव!किं भणिमो ॥२९॥

खणभंगुरं सरीरं,
जीवो अन्नो य सासयसरुवो ।
कम्मवसा संबंधो,
निब्बंधो इत्थ को तुज्झ? ॥३०॥

कह आयं कह चलियं,
तुमंपि कह आगओ कहं गमिही ।
अन्नुन्नंपि न याणह,
जीव! कुडुंबं कओ तुज्झ? ॥३१॥

खणभंगुरे सरीरे,
मणुअभवे अब्भपडलसारिच्छे ।
सारं इत्तियमेत्तं,
जं कीरइ सोहणो धम्मो ॥३२॥

जम्मदुक्खं जरादुक्खं,
रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो,
जत्थ कीसंति जंतुणो ॥३३॥

जाव न इंदियहाणी,
जाव न जररक्खसी परिप्फुरई ।
जाव न रोगविआरा,
जाव न मच्चू समुल्लिअई ॥३४॥

जह गेहंमि पलित्ते,
कूवं खणिउं न सक्कए कोइ ।
तह संपत्ते मरणे,
धम्मो कह कीरए जीव! ॥३५॥

रुवमसासयमेयं,
विज्जुलया चंचलं जए जीअं ।
संझाणुरागसरिसं,
खणरमणीयं च तारुण्णं ॥३६॥

गयकन्न-चंचलाओ,
लच्छीओ तिअसचावसारिच्छं ।
विसयसुहं जीवाणं,
बुज्झसु रे जीव! मा मुज्झ ॥३७॥
जह संझाए सउणाणं,
संगमो जह पहे अ पहियाणं ।
सयणाणं संजोगो,
तहेव खणभंगुरो जीव! ॥३८॥

निसाविरामे परिभावयामि,
गेहे पलिते किमहं सुयामि ।
डज्झंतमप्पाणमुविक्खयामि,
जं धम्मरहिओ दिअहा गमामि ॥३९॥
जा जा वच्चइ रयणी
न सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स,
अफला जंति राइओ ॥४०॥

जस्सऽत्थि मच्चुणा सक्खं,
जस्स वऽत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि,
सो हु कंखे सुहे सिया ॥४१॥
दंडकलिअं करित्ता,
वच्चंति हु राईओ य दिवसा य ।
आउसं संविलंता,
गया वि न पुणो नियत्तंति ॥४२॥
जहेह सिंहो व मियं गहाय,
मच्चू नरं णेई हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया,
कालंमि तंमि सहरा भवंति ॥४३॥

जिअं जलबिंदुसमं,
संपत्तिओ तरंगलोलाओ ।
सुमिणय समं च पिम्मं,
जं जाणसु तं करिज्जासु ॥४४॥
संझरागजलबुब्बुओवमे,
जीविए य जलबिंदु चंचले ।
जुव्वणे य नई वेग-संनिभे,
पावजीव! किमियं न बुज्झसे ॥४५॥

अन्नत्थ सुआ, अन्नत्थ
गेहिणी परिअणोऽवि अन्नत्थ ।
भूअबलिव्व कुडुंबं,
पक्खित्तं हयकयंतेण ॥४६॥
जीवेण भवे भवे,
मिलियाइ देहाइ जाई संसारे ।
ताण न सागरेहिं,
कीरइ संखा अणंतेहिं ॥४७॥

नयणोदयंपि तासिं
सागरसलिलाओ बहुयरं होइ ।
गलियं रुअमाणीणं,
माऊणं अन्नमन्नाणं ॥४८॥
जं नरए नेरइया,
दुहाइं पावंति घोर-णंताइं ।
तत्तो अणंतगुणियं,
निगोअमज्झे दुहं होइ ॥४९॥
तंमि वि निगोअमज्झे,
वसिओ रे जीव! विविहकम्मवसा।
विसहंतो तिक्खदुहं,
अणंतपुग्गलपरावत्ते ॥५०॥

# વૈરાગ્ય શતક


१

संसारम्मि असारे,

नत्थि सुहं वाही-वेअणा पउरे ।

जाणंतो इह जीवो,

न कुणइ जिणदेसियं धम्मं ।।


संसारंमि असारे
नत्थि सुहं वाहि वेअणा पउरे
जाणंतो इह जीवो
न कुणइ जिणदेसियं धम्मं ।।१।।

ગાથાર્થ - વ્યાધિ અને વેદનાથી ભરેલા અસાર એવા સંસારમાં સુખ નથી એમ જાણતો હોવા છતાં પણ સંસારમાં રહેલો જીવ જિનેશ્વર ભગવંતે કહેલા ધર્મને કરતો નથી. ।।૧।।

*1. Samsara is worthless.*
*There is no happiness, only sickness and pain.*
*Despite knowing this,*
*Some do not follow the teachings of the Jinas.*



સ્વ નામને ગુપ્ત રાખનાર કોક મહામના મહાપુરુષે સંસાર અને સાધનોનું, પદ અને પદાર્થોનું, રૂપ અને રૂપિયાનું, શક્તિ અને સંબંધોનું સાચું સ્વરૂપ બતાવવા વીતરાગતા સુધી લઇ જતી વૈરાગ્યની વાતોને બહુ સહજ અને સરળ શબ્દોમાં જ્યાં વહેતી મૂકી છે તે વહેણ એટલે **વૈરાગ્યશતક....**

આ જગત સાર-અસાર, સાચા-ખોટા, સુંદર-ખરાબ, ત્યાજ્ય-ભોગ્ય, કર્તવ્ય-અકર્તવ્ય આવા અનેક દ્વંદ્વોથી જકડાયેલું છે. હંસ જેમ દૂધ-પાણીને અલગ કરી દૂધનું આચમન કરે છે તેમ જીવે વિવેકદૃષ્ટિ-વિવેકબુદ્ધિથી પોતાને લાભદાયી-હિતકારી, સાચુ-સારૂ-સુંદર-સારરૂપ ગ્રહણ કરવું જોઇએ.

ગ્રંથકારશ્રી અહીં જિનદેશિત ધર્મને સારરૂપ માને છે અને કહે છે, કારણ કે આ ગાથામાં તેનું પાલન ન કરતા જીવ વિષે તેઓ ખેદ વ્યક્ત કરે છે.

પરમાત્મપ્રરૂપિત ધર્મ જ સાર છે એ નિર્વિવાદ બાબત છે.કેમ કે જીવને નિત્ય-નિર્મળ-નગદ સુખની અભિલાષા છે તેની પ્રાપ્તિ આ ધર્મથી જ થવાની છે. આ ધર્મ કાયમી સુખમય છે. અર્થાત્ કાયમી સુખનું-શાશ્વત સુખનું કારણ છે. જેનાથી દુઃખની અનુભૂતિ થાય, ''હું દુઃખી-પીડીત-પરેશાન છું'' એવો અહેસાસ થાય તેવી કોઇ પણ પ્રકારની વ્યાધિ અને બીજી સર્વ વેદનાઓનો અંશ પણ જ્યાં નથી એવા મોક્ષસુખનું જે કારણ છે એવો ધર્મ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. પરંતુ તે જ મેળવવા-પામવા જેવો છે. પૂર્વના પુણ્યે આવો ધર્મ અહીં મળી ગયો છે.

જીવ અનાદિકાળથી જ્યાં ભમે છે, રખડે છે તે સંસાર આનાથી (ધર્મથી) બધી રીતે વિપરિત છે. કેમ કે અહીં સારભૂત કહેવાય તેવું કશું નથી, સંસારમાં સુખ ક્યાંય નથી, સંસારમાં રોગ અને અનેક પ્રકારની વેદના-પીડાઓ ભરપૂર છે. મતલબ જે સાર નહીં પણ અસાર છે, તેમાં સુખ નહીં પણ સંતાપ જ રહેલો છે, જેમાં વૈશિષ્ટ્ય નહીં પણ વેદનાઓ જ ભરેલી છે, જે પ્રસન્નતા નહીં પણ પીડાઓથી પૂર્ણ છે આવા સંસારમાં રહેલ જીવ તેના વાસ્તવિક રૂપને જાણતો ન હોવાથી કે જાણતો-અનુભવતો હોવા છતાં આ પીડાના નાશના, મુક્તિના કાયમી ઉપાયરૂપ શ્રી જિનધર્મને જાણતો

હોવા છતાં મોહ-અજ્ઞાનથી વાસિત હોવાથી ધર્મને હૃદયની લાગણીથી સ્વીકારતો નથી અને ત્રિકરણ યોગથી (મનસા-વાચા-કાયેન) આચરતો નથી. ગાથામાં તો જો કે न कुणइ = કરતો નથી શબ્દ પ્રયોગ કર્યો છે પણ જ્યાં લગી હૃદયપૂર્વક સ્વીકાર ન થાય ત્યાં સુધી સમ્યગ્ આચરણ-સાંગોપાંગ આચરણ આવતું નથી.

જે હકીકતમાં અસાર હોવા છતાં ભવાભિનંદી પંડિતોએ એનું નામ સંસાર=સમ્યક્સાર પાડ્યું છે જે ભ્રમરૂપ છે. જેમ મૃગજળ-ઝાંઝવાના નીર શબ્દમાં ભલે જળ-નીર શબ્દો રહ્યા પણ તે ભ્રાંતિસૂચક છે છતાં હરણીયાને જેમ ત્યાં પાણી દેખાય છે જેમ જુગુપ્સનીય મળ-વિષ્ટા કીડાને ગ્રાહ્ય-ભોગ્ય લાગે છે. તેમ વ્યામોહના કારણે જીવને સંસાર અસાર-દુઃખરૂપ હોવા છતાં સારરૂપ-સુખમય લાગે છે,

રોગ અને અનેક પ્રકારના દુઃખો હોવા છતાં અલ્પકાલીન-અલ્પ માત્રાના આગંતુક દુઃખની મંદતા કે આપેક્ષિક અભાવના કારણે જેમ કે ભોજન લેવાથી થોડા સમય પૂરતું દૂર થયેલ ક્ષુધાનું દુઃખ કે સંપત્તિ મળતાં અલ્પસમય માટે અગવડ-અપમાનાદિનું દુઃખ દૂર થતાં કે ઔષધપાનથી ટૂંકસમયની તંદુરસ્તી પ્રાપ્ત થતાં, કે કોક બંધાતા સંબંધના કારણે એકલતાનું દુઃખ કેટલાક કાળ માટે નષ્ટ થયાનું અનુભવાતા જીવ સંસારને સુખરૂપ-રોગરહિત-દુઃખરહિત માની લે છે, સમજી લે છે. તો બીજી બાજુ આ ભ્રમણાના કારણે જ મોહાંધ થયેલ જીવ મોક્ષને અસાર માને છે, મોક્ષને નિષ્ક્રિય-કંટાળાજનક અને ધર્મને દુઃખરૂપ-કષ્ટરૂપ માને છે. તેના કારણે મોક્ષ-ધર્મના વિચારો, વાતો કે પ્રવૃત્તિ તો નહીં પણ તેના પડછાયાથી પણ દૂર ભાગે છે. પરંતુ આ જીવની મોહ-અજ્ઞાનજન્ય ભ્રમણા છે. એને દૂર કરવા માટે પ્રભુવચન પર શ્રદ્ધા રાખી, પ્રભુવચનને વારંવાર વાગોળવું, વિચારવું, ચિંતન કરવું જોઇએ તો સંસારની અસારતા-દુઃખરૂપપણું સમજાય.




## २

अज्जं कल्लं परं परारिं

पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।

अंजलिगयं व्व तोयं,

गलंतमायुं न पिच्छंति ।।




ગાથાર્થ - મૂઢ પુરુષો આજે કાલે, આવતા વર્ષે, અથવા પછીના વર્ષમાં મને અર્થસંપત્તિ પ્રાપ્ત થશે એમ વિચારે છે પરંતુ અંજલિમાં રહેલા પાણીની જેમ ગળતા એવા આયુષ્યને જોતા નથી. ।।૨।।

*2. I shall obtain wealth today, tomorrow,*
*or the day after tomorrow;*
*On in the near future.*
*Thus, humans worry about hoarding wealth but do not see*
*Life slip away*
*Just as water cupped in the palms.*

ભ્રમણાઓથી ભટકી રહેલ જીવ જે જે ભવમાં ગયો ત્યાં તે ફક્ત તે ભવને જ ઉપયોગી સાધન-સામગ્રી-શક્તિ-ધન-પરિવારની ચિંતા-પ્રયત્ન કરતો રહ્યો છે, કરે છે. તેને મેળવવાનો અથાગ પ્રયત્ન કરવા છતાં પુણ્યની મંદતા કે અભાવના કારણે તે વસ્તુ વિ. ન મળે તો ય નિરાશ ન થતાં-પુરૂષાર્થ ન છોડતાં વિચારે છે કે ''આજે નહીં તો કાલે અથવા પરમ દિવસે મળશે, આ મહિને નહીં તો આવતા મહિને પ્રાપ્ત થશે, આ વર્ષે હાથમાં નહીં આવે તો આવતા વર્ષે તો મેળવીશ જ. હમણાં નહીં તો આગળ તો મળશે જ. બધુ વ્યવસ્થિત થઇ જશે જ'' વગેરે આશામાં રહે છે.

પરંતુ આ બધું આયુષ્યના આધારે ઉપયોગી છે. એટલે કે જ્યાં સુધી જીવન-આયુષ્ય છે, આંખ ખુલી છે, ઘટમાં પ્રાણ છે ત્યાં સુધી જ કામનું છે. આયુષ્ય પૂર્ણ થયા પછી આમાનું કશું ઉપયોગી નથી, ઉપયોગમાં આવી શકતું નથી, આવતું નથી. **'આંખ મિંચે ડૂબ ગઇ દુનિયા'**. મડદાને જરિયાન કપડા કે કિંમતી આભૂષણો શોભા આપતા નથી, કોઇ કામના રહેતા નથી એટલે જ તેના ગળામાં રહેલ ચેન કે આંગળીમાં રહેલ વીંટી પણ સ્વજનો કાઢી નાંખતા દેખાય છે. ગમે તેટલું મળેલ હોય-ભેગું કરેલ હોય તો પણ આયુષ્ય પૂર્ણ થાય ત્યારે બધું જ અહીં જ છોડીને જવુ પડે છે. ગમે તેવો ચમરબંધી પણ એક ટાંકણી કે સોય જેવી નાની વસ્તુ પણ પરલોકમાં સાથે લઇ જઇ શકતો નથી. તેથી જ કહ્યું -

**''લક્ષ્મી સત્તાથી શું શું હોવે, જો જો મનમાં વિચારી;**
**એક દિન ઉઠી જાવું જ અંતે, દુનિયા સહુ વિસારી.''**

તો પછી મળેલ-મેળવેલ શક્તિ-સંયોગ-સામગ્રીઓ શા કામના?

બીજું જેના આધારે આ બધું મળેલ ઉપયોગી છે તે આયુષ્યનો કોઇ ભરોસો નથી, કોઇ ગેરંટી નથી કેમ કે તે ''अंजलिगयं व तोयं'' ખોબામાં રહેલ પાણી જેવું છે. જેમ જેમ સમય પસાર થાય તેમ પાણી ઘટવાનું, પ્રત્યેક પળે ઓછું જ થવાનું તેમ આપણું આયુષ્ય-શ્વાસોચ્છવાસનો જથ્થો પણ હરક્ષણે ઘટતા જવાના... **''છિન-છિન-છિન ઘટત આયુ, જ્યું જલ અંજલી માંહી''**



ઘટતા આયુષ્યને કોઇનાથી કોઇપણ પ્રકારે રોકી શકાતું નથી કે તેમાં વધારો કરી શકાતો નથી. 'થોડી ક્ષણો આપનું આયુષ્ય વધારી દો' આવી વિનંતી કરનાર ઇન્દ્ર મહારાજાને ખુદ પરમાત્મા મહાવીરે પણ આ જ જવાબ આપ્યો હતો.


પરંતુ અર્થ અને વિષયોની પ્રબળ ઇચ્છાવાળો-તેને મેળવવા-ભોગવવા પાગલ બનેલ જીવ આયુષ્યની ક્ષણભંગુરતાની સાચી પરિસ્થિતિનો વિચાર કરતો નથી. અનેક પાપારંભો-કષાયો કરીને મેળવેલ વસ્તુ-વ્યક્તિ અહીં જ છોડવાનો દિવસ આવતા-આયુષ્યની પૂર્ણાહૂતિ વખતે જીવ વિમાસણમાં પડે છે. મૂંઝાય છે કે આનો ઉપાય શું? આયુષ્ય જ્યારે નાશ પામતું અટકાવી શકાતું નથી, અહીંનું આયુષ્ય પરલોકના આયુષ્ય સાથે જોડી-સાંધી શકાતું નથી, અહીંની સામગ્રીઓ પરભવમાં સાથે આવવાની નથી હેં! મારે એકલાએ જ જવાનું? વગેરે સંકલ્પ-વિકલ્પોથી ગ્રસ્ત-દુઃખી બને છે.

ભલે બાહ્ય સાધન-સામગ્રી સાથે ન આવતી હોય છતાં ધર્મભાવના-મળેલ શક્તિઓનો સદ્ઉપયોગ-ધનમાં મૂર્ચ્છાનો ત્યાગ-સત્ક્ષેત્રોમાં દાન કરવાથી, યથાશક્ય પાપપ્રવૃત્તિઓને તિલાંજલી, તેમાં ઘટાડો-અકર્તવ્યતાની બુદ્ધિ, કરવી જ પડે એવી પાપપ્રવૃત્તિમાં પશ્ચાતાપ રાખવાથી તથા બીજી બાજુ પ્રભુ ભક્તિ, ગુરૂપાસના,સરળતા, નમ્રતા, શાંતતા વગેરે ગુણોની કેળવણી કરવાથી ટૂંકમાં અહીં પ્રાપ્ત થયેલ મન-વચન-કાયાની શક્તિઓ-અર્થ-પરિવાર-માન-આબરૂ-જ્ઞાન વગેરેને આત્મા માટે (ઉન્નતિ-નિર્મળતા-મુક્તિ માટે) ધર્મ માર્ગે પ્રવર્તાવે - વાપરે તો પુણ્યબંધ દ્વારા ભવાંતરમાં સારૂ-મોટું આયુષ્ય મેળવે છે, ઘણી ઉત્તમ શક્તિઓ મેળવે છે અને મહત્વની બાબત તો એ શક્તિઓને સન્માર્ગે વાપરવાની સદ્બુદ્ધિ અને તમન્ના મેળવે છે. સાથે શક્તિઓને સારા માર્ગે વાપરવાની તેની તમન્ના પૂર્ણ થાય તેવા સંયોગો પણ પ્રાપ્ત થાય છે.

આ રીતે ઉત્તરોત્તર ભવોમાં આયુષ્ય-શક્તિઓ અને તેનો સન્માર્ગે વપરાશ વધતો જાય છે અને જીવ ક્રમશઃ કર્મલઘુતા-કર્મક્ષપણ કરી એક દિવસ મોક્ષે પહોંચે છે. આમ સંસારની નાશવંત વસ્તુઓથી પણ તેમાં અનાસક્તિ લાવવાથી, તેનો સન્માર્ગે ઉપયોગ કરવાથી શાશ્વત મોક્ષ મેળવી શકાય છે.

## ૩

जं कल्ले कायव्वं
तं अज्जं चिय करेह तुरमाणा,
बहुविग्धो हु मुहुत्तो,
मा अवरण्हं पडिक्खेह ।।




ગાથાર્થ - જે કાલે કરવા યોગ્ય છે તે આજે જ જલ્દીથી કરો, સાંજના સમયની રાહ ન જુઓ કારણ કે મુહૂર્ત ઘણા વિઘ્નવાળું છે. ।।૩।।

*3. Wait not even for dusk to fall!*
*Accomplish at once today,*
*What needs to be done tomorrow.*
*For even a period of 48 minutes is not without obstacles.*



જગતમાં ચાલી રહેલ પ્રવૃત્તિ-કામના મુખ્ય બે ભેદ પડે (૧) ધર્મ-પુણ્યકાર્ય (૨) અધર્મ-પાપકાર્ય... બન્ને કાર્યના જેમ સ્થળ-સંયોગ-વ્યક્તિ અલગ હોય તેમ તેના નિયમો પણ જુદા... ધર્મના નિયમો પાપકાર્ય માટે ઉપયોગમાં લેવાતા નથી તો પાપ પ્રવૃત્તિના ધોરણો પુણ્યકાર્ય માટે ફળદાયી બનતા નથી.

પરંતુ બન્નેમાં એક સમાન વાત છે કે દરેક કાર્ય કાળને બંધાયેલું-અવલંબિત છે. અને આ કાળ **'बहुविग्घो हु मुहुत्तो'** ઘણા વિઘ્નો-અંતરાયોવાળો છે. એટલે કે ધારેલું કામ સરળતાથી-શીઘ્ર પાર પડતું નથી. કોઈને કોઈ શારીરિક-માનસિક-સાંયોગિક અડચણ આવતી જ હોય છે. તેથી ગ્રંથકાર કહે છે **'मा अवरण्हं पडिक्खेह'** પછીની-સાંજની-આવતી કાલની પ્રતીક્ષા ન કરીશ. રાહ ન જોઈશ. જે કાલ પર કરવાનું રાખે છે-વિચારે છે તેને આજે જ, અત્યારે જ કરી લે. **'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ'**. કાળ કે કાલનો ભરોસો નથી. આજ-અત્યારની વેળા જ આપણા હાથમાં છે.

પરંતુ **'વહેતા પાણી નિર્મળા...** આ વાત જેમ નદીના નિર્મળ પાણી માટે છે, ગટરના ગંદા પાણી માટે નહીં કેમ કે નદીનું પાણી તૃષાનાશક-આરોગ્યપ્રાપક છે જ્યારે ગટરનું પાણી આરોગ્ય બગાડનારૂં (દુર્ગંધ ફેલાવવા દ્વારા) છે તેમ ગ્રંથકારની 'પછીની રાહ ન જુવો - આજે જ કામ કરી લો' આ સલાહ ધર્મકાર્ય માટે સમજવાની છે, પાપકાર્ય માટે લગાડવાની નથી. કારણ કે તેનાથી તો ભાવ-આરોગ્ય બગડવાનું.

આ ગાથા ધર્મકાર્યને અવલંબીને છે એટલે ધર્મકાર્ય જો તાત્કાલિક=જ્યારે ઉત્સાહ, વિચાર આવે ત્યારે કરી લેવામાં આવે તો વિઘ્ન વગર થાય. તે સમયે ઉત્સાહ હોવાથી પુણ્ય તીવ્ર બંધાય અને પછી વિઘ્ન આવે તો ધર્મકાર્ય કરવાના રહી ન જાય, કાર્ય કર્યા પછી નિર્વિઘ્ને સરસ-સંપૂર્ણ થયું હોવાથી પાછળ નિરંતર આનંદ-પ્રશંસા-અનુમોદના થયા-કર્યા કરે તેનાથી ધર્મ અને પુણ્ય પુષ્ટ બને.

સામે પક્ષે અકાર્ય કરવાનો વિચાર આવતા-સંયોગ મળતા જો તેને તરત અમલમાં ન મૂકાય, તેને લંબાવતા રહીએ તો કદાચ પાપથી બચી જવાય. પાપ પ્રવૃત્તિમાં કાળવિક્ષેપ થવાથી ઉત્સાહ મોળો પડે, આવેશ-સંકલ્પ-વિકલ્પો મંદ થાય તેથી

પાપપ્રવૃત્તિ કરવા છતાં પાપબંધ ઓછો થાય. ઘણીવાર જોવામાં-અનુભવવામાં આવ્યું છે કે કોઇ કારણસર કોઇકની ઉપર ગુસ્સો આવતાં તરત સામે બોલવામાં અને ૧૦ મિનિટ પછી બોલવામાં શબ્દપ્રયોગમાં-આવેશમાં-પરિણામમાં ફર્ક પડતો હોય છે. તથા આ મહાપુરૂષને એ પણ ખ્યાલમાં છે કે સંસારી મોહાન્ધ જીવો હંમેશા પાપકાર્યમાં ઉતાવળ કરે છે અને ધર્મકાર્યમાં વિલંબ કરે છે. અકાર્ય કરવા માટે હંમેશા તૈયાર રહે છે. અગવડતા-કષ્ટો સહીને પણ તે તાત્કાલિક કરવા માંગે છે જ્યારે ધર્મકાર્યની વાત આવે ત્યારે હમણાં નહીં પછી, અનુકૂળતા-શક્તિ-ભાવ ન હોવાના બહાના કાઢે છે. કોઇને કોઇ કારણ આગળ કરી તેના અમલીકરણને લંબાવે છે. મનમાં ઊંડે ઊંડે 'કદાચ આ ન કરવું પડે તો સારું' આ વિચાર રહેલ હોય છે. તેથી એ જણાવવા માંગે છે કે તને એ ખબર નથી કે **પાપકાર્ય લંબાવવું, તેમાં વિલંબ કરવો એ પણ ધર્મ અને પુણ્ય છે. અને ધર્મકાર્યમાં કાળક્ષેપ કરવો તે પણ પાપ-મોહ અને પ્રમાદ છે.** તેથી તપ હોય કે જપ, ત્યાગ હોય કે વૈરાગ્ય, દાન આપવાની વાત હોય કે શીલ પાલનનો અવસર હોય, વ્રત-પચ્ચક્ખાણ લેવાના હોય કે શુભ-સદ્ભાવના કરવાની હોય ટૂંકમાં કોઇપણ સુકૃત કરવાની ઇચ્છા-અવસરને જીવે વધાવી લેવા જોઇએ. વહેલાસર ઉલ્લાસથી તેમાં પ્રવૃત્ત થવું જોઇએ.

જે આત્મા આમાં મોડું કરે છે-લંબાવે છે-પ્રમાદ કરે છે-ઉંઘ-આળસમાં પડે છે તે પેલા સીતાના ભાઇ ભામંડલ રાજાની જેમ સંયમ પામ્યા વિના જ ધર્મની ઇચ્છા મનમાં જ રહી જાય છે અને પરલોકમાં ઉપડી જાય છે.


**જે બીજાને લાભ આપવાના બહાને પોતે કરવાનું, લાભ લેવાનું ગૌણ કરે છે તેમની પણ ધર્મશ્રદ્ધા મંદ છે અથવા નથી તેમ કહી શકાય.**

મનુષ્યજીવન અનેક વિઘ્નવાળું-કાર્યના અંતરાયવાળું છે. કયું વિઘ્ન ક્યારે - કોને-કેવી રીતે આવશે, નડશે તે કહી શકાતું નથી માટે ભાવ થાય ત્યારે ધર્મકાર્ય-સુકૃત કરી લીધેલા સારા અને પાપકાર્ય જેટલા વિલંબમાં નંખાય તેટલા આત્મા માટે લાભદાયી છે તે નિશ્ચિત સમજવું.



## ૪

**ही संसारसहावं**
**चरियं नेहाणुरागरत्ता वि ।**
**जे पुव्वण्हे दिट्ठा**
**ते अवरण्हे न दिसंति ।**




**ગાથાર્થ - સંસારના સ્વભાવનું ચરિત્ર કેવું છે? ખેદ સૂચક છે. કારણ કે સ્નેહના અનુરાગથી આસક્ત પણ સ્વજનાદિ જે પ્રાતઃકાલે જોવાયેલા છે, તે સંધ્યાના સમયે દેખાતા નથી. ॥૪॥**

***4. Fie upon the ephemeral nature of the world!***
***That those who were perceived with***
***great affection in the morning,***
***Cannot be found in the evening.***

આ સંસારનો એક વિચિત્ર સ્વભાવ છે કે ગમે તેવી સુંદર-સારી ચીજ હોય, અનુકૂળ સંયોગો હોય કે સારી વ્યક્તિ હોય કોઇને પણ તે સ્થાયી રહેવા ન દે. પ્રભાતે સુંદર ખીલેલા ફૂલને સાંજે કરમાવી દે, નખમાંય જ્યાં રોગ ન દેખાતો હોય તે શરીરને અચાનક રોગ-લકવાથી ગ્રસ્ત બનાવી દે, સપ્તરંગીન મેઘધનુષ્યને ક્ષણવારમાં હતું - ન હતું કરી દે. જેની સાથે સવારે સારા સ્નેહ સંબંધ હોય કે વ્યક્તિની સ્નેહભરી વિદ્યમાનતા હોય તે સાંજ પડતા પહેલાં દ્વેષ-દુશ્મનાવટમાં ફેરવાઇ જાય.

ઘડી-બે ઘડીમાં વસ્તુ નાશ પામે, વ્યક્તિ મૃત્યુ પામે, આપણે ઉપડી જઇએ, તેના પ્રત્યે આપણા ભાવ વિરોધી બને કે એનો આપણા પ્રતિ ભાવ બદલાય, મિત્ર શત્રુ બને, શરીર રોગી બને, ધનનાશ પામે, આબરૂ ખતમ થાય આવો વિનશ્વર અને વિયોગકારક, પીડાદાયક અને પરિવર્તનશીલ સંસાર સ્વભાવ છે. **જ્યાં બધુ સતત સારી પેઠે સરતુ-પરિવર્તન પામતું રહે તે સંસાર...**

**આ દુનિયામાં વાયુ-પવન જો સ્થિર રહે તો આયુષ્ય સ્થિર રહી શકે. હાથીના કાન જો હલ્યા વિના એક જગ્યાએ રહી શકે તો લક્ષ્મી એક વ્યક્તિ પાસે કાયમી વસવાટ કરી શકે, સુંદર દેખાતા સંધ્યાના રંગો જો લાંબા કાળ માટે રહી આનંદ આપી શકે તો પાંચે ઈન્દ્રિયોના વિષયો કાયમ શાતાદાયક બની શકે, આવેલ બધા સ્વપ્ન જો સાચા પડે તો આ મળેલા સ્વજનો યાવજ્જીવ સાથ આપી શકે. મતલબ આ બધું જો શક્ય નથી તો ક્યાંય-ક્યારેય-કોઇની ઉપર પણ સ્નેહ-મમતા-આસક્તિ-પક્કડ રાખવા-કરવા જેવા નથી. અન્યથા તે વસ્તુ-વ્યકિત કે વાતાવરણના નાશ-વિયોગ કે વિપરીતપણામાં દુઃખ-સંકલ્પ-સંકલેશ થયા વગર નહીં રહે.**

આ પરિવર્તન જીવોના કર્મ અને ભવિતવ્યતાને અવલંબીને છે. તેથી અજ્ઞાન-મોહ-અવિવેકયુક્ત સ્નેહનો સર્વત્ર નિગ્રહ કરવો જરૂરી છે અને એ નિગ્રહ કરી શકાય છે. વિવેકથી સ્નેહરાગનો નાશ થાય છે. પરંતુ વિવેકનું સ્વરૂપ શું? (૧) વિવેક એ અશુભભાવ અનુત્પાદનશક્તિ અને અશુભભાવરોધકશક્તિરૂપ ક્ષયોપશમાત્મક છે. અર્થાત ક્ષયોપશમાત્મક વિવેક એ અશુભભાવ ઉત્પન્ન થવાના નિમિત્ત પ્રાપ્તિના અવસરે અશુભભાવ અનુત્પત્તિનું કારણ બને છે અને ઉત્પન્ન થયેલ અશુભભાવનું રોધક બને છે. (૨) જેમ વિવેક અશુભભાવઅનુત્પાદન અને રોધકશક્તિ સ્વરૂપ છે તેમ વિવેક એ સદ્ભાવઉત્પાદન અને ઉત્તેજકશક્તિ લબ્ધિસ્વરૂપ છે એટલે સારી વિચારણા



અને સાહજિક સારી વિચારણા થાય એવી લબ્ધિ એટલે આંતરિક તથાપ્રકારના મોહનીયના ક્ષયોપશમ આત્મક છે.

આ રીતે વિવેકના અન્વય-વ્યતિરેક (વિધેય-નિષેધ) આત્મક બે સ્વરૂપ છે.

**પ્રશ્ન :** ઉપરોક્ત બે સ્વરૂપવાળો વિવેક કઇ રીતે ઉત્પન્ન થાય, કઇ રીતે તેની પ્રાપ્તિ થાય?

**ઉત્તર :** વસ્તુ અને પરિસ્થિતિનું જ્ઞાન કર્યા પછી તેમાં કર્તવ્ય-અકર્તવ્ય સ્વરૂપના ચિંતન અને અનેકશઃ ભાવના દ્વારા વિવેકનો ક્ષયોપશમ થાય છે. એટલે કે વસ્તુ અને પરિસ્થિતિનું ઉપરોક્ત રીતે વારંવાર ચિંતન કરવાથી તે ચિંતન ભાવનારૂપ બની આત્મામાં વિવેકનો ઉઘાડ (ક્ષયોપશમ) કરે છે.

તે જ રીતે સ્નેહરાગનો જે વિષય હોય અર્થાત્ જે વસ્તુ પર મમત્વ-સ્નેહ વગેરે હોય તે વસ્તુનું જ્ઞાન મેળવ્યા બાદ તેનાથી થતા નુકશાન અને તેના કારણે તેમાં રહેલી હેયતાનું ચિંતન કરવાથી અને વારંવાર ચિંતનરૂપ ભાવના દ્વારા આંતરિક ક્ષયોપશમ ઉત્પન્ન થાય છે. તે ક્ષયોપશમ જે અશુભભાવઅનુત્પાદન અને રોધક સ્વરૂપ છે તે ક્ષયોપશમની તીવ્રતા વસ્તુ પ્રત્યેના સ્નેહરાગનો હ્રાસ કરે છે અને તે જ ક્ષયોપશમ જેનું બીજું સ્વરૂપ સદ્ભાવઉત્પાદનશક્તિ છે તેના પ્રતાપે પણ સ્નેહ રાગ હ્રાસ થતા તે વિષયથી=તેના રૂચિ અને પ્રવૃત્તિથી નિવૃત્ત થાય છે, પાછો ફરે છે. રાગના અવાંતર ભેદ કામરાગ છે, દૃષ્ટિરાગ છે તે બન્ને સિવાય જે વ્યક્તિ-અવસ્થા-વસ્તુ-પ્રવૃત્તિ વગેરે ઉપર રૂચિ રૂપ લાગણી તે **સ્નેહરાગ** છે.

**કામરાગ**- વસ્તુના શબ્દાદિ ગુણધર્મને અવલંબીને થતું જે મમત્વ તે કામરાગ કહેવાય છે.

**દૃષ્ટિરાગ** - જે વસ્તુના શબ્દાદિ ગુણધર્મને નિરપેક્ષ=સાહજિક રીતે ગમે તેની ઉપર ગાઢ મમતા બંધાય તેવા પ્રકારના મમત્વને દૃષ્ટિરાગ કહેવાય છે. અપેક્ષાએ સ્નેહરાગની તીવ્રતાને દૃષ્ટિરાગ કહેવાય.

અહીં સ્નેહરાગના અવાંતર સ્વરૂપ રૂપે કામરાગ અને દૃષ્ટિરાગ પણ લેવાના-સમજવાના છે.

આના નાશના ઉપાય માટે જિનવચન=શાસ્ત્રાભ્યાસ અને તેનું પરિભાવન સતત પ્રાયઃ અનિવાર્ય છે. પરિભાવન=વારંવાર સદ્વિચારણાઓ - એના લાભ, ગુણ વગેરે દ્રષ્ટાંતો દ્વારા જોવા. એ જ રીતે અસદ્વિચારણાઓ અને એનાથી થતાં નુકશાનો-દોષો અને એની પરંપરારૂપે જીવની થતી કદર્થનાઓ પણ જ્ઞાનચક્ષુથી જોવી. સાથે

અસદ્‌વિચારોને રોકવા માટે અસત્ ક્રિયાઓ અને અસદ્‌વલણો છોડતા જવાં-ઘટાડતા જવા, એમાં અરૂચિ ઉભી કરવી. થયેલ અસદ્‌વલણમાં પશ્ચાતાપ દ્વારા આત્માના સાનુકૂળ ઉપષ્ટંભક વીર્યને રોકવા સાથે સત્પ્રવૃત્તિઓ શક્યતા મુજબ કરવી-કરાવવી-અનુમોદવી. તેની પ્રશંસા-ઉપબૃંહણાથી સદ્‌ભાવના-તેની લાગણી-મમતા-રૂચિ-આકર્ષણ આત્મસાત્ કરવા. આ મોક્ષે જવા માટે-સંસારમાંથી છૂટવાનો ઉપાય છે.

**સંસારનો સ્વભાવ છે જીવને ભૌતિક સુખોની ઇચ્છાઓ અને તેને મેળવવા પ્રયત્નો ભવોભવ કરાવતા રહેવું અને સુખ ન આપવું, અલ્પ આપવું અને અધિક-અધિક દુઃખી બનાવતા રહેવું. જે જીવો સુખની ઉપેક્ષા કરે, ઉદાસીન રહે તેને અધિક સુખો આપીને લોભાવ્યા કરવા, તેની સુખો પ્રત્યેની ઉદાસીનતા તોડી મોહાન્ધ બનાવવા.**


છતાં જે જીવો મનને મજબૂત કરી-આત્મપુરૂષાર્થને પ્રબળ બનાવી તે સુખ (પાંચે ઇન્દ્રિયના વિષયો)માં ન ખેંચાય, ન લોભાય અને આંતરથી (અપેક્ષા-ઇચ્છા-મમતાથી) અને બાહ્યથી (વિષયો-પદાર્થોનો) ત્યાગ કરે તેને સંસાર પોતાના કબજામાંથી છોડી મોક્ષમાં જવા દે - મોકલે છે.

ધર્મનો સ્વભાવ ૧) સુખની ઇચ્છાઓ છોડાવવી-સુખમાં ઉદાસીન રાખવા-બનાવવા-શક્તિ ફોરવીને તેનો ત્યાગ કરાવવો અને સાથે સાથે ૨) જીવને વૈરાગ્યભાવના-ત્યાગભાવના, સુખ પ્રત્યે-ભૌતિકશક્તિ પ્રત્યે ઉપેક્ષા ભાવના આપવી. ૩) અને જગતમાં એવા જીવોને શાંતિવાળા-સુખની સામગ્રીવાળા બનાવવા સાથે દાની-ત્યાગી-સહાયક-પરોપકારી-વૈરાગી-અંતર્મુખ બનાવવા. ૪) ઉત્તરોત્તર અનેક ભૌતિક-આધ્યાત્મિક શક્તિયુક્ત બનાવવા છતાં તેમાં નિરભિમાની-નિર્લોભી-સરળ-શાંત સ્વભાવવાળા બનાવી સ્વ અને પરની બાહ્ય અને આંતરિક આરાધનામાં સમતા-વૈરાગ્યમાં આગળ આગળ વધારતા રાખવા. ૫) સુખ અને બાહ્ય શક્તિઓનો ત્યાગ કરવો. મળેલ લબ્ધિઓનો પણ ઉપયોગ ન કરતાં આરાધનામાં અંતર્મુખ બનવું. જગતથી પર રહેવું આવા વિચારયુક્ત બનાવે છે. અને અંતે ૬) આત્મિકગુણો-શક્તિની પરાકાષ્ટા પમાડી, શક્ય પરિમિતકાળ જીવોને ધર્મસાધનામાં પરોપકારમય બનાવી કર્મ, શરીર વગેરે રૂપ બાહ્ય સંસાર છોડાવી આત્માને સ્વભાવરૂપ, શાશ્વત-નિત્ય-સ્થાયી ધર્મસ્વરૂપ મોક્ષમાં પહોંચાડે છે.



## ૫

मा सुयह जगियव्वे,
पलाइयव्वंमि कीस विसमेह ।
तिणि जणा अणुलग्गा,
रोगो अ जरा अ मच्चु अ ।।




ગાથાર્થ - હે જીવો જાગવાને ઠેકાણે સૂઇ ન રહો. જ્યાંથી નાશી જવું જોઇએ ત્યાં વિસામો ખાવા કેમ બેઠા છો? કારણ કે રોગ જરા અને મૃત્યુ એ ત્રણ મનુષ્યો તમારી પાછળ પડ્યા છે. ।।૫।।

*5. Sleep not, when you need to stay awake.*
*Rest not, where you have to run.*
*The trio of death, disease and old age,*
*Are constantly chasing you.*

ગાંડો હાથી પાછળ આવતો હોય તો વ્યક્તિ આરામથી ન ચાલે, જમીનમાં લાવારસ ભભૂકતો હોય તો માણસ તેની ઉપર ચટાઇ નાખીને લાંબો ન થાય, ગાઢ જંગલમાં હિંસક પશુઓનો ડર હોય ત્યાં કોઇ ફરવા ન નીકળે, જ્યાં ચોર-લૂંટારા-મરણનો ભય હોય ત્યાં કોઇ વિસામો ન કરે, ઘરમાં આગ લાગે તો શાંતિથી કોઇ બેસી ન રહે. સારાંશ જ્યાં જીવન-સંપત્તિનું જોખમ જણાય, રક્ષણનો પ્રશ્ન આવે ત્યાં સુવાય નહીં, નિરાંતે બેસાય નહીં, જાગવાનું જ હોય, ભાગવાનું જ હોય.

અહીં ગ્રંથકાર કહે છે આપણી પાછળ રોગ-વૃદ્ધાવસ્થા અને મોત ૩-૩ જણા પડેલા છે. રોગથી કદાચ બચશું તો ઘડપણ પકડશે. તેના હાથમાં ન આવ્યા તો મૃત્યુના પંજામાંથી તો છટકી શકવાના નથી. ત્યારે અસાવધ રહીએ તે કામ ન લાગે.

**અધ્યાત્મ જગતમાં ઊંઘવું એટલે પ્રમાદ કરવો, વિષય-કષાયથી અસાવધ રહેવું, તેમાં તન્મય-આસક્ત બનવું, પાપવિચારણા-પાપવલણ-પાપલાગણી અને પાપ પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહેવું.**

સંસારમાં પ્રતિક્ષણ કર્મો બંધાય છે, ગમે ત્યારે મરણાંત આપત્તિ પણ આવે છે. સંયોગોની વિષમતા થતાં આવેશ-ઉશ્કેરાટ પણ આવે છે ત્યારે જીવ અશુભગતિમાં, દુર્ગતિમાં આવેશ પરવશ-ઉશ્કેરાટ આધીન થઇ નવા કર્મો બાંધે છે. આ બધી ભાવનિદ્રાને છોડી જીવે આત્મજાગૃતિ કેળવવાની, બહિર્મુખપણારૂપી ઊંઘને છોડી અંતર્મુખતાની જાગૃતિ રાખવાની. ''मुणिणो सया जागरंति'' આ વાત માત્ર સાધુ માટે જ નહીં દરેક સાધક માટે છે. કેવળ મુનિ માટે જ નહીં હરકોઇ મુમુક્ષુ (મોક્ષાભિલાષી) આત્મા માટેની છે. **'હંમેશા જાગતા રહેવું' આ દરેકને ઉપયોગી વાત છે. કારણ કે ઊંઘતો માણસ કંઇ વિચારી શકતો નથી, કશું જોઇ શકતો નથી, કાંઇ સારૂ કરી શકતો નથી અને નુકશાની-આપત્તિનો ભોગ બને છે.**

જાગૃત આત્મા-વૈરાગ્યવંત આત્મા સ્વસ્થ અને ક્ષણ-ક્ષણનો-અવસરનો જાણકાર હોય છે. તેથી વ્યાધિ-ઘડપણ અને મરણના આવતા કે આવેલા દુઃખમાં તે સમયે કાયમ જાગૃત રહેતા વિશેષ નુકશાન થતું નથી, વિશેષ દુઃખ થતું નથી, દુર્ગતિ થતી નથી.



ગાથામાં જે ત્રણ બતાવ્યા છે તે બાહ્ય છે પરંતુ તે ત્રણેયને લાવનાર આંતરિક-અંદરના ત્રણ છે મોહ-અજ્ઞાન અને અવિવેક. મોહ વગેરેની નિદ્રામાં ઉંઘવા જેવું નથી. વૈરાગ્ય-પરિણતિ અને વિવેકથી જાગતા રહેવાનું. આ જાગૃતિ દર્શન મોહનીયના ક્ષયોપશમના ઘરની છે તેથી ધર્માત્મા-નિર્મલ સમકિતી આત્મા બાહ્ય વ્યવહારિક નિદ્રામાં ઊંઘતા હોવા છતાં ભાવથી સદા જાગૃત કહેવાયા છે. કેમ કે તે ભાવજાગૃતિ માટે મથનારા-પ્રયત્નશીલ છે.

મોહાદિ આંતર ત્રણ મંદ પડે, નબળા પડે પછી બાહ્ય ત્રણ ધીરે-ધીરે નાશ પામે છે. આંતર ત્રણ નાશ પામ્યા વગર બહારના રોગાદિ ત્રણ ક્યારે પણ જતાં નથી, નાશ પામતાં નથી. આ જાગવાની વાત એટલે સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શન=સાચી દ્રષ્ટિ આવી જાય એટલે જીવ પાપમાં-પ્રમાદમાં પડવા તૈયાર નથી હોતો, પાપમાં પડવું પડે તો ય બહુ સાવધ હોય છે કેમ કે તેની પાસે લાભ-નુકશાનની, પતન-ઉત્થાનની દ્દષ્ટિ આવી છે.

જીવને બીજી ચેતવણી છે જ્યાંથી તારે ભાગી છૂટવાનું છે ત્યાં શાંતિથી, નિરાંતે વિસામો કેમ કરે છે? કેમ કે જીવે બાહ્યસંસારમાંથી અને આંતર સંસારમાંથી કાયમ ભાગતા રહેવાનું છે. બાહ્ય સંસારમાંથી ભાગવું એટલે વિષયો-પદાર્થો-વ્યક્તિઓ - સાધનોનો બને તેટલો ત્યાગ કરવો, ઘટાડો કરવો અને જે રાખવા પડે કે રહે તેમાં પણ ક્વોલીટી અને ક્વોંટીટીની ઉપેક્ષા-ગૌણતા મનમાં ભાવવી-વસાવવી અને એમાં ઉદાસીન રહેવું.

ધર્માત્માને બાહ્ય સંસારની-સામગ્રીની હૂંફ ન હોય. એનાથી પોતાની મહત્તા ન માને, ન લાગે અને અવસર આવે આંખના પલકારામાં સનત્કુમાર ચક્રવર્તિ, ધન્નાજી વગેરેની જેમ આંતરથી લગભગ છૂટેલ હોવાથી બાહ્યથી છોડવામાં તે મૂંઝાય નહીં, એ જીવ દુઃખ અનુભવે નહીં તેથી ભાવસમકિતી આત્મા આ ભવના બાહ્યસંસારને છોડતાં અસમાધિ કે દુઃખ અનુભવતા નથી અને સમાધિપૂર્વક સદ્ગતિમાં જાય છે.

નિકાચિત કર્મના ઉદય વગરના ભાવસમકિતી આત્મા બાહ્યસંસારને ઘટાડવા માટે તલપાપડ હોય છે અને યથાશક્તિ મથતા હોય છે. તેથી તે સતત ભાગતા કહેવાય.

**હરણ જેમ સ્વભાવથી ભયભીત હોવાથી જ્યાં કંઇક અવાજ થયો કે તરત**

પલાયન થઇ જાય છે તેમ સમકિતી આત્મા સંસારમાં ભયવાળા હોવાથી જ્યાં પાપ-પ્રમાદની વાત આવે એટલે ભાગવાની તૈયારી કરે છે. સંસાર માટે તેમનું જીવન ઉપેક્ષા અને ઉદાસીનતા પ્રધાન હોય છે. આ બધો પ્રતાપ દર્શન મોહનીયના ક્ષયોપશમ સાથે અપેક્ષાએ ચારિત્ર મોહનીયની અત્યંત મંદતા અને ક્ષયોપશમનો છે. જગાડવાનું કામ દર્શન મોહનીયનો ક્ષયોપશમ કરાવે છે તો ભગાડવાનું કામ ચારિત્રમોહનીયની મંદતા કરાવે છે.

એમનો આત્મિક-માનસિક-સાંકલ્પિક સંસાર અપેક્ષાએ મંદ હોય છે છતાં એનાથી પણ તેઓ ગભરાતા અને ધર્મભાવનાથી તેની સામે લડતા હોય છે, સંકલ્પ-વિકલ્પો, વિષય-કષાયોને છોડતા જ રહે છે. માટે આંતરિક રીતે ધર્માત્મા શાંત-સરળ-નમ્ર-ત્યાગપ્રધાન-પ્રજ્વલીત વૈરાગ્ય પ્રધાન હોય છે. તેથી બાહ્ય-આંતર બન્ને સંસારથી સદા ભાગતા હોય છે, રહે છે તેનાથી મોહ-અજ્ઞાન-અવિવેકનો હ્રાસ-નાશ કરતાં અનંતકાળથી પાછળ પડેલા રોગ, ઘડપણ અને મરણથી કાયમી છૂટકારો મેળવે છે.



## ૬

दिवसनिसाघडिमालं,
आयुसलिलं जीयाण घित्तूणं ।
चंदाइच्च बइल्ला,
कालरहट्टं भमाडंति ।।

દિવસનિસા ઘડિમાલં
આઉ સલિલં જીઆણ ઘિત્તૂણં
ચંદાઇચ્ચ બઇલ્લા
કાલ રહટ્ટં ભમાડંતિ ॥૬॥

ગાથાર્થ - ચન્દ્ર અને સૂર્યરૂપી બળદો દિવસ અને રાત્રિ રૂપી ઘડાઓની પંક્તિ વડે જીવોના આયુષ્ય રૂપી પાણીને ગ્રહણ કરી કાળ રૂપી રેંટને ફેરવે છે. ॥૬॥

*6. The buckets of day and night*
*Carry away water from the well of life.*
*The moon and the sun are the two bullocks*
*That work the rehat of time.*

જગતનાં દરેક પદાર્થો માટે જેમ 'उप्पन्नेइ-विगमेइ-धुव्वेइ' ઉત્પન્ન થાય છે, કેટલોક કાળ સ્થિર રહે છે અને નાશ પામે છે આવું કહેવાય છે, તે જ રીતે આત્મામાં આયુષ્ય કર્મ બંધાય છે, ભોગવાય છે અને નાશ પામે છે. આ રીતે બધા જ કર્મોની ત્રણ સ્થિતિ=પરિવર્તના હોય છે. છતાં અહીં આયુષ્યને આગળ કરી વાત કરે છે કેમ કે તે હોય ત્યારે બાકીના કર્મોનું બંધનાદિ શક્ય હોય છે.

કોઈપણ કર્મ આત્મામાં અનંતકાળ રહેતું નથી તેની વધુમાં વધુ અસંખ્ય કાળની જ સ્થિતિ હોય. છતાં આત્મા સંસારમાં કર્મરહિત હોતો નથી. અનંતકાળથી ભમી રહેલ આત્મા ક્યારેય કર્મવગરનો રહ્યો નથી. કેમ કે કર્મ નિરંતર પ્રાયઃ બંધાય છે અને નિરંતર ભોગવાય છે. આ કર્મોના બંધ, સત્તા, વિપાકનું કાળમાપ-વ્યવહાર પલ્યોપમ-સાગરોપમ વગેરે છે અને આ બધા કાળરૂપ છે અને કાળ એ દિવસ-રાત્રિઓથી જણાય-મપાય છે.

અહીં કર્મ (આયુષ્ય) કઇ રીતે ભોગવાય છે તેમાં કોણ ભાગ ભજવે છે તેની સમજ દ્રષ્ટાંત દ્વારા આપતા ગ્રંથકાર કહે છે. જેમ કૂવામાંથી પાણી કાઢવા બે બળદો (ફરતા રહીને) નાની ઘટીકાઓ દ્વારા અંદરથી પાણી બહાર કાઢે છે તેવી જ રીતે જગતમાં સૂર્ય અને ચંદ્ર નામના બે બળદો નિરંતર ફર્યા કરે છે. કાળરૂપી અરઘટ્ટ=કોશને ભમાડે છે દિવસ અને રાતરૂપ ઘડા દ્વારા જીવરૂપી કૂવામાંથી આયુષ્ય પાણીને ખેંચીને બહાર કાઢે છે.

કૂવામાં પાણી પાતાળમાંથી સીરાઓમાંથી આવે છે. કૂવો પાણીને સંઘરવાનું સ્થાન છે, ઉત્પત્તિનું સ્થાન નથી. તેમ આત્મામાં જીવ કર્મ બાંધે છે ત્યારે આવે છે અને કાળક્રમે ભોગવાઇને ખાલી થાય છે. નવું નવું બંધાય છે, જૂનું જૂનું ખાલી થાય છે. આ રીતે સંસારી જીવો આઠ કર્મો બાંધે છે અને ખાલી કરે છે. જો કે આયુષ્ય કર્મ જીવનમાં ક્યારેક બંધાય છે. એક જ વાર બંધાય છે પણ બાકીના ૭ કર્મો તો નિરંતર બંધાય છે તેથી આત્મા સંસારમાં ક્યારેય કર્મરહિત હોતો નથી.

રાત-દિવસની ઘટમાળ-કાળરૂપ કોશ કે સૂર્ય-ચંદ્ર-બળદો વગેરે વ્યવહાર ઉપમાઓ દ્વારા બાળજીવોને વસ્તુ પરિસ્થિતિ સમજાવી છે. બાકી અઢી દ્વિપની બહાર ચંદ્ર-સૂર્ય ફરતા નથી છતાં ત્યાં પણ આયુષ્ય અને બીજા કર્મો બાંધવાની અને ભોગવવાની આ જ રીત -પરિસ્થિતિ છે. ત્યાં પણ કાળની ગણતરી અહીંના આધારે, અહીંના માપે કરવાની, સમજવાની રહે છે.




સંસારી જીવો વારંવાર 'पुनरपि जननं पुनरपि मरणं' કર્યા કરે છે. ક્યાંય શાશ્વત સ્થિર રહી શકતા નથી. આ ભવમાં ક્રમશઃ આયુષ્ય ભોગવીને ખલાસ કરે છે. અને એમાં યથાવસરે નવા ભવનું આયુ બાંધી લે છે. બીજા ભવમાં તદનુસાર તેને ભોગવે છે, કાળ પૂર્ણ થતાં મૃત્યુ પામે છે. આ રીતે એક પછી એક ભવ કરતા અનંતકાળથી ભટક્યા કરે છે.

વ્યવહારથી દિવસ અને રાત જેમ જેમ પસાર થાય છે તેમ તેમ બંધાયેલ આયુષ્યકર્મના પુદ્ગલો ભોગવાઇને ખાલી થાય છે. આ ભોગવટો બહુધા શરીર દ્વારા થાય છે અને શરીરમાં ચંદ્રનાડી અને સૂર્યનાડી ચાલુ જ રહે છે તેને પણ આ કર્મ ખાલી થવામાં કારણ માની શકાય. તથા પૃથ્વી વગેરે તત્વો પણ વારાફરતી શરીરની નાડીમાં ફરતાં રહે છે એ પણ કર્મ ખાલી કરવામાં અવાંતર કારણ છે. સારાંશ સંસારી બધા જીવો આ રીતે નિરંતર આયુ ભોગવીને ખાલી થાય અને નવું આયુષ્ય બાંધીને પાછા ભરાય છે.

જીવ શાશ્વત છે પરંતુ આયુષ્યકર્મના કારણે અને તેને અવલંબીને દેહના કારણે પણ જીવ તે તે ભવની અપેક્ષાએ મરણ દ્વારા નાશવંત છે અને પરભવમાં નવા આયુષ્યના ઉદય દ્વારા અને નવા શરીર દ્વારા ઉત્પત્તિશીલ-પર્યાય-અવસ્થાવાળો છે. જીવ સંસારમાં ભવોભવ જન્મ-મરણથી સંકળાયેલ છે. જન્મના દુઃખો, મરણના દુઃખો, શરીરના કારણે રોગ વગેરે દુઃખો, સંકલ્પ-વિકલ્પના કારણે મનના દુઃખો, સંયોગ-વિયોગના દુઃખો, આ જન્મની સમાપ્તિથી સમાપ્ત થાય છે પણ પછી 'નવી ગિલ્લી નવો દાવ' નવો જન્મ-નવા જન્મની પરિસ્થિતિ, શરીર, ત્યાંની સમજણ-શક્તિ-સુખ-દુઃખ વગેરે તે જન્મને અનુસારે નવું-જુદું મળે છે. એ રીતે પૂર્વભવની સુખ-સમૃદ્ધિ પણ જતી રહે છે. નવા ભવમાં નવી સમૃદ્ધિ-દરિદ્રતા, રોગી-નિરોગીપણું મળે છે. ટૂંકમાં ત્યાં પરિસ્થિતિ પૂર્વના પુણ્ય-પાપના આધારે સારી-નરસી મળે છે માટે ચક્ર-ભવચક્રમાં જીવ ફરતો રહે છે. ફક્ત કેળવેલ સજ્જનતાદિ ગુણો-કરેલ આરાધનાથી ઉત્તરોત્તર સારી સ્થિતિ મેળવતો-વધુ ઉજ્જવળ બનતો ભ્રમણ ઘટતા-ઘટતા એક દિવસ બંધ કરે છે. જીવ મોક્ષ પામી કાયમી સ્થિર-સુખી થાય છે.

# ७

सा नत्थि कला तं नत्थि
उसहं तं नत्थि किंपि विन्नाणं ।
जेण धरिज्जइ काया,
खज्जंति कालसप्पेण ।।



ગાથાર્થ - એવી કોઇ કળા નથી, એવું કોઇ ઔષધ નથી, એવું કોઇ વિજ્ઞાન પણ નથી કે જેના દ્વારા કાળરૂપી સર્પ વડે ભક્ષણ કરાતી કાયાનું રક્ષણ કરી શકાય. ।।૭।।

*7. Neither skills, nor medicine, nor science itself*
*Can save living beings*
*From being devoured*
*By the serpent of time.*



માણસ ગુંડાઓની વસ્તીમાં રહેવા છતાં પોતાની હોંશિયારીથી સંપત્તિ બચાવી શકે છે, બગડતી વસ્તુમાં કેમિકલ-રસાયણ નાખી તેને લાંબા કાળ સુધી ટકાવી શકે છે, ભવિષ્યમાં થનાર-આવનાર દુઃખ-આપત્તિને વિશેષ જ્ઞાન-મંત્રાદિ દ્વારા હટાવી શકે છે પણ કાળસર્પથી ખવાતી કાયાને સુરક્ષિત રાખી શકતો નથી. कालदष्टा काया। સાપ કરડે - માણસ મરી જાય પણ શરીર પડ્યું રહે તેમ કાળક્રમથી કે અકસ્માતથી આયુષ્ય પૂર્ણ થાય એટલે જીવ-આત્મા પરલોકમાં રવાના થાય પણ તેની કાયા અહીં જ રહે. માટે ગાથામાં કાળને સાપની ઉપમા આપી છે. અને આયુષ્ય પૂર્ણાહુતિને કરડવાની-સાપે ખાવાની ઉપમા આપી.

પરંતુ અહીં ફરક એ પડે છે કે ગમે તેવો ઝેરી સાપ કરડ્યો હોય છતાં તે વ્યક્તિને કોઇ કળાથી, કોઇ ઔષધિથી, કોઇ મંત્રથી બચાવી શકાય છે. આપણે એવી રીતે બચેલા-બચાવેલા ઘણાને જોયા-સાંભળ્યા પણ હશે, કિંતુ ત્રણે કાળમાં કોઇ એવી કળા નથી, કોઇ ઔષધ નથી, કોઇ વિજ્ઞાન મંત્ર-તંત્ર નથી કે જેના દ્વારા કાલસર્પથી ખવાતા-મરતાને બચાવી શકાય, જે ક્યારેય મરે નહીં તેવું અમરત્વ આપી શકાય. मरणदशावशमुपगतवन्तं रक्षति कोऽपि न सन्तम्... સંસારી બધા જ જીવો કાળથી કરડાતા-ખવાતા જાય છે. અને એક દિવસ અહીંની બધી પરિસ્થિતિ-સંયોગ-સામગ્રી-સ્વજનો છોડીને પરભવ જતા રહે છે. સ્થાનાંતર કરે છે. તે સમયે તેને અહીં રાખવા-બચાવવા માટે કોઇ જ્ઞાન-દ્રવ્ય-વસ્તુ-આવડત કામ લાગતી નથી. અહીં આ વાત કહેવા દ્વારા અઢળક સંપત્તિ-મોટા હોદ્દા-વિશાળ પરિવાર - અખૂટ સામગ્રી વચ્ચે પણ જીવની અશરણ-નિરાધાર અવસ્થા બતાવી છે.

અહીં કળા એટલે આવડત. આવડતવાળો વસ્તુને અનેકરીતે સુંદર-લાભકારી-ઉપયોગી બનાવી શકે, ફેંકી દેવા જેવી વસ્તુને પણ તે વ્યવસ્થિત સુધારી-બનાવી કિંમત ઉપજાવી શકે, જોવી પણ ન ગમે તેવી ચીજને મ્યુઝિયમમાં મુકવાલાયક તૈયાર કરી શકે. માટે તે તે કાર્યમાં કુશળતા તે કલા કહેવાય.

ઔષધ એટલે એવા દ્રવ્યો જેના દ્વારા જીવને રોગનાબુદી-શાંતનિદ્રા-આરોગ્ય પ્રાપ્ત થાય તે એકદ્રવ્ય રૂપ હોય કે અનેક દ્રવ્યોના મિશ્રણથી તૈયાર થયું હોય તે પછી

ખાદ્યરૂપે હોય, માલિશ કરવા માટે હોય કે માત્ર સુંઘવા પૂરતું હોય તેને ઔષધ કહેવાય.

**જે મનથી ગણવારૂપ હોય તે મંત્ર, જે સ્થાપનરૂપ હોય તે યંત્ર અને જે કરણીરૂપ હોય તે તંત્ર આને વિજ્ઞાન કહેવાય.**

આ કે આવી કોઇપણ ચીજ-પદ્ધતિ કે હોંશિયારી જીવને મરણથી બચાવી શકતી નથી, છોડાવી શકતી નથી. ફક્ત 'શ્રી જિનધર્મ: શરણમ્' ધર્મ જ બચાવી-છોડાવી શકવા સમર્થ છે તેથી તેના શરણે જવું, તેનું આલંબન લેવું યોગ્ય છે. ધર્મ એ પણ મરતા જીવને બચાવી શકતો નથી પણ તેના બળથી કેળવેલ આંતરિક પરિણતિ અને તે પરિણતિને તૈયાર કરવા, રક્ષણ કરવા અને તેને પરાકાષ્ટા સુધી પહોંચાડવા તેમ જ ભવોભવ ઉત્તરોત્તર સારા સંયોગો-સામગ્રીઓ આપવાપૂર્વક અલ્પકાળમાં આ કાળસર્પથી પ્રાપ્ત થતાં મરણમાંથી-તેની પરંપરામાંથી જીવને કાયમ માટે છોડાવીને નિર્મળ-નિરંજન-નિરાકાર-આત્મસ્વરૂપમાં શાશ્વતસ્થાયી બનાવે છે.


પ્રભુ શાસનરૂપ ધર્મનું વિજ્ઞાન=સમ્યક્શાસ્ત્રજ્ઞાન એ વિજ્ઞાન છે, રૂચિ એ આવડત-કલા છે, અને આચાર રૂપ ઔષધ આ ત્રણેયનો યથાયોગ્ય-યથાવિધિ જીવ સ્વીકાર-પાલન કરે તો અચુક ૮ ભવમાં આ જન્મ મરણની પરંપરામાંથી-કાળના વહેણમાંથી બહાર નીકળી સ્વસ્વરૂપમાં સ્થિર બને છે. તે અવસ્થા પામતા જીવને જન્મ નહીં-મરણ નહીં, દુ:ખ નહીં-ભ્રમણ નહીં. કાયમી આનંદમય-સુખમય-જ્ઞાનમય-અનંતશક્તિમય જીવ ધર્મના પ્રભાવે બને છે.

સારાંશ : કાળ પરવશ કાયાની માયા રાખવા કરતાં, તેને હૃષ્ટ-પુષ્ટ બનાવવા અભક્ષ્ય-અપેય આહાર કે ઔષધ લેવા કરતાં કે તેને સાચવવા વિજ્ઞાન કે મંત્રાદિના શરણે જવા કરતાં મળેલ શરીરને સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ આચારોનું સાધન બનાવી-સાધના કરતાં અકાલધર્મા આત્માને કાળથી મુક્ત બનાવવા પ્રયત્ન કરવો.



## ૮

दीहर फणिंदनाले,
महियरकेसर दिसामहदलिल्ले ।
उप्पिअइ कालभमरो,
जणमयरंदं पुढवीपउमे ।।



**ગાથાર્થ - ઘણા ખેદની વાત છે કે શેષનાગ રૂપ મોટા નાળવાળા પર્વત રૂપી કેસરાવાળા, દિશા રૂપ વિશાળ પાંદડાવાળા, પૃથ્વી રૂપી કમળમાં કાળ રૂપ ભ્રમર મનુષ્ય રૂપ રસને પીવે છે. ।।૮।।**

*8. The world is like a lotus.*
*Its stem is a huge cobra.*
*Mountains are its stamen and*
*The directions are its corolla.*
*Time devours living beings*
*Just as bees devour nectar.*

જૈનેતરો માને છે કે સમગ્ર પૃથ્વી શેષનાગના મસ્તક ઉપર રહેલી છે. તે તેને ધારણ કરે છે. આ વાતને અનુસરીને આ ગાથા કહેવામાં આવી છે બાકી જૈન દર્શન તો કહે છે કે પૃથ્વીની નીચે ઘનોદધિ-ઘનવાત-તનવાત રહેલા છે તેના આધાર પર પૃથ્વી છે.

શેષનાગ રૂપી કમળની નાળ ઉપર પૃથ્વી રૂપી કમળમાં દિશાઓ રૂપી મોટા મોટા પાંદડાઓ રહેલા છે. તે કમળમાં રહેલ તાંતણા કેશરામધ્યે જીવસમૂહ નામના મધરસને કાળ નામનો ભમરો સતત પીતો રહે છે. જેમ રસ પીવાતો જાય તેમ તેમ કેશરા-કમળ નકામા બનતા જાય અને એક દિવસ નામશેષ થાય તેમ આ વિકરાળ કાલ મનુષ્યનો અંતે નાશ કરે છે પરંતુ તે પહેલાં આયુષ્યને નિરંતર ઘટાડે છે. અમુક વર્ષો બાદ મનુષ્યની શક્તિઓ પણ ઘટાડે છે. જનમથી મરણ સુધીની અવસ્થાઓ ક્રમસર જે થાય છે તે કાળને આધીન છે.

કર્મ પણ અપેક્ષાએ કાળને આધીન છે. ઘડપણની અવસ્થા યોગ્ય કર્મ બાલ્યકાળમાં બહુધા ન આવે અને બાલ્ય અવસ્થાનું કર્મ ઘડપણમાં ન આવે.

કર્મના ઉદયયોગ્ય અવસ્થાઓ અને પુરૂષાર્થ યોગ્ય અવસ્થાઓ પણ મનુષ્ય આદિને કર્મભૂમિની અપેક્ષાએ કાળને આધિન છે.

દેવલોકનો કાળ અંતકાળના ૬ માસ વિના નિયત અવસ્થા રાખે છે. છતાં ત્યાં પણ ઉત્પત્તિ પછી કાળ જાય તેમ સામાન્યથી તેજ ઘટતું જાય - અંતકાળે ઘણું ઓછું થાય ત્યાં મનુષ્ય જેવો કાળનો પ્રભાવ નથી છતાં છે તો ખરો. તે રીતે નારકીમાં ઉત્પત્તિ વખતે કાળજન્ય તીવ્રશ્યામાદિ અવસ્થા હોય છે અને અંતવખતે મંદદેહ વર્ણાદિ અવસ્થા હોય છે.


આયુષ્ય એ કાળનું સૂચક છે. કાળ એ કર્મ અને પુરૂષાર્થ બન્નેનો પ્રેરક અને અવરોધક બની શકે છે, બને છે.

પુદ્ગલમાં પણ સંયોગ-વિયોગ, ગુણાદિ વૃદ્ધિ-હાનિમાં વિસ્રસા અને કાળ નિયામક છે. તેથી ૧૪ રાજલોકમાં, પુદ્ગલ અને સંસારી જીવોમાં અવસ્થાની કાળમર્યાદામાં કાળ એ નિયામક બને છે એટલે તે કાળ પૂરો થતાં એ અવસ્થા રૂપાંતર પામે. માટે ગમે તેવા સુંદર કે બીભત્સ પુદ્ગલોની અને સારી કે ખરાબ સંસારી જીવોની અવસ્થાઓ પરાવર્તનશીલ અને અશાશ્વત છે તેથી ક્યાંય રાગ કે ઉદ્વેગ કરવા જેવા નથી. જ્યાં સુધી કાળભમરો સંપૂર્ણ રસ પી જતો નથી ત્યાં સુધી સદાચારની સુવાસ ફેલાવી જીવનને સાર્થક બનાવવું.



## ૯

**छायामिसेण कालो,**
**सयलजीवाणं छलं गवेसंतो ।**
**पासं कहवि न मुच्चइ,**
**ता धम्मे उज्जमं कुणह ।।**



**ગાથાર્થ -** **પડછાયાના બહાના વડે સઘળા જીવોના છલને શોધતો એવો કાલ કોઇના પણ પડખાને મૂકતો નથી. તે કારણથી તમે ધર્મમાં ઉદ્યમ કરો. ।।૯।।**

*9. Death is like a shadow*
*Constantly stalking living beings.*
*It never lets up.*
*So make efforts to follow the Jinas' teachings.*

કોઇ વ્યક્તિ આપણી પાછળને પાછળ આવ્યા કરે-ફર્યા કરે તો તેના પ્રત્યે આપણને શંકા ઉત્પન્ન થાય છે, તેમાં પણ જો એમ લાગે કે તે આપણને હેરાન કરવાની-મારવાની તક શોધી રહ્યો છે તો મનમાં ડર લાગ્યા કરે છે, તેની નજર ચુકવીને ક્યાંક આડા-અવળા થઇ જવાનું વિચારીએ છીએ અને કદાચ તેનાથી છટકવામાં સફળતા પણ મળે. એ રીતે માણસ બીજા બધાથી પીછો છોડાવી શકે પરંતુ ખુદના પડછાયાને દૂર ક્યાંથી કરી શકે? તેનાથી દૂર થવું-ભાગી જવું શક્ય નથી. જેમ અભાગી માણસ માટે કહેવાય છે **'નસીબ બે ડગલાં આગળ'** તે ગમે ત્યાં જાય તેનું વિફરેલું-આડુ ફાટેલું ભાગ્ય બે ડગલાં આગળ રહીને તેને ક્યાંય સફળ થવા દેતું નથી તેમ માણસ જ્યાં જશે ત્યાં તેનો પડછાયો તેની સાથે જ જવાનો, ક્યાંય તેનો કેડો છોડશે નહીં ભલે માણસને ગમે કે ન ગમે.

અહીં મહર્ષિ કાળને વિવિધ ઉપમા આપી જીવોને તે કઇ રીતે હેરાન કરે છે, ખતમ કરે છે, ક્યાં અને કેવી અવસ્થાઓના ભાગી બનાવે છે, કેવા સંયોગોને આધીન કરે છે તેની વાત બતાવી રહ્યા છે.

છાયાના બહાને-નિમિત્તે જીવની પાછળ કાળ સદા ભમે છે - રહે છે. જાણે જીવને હેરાન કરવા-મારી નાખવા-છળ કરવા ફરતો ન હોય તેમ કાળ જીવને ક્યારેય છોડતો નથી. સંસારી જીવની અપેક્ષાએ એ વાત છે.

અહીં કાળ એટલે આયુષ્યનો ભોગવટો-ઘટાડો લેવો. તેજસ દ્રવ્યમાંથી તેજરૂપે અને અભાસ્વરદ્રવ્યમાંથી કાળાશ પડછાયા રૂપે પુદ્ગલો સતત નીકળે છે. આને કાળની ઉપમા આપી છે.

સંસારમાં કોઇ પણ જીવ શાશ્વત એકરૂપે કાયમ નથી. બધા જ જીવોની દેહરૂપે ઉત્પત્તિ અને નાશ છે. નાશ હોવાથી બધાને મરણ છે, બધાનું જ મરણ છે. માટે પડછાયારૂપે કાળ પાછળ ભમે છે તેમ કહેવાય.

બીજી રીતે વિચારતાં દરેક જીવને (સંસારી) જન્મથી મરણ સુધી પ્રત્યેક સમયે જે જે આયુષ્યકર્મ ભોગવાઇને ખરે છે તેને શાસ્ત્રીયપરિભાષામાં **'આવિચીમરણ'**



કહેવાય છે. આ આંશિકમરણ છે, ભવના ચરમ સમયે સંપૂર્ણ મરણ કહેવાય. તેથી સીધી ભાષામાં કહેવાય કે જન્મેલ જીવ પ્રત્યેક સમયે મૃત્યુની નજીક જઇ રહ્યો છે, થોડો-થોડો મરી રહ્યો છે.


સિદ્ધ પરમાત્માને શરીર નથી, પુદ્ગલબદ્ધતા નથી. શરીર ન હોવાથી તેજ કે અંધકાર નીકળતો નથી, તેથી છાયા પુદ્ગલરૂપે કાળ પણ પાછળ પડેલ નથી. તેમનું ક્યારેય મરણ થતું નથી, ઉત્પત્તિ છે પણ ફક્ત એક જ વાર, કર્મ અને સર્વ પુદ્ગલ છોડીને તે સ્થાનમાં આવવા અને સ્થિર થવા રૂપે.

આ અવસ્થામાં આત્મા સર્વગુણ સંપન્ન બનેલ - સર્વશક્તિયુક્ત હોય છે જેને સિદ્ધ-અવસ્થા કહેવાય છે.

જીવને સતત ખતમ કરવાના સ્વભાવવાળા છિદ્રાન્વેષી કાળના પંજામાંથી છૂટવા મોક્ષસ્થાનમાં પહોંચવું જરૂરી છે, આત્માની સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરવા અનિવાર્ય છે, એ પ્રયત્ન બાહ્ય અને આંતરરૂપ, નિશ્ચય અને વ્યવહારરૂપ, ક્રિયારૂપ અને રૂચિ-લાગણીરૂપ અનેક પ્રકારે છે. તેમાં પ્રયત્ન કરતાં કરતાં જીવ દોષોથી-કર્મોથી અને પુદ્ગલના સંપર્કથી મુક્ત થાય છે, છૂટે છે, અને આંશિક ગુણો વગેરેની પ્રાપ્તિ થતાં ક્રમશઃ સર્વાંશે ગુણોની પ્રાપ્તિ થવાથી જીવ સિદ્ધ થાય છે. માટે આ પ્રયત્નના વિષયને ધર્મ કહેવાય છે તેમાં સદૈવ ઉદ્યમ કરવો જોઇએ.

## ૧૦

कालम्मि अणाइये,
जीवाणं विविहकम्मवसगाणं ।
तं नत्थि संविहाणं
संसारे जं न संभवइ ।।



ગાથાર્થ - અનાદિકાલિન એવા આ સંસારમાં વિવિધ પ્રકારના કર્મને વશ થયેલા જીવોને એવો કોઇ સંબંધ નથી કે જે ન સંભવે, અર્થાત્ કે સમગ્ર સંબંધોથી જીવો સંસારમાં ભટક્યા છે. ।।૧૦।।

*10. Since time eternal,*
*The soul has been manifesting itself*
*In various forms,*
*On account of karmas.*
*There is no form or name*
*That the soul has not taken.*



આપણે ઘણીવાર વાંચ્યું છે - સાંભળ્યું છે કે ''આત્મદ્રવ્ય-આત્મા-જીવ નિરંજન-નિરાકાર-શુદ્ધ-સ્ફટિકસમ નિર્મળ છે, અનંત સુખ-અનંતશક્તિમય છે.'' ત્યારે પ્રશ્ન થાય-વિચાર આવે કે તો પછી અનેક પ્રકારની વિટંબણાઓ-અવસ્થાઓ કોના કારણે? હકિકતથી સંપૂર્ણ વિપરિતતા કેમ દેખાય છે? જવાબ આવે - કર્મની પરતંત્રતા....

અનાદિકાળથી સંસારમાં ભટકતા-રખડતા-અનેક પ્રકારના કર્મને વશ પડેલા જીવને આ જગતની અંદર એવી કોઇ અવસ્થા બાકી નથી કે જે જીવને પ્રાપ્ત થયેલ ન હોય.

બધા જીવો નિત્ય છે, ક્યારેય કોઇનો જીવ તરીકેનો નાશ થતો નથી, તેની અવસ્થાઓ નાશ પામે છે. તેથી જીવ મોક્ષે ન જાય ત્યાં સુધી કર્મવશ-વિવિધ અવસ્થાઓને પામતો-ભટકતો રહે છે. અનાદિ નિત્ય નિગોદમાંથી જ્યાં સુધી બહાર ન નીકળે ત્યાં સુધી તે ફક્ત નિગોદ અવસ્થામાં રહીને ચૌદે રાજલોકમાં ફરે છે પરંતુ નિગોદમાંથી બહાર નિકળ્યા પછી યથાસંભવ ચારે ગતિમાં સર્વત્ર ફરે છે અને અનુત્તરદેવ વગેરે કેટલીક વિશિષ્ટ અવસ્થાઓ છોડીને બાકીની ચારે ગતિની બધી જ અવસ્થાઓ-બધા જ નામો-બધા જ ભેદો ધારણ કરે છે, કરેલ છે, એવી એકે અવસ્થા નથી કે જેને જીવ પામ્યો ન હોય.

**આ કહેવા દ્વારા એ બતાવવું છે કે સમ્યક્ત્વની અવસ્થાની વાતો છોડીને દરેક જીવ સંસારની સર્વ અવસ્થા-ચીજો-વ્યક્તિઓ અનંતીવાર પામ્યો છે. જેમ અનંતા વખત સુખની સામગ્રી પામ્યો છે તેમ અનંતીવાર ઘોર દુઃખો પણ પામ્યો છે. તેથી સંસારમાં સુખની ઇચ્છા રાખવા જેવી નથી અને દુઃખથી વિહ્વળ બનવાનું નથી.**

સુખમાં એનો શક્ય ત્યાગ અને ભોગવટામાં પણ ઉદાસીનતા કેળવવાની છે, એના નિમિત્તે પાપમાં-આશ્રવોમાં-કષાયોમાં જીવે પડવા જેવું નથી. કેમ કે જો જીવ પાપાદિમાં પડ્યો તો દુઃખ ભોગવવા યોગ્ય બનશે. તેના યોગ્ય કર્મ જીવ બાંધી દુઃખી થશે. આ રીતે સુખ-દુઃખનું પરાવર્તન સંસારી જીવો પામ્યા કરે છે.

ભૂતકાળમાં અસદ્‌વિચાર-વાણી-વર્તનથી ઘણી જાતના અશુભકર્મો બાંધેલા હોય છે. તેથી તે કર્મોના કારણે તેના પરવશપણાથી વિવિધ વિષમ અવસ્થાઓ લગભગ બધા જીવો પામે છે આ રીતે પાપનો રસ-પાપની પ્રવૃત્તિ અને દુઃખરૂપ પાપ ભોગવવાનું આ ત્રણેનું ચક્ર સંસારમાં દરેક જીવોમાં પ્રાયઃ સતત ચાલે છે.. આને અટકાવવા-બંધ કરવા પ્રથમ ચક્ર-પાપનો રસ ઘટાડવો પડે, બંધ કરવો પડે. તે માટે પાપની પ્રવૃત્તિ કરવાથી અને દિલમાં તેનો રસ-આનંદ રાખવાથી થતાં નુકશાનો તથા તે પાપપ્રવૃત્તિના ત્યાગ-ઘટાડાથી અને રસ તોડવાથી થતા લાભોનું જ્ઞાન મેળવવું પડે. શાસ્ત્ર-ગુરુમુખે રહેલી એ પ્રભુની વાત ઉપર શ્રદ્ધા એટલે રૂચિ રાખીને વારંવાર વિચારતા અને આત્મા સાથે લાગણી રૂપે ભાવિત બનાવતા રહેવું જોઇએ.

**વારંવાર જે વાત વિચારાય - તે મુજબ પ્રવર્તાય એ ભાવના છે એનાથી આત્મામાં જે સ્વાભાવિક સંસ્કાર-લાગણીઓ થાય તે ભાવ છે.**

અશુભ પ્રવૃત્તિઓ અને વિચારણાઓ અશુભભાવને ઉત્પન્ન કરે છે અને પછી ક્રમશઃ એ અશુભ ભાવ સંસ્કારરૂપે બને છે. જો આત્મામાં શુભભાવ ઉત્પન્ન થયા હોય તો તે પણ અશુભ ભાવના અને તજ્જન્યભાવ દ્વારા મંદ પડે છે, નાશ પામે છે, અશુભભાવનું પ્રધાનપણું થાય છે.

આનાથી વિપરિતપણે અનાદિકાલીન પણ આત્મામાં રહેલ અશુભ પરિણામો-ભાવસંસ્કારોનો શુભપ્રવૃત્તિ-શુભવિચારણા અને શુભ વિચારણાને ઉત્પન્ન કરનાર જ્ઞાનાભ્યાસ અને પરાવર્તન દ્વારા અશુભ ભાવોનો નાશ થાય છે, ક્રમશઃ ઘટતા જાય છે, શુભ ભાવોની ઉત્પત્તિ અને પ્રધાનતા થાય છે અને ક્રમશઃ શુભભાવ આત્મ સ્વરૂપ બને છે.

માટે અનાદિ સંસારના એટલે કે અનાદિ અશુભભાવના નાશ માટે અને તે પૂર્વે તેના આંશિક નાશ માટે શુભ ભાવને ઉત્પન્ન કરનાર સદ્‌જ્ઞાન અને સત્ક્રિયા તથા તે બન્નેમાં રૂચિપૂર્વક આનંદ-પ્રસન્નતાથી જ્ઞાનનું પરાવર્તન-ચિંતન અને જીવનમાં પ્રવર્તન કરવાથી અશુભકર્મો નાશ પામે છે, અશુભ પ્રવૃત્તિઓ છૂટે છે, અશુભ વલણો ફેરવાય છે. માટે શુભની ઉત્પત્તિ અને આત્મસ્વભાવરૂપ બનાવવા માટે અશુભભાવની લાગણી-તેની રૂચિ અને એ ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિઓ ઘટાડતા રહેવી, છોડતા રહેવી જોઇએ, એના પર જુગુપ્સા-અરૂચિ અને ઉપેક્ષા કરવી જોઇએ. તો સંસારના, સુખ-



દુઃખના ચકાવામાંથી-અનેક પ્રકારની ઉપાધિમાંથી-વિવિધ અવસ્થા પામવાની ઝંઝટમાંથી આત્મા મુક્ત થાય.


સંસાર અનાદિ છે પણ મોક્ષે જનાર યોગ્ય આત્માઓ માટે ભવિષ્યમાં કાયમી છે તેમ કહી શકાય નહી. ભૂતકાળમાં જીવે સંસારમાં કર્મને પરવશ બનેલ હોવાથી અનેક પ્રકારના નામો-ઉપાધિઓ-વેષ-વિટંબણાઓ-દુઃખની સંવેદનાઓને ધારણ કરી-ભોગવી.

**સંસારમાં જે સુખની સંવેદના કહેવાય છે તે પણ આત્મસંવેદનની વાસ્તવિક પરિસ્થિતિની અપેક્ષાએ દુઃખરૂપ જ છે. જેની પાછળ દુઃખની સંવેદના રહેલી હોય, જે દુઃખમિશ્રિત હોય તેને સુખ સંવેદન કેમ માની શકાય-કહી શકાય? મધ લિપ્ત તલવાર ચાટવા યોગ્ય કે ઝેરયુક્ત લાડવો ખાવા યોગ્ય કોણ કહેશે?**

માટે સંસારનું -ભ્રમણનું સ્વરૂપ અને તેના કારણો ઓળખીને છોડવાથી સંસારથી જીવમુક્ત થઇ શકે છે તે માટે પ્રયત્ન કરવો.

## ૧૧

बंधवा सुहिणो सव्वे,
पियामायापुत्तभारिया ।
पेअवणाऊ नियत्तंति,
दाऊणं सलिलंजलिं ।।




**ગાથાર્થ -** સ્વજનો, મિત્રો, માતા, પિતા, પુત્ર, સ્ત્રી એ સર્વે વ્યક્તિ મૃત્યુ પામ્યા પછી પાણીની અંજલી આપી સ્મશાનથી પાછા જાય છે. ।।૧૧।।

*11. At the time of death,*
*Brothers, friends, father, mother, son and wife;*
*All offer a palmful of water*
*(To the corpse, as part of the last rites)*
*And leave the crematorium.*



બહારગામથી પોતાનું કોઇ સ્વજન કે પરિચિત પોતાને ત્યાં આવતું હોય તો વ્યક્તિ તેને લેવા રેલ્વે સ્ટેશને-એસ.ટી.સ્ટેન્ડ પર કે એરોડ્રામ પર જાય છે. પરંતુ આ સંસારમાં એક ગતિમાંથી બીજી ગતિમાં, એક ભવમાંથી બીજા ભવમાં યાવત્ પોતાના ઘરે પણ આવતા કોઇ જીવને કોઇ સામે લેવા જતું નથી. જીવ પોતાના કર્મના અનુસારે-બંધાયેલ આયુષ્યના આધારે એકલો જ આવે છે, શરીર બનાવે છે પછી ત્યાં રહેલા જીવો સાથે વ્યવહાર-સંબંધ શરૂ થાય છે.

જીવ ક્યાંથી આવે છે, ક્યારે આવે છે તે માહિતી વિશિષ્ટ જ્ઞાની વગર કોઇને પણ હોતી નથી. માટે પરભવમાંથી આવતા જીવને લેવા જવાનો વ્યવહાર ક્યાંય નથી અને તે થઇ શકે તેમ પણ નથી. આ ભવમાં બીજા જીવો સાથેના વ્યવહાર, જન્મના ઉત્પત્તિસ્થાને આવ્યા બાદ શરૂ થાય છે અને જીવ જ્યારે મરણ પામે છે ત્યારે પોતાનું ચાલુ (વાર્તમાનિક) શરીર છોડીને જાય છે. ત્યારે સંબંધો પૂરા થાય છે. આ ચાલુ શરીરને છોડી દેવું તેને લોક વ્યવહારમાં મરણ કહેવાય છે.

જીવનું સામાન્યથી મરણ ગમે તે અવસ્થામાં, ગમે તે ક્ષેત્રમાં થાય છે ત્યારે તે સમયે બીજા સગા-સંબંધી હાજર હોય પણ ખરા અને કોઇ ન હોય તેવું પણ બને - પોતે એકલો જ હોય અને મૃત્યુ પામે. શરીરમાંથી નિકળેલ જીવને કોઇ જોઇ શકતું કે જાણી શકતું નથી અને તે ક્યાં ગયો તે પણ કોઇ જાણતું નથી. તેના કારણે તેને મુકવા કોઇ સંબંધી જતાં નથી તેથી જીવ શરીરમાંથી નીકળે એટલે તે જીવ સાથેના સંબંધોની પૂર્ણાહુતિ થઇ જાય છે. માત્ર જે શરીર પડેલ હોય છે તેને સ્વજનો વિધિપૂર્વક બાળવાનું કે દાટવાનું જે કરે છે ત્યાં સુધી બાહ્ય વ્યવહારથી વળાવાનો વ્યવહાર કહેવાય છે. સ્મશાનમાં અગ્નિસંસ્કાર કરી તે આગને-રાખને પાણીથી ઠારીને સગા-વ્હાલા પોતાના ઘરે પાછા ફરે છે ત્યારે વ્યવહારથી સંબંધોની ઇતિશ્રી થાય છે. આ મનુષ્યની અપેક્ષાએ વાત થઇ.

દેવગતિમાં ઉત્પન્ન થયા પછી વ્યવહાર શરૂ થાય છે અને દેવો મરણ ગમે ત્યાં પામે છે ત્યારે મનુષ્યની જેમ જીવ નીકળી જાય અને શરીર પડ્યું રહે તેવું ન થતાં તેમનું શરીર તરત વિખરાઇ જાય છે, અલોપ થઇ જાય છે તેથી ત્યાં બાળવા વગેરે કાંઇ કરવાનું હોતું નથી. આ મૂળ શરીર વિખરાય તેને નાશ-મરણ કહેવાય છે. શાસ્ત્રીય ભાષામાં ચ્યવન કહેવાય છે. પાછળ કોઇ જ ક્રિયા કરવાની ન હોવાથી આ ચ્યવન

વખતે જ સંબંધો પૂરા. તિર્યંચ ગતિમાં જે થોડા સંબંધો છે તે પણ માણસની જેમ સમજવા. નરકમાં ઉત્પત્તિથી કોઇ સંબંધ જ નથી. મરણ=ઉદ્‌વર્તનની સાથે શરીર વિખરાઇ જાય છે.

આ રીતે ભવના અંત સુધી સંબંધો હોય છે. પછી જીવ એકલો જ પ્રયાણ કરે છે. ભવોભવ આ રીતે જુદા જુદા જીવો સાથે અનેક પ્રકારના સંબંધો બંધાય છે અને પૂર્ણ થાય છે. આ સંબંધો પ્રથમ શરીરના કારણે થાય છે, શરૂ થાય છે. પાછળથી વ્યાપાર-લગ્ન વગેરે અનેક કારણોથી પણ જે જે સંબંધો બંધાય છે તે લગભગ બધા, ભવ પૂરો થાય એટલે પૂરા થાય છે. કેટલાક સંબંધો અલ્પકાલીન-આગંતુક હોય છે જે આ ભવમાં પણ અધવચ્ચે જ પૂરા થઇ જતા હોય છે.

**આ દીર્ઘકાલીન કે અલ્પકાલીન બધા સંબંધો કર્મથી - સંયોગથી - સ્વાર્થથી - મંદ અને મધ્યમ રાગ-દ્વેષથી બંધાતા હોય છે, બંધાયેલા હોય છે,** વધુમાં વધુ આ ભવપૂરતા જ રહે છે-ટકે છે. પરંતુ પ્રભુ નેમનાથ-રાજુલની જેમ ગુણોના આકર્ષણથી-વિશિષ્ટ પરોપકાર સ્નેહ-સંબંધથી કે પૃથ્વીચંદ્ર-ગુણસાગરની જેમ વિશિષ્ટ રાગ-દ્વેષના કારણે જે સંબંધો લાગણીરૂપે બંધાય છે તે પરસ્પર બન્ને જીવોના સંબંધો કેટલાક ભવો સુધી ચાલે છે. જેને ઋણાનુબંધ-સ્નેહાનુબંધ કહેવાય છે. આ પણ કર્મકૃત હોવાથી કાયમી તો નથી જ - કાલાન્તરે તે પણ પૂર્ણ થાય છે.


એ રીતે ગુણસેન-અગ્નિશર્મા કે કમઠ-મરૂભૂતિના વૈરાનુબંધવાળા અને અશુભદોષકારક જીવમાં પડેલ સંબંધો પણ અમુક કાળ સુધી ચાલુ રહે છે પછી નષ્ટ થાય છે. આ રીતે જીવ-જીવ પ્રત્યે કોઇ સંબંધ કાયમી નથી માટે સુજ્ઞ લોકોએ બાહ્ય સંબંધો જરૂર પૂરતાં-કામ પૂરતાં-વ્યવહારપૂરતાં રાખવા પડે તે રાખવા, વગર કામના સંબંધો - પરિચય વધારવા નહીં. કેમ કે તે કરવામાં રાગ-દ્વેષની, વિષય-કષાયોની વૃદ્ધિ જ થાય છે. મમત્વભાવ-સ્નેહભાવના અતિશયપણાથી - દ્વેષથી-પરાધીનતાથી સંબંધો ન રાખવા. વૈરાગ્ય અને સમતા ભાવમાં રમવું.

આવતા એકલા હતા - જતાં એકલા જ જવાના તો વચગાળામાં અનેકોની આળ-પંપાળમાં ન પડતાં એકત્વભાવનાથી વૈરાગ્યવાસિત બનવું જેના દ્વારા ક્રમશઃ વિરાગતા-વીતરાગતા પ્રાપ્ત થાય.



## ૧૨

**विहडंति सुआ विहडंति**
**बंधवा वल्लहा य विहडंति ।**
**इक्को कहवि न विहडइ,**
**धम्मो रे जीव! जिणभणिओ ।।**




**ગાથાર્થ -** હે જીવ! પુત્રો વિખૂટા પડે છે, બાન્ધવો વિખૂટા પડે છે, સ્ત્રીઓ પણ વિખૂટી પડે છે પરંતુ એક ધર્મ, જે જિનેશ્વર ભગવંતે કહેલો છે તેનો ક્યારે પણ વિયોગ થતો નથી. ।।૧૨।।

*12. Sons may turn away,*
*Brothers and loved ones may go away.*
*But one thing that shall never leave you,*
*Is the religion taught by the Jinas.*

પૂર્વની ગાથામાં કહેલ સંસારમાં એક-બીજા સાથે બંધાતા સંબંધોની વાતને આગળ વધારતા કહે છે કે મુખ્ય અને અનેક પ્રકારના સંબંધો ફક્ત મનુષ્યોમાં અને કર્મભૂમિમાં હોય છે. કેમ કે (૧) નારકમાં સંબંધો બંધાતા નથી, પૂર્વભવના કેવલ વૈરાનુબંધના વ્યવહાર હોય છે. (૨) તિર્યંચોમાં અવિવેક અને અજ્ઞાનના કારણે લગભગ સંબંધ હોતા નથી, મા-બચ્ચાના જે છે તે પણ અલ્પ સ્નેહવાળા હોય છે, પ્રાયઃ ભવાંતરથી આવેલા અને ભવાંતરમાં તે સંબંધો ટકતા નથી-જતા નથી. (૩) દેવલોકમાં પણ જે સ્વામી-સેવક કે દેવ-દેવી તરીકેનો સંબંધ છે તે તદ્ભવ પૂરતો હોય છે. પરંતુ મનુષ્યભવમાંથી લાવેલ મમતા-સ્નેહના કારણે દેવલોકમાં જે સંબંધ થાય તે ત્યાર પછીના ભવમાં પણ ઉભા રહે.

**વૈરાનુબંધના સંબંધ કોઇક જીવ સાથે ચારે ગતિમાં હોય. સ્નેહાનુબંધ-ઋણાનુબંધના સંબંધો બહુધા મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે, શરૂ થાય છે. એ જ રીતે વૈરાનુબંધના સંબંધો પણ બહુધા મનુષ્યલોકથી ચાલુ થાય છે.**

મનુષ્યભવમાં પણ બંધાયેલ સંબંધો મરણ વખતે તો પૂરા થાય જ છે. તે પૂર્વે પણ વિહડંતિ=તૂટે છે, છૂટે છે, વિયોગ થાય છે, પુત્રો જુદા થાય છે, ભાઇઓ અલગ થાય છે, સ્નેહી-સ્વજનો પણ વિમુખ થાય છે, બહારથી કદાચ રાખે તો પણ માનસિક રીતે વેગળાપણું આવે છે, ક્યારેક વિરોધી પણ બને છે. પોતે ઘણું તેમનું સંભાળવા છતાં, સાચવવા છતાં, કાળજી રાખવા છતાં તેમના કર્મ-અણસમજ કે ગેરસમજ-સ્વાર્થ કે કોઇની ચઢવણીના કારણે વિખુટા પડે છે, વૈમનસ્ય ઉભું થાય છે, અને સંબંધો પર પૂર્ણવિરામ આવે છે.

**પરંતુ આ સંસારમાં એક જિનધર્મ સાથે બાંધેલ સંબંધ જ એવો છે કે જીવ જો તેને આદર-મમતાથી પકડી રાખે, સાચવે તો તે તેને ક્યારે પણ છોડતો નથી, તેનાથી વિમુખ થતો નથી. યાવત્ જીવ મોક્ષે પહોંચે ત્યાં સુધી સાથ છોડતો નથી. ક્યારેક તે પિતા બનીને અવળા માર્ગેથી પાછો વાળે છે તો ક્યારેક માતા બનીને વાત્સલ્યથી આગળ વધારે છે તો ક્યારેક ભાઇ બનીને હૂંફ આપે છે, તો ક્યારેક માલિક બની જવાબદારીપૂર્વક રક્ષણ કરે છે. ધર્મો વિશ્વૈકવત્સલઃ ।।**




જીવ પોતે રાગ-દ્વેષ-પ્રમાદ વગેરેથી ધર્મ છોડે તો વાત જુદી પણ ધર્મ ક્યારેય સામેથી સાથ છોડવા તૈયાર નથી હોતો. જેમ બાળક માની આંગળી હજુ છોડી દે પણ માં કોઇ દિવસ છોડતી નથી. અને વિશેષમાં ધર્મની સાથે જીવે એક વાર ભાવ-આદરથી સંબંધ બાંધી દીધો હોય પછી કર્મ-અજ્ઞાન-પ્રમાદ-મોહના કારણે ધર્મનો સંબંધ-સાથ છોડે-તોડે તો પણ ધર્મના પ્રભાવથી જીવ ફરી કાલાંતરે અવશ્ય ધર્મ સાથે નક્કર સંબંધ બાંધે છે અને મોક્ષે જાય છે. માટે એમ કહેવાય કે જિનધર્મ સાથે કરેલ પ્રીતના કારણે છેક પરમપદ સુધી ધર્મ ક્યારેય જીવને છોડતો નથી.

જ્યારે સામે પક્ષે મા-બાપ. પત્ની-પુત્ર, ભાઇ-બહેન, સગા-સ્વજનો વગેરે સંબંધો ક્યારેય કોઇના પણ કાયમી હોતા નથી. સ્વાર્થ પૂરો થતાં કે તૂટતાં કે યાવત્ ભવ પૂર્ણ થતાં તેનો પણ અંત આવી જાય, સાથ છૂટી જાય તેથી નિઃસ્વાર્થ-નિષ્કારણ સહાયક ધર્મને જ પકડવો, તેને જ સાચવવો હિતાવહ છે.

## ૧૩

अडकम्मपासबद्धो,
जीवो संसारचारए ठाइ ।
अडकम्म पास मुक्को,
आया शिवमंदिरे ठाइ ।।




ગાથાર્થ - આઠ કર્મરૂપ પાશથી બંધાયેલો જીવ સંસારરૂપ કેદખાનામાં રહે છે. આઠ કર્મરૂપ પાશથી મૂકાયેલો જીવ મોક્ષમંદિરમાં જઇને રહે છે. ।।૧૩।।

*13. Bound by eight types of karmas,*
*The soul is incarcerated in samsara.*
*Freed of eight types of karmas,*
*The soul resides in moksha.*



**સંસાર અને મોક્ષ વચ્ચે તફાવત છે જેલ અને મહેલ જેટલો. જેલમાં સામેથી કોઇ રહેતું નથી અને મહેલમાં પરાણે કોઇને રાખવા પડતા નથી. જેલ બંધનવાળી છે જે બંધનો કોઇને સ્વીકાર્ય નથી હોતા, જ્યારે મહેલમાં યથેચ્છ વિહરી શકાય છે. પરંતુ વ્યક્તિ જ્યાં સુધી કાયદા-ગુનાની બેડીથી બંધાયો છે ત્યાં સુધી મુક્તપણે બહાર ફરી શકતો નથી.**

સંસાર કારાવાસમાં જીવ અનાદિકાળથી રહેલ છે કેમ કે કર્મના બંધનથી બંધાયેલ છે. કર્મ એ પાશ=બંધન છે જે જીવને મોક્ષે જતાં અટકાવે છે.

જીવની અચિંત્ય શક્તિના કારણે કોઇ પણ જીવ પર કોઇ પણ કર્મબંધન કાયમી રહેતું નથી. બંધાયેલ દરેક કર્મનો સીમાકાળ હોય છે તે સમય પૂર્ણ થતાં જીવ પરથી છૂટી જાય છે. પરંતુ તે કર્મના ભોગવટાના કાળમાં આત્મા નવા-નવા કર્મ બાંધતો રહે છે. આ રીતે સંસારી જીવ કર્મબંધનથી બંધાતો રહે છે અને જુના કર્મ બંધનથી છૂટતો રહે છે પરંતુ નવા બાંધતો હોવાથી સંપૂર્ણ મુક્ત થઇ શકતો નથી.

આ કર્મોના અસંખ્ય પ્રકારો છે પરંતુ સ્થૂલથી આઠ ભેદ છે તેથી અહીં આઠ કર્મરૂપી પાશથી બંધાયેલ એમ કહ્યું છે.

જીવ જો કર્મબંધના કારણો જાણે, સમજે, તે કારણોથી દૂર રહે, છોડે, સુધરે તો નવા કર્મો બંધાતા ઘટે-ઓછા થાય અને કાળક્રમે સંપૂર્ણ બંધ થાય અને બીજી બાજુ જુના કર્મોને ખપાવાનું-છોડવાનું જાણે, તે મુજબ પ્રયત્ન કરે તો ધીરે ધીરે સંપૂર્ણ નાશ પામે. આમ નવો બંધ અટકવાથી અને જુના કર્મ ખપવાથી આત્મા મુક્ત બને છે.

જ્યાં સુધી કર્મ બંધાતા રહે છે ત્યાં સુધી જીવ સંસારરૂપી કેદખાનામાં રહે છે અને જ્યારે સર્વકર્મક્ષય કરે છે ત્યારે કાયમ માટે મોક્ષમાં જાય છે, શિવાલયમાં રહે છે. મોક્ષે ગયેલ જીવ ક્યારેય કર્મ બાંધતો નથી. ફરી સંસારમાં આવતો નથી. કાયમ કર્મબંધથી રહિત આત્મસ્વરૂપમાં રહે છે.

**જીવ કર્મને જે કારણોથી, નિમિત્તોથી બાંધે છે તે મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગને આશ્રવ કહેવાય છે. જે કારણોથી કર્મ આત્મામાં આવતા અટકે તે**

**સમિતિ-ગુપ્તિ-પરિષહજય-યતિધર્મ-ભાવનાને સંવર કહેવાય છે. અને જેનાથી આત્મા પર રહેલા જુના કર્મો છૂટે-ખરે તે બાર પ્રકારના બાહ્ય-આભ્યંતર તપને નિર્જરા કહેવાય છે. તથા જે છૂટે તેને પણ નિર્જરા કહે છે. જેનાથી બંધાય તેને બંધ કહે છે. સંવર અને નિર્જરાના ભેદો અપેક્ષાએ સંવર છે. અપેક્ષાએ નિર્જરા પણ છે. બન્ને સંવરરૂપ અને નિર્જરાના કારણરૂપ બને છે.**

જીવ ક્યારેય બીજા જીવથી બંધાતો નથી. જીવને બાંધનાર-જીવ સાથે એકમેક જેવા જોડાનાર પુદ્‌ગલ છે. જીવ પુદ્‌ગલ બાંધે છે પણ વ્યવહાર-ઉપચારથી પુદ્‌ગલ જીવને બાંધે છે એમ કહેવાય છે. કર્મ એ પણ પુદ્‌ગલ છે અહીં તેને પાશની ઉપમા આપી છે.

**જીવ આઠ પ્રકારના પુદ્‌ગલોના સંપર્કમાં આવે છે જેમાં પાંચ પ્રકારના પુદ્‌ગલો જીવ સાથે એક-મેક જેવા થાય છે. જીવ અને કર્મનો સંબંધ દૂધ-સાકરનો, દૂધ-મીઠાનો કે દૂધ-રંગનો જેવો નથી કહેવાતો પણ દૂધ-પાણીનો સંબંધ કહેવાય છે કેમ કે દૂધ ગરમ કરવાથી પાણી બળી જાય-વરાળ થઇને છૂટ્ટુ પડે તેમ કર્મ પણ જીવની સાથે જોડાઇને તેમાં ભળે છે અને નિર્જરાથી જીવથી છૂટા પણ પડે છે. અમુક કાળ જીવની સાથે એકમેક રહે છે માટે એકમેક જેવું કહેવાય. દૂધમાં સાકર-મીઠું કે રંગ નાખ્યા પછી તે ક્યારેય તેમાંથી અલગ થતાં નથી.**

કર્મ એ આવા પ્રકારના પુદ્‌ગલોવાળું છે. એ જીવ સાથે જ્યારથી જોડાય તે પછી છૂટા ન પડે ત્યાં સુધી તે કર્મ કહેવાય. જેને સત્તામાં રહેલ સર્વકર્મ સ્વરૂપ કાર્મણ શરીર કહેવાય. અહીં કર્મના એક અવાંતરભેદરૂપ નામકર્મરૂપ કાર્મણ શરીર ન લેવું. જીવ તેને પોતાની સાથે લઇને જોડે નહીં (એકમેક જેવું ન કરે) ત્યાં સુધી કર્મના પુદ્‌ગલોને કાર્મણવર્ગણા કહેવાય.

સંસારી જીવ જેમ અનાદિકાળથી કર્મથી બંધાયેલ છે તેને કાર્મણ શરીર કહે છે તેમ અનાદિકાળથી તૈજસ શરીરથી પણ બંધાયેલ અને બંધાતો રહે છે. (જૈનેતરો એને સૂક્ષ્મ શરીર કહે છે.) કાર્મણ શરીરની જેમ આ શરીરના પુદ્‌ગલો પણ સતત બંધાતા અને છૂટતા હોય છે. યાવત્ ૧૩માં ગુણસ્થાનકના ચરમ સમય સુધી, ૧૪માં ગુણસ્થાનકે આ બે શરીરના પુદ્‌ગલો જીવને ચોટતા નથી, બંધાતા નથી પરંતુ ત્યાં દરેક સમયે એ શરીરના પુદ્‌ગલોને છોડતો તેના ચરમસમયે બન્ને શરીરના સર્વ પુદ્‌ગલોને



છોડીને જીવ મોક્ષે જાય છે. આ કાર્મણ શરીર આઠ કર્મોનું બનેલ છે. તેમાંથી ૪ ઘાતીકર્મ ક્ષપકશ્રેણીમાં નાશ પામે છે અને બાકીના ૪ અઘાતી કર્મ ૧૪માંના ચરમસમયે ક્ષય પામે છે.


બીજા ત્રણ પ્રકારના શરીર ઔદારિક-વૈક્રિય-આહારક નામના છે. તેના પુદ્‌ગલો પણ ક્ષીર-નીરપણે જીવ સાથે એકમેક થાય છે પરંતુ આ શરીરો જીવ એકભવના અંતે-અલ્પકાળમાં સંપૂર્ણ છોડી દે છે. તેથી તે પાશ વધારે કાળ રહેતા ન હોવાથી અહીં તેને લીધા નથી. તૈજસ શરીરનો સંયોગ કાર્મણશરીર સાથે કાયમ હોવાથી તેની સાથે તેના પણ પાશ-બંધન સમજી લેવા.

આ પાંચ સિવાયના બીજા ત્રણ (ભાષા-શ્વાસોચ્છવાસ-મન) પ્રકારના પુદ્‌ગલો જીવ લે છે પોતાના ઉપયોગ માટે પરંતુ તેને આત્મપ્રદેશ સાથે એકમેક કરતો નથી, રાખી મૂકતો નથી. ફક્ત તે પુદ્‌ગલો લઇ પોતાની શક્તિથી પોતાના ઉપયોગરૂપ બનાવીને ઉપયોગમાં લઇને છોડી દે છે. જેને લેવા-તે રૂપે બનાવવા અને છોડવા એમ જરૂર પડે ત્યારે કરે છે માટે આ ત્રણને પાશ-બંધન કહેવાતા નથી.

જીવના વિશેષ સંપર્કમાં આવતાં આ પુદ્‌ગલના પ્રકારો-ભેદો છે. જીવ મોક્ષે ગયા પછી એક પણ પુદ્‌ગલ દ્રવ્યને લેવાનું-પરિણમાવવાનું-રાખવાનું-બાંધવાનું-છોડવાનું ક્યારે પણ કરતો નથી તેથી તે કાયમ મુક્ત રહે છે. **અનાદિકાળથી કોઇ જીવ કાયમી મુક્ત હોતો નથી. સાધના પુરૂષાર્થ દ્વારા જ કર્મ ખપાવી મુક્ત બને છે. મુક્તજીવો સંસારના-પુદ્‌ગલના વ્યવહારમાં ક્યારે પણ આવતા નથી. શાશ્વતકાળ આત્મસ્વરૂપમાં નિયત સ્થાને સ્થિર રહે છે.** માટે આશ્રવોને સમજી એને છોડવા દ્વારા નવા કર્મબંધને અટકાવીને, સંવર-નિર્જરા દ્વારા બાંધેલા કર્મ ખપાવીને આત્માએ મુક્તિ માટે પ્રયત્ન કરવો એ સાર છે.

## ૧૪

विहवो सज्जणसंगो,
विसयसुहाइं विलासललिआइं ।
नलिणीदलग्गघोलिर,
जललवपरिचंचलं सव्वं ।।



**ગાથાર્થ - વૈભવ, સ્વજનોના સંબંધ, વિલાસ વડે મનોહર વિષય સુખો આ સર્વે કમલના પત્રના અગ્રભાગમાં રહેલા પાણીના બિંદુની જેમ અતિશય ચંચળ છે. ।।૧૪।।**

*14. Wealth, proximity of loved ones,*
*Sensuous pleasure and the enjoyment of luxury*
*Are as momentary,*
*As a drop of water on the tip of a lotus leaf.*



**પુદ્ગલ જગત આખું અનિત્ય છે અને સંસારી જીવોના તમામ વ્યવહારો પ્રાયઃ પુદ્ગલ આધારિત છે, પછી એ ખાવાના હોય કે બોલવાના, પહેરવાના હોય કે રહેવાના બધા વ્યવહારો પુદ્ગલને લઈને થતા હોય છે. તેથી એમ કહેવાય કે સંસારી જીવોના તમામ સંયોગો-વ્યવહારો અનિત્ય છે. ફક્ત શાશ્વત ગણાતા વિમાનો-પર્વતો-પૃથ્વી વગેરે પદાર્થોમાં બધા પુદ્ગલોની પરાવૃત્તિ-પરિવર્તન અસંખ્યકાળે થાય પરંતુ તે વિમાનના માલિક બધે અશાશ્વત છે.**

**કમળના પાંદડાના છેડા પર રહેલ પાણીનું ટીપું સુંદર મોતી જેવું ચળકતું-શોભતું હોવા છતાં પવનની એક લહેરખી આવતા જ જેમ અલ્પકાળમાં ખરી પડે છે તેમ બધા સુખના સંયોગો પણ પરિમિતકાળમાં નાશ પામે છે.** અશુભ ચીજો-સંયોગો પણ અલ્પ-પરિમિતકાળમાં નષ્ટ થતાં જ હોય છે પણ તેનું નષ્ટ થવું, દૂર થવું જીવને ઈષ્ટ-ગમતું હોય છે. જીવ એનાથી છુટકારો માને છે, હાશકારો અનુભવે છે તેથી અહીં તે બતાવ્યા નથી. પણ વૈભવ-સ્વજનસંબંધ વિષયસુખો-વિલાસ-લલિત-આનંદપ્રમોદ આ બધુ લૌકિક દૃષ્ટિથી સુખ અને સુખનું કારણ ગણાતું હોવાથી તે પણ અતિચંચલ અને નાશવંત છે તે આ શ્લોકમાં બતાવ્યું. આના દ્વારા જીવની જે કોઈ સાંસારિક સારી અવસ્થાઓ છે તે નાશવાળી-અનિત્ય સમજવી. જેમ જીવની સિદ્ધઅવસ્થા શાશ્વત છે તેમ જીવની સંસારી અવસ્થા અનિત્ય-નાશવંત છે.

જીવની નિત્ય અવસ્થા પ્રાપ્ત કરવા સંસારની અનિત્ય અવસ્થાની સામે ધર્મની કરણીઓ-સદ્ભાવનાઓનો આશરો સ્વીકારવો. સદ્આચારરૂપ વ્યવહારધર્મ અને સદ્ભાવનારૂપી ભાવધર્મ દ્વારા અસદ્વ્યવહાર અને અસદ્ભાવના-સંસ્કારોનો ક્રમિક હ્રાસ અને સંપૂર્ણ નાશ કરીને જીવ આત્મસ્વરૂપમાં-ક્ષાયિક ભાવમાં સ્થિત થાય, મુક્ત થાય ત્યારે સદ્વ્યવહારોનો પણ સંપૂર્ણ ત્યાગ થાય છે કેમ કે તે સીડીના સ્થાને છે અગાસી પર પહોંચતા સીડી પણ છૂટી જાય છે.

સ્થિર આત્મસ્વરૂપ પ્રગટ થવાથી અસ્થિર-અપૂર્ણ આત્મસ્વરૂપનો-સદ્ભાવનાઓનો અને ક્ષાયોપશમિક ભાવનો પણ અપેક્ષાએ નાશ થાય છે અને અપેક્ષાએ પરિપૂર્ણતારૂપ-સ્થિરરૂપ ક્ષાયિકભાવમાં પરિણમે છે.


સંસારની સારી-ઊંચી ચીજોની પણ અનિત્યતા-નાશવંતતા બતાવવાનું પ્રયોજન એ છે કે આ પરિસ્થિતિ-પદાર્થોને જીવ નાશવંત જોઇ-જાણી શકતો નથી, વિચારી શકતો નથી. જે મળેલ છે તેને કાયમી માનતો હોય છે તેથી તેના વિયોગને કલ્પી શકતો નથી. એમાં સ્થિરપણાની બુદ્ધિથી-ભ્રમિત બુદ્ધિથી વ્યામોહિત છે જે વાસ્તવિક નથી. આ રાગ અનંતાનુબંધીજન્ય વાસના છે એને વિપરિત ભાવનાથી એટલે કે તેમાં રાખેલ નિત્યત્વપણાના ભ્રમનો નાશ કરવા વારંવાર 'सर्वं क्षणिकम्' નું ભાવન કરવું અનિવાર્ય છે.

જેમ રોગના નાશ માટે રોગથી વિરુદ્ધ કાર્ય-શક્તિવાળી દવા વારંવાર-દીર્ઘકાળ લેવી પડે છે તેમ સંસારની અસદ્ ભ્રમ અને મોહ-અજ્ઞાનજન્ય દઢસંસ્કારરૂપે અને વિચારસરણીરૂપે સંસારીજીવોમાં સર્વત્ર પ્રવર્તતી જે લાગણીઓ-ધારણાઓ અને વિચારો છે તેને બદલવા માટે સંસારી જીવોથી વિપરિત ઉદેશ રાખવો પડે, વિપરિત લક્ષપૂર્વકની પ્રવૃત્તિરૂપક્રિયાધર્મ અને સૂત્ર દ્વારા અર્થબોધપૂર્વક જ્ઞાન અને પરાવર્તન દ્વારા,અર્થના ચિંતન-મનન દ્વારા સંસારથી વિપરિત સ્વરૂપ ભાવના આ બન્ને આત્માનાં બાહ્ય-અભ્યંતર સંસારનો નાશ કરે છે અને આત્માના આંતરિકસ્વરૂપને પૂર્ણ રૂપે પ્રગટ કરીને આત્મા સર્વવ્યવહારથી મુક્ત થાય છે એટલે વ્યવહાર ધર્મથી પણ મુક્ત થાય છે. **વ્યવહાર માર્ગદર્શક-ભોમિયા જેવો છે નગરનો દરવાજો-નગરની સીમા કે નિર્ણીત સ્થાન આવતા પોતે પાછો ફરે છે તેમ સદ્‌વિચારણાઓ સહજજ્ઞાનરૂપ થઈને** અટકી જાય છે. સદ્‌ભાવનાઓ પણ સહજભાવરૂપ થવાથી પ્રવર્તતી નથી. જે જે બાબતમાં જે જે અંશે જીવ ભાવિત-પૂર્ણ હોય તે તે અંશે તેને વિચારણા-ભાવના પ્રવર્તે નહીં કારણ કે ભાવના-વિચારણા એ જ્ઞાનનું-જ્ઞાનની દઢતાનું કારણ છે. દઢતા-પરિપૂર્ણતા થતા તેનું કોઇ પ્રયોજન રહેતું નથી. તેથી ૧૩મે ગુણસ્થાનકે જ્ઞાન માટે મનની વિચારણાની પ્રવૃત્તિ નથી. એમ પાંચે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ હલનચલનરૂપ હોવા છતાં જ્ઞાન માટે હોતી નથી.



## ૧૫

तं कत्थ बलं तं कत्थ
जुव्वणं अंगचंगिमा कत्थ ।
सव्वमणिच्चं पिच्छह
दिट्ठं नट्ठं कयंतेणं ।।




**ગાથાર્થ -** શરીરનું તે બળ ક્યાં ગયું? તે જુવાની ક્યાં ગઇ? શરીરનું સૌન્દર્ય ક્યાં ગયું? કાળ વડે તે સર્વે થોડા જ વખતમાં હતું ન હતું કરાયું છે. આથી તે સર્વે અનિત્ય છે તેમ જુઓ. ।।૧૫।।

***15. How can strength, youth and beauty***
***Remain in the body seen by the demi-god of death?***
***They are fleeting.***
***See them for what they are.***

**પોલીસની નજરે ચઢેલો ચોર પોતાની શક્તિની હોંશિયારી મારી શકતો નથી, કોર્ટની નજરે ચઢેલો ગુનેગાર સ્વસંપત્તિનું ગુમાન રાખી શકતો નથી, લબાડ માણસની નજરે ચઢેલ સ્ત્રી પોતાના સૌંદર્યની રક્ષા કરી શકતી નથી. તો કોઇ પણ સંસારી જીવ પોતાને મળેલ પૌદ્ગલિક શારીરિક વગેરે બધા જ પ્રકારની શક્તિઓનો ગર્વ કરી શકે તેમ નથી કેમ કે તે સર્વે પર યમરાજાની કરડી નજર સતત પડતી રહે છે, તેનાથી સંકળાયેલી છે. અર્થશક્તિ-પારિવારિક શક્તિ-માનસિક-વાચિક શક્તિ બધી જ નાશવંત છે. સંપત્તિ ગમે ત્યારે ચાલી જાય, પરિવાર અણધાર્યો વિમુખ થઇ જાય, મન નિર્બળ-પાગલ બની શકે, જીભ અચાનક થોથવાઇ જાય.**

યૌવન પણ નાશવંત છે. ઘડપણ આવતા તે નાશ પામે એવું નહીં, રોગથી પણ નાશ પામે અને અકાળ મરણથી પણ નાશ પામે.

અંગની સુંદરતા-સૌંદર્ય-દેહલાલિત્ય પણ ગમે ત્યારે નષ્ટ થઇ જાય, સુરૂપ ક્યારે કુરૂપ બની જશે તે કહેવાય નહીં, બહારના દેખાવ પર ગર્વિષ્ઠ બનનાર દગાનો ભોગ બને છે.

આ ત્રણે શરીરથી જોડાયેલ હોવાથી યમરાજાની કડવી નજરથી જોવાયેલ કહ્યા છે મતલબ નાશવંત અને અનિત્ય છે. આ ત્રણે ઉપરનો ગર્વ-મમત્વ-મોહ અને દુરૂપયોગ પાપબંધ અને દુર્ગતિ પરંપરાનું કારણ છે માટે તે ન કરતાં ''આ મળેલ શક્તિઓ જીવે પૂર્વમાં કરેલ પુણ્યના ખેલ છે, પુણ્ય હંમેશા પૂર્ણ થાય એટલે જતું રહે ત્યારે કરેલા ગર્વ-મમત્વ જીવને દુર્ગતિમાં રવાના કરે'' આમ વિચારી સદ્ઉપયોગ કરવો-અનાસક્ત રહેવું.

અત્યાર સુધી જીવ બાહ્ય વસ્તુ-પરિસ્થિતિ વગેરેને ઝંખતો આવ્યો છે, તેમાં આનંદ માનતો-મસ્ત બનતો આવ્યો છે તેના જ કારણે પરિભ્રમણ ચાલુ રહ્યું છે. જો તેને (શક્તિ-સંયોગને) નાશવંત સમજીને એ જ્યાં સુધી છે ત્યાં સુધી તેનો આરાધનામાં સદ્ઉપયોગ કરે, એ શક્ય ન હોય તો પણ મમત્વભાવ-એનો ગર્વ, એની હૂંફ ઘટાડે-તેના ઉપર ઉપેક્ષા-ઉદાસીનભાવ રાખે તો પાપબંધનું કારણ ન બને. સનત્કુમારનું રૂપ



દેવતાની પ્રશંસા પૂર્વે પણ હતું છતાં તેના ઉપર ગર્વ કે હૂંફ ન હતી અને જ્યાં ગર્વ આવ્યો ત્યાં તેણે દગો આપ્યો.

આત્માની સ્થાયી-નિત્ય અવસ્થા પ્રાપ્ત કરવા, તે માટેનું લક્ષ્ય જાગૃત કરવા, તદનુકૂળ પ્રયત્ન કરવા અને તેને આત્મસાત કરવા માટે સંસારની સર્વપરિસ્થિતિઓની અનિત્યપણાની ભાવના કરવી તેમ સંસારમાં પરમાત્માના ધર્મની આરાધના દ્વારા તે શાશ્વત અવસ્થા પ્રાપ્ત થતી હોવાથી તેમાં પ્રયત્નશીલ-ઉત્કંઠિત બનવું જોઇએ.


શક્તિ અને બળ પર્યાયવાચી છે. શક્તિ કોઇપણ પુદ્ગલમાં કાયમ એક સરખી હોતી નથી, રહેતી નથી. કેટલોક સમય એકસરખી રહે પણ પછી વધ-ઘટ થયા કરે એ રીતે તમામ પુદ્ગલોમાં શક્તિ જુદી જુદી માત્રામાં જુદા-જુદા પ્રકારની હોય છે અને વધ-ઘટ થયા કરતી હોય છે. એ રીતે પુદ્ગલના વર્ણાદિ ગુણો વર્ણાન્તર આદિ રૂપે બદલાયા કરે છે કેટલોક કાળ એકસરખા રહે પણ કાયમ નહી જેમ ભેદ બદલાય તેમ તેના પાવર-કોટીંટી પણ વધે-ઘટે. આ રીતે તમામ પુદ્ગલોમાં શક્તિ અને ગુણોની ફેરફારી હોય છે, થાય છે.

છદ્મસ્થ સંસારી જીવોમાં પણ વિકસિત આત્મશક્તિ કે પૌદ્ગલિક (પુદ્ગલના સહારે પ્રવર્તતી) શક્તિઓમાં પણ વૃદ્ધિ-હાની થયા કરે છે. કેટલીક શક્તિ સંપૂર્ણ નાશ પણ પામે છે. સિદ્ધ પરમાત્માની શક્તિ અવસ્થિત હોય છે તેમાં ન વધારો કે ન ઘટાડો, ક્યારેય તેનો નાશ નહીં.

સૌંદર્ય-સૌષ્ઠવ પુદ્ગલમાં હોય. તેના પણ તરતમમાત્રાએ અનેક ભેદો પડે તે બધા વધ-ઘટવાળા છે. ટૂંકમાં ઔદયિકભાવો બહુધા ઉત્પત્તિ-અવસ્થાન-નાશવાળા છે. ઉપશમ ભાવ પણ એવો છે. ક્ષયોપશમભાવની શક્તિઓ જ્યારે ક્ષાયિકભાવ રૂપ બને ત્યારે ક્ષયોપશમભાવરૂપે-અધૂરારૂપે નાશ પામે છે. શાશ્વત ક્ષાયિક શક્તિરૂપે ઉત્પન્ન થાય અને સ્થિર બને છે. માટે પૌદ્ગલિક શારીરિકબળ-યૌવન અને અંગની સુંદરતા એ નાશવંત છે. આમ વારંવાર વિચારીને તેની ઉપરના મમત્વ-ગર્વ-હૂંફને તોડીને સમભાવ રાખી, નાશવંત પ્રત્યે ઉપેક્ષા-ઉદાસીનભાવ કેળવી તેનો દુરૂપયોગ ન કરતાં આરાધનામાં સાધન બનાવી આપણું કાર્ય સિદ્ધ કરી લેવું તે ઉપદેશનો સાર છે.

## ૧૬

घणकम्मपासबद्धो,
भवनयरचउप्पहेसु विविहाओ ।
पायई विडंबणाओ,
जीवो को इत्थ सरणं से ।।




ગાથાર્થ - ગાઢ કર્મરૂપ પાશથી બંધાયેલો જીવ આ સંસારરૂપ નગરના ચારગતિ રૂપ માર્ગમાં અનેક પ્રકારની વિડમ્બનાને પામે છે, અહીં તેનું કોણ શરણ છે? ।।૧૬।।

*16. Bound by dense karmas,*
*The soul remains stuck*
*In the crossroads of the mega city of transmigration,*
*And has to endure endless difficulties.*
*Who can offer you shelter, o living being?*



અત્યંત મજબૂત કર્મરૂપી બંધનથી બંધાયેલ જીવ સંસારરૂપી નગરના ચોકમાં જે અનેક પ્રકારની પીડાઓ અને વિટંબણાઓ પામે છે તે સમયે તેને કોણ શરણ છે? કોણ એ પીડા દૂર કરે, કોણ એ વિટંબણામાંથી તેને છોડાવે, કોણ એ પીડાને ઘટાડે-મટાડે? આ પ્રશ્ન છે.

જીવ અજ્ઞાન-મોહ-રાગ-દ્વેષ વગેરેના તીવ્ર અધ્યવસાયો (જેને ભાવકર્મ કહેવાય) થી એવા પ્રકારના મજબૂત તીવ્ર કર્મ બાંધે છે કે તેનાથી આ ચારગતિવાળા સંસારમાં ભટકવા સાથે અનેક-અસંખ્ય-અગણ્ય અને તરતમતાથી અનંત પ્રકારની પીડાઓ-વિટંબણાઓ-અંતરાયો-રોગો-આપત્તિઓ સહન કરવી પડે.

સમજુ જીવ વિચારવા-જોવા બેસે તો જુદા જુદા પ્રકારે માનસિક-કાયિક અને સાંયોગિક સંકલેશો અને વિષમ પીડાઓથી પીડાતા લગભગ બધા જીવો સંસારમાં દેખાશે. આ પીડા વિ. જીવે પોતે જ સર્જન કરી છે, બાંધી છે, નક્કી કરી છે અને નક્કી કરેલ, થયેલ ક્રમ-કાર્ય-મર્યાદા-સંયોગ મુજબ એ પીડા આદિને પરવશપણે પોતે ભોગવે છે.

આ પીડાઓ વગેરેથી બચાવનાર ત્રણે કાળમાં બીજા કોઇ થયા નથી, થતા નથી પરંતુ પોતે ઉભી કરેલ પીડાઓના ભોગવટા સમયે જો તેને શાંતિ-સમતાથી ભોગવે તો ભવિષ્યની નવી પરંપરાથી આવતી પીડાથી છુટકારો મેળવી શકે છે. જો ઉદયકાળમાં વધારે આવેશ-તોફાન કરે, ઉચ્છૃંખલ-કષાય-વિષયાધીન બને, રાગ-દ્વેષ-મોહપરવશ બને તો જે પીડા ભોગવે છે તેના કરતાં અનેકગણી-અનેકવાર નવી પીડાઓ ભોગવવાનું નવું કર્મ બાંધે છે. આમ જીવ તીવ્ર આવેશ-ઉલ્લાસ-આનંદ અને ધમપછાડા સાથે પાપપ્રવૃત્તિ કરે જાય છે - કર્મ જે બંધાય છે તે ગાઢ બાંધે છે અને તેના વિપાકસમયે પણ પાછો હાયવોય કરી નવા કર્મ બાંધે. આ રીતે જીવ જાતે પોતાની અજ્ઞાન-મોહ-અવિવેકયુક્ત પ્રવૃત્તિથી સતત દુ:ખી-પરવશ થયા કરે છે. આમાંથી છોડાવનાર-બચાવનાર સામાન્યથી કોઇ નથી.

માત્ર જીવ જેમ પોતાની ઉંધી વિપરિત કાર્યવાહી, વિચારસરણીથી સામાન્ય કે ગાઢ કર્મ બાંધે છે તેમ સમજણ આવતા તે બંધનો તોડવાની-છોડવાની રૂચિ જાગતા,

ઉંધી રમતો નિરંતર આંખ સામે રહે છે, તેનાથી તે ભયભીત બને છે, ઉંધી રમતોની ઓળખાણ અને તેના ઉપરની અરૂચિ આવતા જીવના મોહદારૂના તોફાનો શાંત પડતા જાય તેથી તીવ્ર દુ:ખ, આપત્તિ, સંકટ, વિષમતામાં પણ જીવ નવા ઉગ્ર પાપ બાંધવા તૈયાર નથી, બાંધતો નથી.

આ જાગૃતિ-સાવધાની એટલે પાપપ્રવૃત્તિ-પાપપરિણતિમાં દુ:ખોના કારણ રૂપેની, આશ્રવોના સમજણની, તેની હેય-ત્યાજ્ય-અત્યંત દોષકારી-દુ:ખકારી તરીકેની લાગણી ઉભી થવી. જેને ભાવધર્મ કહેવાય. તે નવા પાપના ગાઢ બંધનથી જીવને અટકાવે છે. તેથી પાપહેયત્વની લાગણી નવા દુ:ખોથી બચવા જીવને સર્વાંશે શરણભૂત છે. પણ આ સમજણ પરમાત્માના શાસનથી- તેમના ઉપદેશથી પમાય છે. માટે એ કહી શકાય કે પરમાત્માનું શાસન-શાસ્ત્ર, તેનું જ્ઞાન-સમજણ અને તેનો આદરથી સ્વીકાર એ ભવિષ્યના નવા દુ:ખોથી બચવા માટે શરણ છે. અને જે સત્તામાં રહેલા છે કે વર્તમાનમાં ઉદયમાં આવેલા છે તેની વાત-વિચાર કરીએ તો ઉદયમાં આવેલ કર્મોમાં જ્ઞાનપરિણતિ દ્વારા ધૈર્ય-સહનશીલતા-સમતા રાખી પ્રભુને યાદ કરવાથી, પાપોને-પાપસ્થાનોને વોસિરાવવા વગેરેથી સંકલ્પ-વિકલ્પો રોકવાથી, પાપની જુગુપ્સા-નિંદા-પશ્ચાતાપથી સમભાવે કર્મ ભોગવી જીવ ગાઢ પાપથી મુક્ત થઇ શકે છે, અનેક ભવોના પાપો પણ સમતાના-પાપગર્હાના કારણે સાથે સાથે ખપે છે.

ભવિષ્યમાં પાપો ન કરવા રૂપે એટલે કે જે પાપો ઉદયમાં આવ્યા નથી પરંતુ જે થઇ ગયા છે તેની પણ નિંદા-પશ્ચાતાપ કરવાથી, ઉગ્ર સંયમ-તપને આચરવાથી તેમજ પ્રભુ શાસન ઉપરનો અનન્ય અતિવિશિષ્ટ આદરભાવ રાખતા જીવ શાસનમય બને, સંસારવિરક્ત બને, આચાર સંપન્ન બને, વૈરાગ્ય-અધ્યાત્મ અને આચારના જ્ઞાનને મેળવનાર-વાગોળનાર-ભાવિત કરનાર બને તો એનાથી આત્મામાં પડેલા ઉગ્ર દુ:ખ આપનાર જુના ઘણા કર્મો પ્રભુ શાસનના આચાર-જ્ઞાનપૂર્વકના ભાવનાના પ્રતાપે નાશ પામે છે. આમ **પ્રભુનું શાસન જ્ઞાન-આચાર-પરિણતિ દ્વારા જીવનું તાત્કાલિક અને ભવિષ્યમાં કાયમી રક્ષણ કરે છે.** પરંતુ જીવે તેમાં રૂચિ ઉભી કરવી જોઇએ, તેને ભાવથી પણ સ્વીકારવું, સમજવું, જાણવું જોઇએ. આ પદ્ધતિથી સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ કાયમ સર્વજીવોનું રક્ષણ કરે છે.

અને આ માર્ગ બતાવનાર પરમાત્મા છે માટે પ્રભુ પણ શરણ છે. પ્રભુભક્તિથી,



જાપથી, સ્તવનાથી, પ્રભુ આજ્ઞાને વારંવાર યાદ કરવાથી, પ્રભુ આજ્ઞાના આદર પૂર્વક મંદભાવ કે ભાવ વગર પણ દ્રવ્ય આચાર-ક્રિયા શક્ય-વ્યવસ્થિત કરવાથી દર્શન મોહનીયનો ક્ષયોપશમ થાય છે. આનાથી સંસારની ભયાનકતા, દુ:ખોની પરંપરા અને ધર્મની મહત્તા આ ભવમાં કે ભવાંતરમાં નજીકના સમયમાં સમજાય છે અને જીવ વાસ્તવિક પ્રભુ શાસન પામે છે. માટે પણ પરમાત્મા શાસન દ્વારા અને પ્રતિમાના આલંબન દ્વારા રક્ષક છે.

સાધુ અને ઉપલક્ષણથી પ્રભુ આજ્ઞાને સ્વીકારનાર ચતુર્વિધ સંઘ અને આરાધનાના અનેકાનેક પ્રકારો સહાયક-ઉપબૃંહક-પ્રેરક અને શુભ આલંબન બનવા રૂપે તથા સંસારમાંથી નિવૃત્ત થવા માટે પણ પ્રેરક-સહાયક થવાથી, પાપ-મોહ-અજ્ઞાન-કષાય-વિષયોથી સાન્નિધ્ય દ્વારા રક્ષક છે. આ ત્રણ પ્રત્યક્ષ રક્ષક છે. આ ત્રણેના મૂળરૂપ સિદ્ધ પરમાત્મા આલંબન દ્વારા, ધ્યેય દ્વારા, ભવ્યજીવોના આત્મસ્વરૂપના સાક્ષી દ્વારા પરોક્ષ રક્ષક છે.

માટે ગાથામાં કહેલ કોણ રક્ષક છે? તે નિર્દેશ તાત્કાલિક-સ્વાભાવિક-વ્યાવહારિક કોઇ રક્ષણ નથી તેમ ઔપચારિક સમજવું, વાસ્તવમાં શ્રી વ્યવહારપ્રધાન જિનશાસન પ્રારંભિક રીતે અને નિશ્ચયપ્રધાન અંતરૂપે રક્ષક છે. કાયમી સર્વ દુ:ખોથી છોડાવે છે, બાંધેલા કર્મોથી મુક્ત કરે છે, નવા કર્મબંધથી અટકાવે છે અને જીવનું શુદ્ધ આત્મસ્વરૂપ શાશ્વતકાળ માટે પ્રગટ કરાવે છે.

**ભાવથી પરમાત્માનું શાસન પામ્યા વગર અત્યાર સુધી કોઇ જીવ મોક્ષે ગયો નથી. ભવિષ્યમાં ક્યારેય કોઇ જીવ જવાનો નથી. ભાવથી અન્ય દર્શનમાં મુક્તિ નથી. દ્રવ્યથી હોવા છતાં જાતિસ્મરણ-અવધિજ્ઞાન દ્વારા ભાવથી તે જીવ વીતરાગ સર્વજ્ઞપ્રભુનું શાસન પામીને જ મોક્ષે જઇ શકે છે. માટે ચત્તારિ શરણં પવજ્જામિ ને ભાવથી વારંવાર યાદ કરવું... તે જ શરણ-રક્ષક છે.**


## ૧૭

घोरम्मि गब्भवासे,

कलमलजंबालअसुइबीभच्छे ।

वसिओ अणंतखुत्तो,

जीवो कम्माणुभावेण ।।




ગાથાર્થ - કર્મના પ્રભાવ વડે આ જીવ વીર્ય અને મળ રૂપ કાદવની અશુચિથી ભયાનક અને રૌદ્ર એવા ગર્ભવાસમાં અનંતી વાર વસ્યો છે. ।।૧૭।।

*17. While in the mother's womb*
*The living being undergoes acute discomfort,*
*Ensconced between viscera and impurities.*
*O living being,*
*You have been there infinite times,*
*Because of the karmas that you have bound.*



થોડાક કલાકો જો અંધારા ઓરડામાં રહેવાનું હોય કે કેટલીક મિનીટો જો ગટરમાં પસાર કરવાની હોય તો જીવ અકળામણ અનુભવે છે, આકુળ-વ્યાકુળ થાય છે. ત્યાં શાસ્ત્ર કહે છે આ સંસારનો પ્રત્યેક આત્મા ઘોર અંધકારમય અને અત્યંત અશુચિમય ગર્ભાવાસમાં સંખ્યાત કે અસંખ્યાત નહીં અનંતવાર નવ-નવ મહિના રહી ચૂક્યો છે.

**ગર્ભાવાસ એટલે અશુચિમાં ઉત્પન્ન થવાનું, અશુચિમય ખોરાકથી મોટા થવાનું, ગંદી અને અત્યંત સંકડાશવાળી અવસ્થામાં (જગ્યામાં) રહેવાનું, જાણે કે બધા અંગોપાંગ બાંધેલા હોય તેવી હાલતમાં રહેવાનું, ક્યાંય મોકળાશ કે પ્રકાશ કે સ્વચ્છતા ન મળે.** આવી અવસ્થામાં મોટા ઇન્દ્રોને પણ ઉત્પન્ન થવું પડે છે. દેવલોકના દેવો અવધિજ્ઞાનથી આ અવસ્થાનમાં જવાનું, રહેવાનું છે તે જોઇ-જાણી દુઃખી બની જાય છે પણ કર્મરાજાને ત્યાં સ્વભાવથી આ વ્યવસ્થા છે કે કર્મથી યુક્ત જીવોને મનુષ્ય અને તિર્યંચના ભવમાં આવી રીતે ગર્ભમાં ઉત્પન્ન થવાનું-રહેવાનું અને નવ મહિના પસાર કરવાના. આ એક શોચનીય-નિંદનીય-જુગુપ્સનીય-અત્યંત પરાધીન અવસ્થા છે પણ મોક્ષે ગયા વગર જીવ આમાંથી છૂટકારો મેળવી શકતો નથી.

ગર્ભની પીડાઓ જ્ઞાની જે બતાવે છે તે આપણે માત્ર જાણવાની છે, કારણ આપણે જોઇ શકતા નથી. જન્મ સમયની પીડા તો એના કરતાં પણ અત્યંત વધારે છે તે પણ જીવને યાદ રહેતી નથી. બાળકની ગર્ભપીડા અને જન્મપીડા વ્યવસ્થિત જો યાદ આવે તો જીવ આનંદ-મંગળમાં રહી ન શકે. સંસારના સર્વ પ્રકારના ભૌતિક સુખો પણ આ દુઃખોના ભય અને ઉદ્વિગ્નતાને મટાડી ન શકે પરંતુ આ અવસ્થામાં જીવને જ્ઞાનશક્તિ અતિ અલ્પ હોય છે અને જન્મ થયા બાદ બહારની પરિસ્થિતિ અને સુવિધામાં અટવાયેલ જીવને આ દુઃખ યાદ આવતું નથી તેથી તે જન્મ પામ્યા બાદ બધું ભૂલી આનંદથી જીવી શકે છે.

**સામાન્યથી એવો નિયમ છે કે જીવ ભોગવેલા સુખોને યાદ કરે છે-આનંદને યાદ કરે છે પરંતુ ભોગવેલા ઉગ્ર પણ દુઃખોને યાદ કરતો નથી કારણ સુખને યાદ કરવાથી આનંદ મળતો હોય છે જ્યારે દુઃખને યાદ કરવાથી પરેશાની-ઉદ્વિગ્નતા મળતી હોય છે.**

**જીવે અનંતકાળમાં જે દુઃખો ભોગવ્યા છે તે જો યાદ રહે - યાદ આવે તો આ સંસારની એક પણ પ્રવૃત્તિ જીવ આનંદથી-રસથી-ઉલ્લાસથી કરી જ ન શકે તેવું**

ગેરંટી સાથે શાસ્ત્ર કહે છે. નરકના પણ દુઃખો અનેકવાર ભોગવ્યા છતાં જીવને બહુધા જાતિસ્મરણ જ્ઞાનમાં બાકીનું યાદ આવે-દેખાય પણ નરકના ભવો યાદ નથી આવતા, ત્યાં સહન કરેલા દુઃખો દેખાતા નથી.

જીવનમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવા-સ્થિર કરવા-સ્વભાવગત બનાવવા-ધર્મનું મહાત્મ્ય સમજવા-ધર્મમાં દઢ બનવા-પાપમાં ભીતિ ઉભી કરવા-પાપથી અળગા થવા જીવે વારંવાર આવી વાતો યાદ કરવી જોઇએ. ગર્ભના દુઃખો કરતાં પણ અનંતગુણા નરક-નિગોદના દુઃખો છે તેને પણ અનંતીવાર ભોગવ્યા છે. તે ભલે આપણને દેખાતા ન હોય પરંતુ ગર્ભના દુઃખો તો આજની સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય છે.

આવા અશુચિમય-અંધકારમય ગર્ભમાં અનંતવાર રહ્યા છતાં જન્મ પામ્યા પછી જીવ જે સ્નાન-સફાઇ-શુદ્ધિ-શણગાર-આડંબર-શોભા-રંગરાગમાં પડે છે તે બધુ ગર્ભાવાસમાં ક્યાં ગયું હતું? નરક-તિર્યંચના ભવોમાં ક્યાં ગયું હતું? એવો સવાલ ગ્રંથકાર આપણને પૂછી રહ્યા છે.


મોહને પરવશ થઇને જે કાયાના સ્નાનાદિ કરે છે, વારંવાર સાફસૂફી કરે છે તે શરીર વિષ્ટા જેવી અશુચિથી બનેલું અને અત્યારે પણ અશુચિથી ભરેલું છે અને બાર-નવ છિદ્રોમાંથી અશુચિ બહાર કાઢી રહ્યું છે આવા શરીરનો રાગ કરવાને કે પંપાળવાને બદલે ધર્મારાધનામાં ઉપયોગ કરી લેવો જોઇએ. તે તેની સાર્થકતા છે.

આ પરિસ્થિતિને યાદ કરીને ધર્મ આરાધના માટે ધર્મ સમજવો અને આચાર પાળવો જરૂરી છે કારણ જીવનો આખો સંસાર આચાર-પ્રવૃત્તિ ઉપર છે. તે આચાર પાછળ અસદ્‌ભાવનાઓ અને તેની પાછળ દરેક બાબતમાં દરેક રીતે અસત્ જ્ઞાન અને એના દઢ બનેલા અસત્ સંસ્કારો કારણ છે. અને લગભગ બધા સંસારરસિક જીવો આ રીતે કર્મ-મોહ-અજ્ઞાનથી ખોટાને-ખરાબને સાચું અને સારૂ માનનારા ભેગા થયા હોવાથી સંસાર ખરાબ અને ખોટો હોવા છતાં સારો અને સાચો મોહવાસિત જીવોમાં પ્રસિદ્ધ છે. જ્યારે ધર્મીઓ જ્ઞાનીઓના વચનથી સંસારને ''<u>दुक्खरुवे-दुक्खफले-दुक्खाणुबंधे</u>'' દુઃખમય-દુઃખનું કારણ અને દુઃખની પરંપરા રૂપે અનુભવે છે, સમજે છે. આપણે પણ આ સમજણ લાવવા આ ગાથાનું ભાવન કરવુ જરૂરી છે.



## ૧૮

चुलसीइ किर लोए,
जोणीणं पमुहसयसहस्साइं ।
इक्किक्कम्मि य जीवो,
अणंतखुत्तो समुप्पन्नो ।।


चुलसीइ किर लोए
जोणीणं पमुहसयसहस्साइं
इक्किक्कम्मि य जीवो
अणंतखुत्तो समुप्पन्नो॥१८

**ગાથાર્થ** - લોકને વિષે જીવને ઉત્પન્ન થવાના સ્થાન રૂપ યોનિ ચોરાશી લાખ છે. તે એક એક યોનિમાં આ જીવ અનંતી વાર ઉત્પન્ન થયો છે. ।।૧૮।।

*18. O living being,*
*There are eighty-four lakh possible forms of life.*
*You have taken birth as each, infinite times.*

ગાથામાં કહેલ વાતની સત્યતા-પ્રમાણભૂતતા જાણવા માટે બીજા એક પદાર્થને સમજીએ. ઈતરદર્શનવાળાનું વિભંગજ્ઞાન ૯મા ગ્રૈવેયકથી વધારે હોતું જ નથી અને સામાન્યથી તો ૧૨મા દેવલોકથી વધારે નથી હોતું. અર્થાત્ મિથ્યાદષ્ટિનું વિભંગજ્ઞાન ૯મા ગ્રૈવેયકની અપેક્ષાએ પ્રકૃષ્ટ છે અને બીજા ઈતરદર્શની મનુષ્યની અપેક્ષાએ ૧૨મા દેવલોકમાં ગોશાળામતવાળા જતા હોવાથી તેટલું સંભવે છે.

**સંપૂર્ણ લોકનું જ્ઞાન અને સર્વજીવભેદનું જ્ઞાન પ્રત્યક્ષ રીતે કેવળજ્ઞાનીને અને બીજાઓને પરમાત્માના શાસનમાં જ શ્રુતજ્ઞાન દ્વારા સંભવે છે-હોય છે.** અનંતકાળનું જ્ઞાન વિશેષરૂપે કેવળજ્ઞાનીને હોય છે. કેવળજ્ઞાનીને સર્વજીવોનું-સર્વદ્રવ્યોનું-સર્વક્ષેત્રનું-સર્વપર્યાયનું જ્ઞાન કાયમ માટે હોય છે. છદ્મસ્થ વિશિષ્ટજ્ઞાનીઓને=ગણધરભગવંતોને-ચૌદ પૂર્વધરોને સામાન્યથી-મોઘમરીતે અનંતકાળનું જ્ઞાન હોવા છતાં વ્યક્ત વિશેષનું જ્ઞાન અસંખ્યકાળનું હોય છે, અનંતકાળનું નહીં. એ રીતે વિભંગજ્ઞાનનું કાળમાન ભૂત-ભવિષ્યનું દેશોનપલ્યોપમથી વધારે નથી અને સમકિતી મનુષ્યને અસંખ્ય કાળચક્ર છે.

મતિ-શ્રુત પણ સમકિતીને વધારે હોય છે, મિથ્યાત્વીને ઓછું હોય છે. પ્રભુશાસનનું જ્ઞાન-શ્રુતજ્ઞાન એ કેવળજ્ઞાનમાંથી નિકળેલ જેવું છે કારણ કે **ગણધર ભગવંતો દ્વાદશાંગી રચવા પરમાત્મા પાસે ત્રિપદી સાંભળતા પ્રભુના આશિર્વાદ અને પૂર્વના પુણ્યથી તીવ્ર ક્ષયોપશમ થતાં દ્વાદશાંગીની રચના કરે છે. પરમાત્મા તેની ઉપર મહોર છાપ મારે છે. પ્રમાણ તરીકે અનુજ્ઞા આપે છે. આની સામે ઈતરદર્શનોમાં આની અપેક્ષાએ ઘણું અલ્પજ્ઞાન હોય છે અને સ્વયં ઉહાપોહથી થતું હોવાથી એકાંતવાદયુક્ત હોવાથી અપૂર્ણ અને અશુદ્ધ પણ હોય છે. પ્રભુશાસનનું મૂળભૂત જ્ઞાન સર્વાંશે શુદ્ધ અને સૂક્ષ્મતમ હોય છે. માટે એ સર્વત્ર-સર્વદા-સર્વથા-સર્વાંશે પ્રમાણ છે.**


આ ગાથામાં જે વાત કહી છે તે જૈનેતરદર્શનમાં નથી અને જ્યાં ક્યાંય પણ દેખાતી-કહેવાતી હોય તો આપણી જ દ્વાદશાંગીમાંથી ગયેલી સમજવી. બધી નદીઓનું મૂળ જેમ પર્વત (હિમાલય) કહેવાય તેમ બીજા દર્શનો-ધર્મોમાં રહેલી સારી વાતો પ્રભુશાસનમાંથી જ વહેલી જાણવી.



સર્વસંસારી જીવોના ઉત્પત્તિસ્થાનના પ્રકારો-ભેદો ચોર્યાશી લાખ છે અને એ દરેકમાં જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે. ૮૪ લાખની વિભાગપૂર્વકની ગણતરી 'સાતલાખ સૂત્ર'થી જાણી શકાય છે. વ્યવહારરાશીમાં અનંતકાળથી જે જીવો ભટકી રહ્યા છે તે દરેક જીવો આ દરેક સ્થાનમાં અનંતવખત ઉત્પન્ન થયેલા છે. ફક્ત આ નિર્દેશ વિશેષ ભેદ પાડ્યા વગર બતાવેલ છે તેથી વિશેષરૂપે જોતાં અપવાદરૂપે અનુત્તર-લોકાંતિકદેવ જેવા પરિમિત કેટલાક સ્થાનો-યોનિઓ અહીં છોડી દેવી. બાકી દરેક જીવ સર્વત્ર સર્વજાતિભેદોમાં યાવત્ સાતમી નરકથી ૯મી ગ્રૈવેયક સુધીમાં અનંતવાર ઉત્પન્ન થયો છે. આમ કહીને એ બતાવે છે કે જીવે સંસારના સર્વ પ્રકારના સુખો અને દુઃખો, સ્થાનો અને સમૃદ્ધિઓ, યોનિઓ અને યાતનાઓ અનંતવાર પામ્યા છે, ભોગવ્યા છે. ફક્ત સમકિતી અને સંયમી જીવોથી પમાતી પુણ્યની અવસ્થાઓ ક્વચિત્ પમાય છે, કેટલીક અવસ્થા એક જ વાર પમાય છે, કેટલીક ૨-૪ વાર પમાય છે. કદાચ કોઈ અવસ્થા પરિમિતવાર પામ્યા છે, વધારે નહીં તેવું પણ બને. અસંખ્ય-અનંતીવાર નહી. યદ્યપિ સમકિત અને દેશવિરતિ અસંખ્યવાર પમાય છે પરંતુ તેનાથી ઉત્પન્ન થતી પુણ્યઅવસ્થા પરિમિત વખત જ પમાય છે. આ બતાવીને પણ જીવે સંસારની સુખ-સમૃદ્ધિની અવસ્થાઓનું પણ મમત્વ-આશંસા-અપેક્ષા છોડવા જોઈએ તે કહેવાનો આશય છે અને જો આ છૂટે-ઘટે તો જ ભાવધર્મની -મોક્ષની વાસ્તવિક લાગણી આવે છે, સંસારના ભોગસુખ વગેરેની રૂચિ-લાગણીની તીવ્રતા ઘટે છે-તૂટે છે. આના ભાવનથી જીવમાં કર્મનો હ્રાસ થઈને અપુનર્બંધકઅવસ્થા પ્રગટ થાય છે. આ ગાથામાં શ્રુતજ્ઞાનને ભણવાનો-યાદ રાખવાનો અને ચિંતન-મનન દ્વારા ભાવિત કરવાનો ઉપદેશ છે. તેનાથી સંસાર પ્રત્યે નફરત ઉભી કરી આત્મગુણો અને એના ઉપાયરૂપ વ્યવહારમાં આદર-ભક્તિ અને પ્રવૃત્તિ સાહજિક બનાવવી.

## ૧૯

माया-पिय-बंधूहिं
संसारत्थेहिं पूरिओ लोओ ।
बहुजोणी निवासीहिं,
नय ते ताणं च सरणं च ।।




ગાથાર્થ - સંસારમાં રહેલા અને ચોરાશી લાખ યોનિમાં વસતા એવા માતા-પિતા અને બન્ધુઓ વડે આ લોક ભરેલો છે, પણ તે કોઇ તારું રક્ષણ કરનાર નથી તેમજ શરણ આપનાર પણ નથી. ।।૧૯।।

*19. Worldly souls take lives in various incarnations.*
*The world is full of mothers, fathers and siblings*
*Who seek temporal pleasure,*
*And cannot offer protection or shelter to you.*



લોભી જેમ લાલસાથી પૂર્ણ હોય, ક્રોધી જેમ સંકલેશોથી વ્યાપ્ત હોય, કામી જેમ વાસનાથી ભરેલ હોય તેમ આ લોક સંસાર અર્થીઓથી ભરેલ-પૂરિત છે. અહીં જે પણ માતા-પિતા-ભાઇ-પુત્ર વગેરેના પરસ્પર સંબંધો છે તે સંસારના-સંસાર માટેના છે. જ્યાં સુધી સંસારના પ્રયોજન-મમતા પ્રધાન હોય ત્યાં સુધી સંસાર અર્થીપણું કહેવાય. આ જીવો આ મમતા વગેરેની પ્રધાનતા જ્યાં સુધી ધારણ કરે, રાખે ત્યાં સુધી એ જીવોમાંથી કોઇ મોક્ષે ન જાય. જે ધર્માર્થી-આત્મગુણઅર્થી હોય તે ક્રમશઃ મોક્ષે જાય.

આ લોકમાં-જગતમાં જીવો બે પ્રકારના હોય છે- મોક્ષાર્થી અને સંસારાર્થી.

**ધર્મના પ્રયોજનવાળા-સંયમના પ્રયોજનવાળા-આત્માના પ્રયોજનવાળા-ગુણના પ્રયોજનવાળા-અધ્યાત્મના પ્રયોજનવાળા જે જીવો છે તે મોક્ષાર્થીના વિભાગમાં આવે.**

**જે જીવો ધનના અર્થી - પરિવારના અર્થી - વિષયોના અર્થી - શરીરના અર્થી - પુદ્‌ગલના અર્થી-પ્રમાદના અર્થી - બાહરી દુનિયાના અર્થી છે તે સંસારાર્થી કહેવાય.**

પ્રયોજનવાળા = અર્થીનો મતલબ છે તેના ઇચ્છુક અને તેમાં પ્રવૃત્ત....

**સંસારાર્થી જીવો અત્યંત પ્રચુર છે. શાસ્ત્રીય પરિભાષામાં કહેવું હોય તો અનંતબહુભાગ છે. જ્યારે મોક્ષાર્થી જીવો અનંતમો ભાગ છે અને તેમાં પણ પ્રગટ મોક્ષાર્થી જીવો તો અસંખ્ય જ છે.** એટલે કહ્યું કે સંસારઅર્થી જીવોથી સંપૂર્ણ લોક પૂરિત-ભરેલો છે. મોક્ષાર્થી જીવો લોકના અસંખ્યભાગમાં છે-અસંખ્યાત ભાગમાં છે. જીવો અનેક યોનિમાં પરસ્પર અનેક સંબંધોથી બંધાયેલ-સંકળાયેલ હોવા છતાં વાસ્તવિક રીતે કોઇ કોઇના સહાયક કે રક્ષક નથી હોતા. **'न य ते ताणं च सरणं च'** જેટલા અંશે સહાયક-રક્ષક દેખાય છે, કહેવાય છે તે પણ સ્વાર્થ-મોહ પ્રયુક્ત છે. નિઃસ્વાર્થ સહાય-રક્ષણ કરનાર આ જગતમાં કોણ અને કેટલા? તેથી જ કહ્યું **'સગું તારૂં કોણ સાચું રે સંસારિયામાં'** અને ભૌતિક સહાય-રક્ષણ પણ ક્યારેક કરે - ક્યારેક ન કરે.

જે કરે તે પણ કાયમી-સ્થાયી ન હોય. આધ્યાત્મિક પણ ન હોય. માટે સંસારાર્થી જીવો કુટુંબના અને બીજા જીવોના રક્ષક પણ નથી અને શરણ પણ નથી.


સંસારાર્થી જીવો 'बहुजोणी निवासिहिं' અનેક યોનિઓમાં રહેનારા-ફરનારા છે કારણ કે કર્મ-અજ્ઞાન-મોહ પરવશ હોવાથી તેમનું ભ્રમણ અટકતું નથી. આનાથી વિપરિતમાં ધર્માર્થી-આત્મગુણાર્થી-મોક્ષાર્થી-અધ્યાત્મસંપન્ન અને વિશેષ અધ્યાત્મઅર્થી હોય છે તે પરિમિત છે. પરિમિત ભવોમાં ફરીને મોક્ષે જનાર આવા જીવોને શાસ્ત્રમાં **પરિત્તસંસારી**ની સંજ્ઞા આપવામાં આવી છે. તે મોક્ષાર્થી હોવાથી ત્રાણ અને શરણ આપનાર છે, પમાડનાર છે.

જેમ ધર્મ એ સંસારમાં ત્રાણ અને શરણભૂત છે તેમ ધર્મને વરેલા-વિશેષભાવ યુક્ત ધર્મીઓ પણ સહાયક અને રક્ષક છે. માટે સંસારી જીવોની ગાઢ મમતા છોડવી. તેઓ આપત્તિ-દુ:ખમાં રક્ષણ કરશે તેવી આશંસા-અપેક્ષા ન રાખતા વિશિષ્ટધર્મીઓ સાથે સમર્પણભાવપૂર્વક પરિચય-પ્રેમ-મમતા કરવી કે જેઓ વાસ્તવમાં ત્રાણ અને શરણ બને છે.



# ૨૦

जीवो वाहिविलुत्तो,
सफरो इव निज्जले तडप्फडइ ।
सयलो वि जणो पिच्छइ,
को सक्को वेअणाविगमे ।।



ગાથાર્થ - જ્યારે રોગોથી ઘેરાયેલો આ જીવ, જલ વિનાના માછલાની જેમ તડફડે છે ત્યારે સર્વે પણ સ્વજનો તેને રોગોથી પીડાતો દેખે છે, છતાં તેમાંથી કોણ તેની વેદના દૂર કરવાને સમર્થ થાય છે. ।।૨૦।।

*20. O living being, in times of sickness,*
*When you suffer like a fish taken out of water,*
*Your grief is witnessed by all*
*But none can alleviate your suffering.*

**પૂર્વકર્મના ઉદયથી-અનિયમિત આહારચર્યાથી-અનિયંત્રિત જીવનપદ્ધતિથી જીવ જ્યારે વ્યાધિ-રોગથી વિલુપ્ત-પીડિત બને છે** ત્યારે પાણી વિનાના સ્થાનમાં જેમ માછલું તરફડે, વ્યાકુળ બને તેમ જીવ પણ દુઃખથી વ્યાકુળ બની તરફડે છે. પીડા સહન ન થવાથી હાય-વોય કરે છે. બચાવોની બૂમો પાડે છે. રોગનો નાશ કે પીડામાં રાહતની કાકલૂદી કરે છે ત્યારે સ્વજનો વગેરે પોતાની નજર સામે રોગીની પીડા-વિહ્વળતા જુવે છે છતાં અનાથીમુનિ કે નમિ રાજર્ષિના પ્રસંગની જેમ એ વેદનાને દૂર કરવા કોણ સમર્થ છે?

જીવને રોગ વગેરે પીડા આવે છે તે વખતે જીવની દશા અશરણ-નિરાધાર-દીન-હતાશાવાળી થાય છે. આ પીડાઓ સામાન્ય માણસને જ આવે તેવું નથી. રાજા-મહારાજા-ચક્રવર્તિઓને પણ પરેશાન કરે. સાનિધ્યમાં રહેલા કે ઉપાસના કરેલ દેવો પણ આવેલ પીડાઓમાં કેટલીકનો નાશ કરી શકે, કેટલીક વેદનાઓ શમાવવા તેઓ પણ અસમર્થ હોય છે.

આ પીડાનું કારણ શરીર પણ છે અને તેની સાથે પૂર્વે બાંધેલ કર્મના ઉદયો પણ છે. કેટલાક કર્મોના ઉદયો શરીરમાં રોગાદિ દ્વારા જીવને દુઃખી કરે છે તો કેટલાક કર્મોના ઉદયો મનના સંકલ્પ-વિકલ્પ દ્વારા પણ શરીરમાં રોગો ઉત્પન્ન કરે છે અને મરણાંત કષ્ટને આપે છે. **આજનું વિજ્ઞાન પણ કહે છે કે મનની તાણ-ચિંતા-કામનો મન પર અતિ બોજો આ બધાથી પણ શરીરમાં રોગો ઉત્પન્ન થતા હોય છે.**

જીવના અસત્ કર્મો તેને પીડા-વેદના-દુઃખ-અજંપો આપે છે તો સત્કર્મો ભૌતિક સુખ-સમૃદ્ધિ-શાતા પણ આપે છે. પણ તે સુખ એકંદરે અલ્પકાલીન હોય છે જ્યારે અશાતા દીર્ઘકાલીન હોય છે. સુખ કણની માત્રામાં અને દુઃખ ટનના પ્રમાણમાં. અશાતાના ઉદયમાં આવેલ સામાન્ય પીડામાં પણ જો જીવ નિસ્તેજ બની જતો હોય છે તો વિશેષ પીડામાં તો તેની આકુળ-વ્યાકુળતાનું પૂછવું જ શું? પીડા વધે તેમ તેની વિહ્વળતા વધતી હોય છે તેવા સમયે ભૌતિક એવી કોઈ વ્યક્તિ કે શક્તિ નથી જે આ પીડામાંથી જીવને બચાવી શકે અથવા તેના મનને સ્વસ્થતા-શાંતિ-પ્રસન્નતા આપી શકે. કર્મો થોડા નબળા હોય ત્યારે દવા વગેરે ઉપચારોથી બાહ્ય રાહત થાય પણ ભવિષ્યનો ભય પાછો ઉભો જ રહે છે. પીડા ક્યારેક ઉપશાન્ત થાય પણ નિર્મૂળ નથી થતી. કેમ કે વેદના-પીડાને કાયમી નિર્મૂળ-શાંત કરવા તેને લાવનાર-મોકલનાર




પાપકર્મનો જ નાશ કરવો પડે. જીવે પાપ જેનાથી બંધાય તેના કારણો-કાર્યો સમજવા પડે-ઘટાડવા પડે-છોડવા પડે.

પરંતુ ખાટલે મોટી ખોટ એ હોય છે કે સંસારરસિક જીવોને સર્વ પાપસ્થાનોમાં રસ-ઉપાદેયપણાની બુદ્ધિ આનંદ-ઉત્સાહ હોય છે. તેઓ પાપોને હેય-ખોટા-અશુભ પાપ તરીકે સ્વીકારતા નથી. તેને દુઃખનું કારણ-દુર્ગતિના ફળવાળું સમજતા નથી-માનતા નથી અને સમય આવે એ પ્રવૃત્તિઓ કરતા ગભરાતા નથી. માટે સંસારરસિક જીવોને તે પ્રવૃત્તિમાં વિશેષ રસ-ઉપયોગ હોય ત્યારે પાપ ગાઢ અનુબંધવાળું, પાવરફુલ, તીવ્ર બંધાય છે. અને વિશેષરસ-ઉપયોગ ન હોય ત્યારે પણ તેમાં હેય (ત્યાગ કરવાની) બુદ્ધિ ન હોવાથી, આદર અને ગુણકારક બુદ્ધિ હોવાથી-તીવ્રતાની યોગ્યતા રહેલ હોવાથી સાનુબંધ પાપ બંધાય છે. આ જીવો પાપકર્મના ભોગવટા વખતે પણ આર્ત-રૌદ્રધ્યાન વિચારણા દ્વારા પાછા નવા પાપકર્મ બાંધે પણ છે. જ્યારે વૈરાગી-ધર્મની સમજણ-રૂચિવાળો આત્મા પાપકર્મ ભોગવતી વખતે પણ પાપના પશ્ચાતાપ અને સદ્દ્ભાવના દ્વારા ભોગવાતા પાપકર્મ સાથે બીજાઓના કરતાં પણ વધારે પાપકર્મ ખપાવે છે.

કર્મના ઉદયમાં આવેલ બાહ્યવેદનાઓ વચ્ચે પણ ધર્મ-સદ્દ્ભાવનાઓ જીવને શાંતિ આપે છે જ્યારે મોહ-અજ્ઞાન વગેરે અસદ્દ્ભાવના, વિચારોના આવેશ, આવેગ દ્વારા દુઃખી વધારે બનાવે છે. નવા પાપકર્મ બંધાવે છે. ધર્મનો માન્યતારૂપે હૃદયથી અને આચરણ દ્વારા વ્યવહાર સ્વીકારથી ઉદયના પાપકર્મ પણ ફેરવાઈ જાય છે. ઉગ્ર પાપ બંધાતા નથી અને અશાતાના કાળમાં પણ જીવને ધૈર્ય-હિંમત-શાંતિ-સહનશીલતા આપે છે. આ ચારે વસ્તુ મોહનીયના ક્ષયોપશમથી મળે છે. જેમ-જેમ મોહનીયકર્મનો ક્ષયોપશમરૂપ ભાવધર્મ વધતો જાય તેમ-તેમ આ ચારે અને સુખ-શાંતિ-સમાધિ વધતા જાય. માટે ગાઢ પીડા-આપત્તિઓ-દુઃખોની પરંપરાને અટકાવવા અને વિખેરવા જગતમાં-સંસારમાં કોઈ સમર્થ નથી. ફક્ત ધર્મનું શરણ, તેનો સ્વીકાર એ તાત્કાલિક અને કાલાંતરે માનસિક અને બાહ્ય ક્રમશઃ સર્વ પીડા-ઉપદ્રવો-વિઘ્નો અને અશાંતિને કાયમ માટે સર્વથા દૂર કરે છે. ફક્ત શાંત કરે છે તેમ નહીં તેનો નિર્મૂળ નાશ કરે છે. પછી ન રહેગા બાંસ ન બજેગી બંસુરી...

## ૨૧

मा जाणसि जीव! तुमं,
पुत्तकलत्ताइ मज्झ सुहहेऊ।
निउणं बंधण-मेयं,
संसारे संसरंताणं ।।




ગાથાર્થ - હે જીવ! તું આ સંસારને વિષે પુત્ર સ્ત્રી વિગેરે, મને સુખના હેતુ થશે એમ જાણ નહીં, કારણ કે સંસારમાં ભ્રમણ કરતા જીવોને એ પુત્ર-સ્ત્રી વિગેરે ગાઢ સંસાર બંધનનું કારણ થાય છે. ॥૨૧॥

*21. O living being,*
*Think not, that son, wife and other family members,*
*Can bring happiness to you.*
*They are the cause of bondage.*
*So lessen your attachment to them.*



હાથ કે પગમાં લોખંડની બેડી નાખવાની હોય કે દોરડાનું બંધન હોય, કોઇને પણ તે ગમતુ નથી. બંધન એટલે જીવ વિચારે છે કે પરાધીનતા-નાનમ-અકળામણ. સ્વતંત્રતા ઇચ્છતો-માંગતો જીવ કોઇપણ પ્રકારના બંધનને સ્વીકારવા તૈયાર થતો નથી. પરંતુ અહીં ગ્રંથકાર એક એવા પાશની વાત કરે છે કે જેને જીવ હોંશે-હોંશે સ્વીકારવા રાજી. તેનુ નામ છે પુત્ર-સ્ત્રી વગેરેનો સંબંધ. પરંતુ શાસ્ત્રકાર ચેતવણી આપતા કહે છે :

હે જીવ! પુત્ર-સ્ત્રી વગેરે મારા સુખના કારણ છે તેમ તું સમજતો નહીં-માનતો નહીં. આ સંસારમાં ભમતાં જીવો માટેનું વિશેષ જાતનું તે બંધન છે.

જે બંધન હોવા છતાં જીવને તેનાથી ગૌરવ લાગે છે, હૂંફ લાગે છે, શોભા લાગે છે. જીવ એને છોડી શકતો નથી, એનાથી દૂર જઇ શકતો નથી, તેના વિના અનાથ-અશરણ-દીન-દુઃખી હોવાનું અનુભવે છે. બાહ્યબંધનો છોડવા-કાપવા-તોડવા સહેલા છે. કેમ કે તે અણગમતાં-અપમાનજનક-અળખામણા લાગે છે. જે ન ગમે-દુઃખરૂપ લાગે તેનાથી દૂર થવા કે તેને દૂર કરવા જીવ પ્રયત્ન પણ કરે છે, જ્યાં સુધી મુક્ત ન થાય ત્યાં સુધી શાંતિ-ચૈનથી બેસતો નથી. પરંતુ મોહ-અજ્ઞાનના કારણે જે વાસ્તવમાં દુઃખ-આપત્તિ-સંકલેશરૂપ બંધન હોવા છતાં સુખ-સંપત્તિ-પ્રસન્નતારૂપ તેને કલ્પી તેનાથી પોતાની મહત્તા સમજે છે-માને છે, ભવિષ્યમાં મારો સાથ-લાકડીનો ટેકો-હૂંફ-વાતનું સ્થાન બનશે, રહેશે તેવુ વિચારી રાજી-ખુશીથી તે બંધનનો સ્વીકાર કરે છે, નિભાવે છે, તેને મજબૂત બનાવે છે અને ખરા સમયે બંધન પોતાનો મૂળ સ્વભાવ (સંકલેશ-પરાધીનતા-દુઃખ આપવા) બતાવે છે. આ એક જુદી જાતનું-ભાવનું-મમતા-પરિગ્રહરૂપ બંધનનું રૂપક છે.

નિપુણ બંધન=ગુપ્તબંધન. એટલે જે બંધનરૂપ હોવા છતાં બંધન ન લાગે, ન દેખાય. જેમ નજરકેદમાં બધી સગવડ મળે, હાથ-પગમાં બેડી પણ ન હોય છતાં ચારે બાજુ સૈનિકોથી ઘેરાયેલ હોય તો તે એક બંધન જ કહેવાય. તેમ અહીં મમતા-મોહજન્ય અનેક વિકલ્પોથી જીવ ઘેરાયેલો વ્યાપ્ત હોય છે. પોતાના સ્વાતંત્ર્યપણાના-મુક્તવિહરણના સુખ કરતાં આ બંધન થોડા સુખસહિત અને ઘણા દુઃખોથી વ્યાપ્ત છે.

કદાચ વર્તમાનમાં દુઃખ ન દેખાય - ન લાગે તો પણ એની મોહ-માયા-મમતાથી ક્લેશ-કર્મબંધ અને દુર્ગતિની પરંપરા તો ઊભી થાય જ છે, જ્યાં દુઃખોનો કોઇ પાર નથી હોતો.

અહીં સંસારના નિકટના કુટુંબી સ્ત્રી અને પુત્ર એટલે બતાવ્યા કે માતા-પિતા ફક્ત પોતાના નથી હોતા. ભાઇઓ-બહેનોના પણ હોય છે તેથી તેમના ઉપર એટલી મમતા જીવને જાગતી નથી. સ્ત્રી આવે એટલે માતાની મમતા મોળી પડે છે. સ્ત્રી અને પુત્ર પોતાના જ ગણાય તેથી તેના પ્રત્યે વિશેષ લાગણી-આસક્તિ થતી હોય છે.

પરંતુ એ ખ્યાલમાં રાખવું, સમજવું, વિચારવું જોઇએ કે જીવે ભવોભવ આવા કુટુંબો મેળવી-ઉભા કરી એની પાછળ આંધળા-ગાંડા બની દુર્ગતિની પરંપરા સર્જી છે. રૌરવ દુઃખો-તીવ્ર સંકલેશોને જ પામ્યો છે. અનામિકાના કારણે લલીતાંગની કેવી દશા થઇ? તારામતી પાછળની આસક્તિના પાપે બ્રહ્મદત્તની શી હાલત થઇ? આ દુનિયામાં વર્તમાનમાં પણ જોવા મળે છે કે વૃદ્ધાવસ્થામાં લગભગ બધા પુરૂષો સ્ત્રી-પત્ની પરલોકમાં ગયા બાદ હતાશા-નિરાધારતા અનુભવે છે. ઘરમાં ધન-વિનીત પુત્રો હોવા છતાં એકલતા-ભવિષ્યના ભયથી પીડાય છે. આ પણ આંતરિક મોહનું મમત્વજન્ય બંધન છે.

આ અતિવિષમ બંધન છે એવું જ્ઞાન-વિચારણા કરવાની જરૂર એટલા માટે છે કે જીવને જે શાશ્વત મોક્ષે જવાનું છે તે મોક્ષ આત્મસ્વભાવરૂપ છે. અને એ અત્યારે પણ અને કાયમ માટે આપણી સાથે જ છે-હોય છે. પરંતુ કર્મના કારણે, અજ્ઞાન-મોહ-ભ્રમ-રાગ-દ્વેષના કારણે આત્મા ઊંધી વિચારણા અને પ્રવૃત્તિમાં અટવાયેલ છે તેનાથી તે સ્ત્રી-પુત્રાદિ બંધનરૂપ હોવા છતાં તેની આળ-પંપાળમાં રચ્યો-પચ્યો, તેની વિચારણાથી વિંટળાયેલો રહે છે.

જ્યાં સુધી બંધનરૂપ સંસારની આ પરિસ્થિતિ આત્મામાં ન વસે-માન્યતામાં ન આવે ત્યાં સુધી આત્મસ્વરૂપનું ભાન સ્પષ્ટ અને દૃઢ થતું નથી, અને બાહ્યભાવોનું મમત્વ હૃદયથી છૂટતું નથી.


બાહ્યથી છોડીને પછી હૃદયથી છૂટે અથવા હૃદયથી છોડવાના પ્રયત્નથી પણ બાહ્યથી છોડવાના શક્તિ-સંયોગ-ભાવના આવે છે. હૃદયથી છોડવા માટે જેને છોડવું છે તેનું સ્વરૂપ-તેનાથી થતા નુકશાનની વારંવાર ભાવના કરવી પડે. એના વિના=એ



છોડવાથી શું લાભ છે એની ભાવના પછી અનુભવગમ્ય બને માટે પહેલા વૈરાગ્યભાવનાથી આત્મા જાગૃત બને પછી આત્મસ્વરૂપની ભાવના-વિચારણા હૃદયસ્પર્શી બને. આ બન્ને વાત નેગેટીવ-પોઝીટીવ જેવી છે. શાસ્ત્રમાં બતાવેલ અનિત્યાદિ ૧૨ ભાવનામાં પહેલાની-શરૂઆતની ભાવના સંસારના સ્વરૂપની બતાવી છે. પછીમાં નિર્જરા-ધર્મસ્વાખ્યાત-લોકસ્વભાવ-બોધિદુર્લભ ભાવનાઓ છે. **જેમ અરિસા પરના ડાઘ સાફ કર્યા બાદ જ પ્રતિબિંબ પડે, જોઇ શકાય તેમ સંસારજન્ય અજ્ઞાન-મોહ-રાગ-દ્વેષની તીવ્રતાના ડાઘ વૈરાગ્યભાવનાથી આત્મા ઉપરથી કાઢ્યા પછી ધર્મસાધના દ્વારા જીવની વૈરાગ્યભાવના દૃઢ બન્યા બાદ-કથંચિત્ જણાયા બાદ જીવ અંતર્ભાવમાં-આત્માના ગુણોમાં રસવાળો થાય છે.** વિચારણા અને આંશિક ક્ષયોપશમથી આત્મગુણોનો-આત્મસ્વરૂપનો અનુભવ કરે છે. માટે આ શ્લોકનાં તત્વની વિચારણા વૈરાગ્ય અને સંસાર સ્વરૂપની અસારતાની વિચારણાને દૃઢ કરવા માટે ખૂબ જરૂરી છે.

## ૨૨

जणणी जायइ जाया,
जाया माया पिया य पुत्तो य ।
अणवत्था संसारे,
कम्मवसा सव्वजीवाणं ॥



ગાથાર્થ - સંસારમાં કર્મના વશથી સર્વે જીવોને અનવસ્થા છે કે જે, ભવમાં માતા હોય છે તે ભવાન્તરમાં સ્ત્રી થાય છે, જે સ્ત્રી હોય છે તે માતા રૂપે થાય છે, પિતા હોય તે પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે અને પુત્ર હોય છે તે ભવાંતરમાં પિતા રૂપે થાય છે. ।।૨૨।।

*22. O living being,*
*As you flounder in the ocean of transmigration*
*One who was your mother in an earlier life,*
*May be your wife in the next one. Or vice versa.*
*This is the irony of samsara*
*That all worldly beings bound by karmas,*
*Have to contend with.*



માણસ વ્યવસ્થા-શિસ્તનો આગ્રહી હોય છે. આમ જ થવું જોઇએ, આ વ્યક્તિએ આમ જ કરવું જોઇએ, આ રીતે જ રહેવું જોઇએ એવો તેનો પ્લાન-આગ્રહ હોય છે પણ મોટે ભાગે તેમ થતું નથી કારણ કે સંસાર જેનું નામ જ્યાં જીવનું ધારેલું-માનેલું-ઇચ્છેલું કાંઇ બનતુ નથી. માટે **લોકોમાં કહેવાય છે 'ધાર્યુ તો ધણીનું થાય'.. જૈન દર્શન કહે છે- 'કલ્પેલું તો કર્મસત્તાનું જ થાય..'**

આ ભવમાં મળેલ વ્યક્તિ જો ગમે તો જીવ પરભવમાં પણ તે મળે તેવું ચાહતો હોય છે. જો ન ગમે તો બીજા ભવમાં તેનાથી દૂર રહે તેવું ઇચ્છતો હોય છે પરંતુ એક તો સંસાર એટલે સખળ-ડખળનો ભંડાર. વ્યવસ્થા જેવી કોઇ વાત નહીં અને નંબર બે સર્વજીવો પોત-પોતાના કર્મ અનુસારે ગતિ-અવસ્થા-સંબંધ પામતા હોય છે.

જીવ આત્મા શબ્દ પુંલિંગ છે પરંતુ સંસારી જીવ દેહધારી થાય છે ત્યારે દેહની અપેક્ષાએ ત્રણે લિંગ એના થાય છે. તેથી સંસારી જીવ કોઇપણ એક લિંગથી-લિંગમાં કાયમ રહેતો નથી. માટે ત્રણ વેદની ઉત્કૃષ્ટ કાળમાન રૂપ કાયસ્થિતિ પણ બતાવી છે. એટલે પુરૂષ કાલાંતરે સ્ત્રી પણ થાય છે. સ્ત્રી પુરૂષ પણ બને છે. પરંતુ જન્માંતર-વિશેષકાલાંતર અને ક્ષેત્રાંતર વગેરે વ્યકિત અંતરના કારણે સામાન્યથી આ વાત લોકવ્યવહારમાં જાણી શકાતી નથી. પરંતુ જ્યારે નિકટના સંબંધીઓને ત્યાં પૂર્વના કોઇ સંબંધી-સ્વજન વેદાન્તરથી ઉત્પન્ન થાય અને જાતિસ્મરણ વગેરેથી જ્ઞાન થાય ત્યારે તે ઉત્પન્ન થનાર કે ત્યાં રહેલને ઘણું દુઃખ થાય છે - શરમાવવું પડે છે. આ વાત ગાથામાં બતાવે છે - માતા મરીને બીજા જ ભવમાં પોતાના પુત્રની સ્ત્રી પણ થાય. સ્ત્રી પણ એ ભવમાં કે ભવાંતરમાં પોતાના પતિની માતા થાય એ રીતે પોતાની સ્ત્રી પણ માતા થાય છે. પિતા ભવાંતરમાં પુત્ર તરીકે જન્મે, પુત્ર પણ બીજા ભવમાં કે એ જ ભવમાં પોતાના પિતાના બીજા ભવમાં બાપ થાય છે એટલે કે પિતા પુત્ર બને, પુત્ર પિતા થાય.

સંસારમાં જીવોના સંબંધોની આવી અવ્યવસ્થા-અનિયંત્રિતતા કર્મવશ સર્વજીવોમાં ચાલ્યા જ કરે છે. આ બધું તે-તે જીવોના કર્મના વશથી થાય છે. આ સંસારનું સ્વરૂપ છે કે ક્યાંય કોઇ ક્યારે પણ કાયમ માટે વ્યવસ્થિત રૂપે ટકતું નથી-થતું નથી-રહેતું નથી. કર્મની આ પરાધીનતા સર્વ જીવોને ડગલે-પગલે નડે છે. માટે

દરેક પરિસ્થિતિમાં-દરેક અવસરે કર્મ બાંધતા=કરતા પહેલાં વિચાર કરવો કે શું કરવાથી-કેવું કરવાથી કયું કર્મ બંધાશે? આ વિચાર હશે તો પ્રવૃત્તિ કરતા પૂર્વે અશુભ કર્મ ન બંધાય તે માટે જીવ સાવધ બનશે. પીઠ-મહાપીઠે (બ્રાહ્મી-સુંદરીનો પૂર્વભવ) બાહુ-સુબાહુ અને ગુરૂની ઈર્ષા-''પક્ષપાતી છે'' તેવી અરૂચિ ન કરી હોત તો સ્ત્રી અવતાર ન પામત. માટે **''બંધ સમય ચિત્ત! ચેતીએ''** એમ બતાવ્યું છે એને બીજી ભાષામાં **''સમયં ગોયમ! મા પમાય''** એ જીવ વર્તમાનમાં સંકલ્પ-વિકલ્પરૂપી-સંકલેશરૂપી મહાપ્રમાદ પણ ન કરે એમ પણ સૂચવવામાં આવ્યું. જો આ રીતે વર્તમાનમાં પ્રતિક્ષણ સાવધાન બને તો સંસારની અશુભ પરંપરા નવી ન સર્જાય, જુની બંધાયેલમાં પણ શક્ય સુધરે તેવી હોય તે સુધરી જાય. મતલબ્ ઉદયમાં આવ્યા વગર-ભોગવ્યા વગર કર્મ બદલાઇ જાય. જે ભૂતકાળમાં ગાઢ બંધાયેલ હોય તે ભોગવવા પડે તો પણ પરંપરા ન ચાલે. માટે બંધસમયે જાગૃત-સાવધાન-અસંક્લિષ્ટ રહેવું - સદ્ભાવના-સત્પ્રવૃત્તિમય બનવું.


**પૂર્વના અશુભકર્મના ઉદયમાં શોક-હતાશા-દીનતા કરવાથી કે બીજા પ્રત્યે દ્વેષ-ઈર્ષા કરવાથી તે કર્મો ઉદયમાંથી જતા રહેતા નથી પરંતુ વધારામાં નવા તીવ્ર અશુભ બંધાય છે,** માટે સંસારના અજુગતા-અણગમતા સંબંધો કે વિષમ પરિસ્થિતિ આવે ત્યારે સંતાપ ન કરવો, મળેલ અવસ્થાનું દુઃખ ન લગાડવું. પરંતુ જેના કારણે આ અવસ્થા મળી છે-મળે છે તે પાપ-આશ્રવોની ભયંકરતા સમજીને, સાવધ બનીને, સંતાપ દૂર કરીને નવા પાપ ન બંધાય તેમ ઉદાસીન-ધૈર્યવંત-સહનશીલ-સદ્ભાવનામય બનવું.

સંસારમાં માનસિક પ્રસન્નતા-સુખ-આનંદની કોઇ સ્થિતિ નથી. સંસારની દરેક પરિસ્થિતિ નાશવંત-પાપબંધના કારણરુપ-સંકલેશયુક્ત-ભયયુક્ત છે. સુખમાં કે દુઃખમાં વૈરાગ્ય-ઉદાસીનતા-ધૈર્ય-નિર્વેદ વગેરે વિચારણા-ભાવના દ્વારા અને એનાથી ઉત્પન્ન થયેલ શુભ સંસ્કાર દ્વારા આત્મા સુખી-આત્માના આનંદયુક્ત અને બાહ્યથી નિર્લેપ થતો જાય છે. માટે સંસારની સર્વ ચીજોમાં-સર્વ અવસ્થાઓમાં આશ્રવ અને એના દોષ સ્વરૂપની ભાવના કરવી જોઇએ. સંસારમાં સંવર અને ગુણ સ્વરૂપ કશું નથી અને જે કાંઇ છે તે સંવર-શુભ આશ્રવ અને ધર્મના ગુણસ્વરુપના પ્રતાપે છે.



## २३

न सा जाई न सा जोणी,
न तं ठाणं न तं कुलं ।
न जाया न मुया जत्थ
सव्वे जीवा अणंतसो ।।



ગાથાર્થ - સંસારમાં એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી, એવું કોઇ કુલ નથી કે જ્યાં સર્વે જીવો અનંતીવાર જન્મ્યા ન હોય અને અનંતીવાર મૃત્યુ પામ્યા ન હોય. ।।૨૩।।

*23. O living being,*
*There is no category of living beings,*
*No form, no place and no family,*
*In which you have not taken birth infinite times.*

આ સંસારમાં કોઇ જાતિ-કોઇ યોનિ-કોઇ સ્થાન-કોઇ કુલ એવા નથી, બાકી નથી કે જ્યાં બધા જીવો અનંતવખત જન્મ્યા નથી અને મરણ પામ્યા નથી. આ વાત બહુ મહત્વની બતાવી છે.

વિશિષ્ટ ધર્મથી પમાય એવા અમુક સ્થાનો છોડીને બધા સ્થાનોમાં-બધી અવસ્થામાં-ચારે ગતિમાં ફરતાં સર્વે જીવોનું, જન્મ-જીવન-મૃત્યુ થયેલ છે.

રૂપિયા મળતાં-વધતાં, સમય-સંયોગ અનુકૂળ થતાં નવી-નવી જગ્યાએ જવાની, નવું-નવું જોવાની, અલગ-અલગ વસ્તુઓ મેળવવાની-વિવિધ વિષયો ભોગવવાની ઉત્સુકતાવાળા જીવોને ઉપરની (આ) ગાથા કહે છે. **આ જગતની-સંસારની ગણાતી કોઇ વસ્તુ મેળવવાની-ભોગવવાની તારે બાકી રહી નથી. કોઇ જગ્યાએ જવાનું બાકી નથી અને બધી જગ્યાએ ૨-૫, ૨૫-૫૦, હજાર-લાખ, કરોડ કે અબજ નહીં પણ જેની ગણતરી કરવી શક્ય નથી તે અનંતીવાર જઇ ચુક્યો છે. સ્થાન હોય કે સામગ્રી બધું જ તારે માટે જુનું છે. માત્ર ધર્મ-આત્મશુદ્ધિ અને મોક્ષપ્રાપ્તિ કરવા સિવાય કશું મેળવવાનું-કરવાનું રહ્યું નથી.**

લોક વ્યવહારમાં માતા સંબંધી વંશને જાતિ કહેવાય છે અને પિતા સંબંધી વંશને કુલ કહેવાય છે. શાસ્ત્રીય પરિભાષામાં જીવના ઉત્પત્તિ સ્થાનોને યોનિ કહેવાય છે. આવા જે કોઇ ઉત્પત્તિ સ્થાનના સ્વરૂપ-ભેદો છે તે બધામાં જીવ અનંતકાળથી ફરતો-ફરતો જન્મે છે અને મરે છે.

સંસારમાં જીવને પોતાની કહેવાતી બાહ્ય કોઇ વસ્તુ વાસ્તવમાં પોતાની નથી, પોતાની પાસે કાયમ રહેતી નથી. તેવી જ રીતે કોઇ સ્થળ પણ પોતાનું કાયમી નથી કે જ્યાં જીવ કાયમ રહી શકે-રહે. કોઇ અવસ્થા પણ સ્થાયી નથી, ભવ બદલાતાં અવસ્થા બદલાઇ જાય છે. અર્થાત્ જીવે સુંદરતા-અનુકૂળતામાં ક્યાંય મમત્વ બાંધવા જેવું નથી. દુઃખની અવસ્થાઓ પણ બદલાતી જાય છે, દુઃખમય નારકપણું પણ એક દિવસ પૂર્ણ થાય છે. માટે દુઃખની પરિસ્થિતિમાં ધૈર્ય-સમતા રાખી કાળ પસાર કરવાનો. આમ બન્ને રીતે જીવે આરાધનાનાં સંયોગો ન હોય ત્યારે વૈરાગ્ય-ઉદાસીનતાથી



કાળ પસાર થવા દેવો અને જ્યાં-જ્યારે આરાધનાનાં સાધન-સામગ્રી, શક્તિ-સંયોગ મળે ત્યાં સુખ-દુઃખને ગણકાર્યા વિના આત્મપરિણતિ ખીલવવા આચાર-જ્ઞાન-ક્રિયા-વ્રત-પચ્ચક્ખાણથી આત્માને ભાવિત કરવાનો. આ રીતે ભાવિત થયેલ આત્મા આંતરિક મોહબંધનથી રહિત બને છે, મોહ-માયાના બંધનો તૂટતાં જાય છે. આના પ્રતાપે બાહ્ય અશુભ બંધનો જીવને આવતાં નથી અને શુભ બંધનો પણ બંધનરૂપ ન રહેતા સહેજે છૂટે તેવા થાય છે. **જેમ જેમ જીવ વૈરાગી અને ધર્માત્મા બને તેમ-તેમ અશુભકર્મના બંધનો ઢીલા પડે છે, જર્જરિત થાય છે. શુભકર્મના બંધનો પણ પ્રાયઃ જર્જરિત હોય છે કારણ કે ધર્માત્માને ભાવબંધનનો અભાવ કે અલ્પતા હોય છે. ભાવબંધન જેના ઢીલા હોય તેને દ્રવ્યબંધનો નવા બંધન ઊભા કરી શકતા નથી.** માટે સંસાર સ્વરૂપની આ ભાવનાથી ક્યાંય આસક્તિવાળા કે તીવ્ર દ્વેષવાળા ન બનતા સમભાવ-ત્યાગ-વૈરાગ્ય-સમાધિમાં તલ્લીન રહેવું. અનિત્યાદિ ૧૨-મૈત્ર્યાદિ ૪ ભાવનાથી ભાવિત બનવું.

સંસારી જીવને આ બધું હોવાથી તેનો ઉલ્લેખ કર્યો એટલે કે જીવ કર્મના ઉદયને પરાધીન સારી-નરસી અવસ્થાઓ પામતો સર્વત્ર અનિશ્ચિત અવસ્થાઓમાં ભમ્યા કરે છે. આ અવસ્થાઓ કર્મના કારણે પામે છે અને કર્મ સારા-નરસા ભાવના કારણે બંધાય છે. તેથી જીવ ધર્મ-સદ્ભાવના અને સત્પ્રવૃત્તિઓ દ્વારા નરસાભાવને છોડી-સારા ભાવ અને પ્રવૃત્તિ દ્વારા મોક્ષના નાકે પહોંચી સંસારમાં મળતા સારા ભાવોને પણ છોડી સ્થિર-શુદ્ધ-સ્વભાવરૂપ મોક્ષને પામી શકે છે.


# २४

तं नत्थि किंपि ठाणं

लोए वालग्गकोडिमित्तं पि ।

जत्थ न जीवा बहुसो,

सुहदुक्ख परंपरा पत्ता ॥




ગાથાર્થ - લોકને વિષે વાલના અગ્રભાગના અસંખ્યાતા ભાગ જેટલું પણ એવું કોઇ સ્થાન નથી કે જ્યાં જીવો ઘણી વાર સુખ દુઃખની પરંપરાને ન પામ્યા હોય. ॥૨૪॥

*24. There is no place in the universe,*
*Not even as minute a place as the end of a hair,*
*Where living beings have not taken birth*
*And experienced joy and grief cyclically.*



ત્રેવીસમી ગાથામાં જન્મ-મરણની ઝંઝાળની વાત કરીને હવે સુખદુઃખની વાત કરતા કહે છે આ લોકમાં નાનામાં નાનું પણ કોઇ એવું સ્થાન નથી જ્યાં જીવને અનેકવાર સુખદુઃખની પ્રાપ્તિ ન થઇ હોય. નાનામાં નાનું સ્થાન બતાવવા વાળના અગ્રભાગના પણ ક્રોડમાં ભાગ જેટલી જગ્યા ''વાલગ્ગકોડિમિત્તંપિ'' એમ બતાવ્યું.

જીવ બધી જ જગ્યાએ જેમ ઉત્પન્ન થયો છે તેમ બધા જ ક્ષેત્રમાં અનેકવાર સુખદુઃખ પણ પામ્યો છે. સૂક્ષ્મજીવો બધે જ છે અને તેમને જન્મ-મરણના દુઃખો પણ સતત પ્રાયઃ હોય છે. ક્વચિત્ પરાવર્તનભાવે શાતા પણ હોય છે. નારકીમાં દુઃખ સતત-સખત હોય છે. પરમાત્માના કલ્યાણક વગેરેમાં અલ્પકાલીન શાતા પણ હોય છે. દેવભવમાં શાતાઉદય બહુલ હોવા છતાં ક્યારેક શારીરિક અશાતા, ક્વચિત્ કે વારંવાર માનસિક અશાતા પણ દેવોને ચાલ્યા કરે છે. મનુષ્ય-તિર્યંચને શાતા-અશાતા અલ્પ-ઘણી કે વારાફરતી રહેતી હોય છે.

આ વાત બતાવીને એમ કહે છે કે કાયમી-નિરંતર-અનુપમ-અવ્યાબાધ સુખ મોક્ષમાં જ છે તે સિવાય સંસારમાં સર્વત્ર સુખ-દુઃખ અસ્થાયી છે. પરિવર્તનશીલ છે. સંસારી જીવોને સુખ કાયમી હોય એવું બનતું નથી માટે બાહ્ય સુખ કે દુઃખમાં જીવે મોહ પામવાની કે મૂંઝાવાની જરૂર નથી. સુખની પ્રાપ્તિના કાળમાં આનંદીત ન થતાં-આ ગર્વ ન કરતાં તેનો ત્યાગ-તેમાં ઉદાસીનતા- ''કાયમી નથી'' વિચારી ઉપેક્ષા અને સદુપયોગ કરતા-ધર્મમાં વિશેષ પ્રયત્ન કરવો.

દુઃખમાં ધીરતા રાખવી, સત્વ ફોરવવું, સહિષ્ણુ બનવું પણ ક્યાંય હાય-વોય કે નકામા ફાફાં ન મારવા, ક્યારે આ દુઃખ જશે-અંત આવશે? તેવા સંકલ્પ-વિકલ્પો ન કરતાં ''મારા જ કર્મનું ફળ છે'' વિચારી સમભાવે સહન કરવું.

ધર્મી આત્માઓને-વૈરાગી આત્માઓને આત્મિક આનંદના કારણે સુખ વિશેષ-કોટિનું હોય છે. તેથી કાલ્પનિક અને ભૌતિક પ્રતિકૂળતાનું દુઃખ અત્યંત અલ્પ હોય છે. આંતરિક સુખ સદાચાર-સદ્ભાવના-જ્ઞાનાભ્યાસ-શુભવિચારણા અને સત્સંસ્કારો દ્વારા વધતું જાય છે. તેથી બાહ્ય દુઃખ કર્મના નાશ દ્વારા શુભકર્મના ઉદયના કારણે

આત્મિકવૈરાગ્યની પરિણતિના કારણે દુઃખાનુભવ પણ અત્યંત અલ્પતમ થાય છે.

**માટે વૈરાગી આત્માનો-ધર્માત્માનો સુખ બહુલ નિરંતર કાળ પસાર થાય છે, જ્યારે રાગી અને મોહાન્ધ આત્મા દુઃખ બહુલતાથી નિરંતર કાળ પસાર કરે છે. સુખ અલ્પ અને અલ્પકાળ માટે હોય છે.**


જીવને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી થતા મમત્વને છોડાવવા માટે, જેમ દ્રવ્ય-ક્ષેત્રાદિ સુખના કારણ છે તેનાથી પણ વધુ દુઃખના કારણ છે તેમ સમજાવીને જીવ પાસે મમત્વભાવને છોડાવવો.

વૈરાગ્ય એ અપ્રતિબદ્ધતાનું (આસક્તિ-પક્કડ-આગ્રહમુક્તતાનું) કારણ છે તેથી તે આંતરિક સુખનું કારણ છે. ધર્મ એ આચારપાલન-જ્ઞાન અને ભાવના દ્વારા સુખપ્રતિબદ્ધતા=હું સુખી જ રહું તેવી ઇચ્છા અને દ્રવ્યાદિપ્રતિબદ્ધતા=મને આ જ પદાર્થ જોઇએ, આ ક્ષેત્ર જ પસંદ, આ સમય જ અનુકૂળ, આ ભાવ-વિચાર જ યોગ્ય લાગે. આ પ્રતિબદ્ધતા ઘટાડો-ત્યાગ જીવને આત્મિક સુખ-શાંતિનું કારણ છે માટે આવી ભાવનાઓ દ્વારા દુઃખના કારણભૂત મોહ અને મમતાનો ત્યાગ તથા ઘટાડો કરતા રહેવું....



## ૨૫

सव्वाओ रिद्धिओ,
पत्ता सव्वे वि सयणसंबंधा ।
संसारे ता विरमसु,
तत्तो जइ मुणसि अप्पाणं ।।




ગાથાર્થ - હે જીવ! સંસારને વિષે સર્વે સંપત્તિઓ અને સર્વેની સાથે સ્વજનના સંબંધો પામ્યો છે, પણ હજુ સુધી સુખી થયો નથી. તેથી જો આત્માના સ્વરૂપને જાણવા ઇચ્છતો હોય તો તે રિદ્ધિ તથા સંબંધોથી વિરામ પામ. ।।૨૫।।

*25. O living being,*
*In the past, you attained*
*All sorts of wealth and luxury,*
*And connected with all possible relatives.*
*Sever all attachment with the world,*
*If you know the true nature of your soul.*

સવાર પડે અને દુનિયાનું નવું-નોખું મેળવવા આંખો મીંચીને દોડી રહેલા-મથામણ કરતા જીવોને ઉદ્દેશીને ગ્રંથકાર કહે છે હે જીવ! અનંતકાળથી સંસારમાં ભ્રમણ કરતાં તે સર્વ પ્રકારની રિદ્ધિઓ-ભૌતિકશક્તિઓ-ઉન્નતિ-ઐશ્ચર્ય-સામ્રાજ્ય પ્રાપ્ત કરેલા છે તે પણ એક-બે નહીં અનેકવાર-અનંતીવાર પ્રાપ્ત કરી ચુક્યો છે. **શ્રી પન્નવણા, શ્રી જીવાજીવાભિગમ** વગેરે શાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે તું ગ્રૈવેયકદેવમાં પણ અનંતીવાર જઇ આવ્યો છે. તો આનાથી ઉતરતી કિંમતવાળી-એનાથી હીનતમ પુણ્યથી પ્રાપ્ત થતી શક્તિ અને રિદ્ધિઓ અનંતીવાર પ્રાપ્ત થાય તેમાં શું આશ્ચર્ય કે અસંભવપણું છે? શંકાને કોઇ અવકાશ જ નથી. ફક્ત ભાવસમ્યક્ત્વથી અને ભાવસંયમથી જે શક્તિઓ-રિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તે બહુઅલ્પ વાર પ્રાપ્ત થાય છે. પ્રસ્તુતમાં તેની વાત નથી. અહીં દુન્યવી સંસારીજીવોથી પમાતી સર્વપ્રકારની રિદ્ધિ કે શક્તિઓની વાત છે તે અનંતીવાર મળી-ભોગવી તેથી અત્યારે તેની ઇચ્છાઓ કરવી, હૃદયમાં એની લાગણીઓ ઊભી કરવી-રાખવી, તેની પાછળ પડવું, તેના માટે ધર્મના અવસરને ગૌણ બનાવવો, જતો કરવો અને તે રિદ્ધિ આદિ મળે એટલે તેમાં મશગુલ બનવું અને પોતાની પાસેથી ચાલી જતાં કે નષ્ટ થતાં તે યાદ કરી ઝૂરવું, દીન-દુઃખી અને હતાશ બનવું. આ બધી પ્રવૃત્તિ અને વિચારણાથી હવે વિરામ પામ,અટકી જા, ઉભો રહે. આ બધાની લાગણી, મમતા, મોહ છોડવાથી તને અપૂર્વ શાંતિ-સ્વસ્થતા-સમતા-સમાધિ મળશે, તું ભાવધર્મને યોગ્ય બનીશ, તેમાં ઉલ્લાસ-સ્થિરતાથી પ્રવર્તી શકીશ. સંવેગ-વૈરાગ્ય દ્વારા સુંદર રીતે આરાધના કરી શકીશ.

**સંસારી જીવોને ધર્મમાં વિઘ્ન કરનાર અને સંસારમાં જકડી રાખનાર બે બંધન છે. એક સ્વજનનું અને બીજું રિદ્ધિઓનું.** (આમાં સામગ્રી-સંપત્તિ-શક્તિ આવી ગયા. જીવ-અજીવ, જડ-ચેતન બધું સમાવિષ્ટ થઇ ગયું.) આ બંન્ને ઉપરની જીવની જે સુખાકારિતાની લાગણીઓ છે તે છોડવી જ પડે કેમ કે આ બન્નેની લાગણીઓ-રિદ્ધિ આદિ પ્રાપ્ત થાય તો પણ દુર્ગતિની પરંપરા આપે છે અને પ્રાપ્ત ન થાય તો પણ પેલા દ્રમક અને તંદુલીયામત્સ્યની જેમ દુઃખની-દુર્ગતિની પરંપરા આપે છે. જીવને બાહ્ય અને આંતરિક બન્ને રીતે દુઃખી બનાવે છે. જે પ્રાપ્ત થાય છે તે પણ નાશવંત અને



અલ્પકાલીન હોય છે તેથી તેના નાશની કલ્પનાથી દેવલોકમાં દેવો જેમ પોતાના ત્યાંથી ચ્યવનના નિકટના કાળમાં દુઃખી થતા હોય છે તેમ જીવો દુઃખી બને. તે વસ્તુ નાશ થયા પછી પણ રિદ્ધિ-શક્તિથી હીન થયેલો રાજ્યભ્રષ્ટ રાજા કે સ્થાનભ્રષ્ટ શ્રેષ્ઠી આદિની જેમ દુઃખી અવસ્થામાં કાળ પસાર કરે છે. માટે તેની આકાંક્ષા છોડવી, શક્યતા મુજબ તેનો ત્યાગ કરવો, યથાયોગ્ય સદુપયોગ કરવો, તેની પ્રાપ્તિમાં-ભોગવટામાં ગર્વ ન કરવો, મોટાઇ ન અનુભવવી, જેની પાસે તે ન હોય તેનો તિરસ્કાર કે મશ્કરી ન કરવા.

**આ શક્તિઓ નાશવંત હોવાને કારણે-પાપબંધનું કારણ હોવાના લીધે-પાપબુદ્ધિનું પણ જનક હોવાથી એનાથી સાવધ રહેવું અને છૂટે-જાય-નાશ પામે ત્યારે વિશેષ આનંદ માનવો. ચક્રવર્તી જેમ રાજ્ય છોડી સંયમ લેતા વિશેષ પ્રસન્ન અને આનંદિત હોય છે.**

સામાન્યથી બધા જીવો (સંસારી) સાથે બધા પ્રકારના સંબંધો પૂર્વભવોમાં થયેલા છે. વર્તમાનમાં જે જીવો ઉપર સંસારના કારણે રાગ-દ્વેષ થાય છે, મમતા-ગાઢ સ્નેહરાગ-કામરાગ પ્રવર્તે છે તે બધા સારા-નરસા સંબંધો અનેકાનેકવાર થયા છે. છતાં ફળ તો સરખું અર્થાત્ રાગ કરવા જતાં પણ યાવત્ મરણાંત કષ્ટ મળ્યું તો દ્વેષ રાખવામાં પણ પ્રાણ જોખમમાં મૂકાયા છે. તેથી સ્વજનો-સ્નેહીઓ પ્રત્યે મોહ-માયા-મમતાની પ્રગાઢતાનો ત્યાગ કરી ભાવના દ્વારા અને વાસ્તવિક સ્વરૂપના જ્ઞાન દ્વારા આત્માને વૈરાગ્ય અને વિવેકથી ભાવિત કરવો, સ્વજનોનો ત્યાગ થાય માટે પ્રથમ નંબરે સંસારનો ત્યાગ કરવો. સંપૂર્ણ ત્યાગ ન કરી શકાય ત્યાં સુધી જરૂરી અને અનિવાર્ય વ્યવહારો, વાર્તાલાપ સિવાયનો વ્યવહાર તે સ્વજનો સાથેનો (મમતાવાળા ગણાતા સ્વજનો જોડે પણ) ઘટાડવો. કેમ કે સ્વજનોનો પણ પરિમિતકાલ પછી વિયોગ થાય છે. આ ભવ બાદ પણ મોહની લાગણી દુઃખનું કારણ બને છે, હયાતીમાં પણ વૈર-વિરોધથી કલેશનું નિમિત્ત બને છે. આપણી અને આપણા નિમિત્તે તેમની પણ દુર્ગતિનું કારણ બને છે. માટે એમની સાથે પરિમિત અને ઔચિત્યપૂર્ણ વ્યવહારથી કામ રાખવું. વાસ્તવમાં હૃદયથી મહેમાનના ઘર જેવો-પારકા ઘર જેવો ઔપચારિક વ્યવહાર રાખવો, કરવો. સ્વજનમમત્વ દુઃખ અને દુર્ગતિ જ આપે છે તેથી તે હૃદયમાંથી અને બાહ્યથી પણ ઘટાડવું.

'સંસારે તા વિરમસુ' નો અર્થ એ જ છે કે **રિદ્ધિઓ અને સ્વજનોની આળ-પંપાળ, અતિપરિચય, ગાઢ મમત્વ-વિશેષ લાગણીભર્યા-કાળજીભર્યા વ્યવહાર-પ્રવૃત્તિથી તું વિરામ પામ, જો આત્માને જાણતો હોય તો.** કેમ કે આત્માને જાણનાર આમાંથી વિરામ પામે છે અથવા તો જે આમાંથી વિરામ લે છે તે આત્માને જાણી શકે છે. જેમ-જેમ સ્વજનાદિથી વિરામ પમાય તેમ તેમ આત્મસ્વરૂપને જાણવાની ભૂમિકા સર્જાય અને વિકસે.

આત્માને જાણવો એટલે સ્વભાવથી જીવ પુદ્ગલોના અને બીજા જીવોના બધા પ્રકારના વ્યવહારોથી અને તેના પ્રત્યેની લાગણીઓથી રહિત છે તે જાણવું, આત્માના સહજસ્વરૂપમાં-વીતરાગતાયુક્ત આત્માના અનંત-અવ્યાબાધ આનંદયુક્તતાને જાણવા અને સ્વારના આછા અજવાળા સમાન (લોકભાષામાં જેને પોહ ફાટ્યો-પરોઢ થયું કહેવાય) આંશિક આ ગુણોનો અનુભવ પણ પ્રાપ્ત કરવો. પછી જેમ સમય જાય તેમ અજવાળુ વધતું જાય તેમ આત્માનો આ અનુભવ ક્રમશઃ વધતો જાય છે અને વૈરાગ્ય જ્ઞાન-ભાવના-સદ્ આચારના બળથી ભાવસંસાર નિરુત્સાહમય, મમત્વના હ્રાસવાળો, ઉગ્રવિવેક-ઔચિત્યયુક્ત, ઉપેક્ષા-ઉદાસીનતાયુક્ત માત્ર બાહ્યરૂપ જેવો રહે છે જે વિશેષબંધક અને વિશેષ પાપકારક થઇ શકતો નથી, દુર્ગતિદાયક પણ નથી બનતો. અને ધીમે-ધીમે બાહ્યસંસાર પણ નાશ પામે છે. **બાહ્યધર્મ-આચાર ભાવધર્મ માટે છે. ભાવધર્મ બાહ્ય સંસારનો ઘટાડો કરી અંતે સંપૂર્ણ નાશ કરે છે. માટે કહ્યું કે દ્રવ્યવિરતિ ભાવસમ્યક્ત્વને પમાડે છે અને ભાવસમકિત ભાવવિરતિને લાવી મોક્ષને પ્રાપ્ત કરાવે છે.**

તેથી બન્ને પ્રકારના બંધનથી મુક્ત બની આત્મતત્ત્વને જાણી સ્વસ્વરૂપને મેળવવા પ્રયત્ન કરવો.




## ૨૬

**एगो बंधई कम्मं,**

**एगो वह बंध-मरण वसणाइं,**

**विसहइ भवंमि भमडई,**

**एगुच्चिय कम्मवेलविओ ।।**


એગો બંધઇ કમ્મં
એગો વહ બંધ મરણ વસણાઇં
વિસહઇ ભવંમિ ભમડઇ
એગુચ્ચિય કમ્મવેલવિઓ॥૨૬

**ગાથાર્થ - આ જીવ એકલો જ કર્મબંધ કરે છે. વધ, બંધ મરણ અને આપત્તિને એકલો જ સહન કરે છે. વળી કર્મથી ઠગાયેલો એકલો જ આ જીવ સંસારમાં ભમે છે. ।।૨૬।।**

***26. Ever alone, the soul binds karmas,***
***Is killed, bound and experiences the anguish of death.***
***And because it is bound by karmas,***
***The soul remains mired in the cycle of rebirth.***

વ્યક્તિઓ પ્રત્યે મારાપણાની-વસ્તુઓ પ્રત્યે મારાપણાની હૃદયમાં લાગણી-મમત્વ રાખી જીવનારાઓને તેની પાછળ મરનારને કહે છે કે જીવ એકલો કર્મ બાંધે છે, એકલો આવે છે, એકલો જાય છે, કર્મના વિપાકમાં એકલો જ દુઃખો ભોગવે છે અને મોક્ષે ન જાય ત્યાં સુધી એકલો જ ભમે છે.

દરેક જીવો પોત-પોતાના ભાવ અને વીર્યથી કર્મ બાંધે છે. દરેક જીવોના કર્મ જુદા-જુદા હોય છે. અધ્યવસાયની સમાનતાથી અને વિષમતાથી સમાન કર્મ પણ બંધાય અને અસમાન કર્મ પણ બંધાય. પણ દરેકના આત્મપ્રદેશ ઉપર કર્મ તો જુદા જુદા જ બંધાય.

બંધાયેલ કર્મોમાં ફેરફાર-ઉદયકાળ વગેરે પણ અલગ-અલગ આવી શકે અને ક્યારેક એક સાથે પણ આવી શકે છતાં ઉદય તો દરેકનો જુદો જ હોય.

તેવી જ રીતે ઉદયકાળમાં આવતાં દુઃખનાં સ્વરૂપરૂપે રહેલા વધ-બંધન-મરણ-આપત્તિઓમાં પણ કોઇ ભાગ પડાવનાર હોતું નથી જીવ એકલો જ સહન કરે છે-કરવા પડે છે.

અત્યારે નાના પ્રવાસમાં કે યાત્રામાં ય કોઇનો સંગાથ ઇચ્છનારા જીવો પરલોકમાં એક ભવમાંથી બીજા ભવમાં જતા એકલાં જ જતા હોય છે. ત્યાં કોઇ સાથે આવનાર હોતું નથી. આમ બંધન-સહન-ભ્રમણ આ બધું કર્મથી વ્યાપ્ત થયેલ-પીડિત જીવને એકલાને કરવાનું છે.

આ એકત્વના કારણે સંસારમાં જીવો અનેક આત્માઓની સાથે રહેવા છતાં, નાના-મોટા સંબંધો રાખવા છતાં જેમ દરેકના વિચારો ભિન્ન હોય છે. લાગણીઓ, રૂચિ જુદી હોય છે, સુખ-દુઃખ અલગ હોય છે, પ્રસન્નતા-પીડા ભિન્ન હોય છે. આરોગ્ય-રોગીપણું, સાનુકૂળ-પ્રતિકૂળ સંયોગો વગેરે લગભગ ઘણું કે બધું ભિન્ન-ભિન્ન હોય છે. તો તેના કારણભૂત તેને લાવનાર-મોકલનાર-આપનાર ભૂતકાળમાં બાંધેલા અને વર્તમાનમાં ઉદયમાં આવતા કર્મો પણ ભિન્ન રહેવાના જ. પૂર્વભવની ગતિ પણ જુદી અને આવતા ભવની ગતિ પણ અલગ. જીવ પોતાના સર્જેલ સુખ-




દુઃખ, આપત્તિ-સંપત્તિ પામે છે. આ બધું બતાવીને એ જણાવવું છે કે સ્વજનો આગંતુક-કામચલાઉ સંબંધવાળા છે. પૂર્વ કે ઉત્તર, ગયા કે આવતા ભવોમાં લાંબા કાળ માટે અને સ્થાયી સંબંધવાળા નથી. તેમ જ અનેક પ્રકારના સંયોગો-અવસ્થાઓ-પરિસ્થિતિઓ સ્થાયી કે દીર્ઘકાળ સ્થાયી નથી, આ બધું વિયોગવાળું છે જીવને પોતાને પોતાના સિવાયની તમામ ચીજ-પરિસ્થિતિ પોતાના તરીકે રહેતી નથી એટલે જીવને એ આધારભૂત નથી, સહાય-શરણભૂત નથી, જીવ દેખીતી તમામ વસ્તુ-પરિસ્થિતિથી અસહાય-અશરણ છે. **''एगो हं नत्थि मे कोई नाहं अन्नस्स कस्सई''** માટે એ બધા જ ઉપરના હૂંફ-મમતા-લાગણી જીવે છોડવા જોઇએ, એ જ રીતે જે કોઇ અનુકૂળ ન હોય-વિપરિત લાગતા હોય તેના પ્રત્યેના દ્વેષ-અરૂચિ-તિરસ્કાર છોડીને સમભાવ કેળવવો. આ રીતે આંતરસંસારને છોડવા બાહ્ય વ્યવહાર સંસાર અને એના સંબંધો-પ્રવૃત્તિઓ ઘટાડવી પડે, જે છોડી ન શકાય તેમાં ઉદાસીનતા રાખવી, મમત્વનો હ્રાસ કરવો.

જીવનું આ નિરાધાર-અશરણ-કર્મપરતંત્રપણું અને એકત્વપણું બતાવ્યું છે. આની સામે **જીવને હૂંફ આપનાર સન્માર્ગ, સન્માર્ગદર્શક, પ્રયત્નશીલતા, સમજણરૂપે જે જ્ઞાન-ક્રિયા-વિચારણા-ભાવનાઓ રહેલી છે તે સુદેવ દ્વારા-સુગુરૂવર્યો દ્વારા અને શ્રીસંઘ દ્વારા મળે છે તેથી દેવ-ગુરૂ-સંઘ એ વ્યવહારધર્મ અને ભાવધર્મ પ્રાપ્ત કરવાના અસાધારણ કારણો છે તે સમજી રાખવું.** આ ત્રિપુટી ભાવસંસાર અને બાહ્ય સંસારને છોડાવી જીવના આંતરસ્વરૂપ રૂપ ભાવધર્મ અને તેના માટે જરૂરી શક્તિ-સંયોગ-ભાવના-જ્ઞાન-વિવેક-ઔચિત્ય-ઉત્સાહ પમાડનાર વ્યવહારધર્મમાં જીવને સ્થિર કરી આગળ વધતા આત્મસ્વરૂપને સંપૂર્ણ પ્રાપ્ત કરાવી સિદ્ધસ્વરૂપી, કર્મરહિત, બાહ્ય-આંતર દુઃખ-આપત્તિ-ભ્રમણથી મુક્ત બનાવે છે. માટે આ શ્લોકની ભાવના અને એની સામે સહાય-રક્ષણ અને આત્મસ્વરૂપની પૂર્ણતા માટે બાહ્ય-આભ્યંતરધર્મનું પરિશીલન આચાર-વિચાર-ભાવના દ્વારા કરવું એ જ સુંદર ઉપાય છે.

## २७

अन्नो न कुणइ अहियं,
हियंपि अप्पा करेइ न हु अन्नो ।
अप्पकयं सुहदुक्खं,
भुंजसि ता कीस दीणमुहो ।।




ગાથાર્થ - હે જીવ! અન્ય કોઇપણ તારું અહિત કરતું નથી, હિત પણ આત્મા પોતે જ કરે છે, અન્ય કોઇ કરતું નથી. પોતે જ કરેલા (કર્મે કરીને) સુખ-દુઃખને તું ભોગવે છે, તો શા માટે દીન મુખવાળો થાય છે. ।।૨૭।।

*27. No one can harm you,*
*No one can help you.*
*Happiness and grief,*
*Are a result of your own deeds.*
*So why lose heart?*



વારે-તહેવારે, હર પ્રસંગે, પ્રત્યેક પરિસ્થિતિમાં પોતાના સુખ-દુઃખમાં બીજાને જ કારણભૂત માનીને તેની ઉપર રાગ કે દ્વેષ, મમતા કે તિરસ્કાર કરનાર જીવે ધ્યાનમાં રાખવું જોઇએ કે પોતાનું હિત હોય કે અહિત બીજો કોઇ કરતો નથી પોતે જ કરતો હોય છે. સુખદુઃખ પોતાની-આત્મફેક્ટરીમાં નિર્માણ કરેલા હોય છે.

જીવ કર્મો જાતના સવળા-અવળા પ્રયત્ન-પુરૂષાર્થથી બાંધે. સારા પુરૂષાર્થથી, સારી ભાવના, વાણી, વર્તનથી સારા કર્મ બંધાય છે તેમ ખોટા, ખરાબ, કષાયયુક્ત, આવેશ, અવિવેકયુક્ત પુરૂષાર્થથી જીવ ખરાબ પાપકર્મ બાંધે છે.

સારા સંયોગો, ખરાબ સંયોગો જેમ કર્મને આધીન છે તેમ ભવિતવ્યતાને પણ આધીન છે. અહીં સંયોગ અને વર્તનની ચતુર્ભંગી થઇ શકે.

(૧) જીવને સંયોગો પણ સારા મળે અને પોતાનું વર્તન પણ સારું હોય, રાખે તો જીવ વિશેષ સારો બને-ઘણો આગળ વધે. નિરંતર સદ્‌વિચારણા-સત્કાર્ય-સદ્‌લક્ષ્ય દ્વારા સદા આનંદિત રહે. સતત પુણ્યની-આનંદની-પ્રગતિની વૃદ્ધિ થાય. ભરત મહારાજા-અભયકુમાર, પૂ. યશોદેવ સૂ.મ. વિ. ની જેમ.

(૨) સંયોગો સારા મળ્યા હોય પણ તેનો ઉપયોગ ગલત કરે, તેમાં ખોટી રીતે-ઊંધો વર્તે તો પાપમય-આર્તધ્યાનમય બને છે. પોતાના જ ખરાબ પુરૂષાર્થથી સુભૂમ-મમ્મણ-ગોશાલા-મરિચિની જેમ પોતાના શોક-દુઃખ અને દુર્ગતિની પરંપરાનો સર્જક બને છે. કેમ કે સારા સંયોગો જલ્દી મળતા નથી. सत्कालो खलु दुर्लभो। તેમાં જેમ-તેમ વર્તનાર મોટા નુકશાનનો-મોટી સજાનો ભાગી બને.

(૩) કેટલાક જીવોને પૂર્વના પાપોદયના કારણે સંયોગો પ્રતિકુળ મળ્યા હોય-આવ્યા હોય છતાં પોતાના સારા વર્તનથી તેઓ પુણ્ય બાંધે છે, ઊંચે ચડે છે, અગ્નિમાંથી નીકળેલ સોનાની જેમ વધારે શુદ્ધ-તેજસ્વી બને છે. વિવેક-ઔચિત્યગુણના બળથી, સ્વકૃતકર્મવિપાકની વિચારણાથી, સદ્‌ભાવના અને સમતાથી સનત્કુમાર મુનિ-પૂ. ભદ્રસૂરિ મ., પૂ. પ્રેમસૂરિ મ.ની જેમ દુઃખમાં અસત્ સંયોગોમાં પણ પુણ્ય-સદ્‌ગતિ પામે છે.

(૪) એક તો શર્દી થઇ અને આઇસ્ક્રિમ ઉડાવ્યો પછી શું હાલત થાય? તેમ પૂર્વ પાપોદયે સંયોગો વિપરિત મળ્યા અને તેમાં ખરાબ વર્તન-વૈર-ઝેર, કષાય-વિષયોના આવેશનું અવલંબન કર્યું તો દમક-કાલસૌરિક કસાઇની જેમ વધારે પાપો બાંધે, વધારે ખરાબ થતો સંસારમાં લાંબો સમય ભટકે.

ઉપરોક્ત વાતથી એક વાત નક્કી થઇ કે સદ્‌વિચાર-સદ્‌વાણી-સદ્‌આચરણ-સદ્‌ભાવના-સારા સંસ્કાર આ બધાના કારણભૂત વિવેક અને ઔચિત્યયુક્તતાને જીવ જો ધારણ કરે તો સુખમાં કે દુઃખમાં પણ પોતાનું હિત કરે છે. હિતનું પ્રમાણ વધતું જાય છે.

**હિત એટલે પુણ્યબંધ, હિત એટલે સદ્‌ગતિની પરંપરા, હિત એટલે ગુણોની વૃદ્ધિ, હિત એટલે આત્મિક પ્રસન્નતા અને આનંદ.**

જીવ પોતાનું અહિત પણ પોતે જ કરે છે. માણસ ગુસ્સામાં માથુ ફોડે, આપઘાત કરે તો પોતે જ પોતાનું અહિત કર્યું એમ કહેવાય. જો અવિવેક-અનૌચિત્ય ન હોય તો વ્યક્તિ ગુસ્સો ન કરે. ગુસ્સો એ જીવ અને કર્મ ઉભયપ્રયુક્ત હોવા છતાં જીવનું વીર્ય પ્રધાન છે માટે જીવ જો પોતાનું વીર્ય રોકે તો કર્મ નિષ્ફળ જાય. કર્મ જીવના વીર્યને ઉશ્કેરતું હોય છે. તેનાથી જીવનું અહિત પોતાના દ્વારા જ થાય છે. ક્રોધના પ્રસંગમાં જીવ સમતા રાખે તો પોતાનું હિત થાય, વિશેષ હિત થાય. અસાવધ, ગાફેલ, વિષય-કષાય-સંજ્ઞાઓને પરવશ જીવ ગમે તે સંયોગોમાં પોતાનું અહિત કરી બેસે છે.

જીવને સુખ-દુઃખ પણ પૂર્વકર્મના કારણે બાહ્ય નિમિત્તોથી પ્રગટ થાય છે, પ્રાપ્ત થાય છે. વર્તમાનમાં વિવેક-ઔચિત્ય-સદ્‌વૃત્તિ એ હિતરૂપ છે અને ભવિષ્યમાં એ સુખ-સમૃદ્ધિ-આત્મગુણો વગેરે સુખ અને હિત પરંપરાના સર્જક છે. આનાથી વિપરિત પ્રવૃત્તિ-લાગણી એ અહિત રૂપ છે અને ભવિષ્યનાં દુઃખો-દરિદ્રતા-દુર્ગુણો વગેરે દુઃખ અને અહિતપરંપરાનું નિર્માણ કરનાર છે.

એવી જ રીતે વર્તમાનમાં દુઃખ-દારિદ્રય-દુર્ગુણો વગેરે જે પ્રાપ્ત થાય છે તે જીવે કરેલ ભૂતકાલીન અહિતપ્રવૃત્તિનું ફળ છે કેમ કે ભૂતકાળના જીવના પ્રયત્નથી અહિંના સુખ-દુઃખ, ગુણો-દુર્ગુણો સર્જાય છે અને વર્તમાનના જીવના પ્રયત્નથી ભવિષ્ય માટેના સુખ-દુઃખાદિ, ગુણ-દુર્ગુણાદિ સર્જાય છે.




**ભૂતકાળની સર્જેલી પરિસ્થિતિને વર્તમાનમાં જીવ સત્વ અને સત્પુરૂષાર્થથી તેની અશુભતાને તોડી સત્ બનાવી ફેરવી પણ નાખે છે અને સત્-સુખ-ગુણની વર્તમાન પરિસ્થિતિને અસત્ પુરૂષાર્થથી નાશ કરીને અસત્ પરંપરા પણ સર્જે છે.**

માટે જ ગાથામાં કહ્યું જીવ પોતે પોતાનું હિત કરે છે - અહિત પણ પોતે જ ઊભું કરે છે. સુખ પણ પોતે સર્જે છે, બાંધે છે, પામે છે તો દુઃખ પણ પોતે જ બાંધે-પામે છે. બીજા નિમિત્ત માત્ર છે. **अवराहेसु गुणेसु य निमित्तमित्तं परो होई।** લાભ-નુકશાન, અપરાધ-ગુણમાં પર=બીજો કેવલ નિમિત્ત છે. આત્મવીર્ય-જાગૃતિ કે પરવશતા, ગુણ-દુર્ગુણનું વલણ જ જીવના હિત-અહિત, સુખ-દુઃખ સર્જનાર છે. તેથી વિવેક-ઔચિત્યને હંમેશા હાજર રાખી સત્પુરૂષાર્થ કરવો.

## ૨૮

बहुआरंभविढत्तं,
वित्तं विलसंति जीव! सयणगणा ।
तज्जणियपाव-कम्मं,
अणुहवसि पुणो तुमं चेव ।।



ગાથાર્થ - હે જીવ! તેં ઘણા આરંભો કરીને ઉપાર્જન કરેલા ધનને સ્વજનો ભોગવે છે. પણ તે ધન ઉપાર્જન કરતાં બાંધેલા પાપકર્મો તારે જ ભોગવવાં પડે છે. ।।૨૮।।

*28. You have earned wealth*
*By causing harm to others.*
*While your family and friends enjoy the fruits of your efforts,*
*You alone shall have to bear its consequences.*



ધન-સંપત્તિ-પૈસા-કલદાર-લક્ષ્મી આ શબ્દો સાંભળતા જ મન તરંગિત બને છે. તેને જોતા જ આંખ નાચવા માડે છે, તેને મેળવવા તન કામે લાગે છે પછી ગમે તેટલો પ્રયત્ન-ગમે તેવો ઉપાય-ગમે તે કામો કરવા કેમ ન પડે?

વગર મહેનતે આ દુનિયામાં કોકને જ સંપત્તિ મળતી હોય છે બાકી તો સાચા-ખોટા, ઊંધા-ચત્તા આરંભો-આડંબરો-નાટકો કરવા પડે છે. ઘણા સાવદ્ય આરંભાદિ કર્યા પછી ધનની પ્રાપ્તિ થતી હોય છે. એ તો સર્વજનવિદિત છે પરંતુ મહાપુરુષ કહે છે તેં કરેલી મહેનત તારે જ માથે પડે છે કેમ કે તેને ભોગવનાર મુખ્ય રીતે સગા-સંબંધીઓ હોય છે. તું ભોગવીને કેટલું ભોગવીશ? તારી હયાતીમાં અને તારા ગયા પછી ય મોટો ભાગ તેઓ જ ઉપયોગ કરે છે પણ એક વાત સમજી લે કે તે ધન ઉત્પન્ન કરવા-મેળવવા જે આરંભ-સમારંભોથી પાપ બાંધ્યા છે તે તારે એકલાએ જ મુખ્યવૃત્તિથી ભોગવવા પડે છે.

ધન વગર દુનિયાના નાના કે મોટા કોઈ વ્યવહાર ચાલતા નથી. દરેક જગ્યાએ તેની જરૂરિયાત પડે છે પરંતુ તે સંપત્તિ પ્રાપ્ત કરવા વેપાર-ધંધા, સર્જન-સફર, લેવડ-દેવડ, ચોરી-મૃષા, માયા-વંચના-સતત સંકલેશ વગેરે અનેક પાપોની સંક્લિષ્ટ અધ્યવસાયથી જીવ પ્રવૃત્તિઓ કરે છે. તેના દ્વારા છેક સાતમી નરક સુધીના અને અનંતકાળ ભટકાવનાર સાનુબંધી પાપ બાંધે છે. ધન ઉપાર્જન પછી કોઈ લઈ ન જાય, ચોરી ન જાય, નષ્ટ ન થઈ જાય માટે તેના રક્ષણના અનેક વિકલ્પો વિચારતા સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન પણ આવે છે. જેની માલિકીનું ધન હોય તે ઘરના કે બહારના, પરિચિત કે અપરિચિત બધા ઉપર શંકા-વહેમની નજરથી જ જુવે છે. અવિશ્વાસ કરતો રહે છે. ધન આડું-અવળું, આઘું-પાછું થાય તો અનેક ઉપર આરોપ કરતા પણ વાર નથી લગાડતો. માત્ર શંકાના જોરે અનેકને હેરાન કરે છે. આમ ધનના ઉપાર્જનની-રક્ષાની-મમતાની-ભોગવટાની લાલસાથી જીવ સતત પ્રાયઃ આર્ત રૌદ્ર-ધ્યાનમાં રહેતો હોય છે. જ્યારે જીવના આશ્રયે-સાંનિધ્યમાં રહેલ કુટુંબ અને સગાસંબંધીઓ જીવે ઉપાર્જેલા ધનનો પ્રેમ-હક્ક-દાવાથી મોજશોખાદિમાં ભોગવટો કરે છે. જીવ એ કુટુંબ વગેરે માટે અનેક પ્રકારે ધન ઉપાર્જન કરવામાં રાત-દિવસ વેપારાદિમાં પ્રવર્તે છે.

પરંતુ તે કરેલ વેપારાદિથી બંધાયેલ પાપો જીવને પોતાને જ ભોગવવા પડે છે. સગા-સંબંધીઓ એ પાપ કે પાપજન્ય દુઃખના ભોગવટા માટે તૈયાર હોતા નથી. આનો અર્થ એ છે કે જીવ પોતાના માટે જે પાપ કરે છે તે તો પોતાને જ ભોગવવાનું રહે એ સામાન્ય પ્રસિદ્ધ વાત છે પરંતુ બીજા માટે જીવ જે પાપ કરે તે પાપજન્ય દુઃખ પણ પાપ કરનાર જીવે ભોગવવાનુ.

તેથી જ પિતા કાલસૌરિકના મૃત્યુ પછી સ્વજનોએ ભેગા મળી પુત્ર સુલસને બાપનો ધંધો સંભાળી લેવા કહ્યું ત્યારે સુલસે આ જ વાત કરી કે ''તમારા ભરણ-પોષણ-મોજશોખ માટે ધન મેળવવા હું આ ધંધો કરુ તો મળેલ સંપત્તિનો ઉપભોગ તમે મજાથી કરશો પણ તે ધંધાથી બંધાયેલ પાપના ભોગવટામાં ભાગ પડાવવા કોણ તૈયાર થશે? તે તો મારે એકલાએ જ ભોગવવું પડશે. તમારામાંથી કોઇ બચાવવા કે સહભાગી થવા આવવાનુ નથી અને આ ધંધો પારલૌકિક નુકશાન તો ભયંકર કરે પણ આ ભવમાં પણ મોતને કેવું બગાડે છે તે મેં પિતાજીની અંતિમ અવસ્થામાં જોયું છે માટે આગ્રહ કરશો નહીં અને મને દુર્ગતિનો મહેમાન બનાવશો નહી.''

જેના માટે પાપ કરાય તે આ પાપની-એ પાપના કાર્યની અનુમોદના કરે તો એ અનુમોદના દ્વારા ઉપાર્જન કરેલ પાપને ભોગવે તે વાત જુદી. તેમાં પણ પાપ કરનાર જીવ જેવા ઉલ્લાસ-આનંદ-હર્ષથી પાપો કરે તેવા ઉલ્લાસાદિ બીજાને અનુમોદનામાં ન પણ હોય તેથી એમ કહેવાય કે જીવ જે પાપ બાંધે તે તેણે જાતે જ ભોગવવા પડે.

આ કથન પરથી અહીં એક પ્રશ્ન એ થાય કે જીવે પોતાના કુટુંબીઓની-પોતાને આશ્રયે રહેલાઓની પોતે સંભાળ નહીં રાખવાની - સહાય નહીં કરવાની? પોતાની જવાબદારીમાંથી પોતે છટકે તે યોગ્ય કહેવાય?

જવાબ એ છે કે જવાબદારીમાંથી છટકવાની વાત નથી. જ્યાં સુધી પોતે સંસારમાં છે, જ્યાં લગી બીજો કોઇ તૈયાર થયો નથી ત્યાં સુધી ઘરના વડિલ-મોભી-રક્ષક તરીકે પોતાના કુટુંબી-આશ્રિતોની સંભાળ-સહાય જરૂર કરવાની પરંતુ તે માટે જે કાંઇ કરવું પડે તે અંદરના ભારોભાર પશ્ચાત્તાપથી અને બને તેટલા ઓછા પાપવાળી પ્રવૃત્તિ કરવી, મોટા આરંભ-સમારંભવાળા-કર્માદાનના ધંધા ન કરવા, મોજશોખ ઓછા કરવા-કંટ્રોલ રાખવો, પથારો બહુ ન પાથરવો.



આ રીતથી નિર્વાહ કરવા-કરાવવાથી (૧) કુટુંબ કે આશ્રિત પ્રત્યે પાપબંધ નિરપેક્ષ-એકાંગી-આંધળો રાગ રહેતો નથી. (૨) તેઓના મોજ-શોખાદિમાં નિયમન રાખવા-રખાવવાથી વધુ ધનની જરૂરિયાત ન ઉભી થતા તેટલા વેપારાદિ સાવદ્ય કાર્યો ઓછા કરવા પડે.


(૩) પાપના હ્રાસની બુદ્ધિ હોવાથી - મનમાં પાપજુગુપ્સા અને પાપપશ્ચાત્તાપ હોવાથી પાપની અનુમોદના કે પ્રશંસા કરવાની તો વાત રહેતી-આવતી નથી, ક્યાંક થાય કે થઇ જાય તો ય તીવ્ર થતા નથી. એટલે એ કુટુંબ પાલન અને એના નિમિત્તે થતા અર્થઉપાર્જનની પ્રવૃત્તિમાં થતા પાપો તીવ્ર બનતા નથી.

તેથી કુટુંબ માટે પણ અને અર્થઉપાર્જન કે કુટુંબ નિર્વાહ-રક્ષણ-પાલન-પોષણ માટે પણ તેમના ઉપરના મોહ-મમતા પરવશ આડેધડ-આત્મિક લાભ-નુકશાનની તરતમતા વિચાર્યા વગર જીવ પાપની પ્રવૃત્તિ ન કરે અને એથી એ વિશિષ્ટગાઢ પાપકર્મ ઉપાર્જન ન કરે અને આરંભ સમારંભના મમત્વથી-પરિગ્રહની આસક્તિથી એ છૂટવા ઇચ્છતો હોવાથી અવસરે આત્મબળ કેળવીને એ છોડી શકે છે-છોડે છે. પૂર્વના ચક્રવર્તિઓ-રાજા-મહારાજાઓ આના પ્રબળ ઉદાહરણો છે કે જેમણે છ ખંડ કે વિશાળ રાજ્યનો ત્યાગ કરતાં કાચી સેકંડની વાર લગાડી નહોતી.

સામે પક્ષે કુટુંબની ગાઢ મમતાવાળો જીવ પાપ-આરંભ-સમારંભને ગણકારતો નથી અને ઉગ્ર આવેશ-ઉત્સાહ-આનંદથી પ્રયત્નમાં મશગુલ-તન્મય બની-રચ્યોપચ્યો રહી બ્રહ્મદત્ત-નંદ મણિયાર-સંગ્રામ સોનીની જેમ ઘોરાતિઘોર પાપ બાંધે છે. આ રીતે ગ્રામસેવક-દેશસેવક-રાષ્ટ્રસેવક અને માલિક-રક્ષક માટે પણ સમજવું. કર્તવ્ય નિભાવવા જે કરવું પડે તે દુઃખતા દિલે કરવું અન્યથા પેલી કહેવત પોતાના માટે સાચી ઠરે - **માલ ખાય છોકરાને - માર ખાય ડોકરા...**

२९

अह दुक्खियाइं तह
भुक्खियाइं जह चिंतियाइं डिंभाइं ।
तह थोवंपि न अप्पा,
विचिंतिओ जीव! किं भणिमो ।।




ગાથાર્થ - હે આત્મા! તારા વડે આ મારા બાળકો દુઃખી છે, ભૂખ્યા છે ઇત્યાદિ ચિંતા કરાઇ, પણ તારા આત્માની થોડી પણ ચિંતા કરાઇ નહીં, આથી તને અમે શું કહીએ? ।।૨૯।।

*29. You worry about your tired and hungry children.*
*But do not ever reflect upon your soul. What can one say?*



**'ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો'** આ કહેવતને સાચી બનાવતો વ્યક્તિ જેમ ટીકાપાત્ર બને છે તેમ સ્વને ભૂલીને-તેના તરફ દુર્લક્ષ કરીને માત્ર બીજાની જ સાર-સંભાળ કરનાર નુકશાનીનો ભાગી બને છે.

સંસારમાં જીવ બધાને યાદ કરે છે, તેની સંભાળ રાખે છે, તેની જરૂરિયાતો પૂરી કરે છે પણ પોતાની-આત્માની યાદ-સંભાળ કરનાર કેટલાં?

પોતાના પુત્રો વગેરેના આવેલ દુઃખો કે ઉત્પન્ન થયેલ ભૂખ વગેરેની જેટલી ચિંતા-કાળજી કરે છે તેની અપેક્ષાએ આત્માની થોડી પણ વિચારણા-ધ્યાન કરવા-રાખવાનું લક્ષ જીવે કર્યું નથી.

બાળક ઉપરના મમત્વના કારણે એના માતા-પિતા તેનું વિશેષ કાળજીથી સંભાળ-રક્ષણ કરે છે, સુખ-દુઃખ, ભૂખ-તરસ વગેરેની કાળજી કરે છે, શિકારી પશુઓ કે દુષ્ટ માણસો કે પ્રતિકૂળ વાતાવરણથી તેને કોઇ નુકશાન ન થાય, ભૂખ કે તરસથી તે અશક્ત કે બેબાકળો ન બને તેની કાળજી રાખતા હોય છે, વારંવાર તેના તરફ ધ્યાન જતું હોય છે, થોડો પણ આઘો-પાછો થાય તો ચિંતિત બને છે. તેની અપેક્ષાએ પોતાના આત્માના પુણ્ય-પાપની, સદ્ગતિ-દુર્ગતિની, સારા-નરસા સંસ્કારની 'થોવંપિ' થોડી પણ ચિંતા કરતો નથી-કરી નથી. આવા આત્માને શું કહેવું? શું શિખામણ આપવી? આ એક મીઠો ઠપકો છે.

દુનિયામાં બાળકો વિશેષ દયાનો-કરૂણાનો-કાળજીનો વિષય છે અને તે કાળજી આદિ રાખવા લોકનિંદ્યા પણ નથી-કર્તવ્ય છે પરંતુ જીવ મોહ-મમતાવશ જે રીતે અને જેટલો (પોતાના બાળકોનો) વિચાર કરે છે, વિશેષ લાગણીથી કાળજી રાખે છે આમાં દયા-અનુકંપા સાથે મોહ-મમતાની લાગણી ભરેલી છે. એની જે રીતે સંભાળ કરાય છે તેની સામે તેવી રીતે-તેટલા પ્રમાણમાં આપણા-પોતાનાં આત્માની સંભાળ થતી નથી અર્થાત્ આત્માને પાપસ્થાનો, દુર્બુદ્ધિ, સંકલ્પ-વિકલ્પ, અવિવેક-આવેગ-આવેશ વગેરેથી, દુર્ગતિ અને દુઃખના કારણોથી બચાવવા-તેનું રક્ષણ કરવા થોડો પણ વિચાર-લાગણી અને પ્રયત્ન નથી. બાળક તરફ જેમ સલામતીની દૃષ્ટિથી વારંવાર

ધ્યાન જાય છે-રખાય છે તેની અપેક્ષાએ અહીં તો લક્ષ પણ રહેતું નથી. એકવાર પણ નજર જતી નથી.

એ જ રીતે ભૂખનું વારણ કરી શક્તિ-તૃપ્તિ-પ્રસન્નતા માટે બાળકને થોડા થોડા સમયે થોડું થોડું ખવરાવવાનો વિચાર આવે છે, પ્રવૃત્તિ થાય છે તેમ આત્માને દોષ અને પાપની નિવૃત્તિ માટે, રોગપ્રતિકારક શક્તિરૂપ ગુણોની પ્રાપ્તિ માટે, પુણ્ય-ધર્મની પ્રાપ્તિ માટે, સુખ-શાંતિ-સમાધિ માટે આરાધના દ્વારા સુખનો વિચાર સુદ્ધાં કરતો નથી આ માટે શું કહેવું?

બાળકની સંભાળ ન કરવામાં આવે તો બાળક જેમ રોગથી બાહ્ય ઉપદ્રવોથી કે શારીરિક ભૂખ-તરસ-રોગથી નિરૂપદ્રવ રહેતો નથી, ક્યાંક વધારે પીડાય, ક્યારેક મરણ પણ પામે છે તેવી જ રીતે જો આત્માની સંભાળ એટલે કે દુર્ગુણો-કુસંસ્કારો અને કષાય-વાસનાનો જય-હ્રાસ અને નાશ કરવાના પ્રયત્ન ન થાય, આત્મગુણો-સદ્દભાવનાઓ-સદ્દવિચારો-સદ્દઆચારોની રૂચિ પ્રગટ કરવામાં-પ્રયત્ન કરવામાં ન આવે તો પાપબુદ્ધિ અને પ્રવૃત્તિથી દોષો-દુર્ગુણો, દુષ્ટપ્રવૃત્તિ, ખરાબ ભાવના-વિચારણાથી આત્મા મૃતપ્રાયઃ બને છે, મહાદુઃખ પામે છે, અનેકાનેક ભવો દુર્ગતિમાં ભટકે છે.


આ જીવની મોહ-મૂઢતા છે માટે સાંસારિક જીવનમાં પણ દરેક ક્ષણે-હરકોઇ પ્રવૃત્તિમાં, વાણી તથા વિચારમાં પણ શુદ્ધ આત્માને, પુણ્ય-પાપને, આશ્રવ-સંવરને, ગુણ-દોષને લક્ષમાં રાખી સ્વ-પરના ભેદને જોતા રહી બીજાની સંભાળ-સંયોગ-ફરજને અદા કરવાના પ્રસંગમાં પણ આત્માને સ્વકર્તવ્યને-આત્માની સદ્દગતિ-સદાચારને ભૂલવા નહીં, તેનું વિસ્મરણ થવા ન દેવું, તેનું વિશેષ નુકશાન થાય તેમ કદાપિ ન વર્તવું.

આ રીતે દુન્યવી વ્યવહારો-ફરજો વચ્ચે પણ આત્માના કર્તવ્યની સ્મૃતિ-તદનુકૂળવર્તન-તદ્વિરૂદ્ધનું વિશેષરૂપે અપ્રવર્તન રાખવાનું આમાં સૂચન છે. આદિ ધાર્મિકની અને વિશેષ કરીને સમકિતી આત્માની-ધર્માત્માની આ અવસ્થા હોય છે. આ અવસ્થા કેળવનાર ધર્મમાં આગેકૂચ કરતો શાશ્વત-સ્થાયી-અંતિમ લક્ષ્ય સુધી નિરાબાધ પહોંચે છે.



## ૩૦

खणभंगुरं सरीरं,
जीवो अन्नो य सासयसरुवो ।
कम्मवसा संबंधो,
निब्बंधो इत्थ को तुज्झ ? ।।



**ગાથાર્થ -** આ શરીર ક્ષણભંગુર છે અને આત્મા તેથી જુદો શાશ્વત સ્વરૂપ છે. કર્મના વશથી તારો તેની સાથે સંબંધ થયો છે, તો તે શરીરને વિષે તારી મૂર્ચ્છા શી છે? ।।૩૦।।

***30. The body and soul are separate.***
***The body is fleeting, the soul eternal.***
***Karmas bind soul to body.***
***So why do you feel attached to the body?***

એક મહાભ્રાંતિને તોડવાની-એક મોટા પાગલપનને છોડવાની અહીં વાત કરી છે. આ હૃષ્ટ-પુષ્ટ દેખાતું શરીર ક્ષણભંગુર છે. જીવ તેનાથી ભિન્ન અને શાશ્વત છે. અહીં જે બન્નેનો સંબંધ છે તે કર્મપરવશતાને કારણે છે તો તેમાં તને આટલી આસક્તિ-મમતા શા માટે? નિર્બંધ એટલે કે મમત્વ. તે રાખવાની જરૂર નથી. જીવ શાશ્વત છે એટલે તેની ઉત્પત્તિ પણ નથી અને નાશ પણ નથી, અનાદિ-અનંતના ભાંગામાં રહેલ છે. અનાદિકાળથી સંસારી જીવ જન્મ-મરણ કર્યા જ કરે છે અને કર્મ તથા ભવિતવ્યતાના અનુસારે ચારેગતિમાં ભમ્યા કરે છે. જેમ માણસ વસ્ત્ર બદલવાની પ્રક્રિયામાં ''जीर्णाणि वासांसि यथा विहाय...'' જુનું વસ્ત્ર કાઢે-નવું વસ્ત્ર પહેરે એવી રીતે સંસારી દરેક જીવ મરણ વખતે વિદ્યમાન શરીર છોડી દે અને જ્યાં જવાનું હોય ત્યાં જઇને નવું શરીર બનાવે છે. આ શરીરને આહારથી ઉત્પન્ન થતું શરીર કહેવાય છે. સંસારી જીવના આ દૃશ્ય શરીરથી સૂક્ષ્મ (ચર્મચક્ષુથી અદૃશ્યમાન) બીજા બે શરીર જીવની સાથે જોડાયેલા છે. વિગ્રહગતિમાં (જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય તે વચ્ચેના સમયમાં) પણ સાથે જ હોય છે. જેના નામ છે તેજસ શરીર-કાર્મણ શરીર. આ બન્ને શરીર પણ જીવથી જુદા છે, જીવની સાથે જોડાયેલા છે. આ બન્ને શરીરના પુદ્ગલો થોડા-થોડા નવા આવતા જાય-જુના જોડાયેલા થોડા થોડા છૂટા પડતા જાય છતાં આ બન્ને શરીર પ્રવાહથી અનાદિકાલીન છે અને જીવ મોક્ષે જાય તે સમયે જીવથી સંપૂર્ણ છૂટે છે. જીવનો ઔદારિક દેહ (અત્યારે દેખાતો) ક્ષણભંગુર છે એટલે અચાનક ક્ષણવારમાં નાશ પામે તેવો છે અને નાશ પામે પણ છે.

શાશ્વત જીવનો-આત્માનો ક્ષણભંગુર આ ઔદારિક દેહ સાથે સંબંધ કર્મના કારણે થાય છે. અને અમુક કાળે તે નાશ પણ પામે છે. આવા શરીર જોડે-શરીર ઉપર **'निब्बंधो इत्थ को तुज्झ?'** તને મમત્વ-આગ્રહ શા માટે? શરીર ઉપર મમત્વ રાખવાથી તે કાયમી થતું નથી અને મમતા ન રાખવાથી કાંઇ વહેલું નાશ પામતું નથી.

વિશેષમાં શરીર ઉપરના મમત્વના કારણે જીવને અનેક પ્રકારના આરંભ-સમારંભ, વિષય-કષાયોમાં પ્રવૃત્તિઓ કરવી પડે છે તેનાથી ઘોર પાપ બંધાય છે. જેના




કારણે અનેકવિધ દુઃખો-દુર્ગતિની પરંપરા પ્રાપ્ત થાય છે. ભવાંતરમાં મળનારા શરીરો પણ રોગી અને દૂષિત મળે છે. બાહ્ય સંયોગો-શક્તિઓ અપૂર્ણ અને દૂષિત મળે છે. જીવને ધર્મ આરાધનામાં ત્યાગ-તપ-સંયમ-સહનશીલતા વગેરેમાં વિઘ્ન કરનાર શરીરનું મમત્વ, એની તીવ્રતા-એના કારણ વિષયોનો રાગ અને કષાયો છે.

**જીવને જો કર્મ છોડવા-તોડવા હોય, સંસારભ્રમણ બંધ કરવું હોય, કષાયોનો જય કરવો હોય, વિષયોનો ત્યાગ અને વિષયો પર જો અરૂચિ ઊભી કરવી હોય તો આ બધાની જડ ગણાતા દેહમમત્વનો ત્યાગ અને એ દેહ મમત્વના ત્યાગ માટે શારીરિક સહનશીલતા કેળવવી જોઇએ.**

દેહનું અતિશય થતું લાલન-પાલન, સંભાળ-શણગાર, સ્વચ્છતાના નામે સ્નાન કરવાનું-ધોવાનું વગેરે સીધા કે આડકતરા દેહના અને દેહમમત્વના પોષક-વર્ધક છે એ રીતે સ્વજન-પરિવાર-વિષયો અનુકૂળતા દ્વારા દેહમમત્વના પોષક છે. અનુકૂળ વસ્તુ-વ્યક્તિ-વાતાવરણમાં જીવ રાગકષાય પરવશ પડે છે અને પ્રતિકૂળ વસ્તુ આદિમાં દ્વેષકષાયને આધીન થાય છે. વિશેષધર્મ પામ્યા વગરના સંસારી બધા જીવોને આ શરીરમમત્વ નડે છે. માટે અનિત્ય-અશરણ-અશુચિ-આશ્રવ વગેરે ભાવનાથી શરીરની આંશિક-જરૂરી રક્ષણ સિવાયની આળ-પંપાળ-સંભાળ છોડીને સહનશીલ બનાવવા દ્વારા ૬ પ્રકારના બાહ્ય તપનો આશ્રય કરવો અનિવાર્ય છે અને આ છ બાહ્ય તપ (અનુકૂળતાના ત્યાગ-નિગ્રહ દ્વારા) સાક્ષાત પણ શરીરની મમતાનો હ્રાસ કરે છે. અને આંતરિક તપ ભાવના દ્વારા, સંયમી-તપસ્વીની ભક્તિ દ્વારા, ઇન્દ્રિય-મનના નિગ્રહ દ્વારા, શુભભાવના-ચિંતન દ્વારા, અશુભ સંકલ્પ-વિકલ્પોના ત્યાગ દ્વારા શરીર મમતા વગેરેનો હ્રાસ કરનાર-નાશ કરનાર છે. આ બધી વાતોને લક્ષમાં લઇને શરીર મમત્વ ન રાખવું, એની અનુકૂળતાનો આગ્રહ ન રાખવો. માટે જ જ્ઞાનીઓએ **'देहदुक्खं महाफलं'** બતાવ્યું છે.

# ૩૧

कह आयं कह चलियं,
तुमंपि कह आगओ कहं गमिही ।
अन्नुन्नंपि न याणह,
जीव! कुडुंबं कओ तुज्झ ? ।।



ગાથાર્થ - હે આત્મા! આ કુટુંબ ક્યાંથી આવેલું છે અને ક્યાં ગયું? તું પણ ક્યાંથી આવ્યો છે અને ક્યાં જઇશ? પરસ્પર તમે બન્ને આ જાણતા નથી તો તારું કુટુંબ ક્યાંથી? ।।૩૧।।

*31. Neither you nor your clansmen know*
*Where you and they came from,*
*And where you and they are headed.*
*Then how are they your family?*



**'મારૂ-મારૂ મ કર જીવડા, તારૂ કોઇ ન સંસારે'** સજ્ઝાયની આ લીટીને વિસ્તૃત રીતે સમજાવતા ગ્રંથકારશ્રી કહે છે સંસારી પ્રત્યેક જીવો-આપણા કુટુંબની કહેવાતી વ્યક્તિઓ પણ અહિંયા ક્યાંથી-કઇ ગતિમાંથી આવ્યા છે અને કઇ ગતિમાં જાય છે-જવાના છે, સાથે તું પણ ક્યાંથી આવ્યો છે અને ક્યાં જશે આ બન્ને બાબતની તને પોતાને પણ ખબર નથી અને તેઓ પણ જાણતા નથી. ચારે બાજુથી ઊડી ઊડીને આવેલ પક્ષીઓ જેમ એક વૃક્ષ પર બેસે-ભેગા થાય, ત્યાં જે રીતે પંખીઓનો મેળો થાય તે જ રીતે સંસારમાં ચારે ગતિમાંથી આવીને જીવો અહીં થોડા સમય માટે ભેગા થાય છે. પક્ષીઓને જેમ એકબીજાના ગમના-ગમનની જાણકારી નથી હોતી તેમ અહીં પણ એક બીજાની ગતિ-આગતિની ખબર નથી હોતી. જ્યાં પોતાની પોતાને કે બીજાને અને બીજાની પણ વાત એને કે આપણને ખબર ન હોય તો તે આપણું કુટુંબ શી રીતે કહેવાય? **અર્થાત્ કુટુંબ તેને કહેવાય કે જે એકબીજાની આગળ-પાછળની વાત જાણતો હોય. સારા રસ્તે વાળતો હોય-આડા રસ્તે જતા અટકાવતો હોય.**

**કુટુંબ એટલે એકબીજાના રક્ષણ માટે-સહાય માટે સ્નેહનું વ્યાવહારિક બંધન. જ્યાં જીવોના સ્વભાવ જુદા જુદા અનેક જાતના દોષોથી યુક્ત છે, જ્યાં વિચારસરણી અનેકજાતની વિષય-કષાયની લાગણીથી વ્યાપ્ત છે, જ્યાં એકબીજાથી પોતાની અને બીજાની અનેક વાતો ગુપ્ત રખાય છે, જ્યાં પરસ્પર વિશ્વાસઘાત-આક્ષેપ-આરોપ થાય છે, જ્યાં સ્વાર્થ અને કષાયના મરણાંત દગાઓ પણ કારણે રમાય છે, જ્યાં લોભ અને છળકપટ ભરેલા છે આવા ઔપચારિક-હૃદયની શુદ્ધિ-સરળતા અને સમર્પણ વગરના સંબંધથી કરાતા વ્યવહારરૂપ કુટુંબને પોતાનું કુટુંબ શી રીતે કહેવાય?** જેમ તિર્યંચમાં કુટુંબનો વ્યવહાર હોતો નથી એમ મનુષ્યમાં બાહ્યથી સગપણનો વ્યવહાર હોવા છતાં ગળપણ ન હોવાથી એ અંદરથી નથી હોતો, તેના કારણે લાંબો સમય ટકતો નથી, તૂટી જાય છે. **યોગ્યતા-ગુણ-લાગણી વિનાના વ્યવહારો એ ઔપચારિક અને ભ્રમરૂપ છે.**

આ વાત બતાવીને એ કહેવું છે કે જીવનું કુટુંબ ઉપરનું મમત્વ તૂટે તો જીવ તેના

નિમિત્તે આંખ મિંચીને પાપમાં આંધળુકિયા કરતો અટકે. કેમ કે **જીવ જેમાં જેમાં પાપરૂપતા-દુર્ગતિદાયકતા જોતો જાય તેમ તેમાં-તેનાથી સજાગ બની એમાં ઉત્સાહ-ઉમંગથી દોડતો અટકે.**

જીવનો સંસારમાં-કુટુંબ ઉપરનો ઉત્સાહ-ઉમંગ ઘટે તેમ ધર્મમાં-આત્મામાં-આરાધનામાં-શ્રી સંઘમાં-પરમાત્મામાં-ગુરૂમાં આદર-ઉલ્લાસ-વિશ્વાસ પ્રગટે. સંસારનો વિશ્વાસ ધર્મના વિશ્વાસનો નાશ કરે છે. સંસાર અને સંસારની વસ્તુ-વ્યક્તિ ઉપરનો અવિશ્વાસ-અરૂચિ ધર્મના વિશ્વાસ-રૂચિને ઉત્પન્ન કરવામાં કારણ છે તેથી એકત્વભાવના-અન્યત્વભાવના-સંસારભાવના તરફ લક્ષ લઇ જઇને કુટુંબમોહ-અપત્યમોહ વગેરેને ઘટાડવાની પ્રેરણા છે.

જીવો જેમ ભિન્ન ભિન્ન ગતિમાંથી આવેલ હોય છે તેમ એમના સ્વભાવો-તેમની લાગણીઓ-તેમની વિચારધારા પરસ્પર વિરોધી અને અલગ અલગ હોય છે. **કલ્પસૂત્રની ટીકામાં** બતાવ્યા પ્રમાણે સામા જીવના વલણ-વર્તાવ-લાગણી-રહેણીકરણીથી એ કઇ ગતિમાંથી આવ્યો અને કઇ ગતિમાં જવાનો તે અનુમાનથી મોટેભાગે જાણી શકાય. એ રીતે પોતાના વલણાદિના આધારે પોતાનું પણ આગમન-ગમન જાણી શકાય. તેનાથી પોતાની દોષયુક્ત, અયોગ્ય, કષાય-વિષયભરચક લાગણીઓ-વર્તનને દુર્ગતિનું-દુઃખપરંપરાનું કારણ સમજી જીવ પોતાની સમજણશક્તિથી-જ્ઞાનયુક્ત યોગ્ય વિચારણાથી પોતાની પ્રવૃત્તિઓને ફેરવે, વિચારો-વાણીને સુધારે, લાગણીઓ ઘટાડે-ફેરવે તો ગતિ પણ બદલાય-પાપબુદ્ધિ નાશ પામે-ઘટે, જીવ ધર્મ તરફ વળે. માટે ભાવનાઓ=ભવસ્વરૂપ તથા જીવોની કર્મ પરતંત્રતાની વિચારણા-સદ્‌વિચાર-સદ્‌વ્યવહાર દ્વારા થતી જીવની ઉન્નતિ અને મોક્ષપ્રાપ્તિ સુધીની અવસ્થા તરફ દૃષ્ટિ જગાડવા અને સ્થિર કરવાનો મહાપુરૂષનો આ પ્રયત્ન છે.




## ૩૨

खणभंगुरे सरीरे,

मणुअभवे अब्भपडलसारिच्छे ।

सारं इत्तियमेत्तं,

जं कीरइ सोहणो धम्मो ।।




**ગાથાર્થ - વાદળાના સમૂહ સમાન મનુષ્યભવમાં અને ક્ષણભંગુર દેહને વિષે જે સુંદર ધર્મ કરાય છે, તેટલો જ માત્ર સાર છે. ।।૩૨।।**

***32. Life is as fleeting as a cloud formation.***
***But even though the body is mutable,***
***It serves as the vehicle for pious deeds and religious conduct.***

ક્ષણભંગુર શરીરમાં અને ભેગા થઇને ક્ષણવારમાં વિખરાઇ જનારા વાદળાના સમૂહ જેવા અસ્થિર મનુષ્યભવમાં જો કોઇ સાર હોય-મહત્વનું કાર્ય કરવા જેવું હોય તો ''जं कीरइ सोहणो धम्मो'' પરમાત્મા દેશિત શુભધર્મની આરાધના કરવી તે છે.

શરીરમાં કોઇ મહત્વની અમૂલ્ય ચીજ નથી - શરીરથી કોઇ સાર કાર્ય થવાનું નથી છતાં પણ આ શરીર દ્વારા ઉત્તમ-મોક્ષપ્રાપક ધર્મ કરાય-કરીએ એ આ નાશવંત કાયાથી આત્મગુણો અને પુણ્યનો સાર મેળવવા જેવો છે.

શરીર નાશવંત છે એમ ન કહેતા ક્ષણભંગુર-ક્ષણવારમાં પણ નાશ પામે તેવું છે તેમ કહ્યું એટલે કે જીવનનો કોઇ ભરોસો નથી. મરણની પધરામણી ખબર નથી. સંસારી જીવને અત્યંત નિકટની-અત્યંત મહત્વની-અતિ સંબંધિત ચીજ છે શરીર. તે પણ ક્ષણવારમાં નાશ પામે છે - જીવને છોડવું પડે છે. તેનો સંબંધ પૂરો થાય છે. આ વાત કહીને જીવને સંસારની કોઇ ચીજ-વ્યક્તિ જોડે કાયમી નૈકટ્ય નથી-કાયમી સંબંધ નથી, તેની ઉપર કાયમી વ્યાવહારિક મમત્વ-માલિકીપણું રાખી શકાતું નથી. કેમ કે આ બધું પુદ્દગલમય છે. પુદ્દગલો પરિવર્તનશીલ છે. તેથી જીવ સાથે તેનો સંબંધ કાયમી રહેતો નથી.

પરંતુ ગમે ત્યારે નાશ પામનારા-છોડીને ચાલ્યા જનારા આ પુદ્દગલોનાં અનેક પ્રકારના સંબંધોથી જીવ મોહ-મમતા-રાગ-દ્વેષ-કષાયોને કરતો રહે છે, પાપ અને દુર્બુદ્ધિને પોષતો રહે છે અને તે દ્વારા ઉપાર્જિત પાપો અને દુઃખોને ભોગવતો-તેમાં પણ સંકલેશો-ઉધામા કરીને દુર્ગતિમાં ભમતો રહે છે. આ વાતને યાદ રાખીને સંયોગો અને વસ્તુઓના સંબંધો યાવત્ શરીરનો પણ સંબંધ નાશવંત અને જો તેની ઉપર આસક્તિ રાખી તો દુઃખ-પાપ-દુર્બુદ્ધિ અને દુર્ગતિનું કારણ છે તે સમજી મોક્ષે ન પહોંચીએ ત્યાં સુધી આ સંબંધો છૂટવાના નથી એ નિશ્ચિત હોવા છતાં છૂટે તેટલા સંબંધો છોડીને અથવા તેને ધર્મ અને ધર્મીના સંબંધરૂપે બનાવી, એમાં વિવેક-ઔચિત્યપૂર્વક વ્યવહારપૂરતા ધાર્મિક સંબંધોના વ્યવહાર કેળવી એના દ્વારા ઉત્તમધર્મ કરવામાં જીવે પ્રયત્ન કરવો જોઇએ. જેથી એ ધર્મના સાધન બનીને મોક્ષની પ્રાપ્તિમાં કારણ બને. આ અસારમાંથી પણ ઉત્તમ સાર જીવ પ્રાપ્ત કરે તે કર્તવ્ય છે. નાશવંત




વસ્તુથી ઉત્તમ આત્મગુણોની પ્રાપ્તિરૂપ ધર્મ કરવો જોઇએ.

તિર્યંચોના શરીર પણ ક્ષણભંગુર છે. તેનાથી વિશેષ વાત એ છે કે ત્યાં એમનું શરીર અને એમની અજ્ઞાન-અવિવેક-પરાધીન પ્રધાન અવસ્થા વિશેષ ધર્મ કરવામાં અસમર્થ છે. દેવ-નારકીના શરીર કાળ પૂર્ણ થાય ત્યારે નાશ પામે છે. હવામાં વિખરાઇ જાય છે. પરંતુ કાળ પૂર્ણ થયા પહેલાં વિખરાતા નથી. કેમ કે તેમના આયુષ્યને નિરૂપક્રમિક કહેવામાં આવ્યું છે. પરંતુ આ બન્ને ભવમાં શરીર મજબૂત-આયુષ્ય લાંબુ મળવા છતાં વિશિષ્ટ-ઉત્તમ ધર્મ થતો-થઇ શકતો નથી. કારણ કે નારક અજ્ઞાન-અવિવેક-દુઃખપરવશ હોવાથી વિશેષ ધર્મ માટે સંયોગ-શક્તિરહિત છે. તેમનો શરીરસંયોગ પણ ધર્મ માટે પ્રતિકૂળ છે. દેવલોકમાં પણ પુણ્ય અને ભવના કારણે, મોહ-મમતાના કારણે, નિકાચિત કર્મના કારણે લગભગ દેવો ગીત-ગાન-હરવા-ફરવામાં-મોજ-મજામાં આસક્ત રહે છે તેથી ધર્મ કરતા નથી-કરી શકતા નથી. થોડા દેવો પ્રભુભક્તિ-ધર્મશ્રવણ અવાર-નવાર કરે છે પણ આચાર-વિરતિધર્મ અને બીજા એવા અનેક સુપાત્રદાનાદિ-શીલ-તપાદિ-વ્રત-પચ્ચક્ખાણાદિ કરી શકતા નથી. ફક્ત મનુષ્યભવમાં તે પણ કર્મભૂમિમાં-આર્યક્ષેત્રમાં જ વિશિષ્ટ ધર્મભાવનાઓ અને સંયમ સુધીની આરાધનાના સંયોગ તથા ધર્મ આરાધનાનો પ્રયત્ન શક્ય છે.

તેથી ક્ષણભંગુર આ શરીરમાંથી શોભન-સુંદર ધર્મ કરવો એ નાશવંત શરીરની સાર્થકતા છે, એ કર્તવ્ય છે. બાકી ચારે ગતિમાં કોઇ સાર વિશેષ નથી. કાળપૂર્ણાહૂતિ અને ભટકવાનું અર્થાત્ સુખ-દુઃખ-મોહ-અજ્ઞાનમાં કાળ પસાર કરવાનો-ભવાંતરમાં જવાનું-ત્યાં પણ એજ રીતે જીવવાનું-મરવાનું આમ માત્ર ફર્યા કરવાનું છે. **મનુષ્યભવની વિશિષ્ટતા ઉત્તમધર્મના સંયોગો અને સાધનાના કારણે છે કેમ કે મનુષ્યભવમાં જ જ્ઞાન-વિવેક-સત્વ-ધૈર્યની વિશિષ્ટ પ્રાપ્તિ છે-થાય છે. તેથી મોક્ષ સુધીના ધર્મની સાધના અહીં જ થાય છે માટે પ્રયત્ન કરવો હિતાવહ છે.**

## ૩૩

जम्मदुक्खं जरादुक्खं,
रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो,
जत्थ कीसंति जंतुणो ।।




ગાથાર્થ - જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગો અને મરણો છે. અહો! સંસાર જ દુઃખરૂપ છે કે જ્યાં જીવો પીડા અનુભવે છે. ।।૩૩।।

*33. Birth, old age, disease and death,*
*All cause sorrow.*
*The world is full of misery.*
*Living beings suffer many hardships.*



**જીવ દુઃખના નામ માત્રથી જેટલો ડરે છે-ભડકે છે તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે તેટલો સંસારથી ગભરાતો નથી. તેનાથી છૂટવાનો વિચાર કરતો નથી** પરંતુ ગ્રંથકાર કહે છે દુઃખથી મુક્ત થવું છે તો સંસારથી મુક્ત થવું પડશે કેમ કે સંસાર અને દુઃખ સાથે રહેલા છે, એકબીજાને વળગેલા છે, સંપૂર્ણ સંસાર દુઃખમય છે. 'अहो दुक्खो हु संसारो' અહીં જન્મ પણ દુઃખરૂપ, ઘડપણ પણ દુઃખરૂપ, રોગો પણ પીડાનું કારણ અને અંતે મૃત્યુ પણ મહાદુઃખની અવસ્થા. જ્યાં આરંભથી લઇને અંત સુધી દુઃખ જ હોય-પીડાવાનું-પીસાવાનું હોય તે સુખરૂપ-સુખમય કઇ રીતે ગણાય-કહેવાય?

જન્મ એટલે ભવાંતરથી આવીને ઔદારિક-વૈક્રિયદેહનું નિષ્પાદન-નિર્માણ થવું-કરવું.

જન્મ એ દુઃખરૂપ છે કારણ અનંત શક્તિશાળી આત્મા માટે દેહ એ કેદખાનું-જેલ છે. આત્માને તેમાં બંધાઇ રહેવું પડે છે. આ દેહના કારણે આત્માને અનેકપ્રકારે અનેક કદર્થના-બંધન-પીડા આવે છે. દેહજન્ય બધા જ દુઃખો યોગ્યતારૂપે જીવ જન્મથી પામે છે. જીવની બધી શક્તિઓ દેહના કારણે નિયંત્રિત બને છે. નારકની પીડાઓ પણ ત્યાંની ઉત્પત્તિ પછી વિશેષરૂપે વ્યક્ત થાય છે, અનુભવાય છે, ચારે ગતિના દુઃખોનું વર્ણન પણ દેહધારી જન્મ પામેલાને અવલંબીને બતાવી શકાય છે. ઔદારિક-વૈક્રિયદેહ ધારણ ન કર્યો હોય ત્યાં સુધી અતિ અલ્પ પીડા હોય છે. પરંતુ તે શબ્દથી વર્ણવી શકાતી નથી. જન્મ એ સ્થૂલ ઔદારિક-વૈક્રિયદેહ જોડે જોડાયેલ છે. દેહની પાછળ ઇન્દ્રિય-મન અને વ્યક્ત ઉગ્ર વિષય-કષાયોની-હિંસાદિની વિચારણાઓ અને પ્રવૃત્તિઓ શરૂ થાય છે તેમ બીજાના દ્વારા અનેક પ્રકારની યાતનાઓ-કદર્થનાઓ અને કર્મ દ્વારા ઇર્ષા-દ્વેષ-અનિષ્ટ સંયોગ-ઇષ્ટ વિયોગજન્ય અનેક પ્રકારના દુઃખો જન્મ થાય ત્યારે જીવને ઉદયયોગ્ય બને છે. આ જન્મ 'दुःखनिमित्तं इदं' અનેક દુઃખોનું સ્થાન છે.

**જેમ ઓપરેશન દ્વારા શરીરમાં સાંધા-ટેકા માટે સળીયો નાખે છે તેનાથી અમુક કાર્યની અનુકૂળતા રહે છે છતાં એ સળીયાની પીડા તો મરણાંત કાયમ રહે છે તેમ જન્મ ઔપચારિક અલ્પસુખનું કારણ હોવા છતાં પ્રચુરતાએ ઘણા દુઃખો અને પાપકર્મબંધનું કારણ છે.**

જરા એટલે મરણ પૂર્વે શારીરિક શક્તિની જે હાની થવી - ઇન્દ્રિયોની શક્તિઓનો પણ જે હ્રાસ થવો. દેવોમાં મોટા ભાગના દેવોને તેજની પણ હાનિ થાય છે. ઇન્દ્રિયશક્તિની-પ્રભાવશક્તિની પણ હાનિ થાય છે. આ હાનિના કારણે શારીરિકશક્તિની અપેક્ષાએ જીવ નિસ્તેજ-નિર્માલ્ય બને છે, હતાશ-દીન-અનુત્સાહિત થાય છે. ઘડપણનું દુઃખ આવે તેને જ ખબર પડે.

જરાની સાથે મરણનું દુઃખ પણ અલ્પકાળમાં આવવાનું માથે લટકતું હોય છે. જરા એ મોતે મોકલેલ પોતાનો દૂત છે. તે સમયે જીવ શુદ્ધિમાં કે અશુદ્ધિમાં, એકલો કે અનેકોની વચ્ચે, પીડામાં કે પીડા વગર, સદ્ધ્યાનમાં કે દુર્ધ્યાનમાં કેવી રીતે મૃત્યુ પામશે તે જાણી શકાતું નથી, કહી શકાતું નથી. અને પુણ્યની પ્રબળતા-ભવિતવ્યતા વગર અનુકૂળરૂપે તે ગોઠવી શકાતું નથી. અને મરણ બાદ અહીંની બધી જ શક્તિઓ-પરિસ્થિતિ છોડીને પરલોકમાં એકલા જવાનું હોય છે. આ પરિસ્થિતિ-ઘટના અતિવૈરાગી-ધર્મિ આત્માઓ સિવાય અકથ્ય દુઃખનું-હૃદયના આઘાતનું કારણ હોય છે. છતાં આ મરણથી કોઇ છૂટી શકતા નથી. કદાચ અતિપુણ્યના કારણે મરણ સુધી ઘડપણ ન આવે, એના ચિન્હો ન દેખાય તે બને પરંતુ મરણ તો બધાને જ આવે છે. ''**कमपि न मुञ्चति मरणम्**'' પરંતુ આ અત્યંત આઘાતજન્ય પરિસ્થિતિ વખતે અત્યંત સાવધ-વૈરાગી-ધર્માત્મા-પવિત્ર બનેલ-ધર્મને શરણરૂપે સ્વીકારેલ '**मरणेपि सज्जा वयं**' કહેનાર કુમારપાળ-વસ્તુપાલ-તેજપાલ-ખંધકઋષિના શિષ્યો જેવા ઉત્તમ આત્માઓ સમતા-સમાધિ અને પ્રસન્નતાપૂર્વક દેહને છોડતા હોય છે.

જન્મ-જરા-મૃત્યુ આ ત્રણેના વચગાળાના સમયમાં પણ મુખ્યતયા કાયાના અને વિશેષરૂપે વચન અને મનના રોગોનું આવાગમન ચાલુ રહેતું હોય છે. આ રોગના કારણે મળેલ અનેકાનેક પ્રકારની કુંઠિત-દૂષિત-અધૂરી શક્તિઓમાં જીવને બીજા જીવો કરતાં પોતાની ઘણી ન્યૂનતા લાગે છે, કાર્ય કરવા અસમર્થ બને છે. વિચારશક્તિ-યાદશક્તિ-સમજણશક્તિનો અભાવ વગેરે અસંખ્ય-અગણિત મનની દૂષિત અવસ્થાઓ જીવ પામે છે. એ રીતે વચનહીનતા-સ્વરભંગ-પરાણે અલ્પ બોલવું-ઉચ્ચાર અંગેનું અસ્પષ્ટપણું વગેરે પણ રોગો છે. કાયાના રોગો પણ કરોડો-અબજો છે.

આ બધા દુઃખોથી સિદ્ધ પરમાત્મા સિવાય સંપૂર્ણપણે કોઇ છૂટેલા નથી. આવા સંસારમાં જીવની સુખ-શાંતિની ઇચ્છા નિરર્થક છે. પાણી વલોવી માખણની ઇચ્છા



રાખવા જેવું છે. સંપૂર્ણ સુખની અવસ્થા મોક્ષમાં જ છે. ફક્ત જીવ વૈરાગ્યમય બનીને શ્રી વીતરાગ પરમાત્માના ધર્મને બાહ્ય અને આભ્યંતર, વ્યવહાર અને નિશ્ચયરૂપે સ્વીકારે-આરાધે તો તે અલ્પકાળમાં સર્વદુઃખોથી મુક્ત થાય છે, શાશ્વતસિદ્ધ અવસ્થા પામે છે. અને જ્યાં સુધી મોક્ષે ન જાય ત્યાં સુધી પણ મોટાભાગના દુઃખો આપનાર કર્મો-પરિસ્થિતિઓ તેની બદલાઇ જાય છે, શાંત રહે છે. આ વીતરાગ પરમાત્માનો ધર્મ આરાધવા માટે વિષય-કષાયોનો બાહ્યથી ત્યાગ કરવો પડે અને આંતરમાં-મનમાં વિચારણા અને સંસ્કારમાં જ્ઞાન અને વૈરાગ્ય એકમેક બનાવવા પડે. આ ત્રણ વડે શ્રી વીતરાગપરમાત્માનો ધર્મ આરાધવાથી જીવ સંસારથી અને સંસારના સર્વ દુઃખોથી છૂટે છે અને શાશ્વતકાળ માટે મોક્ષે જાય છે. સંસારમાં રહીને દુઃખથી છૂટી શકાતું નથી. દુઃખથી છૂટેલાને સંસાર રહેતો નથી. **જ્ઞાન અને વૈરાગ્ય એ મનનાં દુઃખને સહીને-ગૌણ કરીને પ્રસન્નતાથી કર્મ ખપાવવાનો ઉપાય છે. અને ભૌતિક સુખનાં કાળમાં પણ નમ્રતા-તપ-ત્યાગ-દાનાદિ-આરાધના-બીજાને સહાયતા દ્વારા પાપકર્મ ખપાવવાનો અને મોક્ષ સુધી પહોંચવાનો માર્ગ છે.**

દુઃખી અવસ્થામાં જેમ વૈરાગ્ય અને ભાવના દ્વારા, જ્ઞાનની=વિવેક-ઔચિત્યજ્ઞાનની પરિણતિથી આત્મા કર્મ ખપાવે છે તેમ સુખી અવસ્થામાં પણ સંયમ-દાન-સેવા-સહાય અને અનિત્ય વગેરે ભાવનાઓ દ્વારા હૃદયથી સુખ પ્રત્યે પણ અલિપ્ત બને છે. જે અલિપ્તતા મોક્ષનું કારણ બને છે.

આ જગતમાં એકલા પુણ્યવાળા પણ કોઇ જીવ હોતા નથી તો એકલા પાપવાળા પણ કોઇ જીવ હોતા નથી. પાપકર્મના ઉદયમાં સમતા-સમાધિથી, ત્યાગ-તપ-વૈરાગ્યથી તેને ભોગવીને અને પુણ્યકર્મને પણ સંયમ-વૈરાગ્ય ભાવનાથી ઉદાસીનતા-ઉપેક્ષાથી નિર્જરીને બન્ને પ્રકારના કર્મ ખપાવીને અર્થાત્ સંસારના જન્માદિ દુઃખોથી અને ભૌતિક સુખોથી તથા પુદ્ગલ માત્રના સંપર્કથી પણ છૂટી જીવ પરમગતિને પામે છે.

આ સંસારમાં જન્મ પણ દુઃખરૂપ છે, ઘડપણ પણ દુઃખરૂપ છે, રોગ અને મરણ પણ દુઃખરૂપ છે. ટૂંકમાં આ આખો સંસાર દુઃખ છે-દુઃખરૂપ-દુઃખમય છે જ્યાં જીવો પીડાતા રહે છે. સંસાર અનેકાનેક દુઃખો-પીડાઓ-ઉપાધિઓનુ સ્થાન છે, ઉત્પત્તિભૂમિ છે. અહીં પુદ્ગલોના સંપર્કથી જીવ દુઃખી થાય છે. સંસારી જીવ મોહ અને અજ્ઞાનને કારણે, અસદ્વૃત્તિ અને પ્રવૃત્તિથી, અસદ્વાણી અને વર્તનથી પાપકર્મ

બાંધે છે અને ઉદયકાળમાં મન-વચન-કાયા દ્વારા દુઃખ ભોગવે છે.

જીવનું સંક્લેશ (માનસિક) અને પીડા (શારીરિક) રૂપે અશુભ પુદ્ગલોનું મન-વચન-કાયા દ્વારા જે અનુભવવું તે દુઃખ કહેવાય. અને શુભરૂપે શુભપુદ્ગલોનો અનુભવ એનો સંસારી જીવો પોતાની ભ્રામક પ્રસન્નતાના કારણે સુખ તરીકે વ્યપદેશ-આરોપ કરે છે.

**વાસ્તવમાં જીવની જે સ્વતંત્ર પુદ્ગલરહિત અવસ્થા, સ્વાધીન સ્વભાવયુક્તતા, સર્વરીતે પરાધીનતાથી મુક્તતા, પરભાવ-પરદ્રવ્યરૂપ પુદ્ગલ સંપર્ક રહિતતા અને નિત્ય-અબાધિત-પૂર્ણ સ્વસ્થતારૂપ જે અવ્યાબાધ સ્વરૂપ અને અન્ય શબ્દ અવાચ્ય-પરને અજ્ઞાપનીય આત્માની સ્વભાવ આનંદ મગ્નતા એ આત્મિક સુખ જ સાચું છે.** પરંતુ એ પુદ્ગલના અને આત્માના ક્ષીર-નીરના સંબંધયુક્ત જીવથી એ આનંદ મગ્નતા અનુભવગમ્ય બનતી નથી. અને પુદ્ગલજન્ય જે સુખાનુભવનો આભાસ થાય છે તે આત્માના સુખના અનંતમાં ભાગે છે. જેમ આરિસા-દર્પણ ઉપર ગાઢ ડાઘ લાગવા છતાં ક્યાંકને ક્યાંક સામાન્ય આછા ડાઘને કારણે આછું-આંશિક પ્રતિબિંબ પડે તેમ જીવનું સ્વાભાવિક આંશિક સુખ પુદ્ગલની છાયાથી મિશ્રિત થઇને જીવ અનુભવે છે.

જીવને જે પુદ્ગલ દ્વારા દુઃખ થાય છે તે પણ પુદ્ગલના જીવ સાથેના સંબંધપણાથી, પુદ્ગલના અશુભપણાથી, સંકલેશની તીવ્રતાથી, જીવના રાગાદિ પરિણામના વાસિતપણાથી દુઃખભ્રાંતિ-દુઃખની તીવ્રતાની બુદ્ધિ થાય છે.

જેમ જેમ જીવ રાગાદિની મંદતા પામે, વૈરાગ્યને તીવ્ર બનાવે તેમ તેમ દુઃખ મંદતમ અનુભવાય. માટે વિચરતા વીતરાગને રાગાદિ ન હોવાથી માનસિક દુઃખ જરાય ન હોવાથી નહિવત્ કાયિક દુઃખ હોય. જ્યારે વીતરાગતાજન્ય, સમતાના સ્વભાવજન્ય, આત્મિકસુખના જ્ઞાનથી જન્ય, માનસિક જ્ઞાનોત્પાદક અવસ્થારહિત કેવળજ્ઞાની હોવાથી આત્મિક સુખના પ્રમુખપણે ભોક્તા પણ છે. વેદનીય કર્મ દગ્ધરજ્જુ તુલ્ય થઇ ગયાનું કહેવાય છે.

સાંસારિક દુઃખ તો દુઃખરૂપ જ છે પણ પૌદ્ગલિક સુખ પણ આત્મિક સુખની આગળ દુઃખરૂપ જ છે. સંસારમાં ઔપચારિક-વ્યાવહારિક સુખ પણ અલ્પ છે જ્યારે દુઃખ ઘણું છે. સુખનો કાળ અલ્પ છે, દુઃખનો ઘણો વધારે છે. માનસિક



દુઃખની ક્વોલિટી-કોંટીટી ઘણી ઘણી વધારે છે. કાયિક દુઃખની માત્રા અપેક્ષાએ મન વગરના જીવને અતિ અલ્પ હોય છે એ રીતે સંજ્ઞીને ભૌતિક-પૌદ્ગલિક બાહ્યકલ્પનાજન્ય સુખ તેની હૂંફ-મમતાથી જન્ય સુખ ઘણું હોય છે. કાયજન્ય સુખ (મન ન ભળે કે ઉદ્વિગ્ન હોય ત્યારે) ત્યાં પણ અલ્પ હોય છે.

આ કાલ્પનિક કે માનસિક પુદ્ગલજન્ય સુખ કરતાં અને દુઃખ કરતા વૈરાગ્ય અને એની તીવ્રતાજન્ય મોહનીયના ક્ષયોપશમથી સહકૃત સુખ ઘણું મહાન હોય છે. ભૌતિક દુઃખ ઘટી જવાથી સમતાયુક્ત આત્મિક આનંદ-સુખ અનુભવાય છે.


વીતરાગને વિરાગી કરતાં પણ અનંતગણું સુખ અને અત્યંત અલ્પ દુઃખ બતાવ્યું છે. વીતરાગીને અને વિશિષ્ટ વૈરાગીને કાયિકદુઃખ અતિ અલ્પ પણ ક્યારેક હોય પણ તે તેમના વીતરાગતા કે વિરાગિતામાં બાધક બનતું નથી. વીતરાગીને માનસિક ભૌતિક સુખ નથી તેથી ભૌતિક સુખ (બાહ્યથી) એમની વીતરાગતાનું ઘાતક પણ થતું નથી. તીવ્ર વૈરાગીને પણ આત્મજાગૃતિ અને તીવ્ર વૈરાગ્યના કારણે દેવલોકમાં રહેલ કે છદ્મસ્થ અવસ્થામાં રહેલ પરમાત્માના જીવોને ૬-૭મી દૃષ્ટિવાળાને બાહ્ય લબ્ધિ-ઋદ્ધિ વગેરે ભૌતિક સુખની સામગ્રી હોવા છતાં માનસિક ભૌતિક સુખ (રાગ-આનંદ-હાશકારો) ન અનુભવવાથી-વૈરાગ્યજન્ય આત્માનંદમાં મગ્ન હોવાથી એ સુખની સામગ્રીઓ વીતરાગીની જેમ વૈરાગ્યની ઉપરની ભૂમિકામાં બાધક બનતા નથી.

પરંતુ વૈરાગ્યની પ્રારંભિક અવસ્થા અને પ્રતિપાત (નીચે ઉતરવું)-નાશ શક્ય હોય તેવી અવસ્થામાં, આત્મસુખમાં સમભાવ-વૈરાગ્યમાં દૃઢ અને અપ્રતિપાતભાવવાળો જીવ ન થયો હોય ત્યારે ભૌતિક સુખ-દુઃખોની લાગણી-વિહ્વળતા વૈરાગ્ય અને આત્મિક સુખનો હ્રાસ અને નાશ કરે છે.

સંસારના સુખમાં ખેંચાયેલા-મૂઢ બનેલા અને સંસારને સુખમય જોનારા-માનનારા રાગાંધ આત્માઓ અને પ્રારંભિક વૈરાગ્યવાળા-પ્રારંભિક આત્મગુણોવાળા ધર્મના ત્યાગ-તપ-ભાવના વગેરેમાં દુઃખબુદ્ધિના સંસ્કારવાળાને આ સંસાર સર્વત્ર-સર્વકાળ-સર્વને માટે-સર્વરૂપે દુઃખરૂપ છે આ વાત જીવને સમજાવવા જાગૃત કરવા-અંતરમાં સ્થિરદૃષ્ટિવાળો બનાવવા આ ગાથા દ્વારા પ્રયત્ન છે.

## ३४

जाव न इंदियहाणी,
जाव न जररक्खसी परिप्फुरई ।
जाव न रोगविआरा,
जाव न मच्चू समुल्लिअई ।।




**ગાથાર્થ** - જ્યાં સુધી ઈંદ્રિયોની હાનિ થઇ નથી, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા રૂપી રાક્ષસી પ્રગટ થઇ નથી, જ્યાં સુધી રોગના વિકારો ઉત્પન્ન થયા નથી અને જ્યાં સુધી મૃત્યુ ઉલ્લસિત થયું નથી, ત્યાં સુધીમાં હે આત્મા! ધર્મનું સેવન કરી લે. ।।૩૪।।

*34. Before your senses lose their vitality,*
*Before the demoness of old age strikes you,*
*Before diseases afflict you,*
*And before death strikes its fatal blow*
*(Walk on the path of dharma).*



જિંદગી તો બહુ લાંબી છે તેથી **'ઘરડે ઘડપણે ગોવિંદ ગાશું'**ની ભૂલ ભરેલી માન્યતા લઇને બેઠેલ જીવોને ધર્મ કરવાનો સમય બતાવતા અહીં ચાર બાબત કહી છે.

ધર્મ કરવા માટે શારીરિક-માનસિકશક્તિ પણ જોઇએ છે અને બહારના સામગ્રી-સંયોગો પણ ઉપયોગી બનતા હોય છે તેથી (૧) ઇન્દ્રિયો જ્યાં સુધી સક્ષમ છે ત્યાં સુધી જ ધર્મ કરી શકાય. ઇન્દ્રિયોની શક્તિઓ અલ્પ થાય-ઘટે પછી એનાથી સાધનામાં પાવર આવતો નથી, રસ જાગતો નથી, ખેંચીને કરવાનું હોવાથી 'શીઘ્ર પતે'ની વિચારણા હોય છે. (૨) જરા રાક્ષસીએ જ્યાં સુધી શરીર પર આક્રમણ કર્યું નથી ત્યાં સુધી આરાધના પૂરા જોમથી શક્ય બને છે. ઘડપણથી શરીર થાકતા મન પણ જલ્દી થાકે છે, કાંઇ કરવાનું મન થતું નથી. (૩) શરીરમાં જ્યાં લગી નાના કે મોટા રોગોએ દેખા દીધા નથી ત્યાં સુધી આરાધના સંભવિત છે. (૪) મરણ જ્યાં સુધી નજીક આવ્યું નથી ત્યાં સુધી ધર્મ શક્ય છે તે વખતે **'રહો રહો જમડા શત્રુંજય જઇ આવું'** કામ લાગતું નથી.

જીવની ગમે તેટલી ભાવના હોવા છતાં ધર્મની પ્રવૃત્તિના સામર્થ્ય-ઉત્સાહમાં આ ચારેનો અભાવ-અસાંનિધ્ય જરૂરી છે, કારણ છે, સહાયક બને છે, કેમ કે આ ચારેમાંથી એક પણ ધર્મના કાર્યમાં અને વ્યવહારમાં-પ્રવૃત્તિમાં અનેક પ્રકારે બાધક - વિક્ષેપકારક છે.

ઇન્દ્રિયો સમર્થ હોય ત્યારે જ્ઞાન અને ઉપયોગ દ્વારા સત્પ્રવૃત્તિ અને અસદ્નિવૃત્તિમાં કારણ સહાયક બને છે. છદ્મસ્થોને ધર્મ એ પાપનિવૃત્તિ અને સત્કાર્યપ્રવૃત્તિના સંકલ્પરૂપ અને પ્રવર્તન-નિવર્તનરૂપ છે. પરંતુ ઇન્દ્રિયો જ્યારે કામ ન કરે ત્યારે પ્રવર્તન-નિવર્તન ન થવાથી (થઇ ન શકવાથી) તદ્વિષયક પ્રણિધાન-સંકલ્પ પણ થતા નથી.

ઇન્દ્રિયોની શક્તિઓની હાનિથી, રોગ અને ઘડપણ દ્વારા કાયિક-માનસિક શક્તિઓની હાનિ થવાથી મરણના અત્યંત નિકટપણામાં નિરાશા-હતાશા-દીનતા-ઉદ્વિગ્નતા આવતા સામાન્યથી જીવ ધર્મમાં પ્રયત્ન કરી શકતો નથી. આવી અવસ્થા સિવાય ધર્મની રૂચિ લાગણીવાળો જીવ સહેલાઇથી ધર્મ કરે છે, ઉત્સાહ અને આનંદમય બનીને ધર્મ કરી શકે છે, દ્રવ્ય અને ભાવ ઉભયધર્મની તીવ્રતા પણ જીવ લક્ષ રાખે તો પામી શકે છે.

જ્યારે વિશેષ રોગ-ઘડપણ વગેરે પરિસ્થિતિમાં ધર્મ કરવા માટે મરણિયા થઇને

પરિસ્થિતિ સામે લડવું પડે છે. અત્યંત ઉપયુક્તતાપૂર્વક આત્મિકબળ ફોરવીને લડવું પડે માટે બહુધા આવી પરિસ્થિતિમાં વિશેષ ધર્મ થઇ શકતો નથી.

ઈન્દ્રિય એ જ્ઞાનનું સાધન છે છદ્મસ્થ જીવો માટે. મુખ્યતયા મતિ-શ્રુતજ્ઞાન માટે. સાધન જેટલું બળવાન-ઉત્તમ-પાવરફૂલ હોય તો તેના દ્વારા આત્મા જ્ઞાન પણ વિશદ અને સ્પષ્ટ કરે છે. જો સાધન જ નબળું-ખંડિત-દૂષિત થાય તો તેના દ્વારા જ્ઞાન પણ અસ્પષ્ટ-નિસ્તેજ-અલ્પ થાય છે.

આ સાધન જીવના પુણ્યકર્મના ઉદયથી શરીરના નિર્માણ વખતે નિર્મિત થાય છે. આ સાધનના સામર્થ્યનું ખોરાક દ્વારા, આચાર પાલન દ્વારા, ઉપષ્ટંભક કારણો દ્વારા પાલન-પોષણ-રક્ષણ થાય છે અને શક્તિનાશના કારણોથી, દુર્વ્યવહારોથી, અનુચિત આહાર વગેરેથી, હાનિકારક અને ઘાતકનિમિત્તોથી આ શક્તિ ઘટતી જાય અને ક્રમશઃ નાશ પણ પામે. નાશ પામેલ સામર્થ્યવાળી ઈન્દ્રિયો હોવા છતાં કાર્યકરણ સમર્થ રહેતી નથી.આમાં જીવ મુશ્કેલીથી જેમ તેમ અને અધુરૂં જ્ઞાન કરે છે. જેમ અંધવ્યક્તિ જીવદયા ન પાળી શકે તેમ મંદચક્ષુ-મંદદષ્ટિવાળો પણ સૂક્ષ્મ અને વિશેષ જીવદયા પાળી શકતો નથી. તેવી જ રીતે બધા જ ધર્મના વ્યવહારો અને વિશેષ સૂક્ષ્મ રીતે ધર્મની આરાધનાઓ ઈન્દ્રિયની શક્તિની હીનતાથી જીવ નિરાબાધ રીતે કરી શકતો નથી. એ રીતે મનની શક્તિની હાનીથી પણ જીવ ધર્મમાં આપેક્ષિક અસમર્થ બને છે.


ઘડપણ એ ઈન્દ્રિય-મનની શક્તિઓનું અપચય-હ્રાસનું કારણ છે. મન-વચન-કાયબલની હાની અને ક્રમશઃ નાશનું કારણ છે. શરીરમાં આવેલ નાનો કે મોટો રોગ પણ મન-વચન-કાયાના સામર્થ્યને દુષિત કરે છે. હીન કરે છે અને અમુક અંશે નાશ કરે છે.

મરણ તો શરીર આધીન બધી જ શક્તિઓ શરીરના નાશ દ્વારા એક ઝાટકે નષ્ટ કરે છે. માટે આવી પરિસ્થિતિ ન આવે અર્થાત્ ઈન્દ્રિયશક્તિઓ હીન ન થાય, જરા રાક્ષસી પ્રગટ ન થાય, રોગના વિકારો ઘેરી ન લે અને મૃત્યુ ભેટે નહીં ત્યાં સુધી વિશેષ જાગૃતિ-કાળજી-પુરૂષાર્થથી જીવ ધર્મ કરી લે તે ઉત્તમ છે.



## ૩૫

जह गेहंमि पलित्ते,
कूवं खणिउं न सक्कए कोइ ।
तह संपत्ते मरणे,
धम्मो कह कीरए जीव! ।।



ગાથાર્થ - હે જીવ! જેમ ઘર બળતું હોય ત્યારે કૂવો ખોદવાને કોઇ શક્તિમાન ન થાય તેમ મરણ નજીક આવતાં ધર્મ શી રીતે શકાય? ।।૩૫।।

***35. One cannot dig a well to douse a raging fire!***
***Similarly, one cannot commence walking on the Jinas' path***
***When confronted with death.***

પૂર્વની ગાથામાં ધર્મ આરાધવા ૪ બાબતોનો અભાવ હોવો જોઇએ તેમ બતાવ્યું તેમાં જ કહેલી ચોથી વાત 'મરણ નજીક ન આવે ત્યાં સુધી ધર્મ કરવો શક્ય છે' આને આગળ વધારતા **'આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય'** આ આપણી અનેકવાર સાંભળેલી-વાંચેલી કહેવત દ્વારા સમજાવતા કહે છે - જેમ ઘરમાં આગ લાગે ત્યારે તેને ઠારવા-બૂઝવવા પાણી જોઇએ પરંતુ એ પાણીનો સ્ટોક પહેલેથી કરેલ હોવો જોઇએ. તે વખતે પાણી માટે કૂવો ખોદવા ન બેસાય, કોઇ ખોદી શકે નહીં, સફળ બને નહીં તેમ મરણ આવે તે વખતે જીવ ધર્મ કરવાની શરૂઆત શી રીતે કરી શકે?

અર્થાત્ જીવનમાં ધર્મ વારંવાર ક્રિયા-વિચારણા અને ભાવનાથી જીવ કરતો રહે તો તેના પ્રત્યેની લાગણી-રૂચિ-મમતા-પક્કડ બંધાય તેથી જ્યારે-જ્યારે રોગ-આપત્તિ-પીડા-દુ:ખ-શોક અને છેલ્લે મરણ નજીક આવે ત્યારે જીવ તે ધર્મની લાગણીથી જાપ-ભક્તિ, વ્રત-પચ્ચક્ખાણ વગેરે દ્વારા શુભવિચારણા અને શુભભાવના દ્વારા અંતકાળે પણ ધર્મને પકડી શકે છે. કેમ કે **જીવનભર સારી કે નરસી અભ્યસ્ત કરેલી લાગણી-ભાવના અંત સમયે સહેલાઇથી હાજર થાય છે અને જીવ એમાં ઠરે છે. મતલબ આખી જિંદગી જેને યાદ કર્યા હોય-ગમાડ્યા હોય-જેના માટે મહેનત કરી હોય તે જ અંતસમયે યાદ આવે-ગમે. એમ કહેવાય છે કે મહારાજા શ્રેણિકની ચિતામાંથી પણ 'વીર-વીર' શબ્દો નીકળતા હતા. કારણ કે તેમણે પ્રભુ મહાવીરને ખૂબ ગમાડ્યા હતા. તે વખતે જીવ દુ:ખને ભૂલી પણ જાય છે-પ્રસન્ન રહે છે.**

આ વાતને લક્ષમાં લઇને પુણ્યપ્રકાશનું સ્તવન-પ્રભુભક્તિના-આત્મનિંદાના સરળ અને માર્મિક સ્તવનો-સજ્ઝાયો-દુહાઓ-અમૃતવેલ જેવી સજ્ઝાયો ગોખી-વારંવાર પાઠ કરી તેનાથી ભાવિત બનવું જોઇએ. આ ગુજરાતી ભાષાની ભાવનાવર્ધક-શોધક કડીઓ બીજાને સંભળાવવામાં આવે તો બિમારીમાં તેને ખૂબ સમાધિ-શાંતિ-આત્મવિચારણા-દૃષ્ટિ પ્રગટ થાય છે. માટે જીવનભર બાહ્ય-આભ્યંતર, દ્રવ્ય-ભાવ, શ્રુત-ચારિત્રધર્મથી જીવે વ્યાપ્ત બનવું જોઇએ. ધર્મને સ્વભાવગત બનાવવો જોઇએ.

પાણી એટલે ભાવના-ચિંતન-જ્ઞાન-રૂચિનો બંબો=પાણીનો જથ્થો તૈયાર રાખવો જોઇએ તો ચાલુ પરિસ્થિતિઓમાં પણ માનસિક સંકલ્પ-વિકલ્પો તરત જ તે



સુભાષિતાદિથી શાંત થાય, આર્ત-રૌદ્રધ્યાન અને એની ભાવનાઓ પણ સાહજિક નાશ પામે છે. એ અસદ્ધ્યાન અને અસદ્ભાવનાઓ ઉગ્રતા પામતી નથી. અને જીવ સતત પ્રાય: સદ્આચાર અને સુભાષિતોના સંગ્રહરૂપ શાસ્ત્રવચનોના પરિશીલનથી આનંદ અને શાંતિને અનુભવે છે. આથી બાહ્ય આગ વખતે જિનવચન જીવને અંતરમાં અપૂર્વ આનંદ અને ટાઢક આપે છે. વિવેક અને સદ્ગતિ પણ આપે છે.

**મરણાંત આપત્તિમાં પણ જે જિનવચન ભાવનાથી ભાવિત થવા દ્વારા અવશ્ય અપૂર્વશાંતિ-સમાધિ આપે છે તે જ જિનવચનથી જીવ ઓતપ્રોત બનવા મહેનત કરે તો જીવનમાં હંમેશા-સર્વપરિસ્થિતિઓમાં શાંતિ-પ્રસન્નતા અંદરથી સ્થાયી પ્રગટ થયેલી રહે છે તેનાથી ક્યાંય-કોઇ-ક્યારેય ઉદ્વિગ્નતા-સંકિલષ્ટતાનો શિકાર બનતો નથી. કર્મ કે ભવિતવ્યતાના ખાતે નાખીને સદા આનંદિત રહે છે. અર્થાત્ જિનવચનભાવિતપણું જેમ જેમ જીવ સિદ્ધ કરતો જાય-સહજ બનાવતો જાય તેમ તેમ જીવને અત્યંત આપત્તિકાળે પણ વૈરાગ્ય-સમાધિ-આનંદ સહજ બને છે.**

આ જિનવચન ભાવિતપણું મેળવવા ભવ-સંસાર, વિષય-કષાયોમાં તેના ઉપરની ઉગ્રવૈરાગ્યમયતા મેળવવી પડે. આ આવે એટલે અધ્યાત્મ આવે છે.

વૈરાગ્યને બીજા શબ્દોમાં નિર્વેદ કહેવાય અને અધ્યાત્મને સંવેગ કહેવાય. આસ્તિક્યપણાનું વિશિષ્ટ દૃઢમૂળ આ સંવેગ-નિર્વેદ છે. શમ એ નિર્વેદ મૂલક છે અને અનુકંપા સંવેગ મૂલક છે. સ્વાત્માની અને જીવોની ભાવ અનુકંપા પ્રધાન છે. દ્રવ્ય અનુકંપા શક્યરૂપમાં આંશિક અને વ્યાવહારિક છે.

જેમ આગ ન લાગે તેની સાવચેતી રાખવી જોઇએ. અગ્નિના ઉપયોગથી શક્ય દૂર રહેવું જરૂરી છે અને સાથે કદાચ આગ લાગી જાય તો તેને શાંત કરવાના સાધનો હાજર રાખવા જોઇએ. શ્રી જિનવચન આંતરિક આગને શાંત કરનાર છે. આંતરિક આગ ન લાગે માટે ભાવિત આત્મામાં જિનવચન સંસ્કાર-ક્ષયોપશમ રૂપે સતત હાજર હોય છે. અને સત્પ્રવૃત્તિઓ કરાવવા દ્વારા કષાય-વિષયોની આગથી જીવને દૂર રાખે છે. મનને એના સંકલ્પ-વિકલ્પોથી દૂર રાખે છે તેથી મરણસમાધિ માટે જીવન સમાધિ કેળવવી પડે અને તે માટે શ્રી જિનવચનભાવિતપણું અને સત્પ્રવૃત્તિ બન્નેમાં વિશેષ પ્રયત્ન કરવો જોઇએ.


## ૩૬

रुवमसासयमेयं,

विज्जुलया चंचलं जए जीअं ।

संझाणुरागसरिसं,

खणरमणीयं च तारुण्णं ।।




ગાથાર્થ - આ રૂપ અશાશ્વત છે. જગતમાં જીવિત વિદ્યુત જેવું ચપલ છે, અને યૌવન સંધ્યાના રંગની જેમ ક્ષણ માત્ર રમણીય છે. ।।૩૬।।

*36. O living being, your mortal coil is impermanent.*
*Life is as fleeting as a flash of lightening,*
*And youth has the short lived beauty of twilight.*



જીવનું શરીર જેમ નાશવંત છે તેમ એ શરીરની અવસ્થાઓ પણ બદલાતી રહેવાથી એની આકૃતિ-સૌંદર્ય લાવણ્ય-રૂપ વગેરે પણ અશાશ્વત-પરાવર્તનશીલ અને નાશવંત છે. દેવલોકના દેવોને પણ આશ્ચર્ય ઉપજાવે તેવા રૂપના સ્વામી સનત્કુમાર ચક્રવર્તિનું રૂપ ઘડીકમાં રોગોત્પત્તિથી નાશ પામ્યું. દેવોને મોઢું મચકોડવું પડ્યું. બાળપણનું રૂપ યુવાવસ્થામાં નથી હોતું અને યુવાવસ્થાનું રૂપ પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં નથી રહેતું. જીવોની બાહ્ય બધી અવસ્થાઓ અશાશ્વત અને ફરતી છે. સારી અવસ્થારૂપ તાકાત વગેરેનો ગર્વ-મોહ છોડવા માટે જેમ આ વાત છે તેમ પૂર્વના પાપકર્મના ઉદયે મળેલ અશક્તપણું-કદરૂપતા-રોગિષ્ટપણું વગેરે અવસ્થાઓને પણ અશાશ્વત અને નાશવંત સમજીને જીવે ઉદ્વિગ્ન-દીન પણ ન બનવું એ પણ સમજવું, **જીવે વૈરાગી બની સારી-નરસી બન્ને અવસ્થામાં આરાધના પ્રધાન બનવું. ગર્વ પણ ન કરવો અને દીનતા પણ ન લાવવી.**

આ સંસારની કોઇપણ ભૌતિક પરિસ્થિતિઓ જીવ માટે અશાશ્વત જ છે. દેવલોક અપેક્ષાએ શાશ્વત છે પણ ત્યાં રહેલા બધા જીવોએ એ છોડીને જવું જ પડે છે. એ પણ જીવો માટે વિયોગકારક છે.

''<u>जीअं विज्जुलयाचंचलं</u>'' જીવન-જિંદગી વિજળીના ચમકારા જેવું છે મતલબ અજવાળું થયું ન થયું ને પાછું અંધારૂ તેમ માણસ ક્ષણવારમાં હતો-ન હતો થઇ જાય છે. ગમે તે સ્થળે, ગમે તે સમયે, ગમે તે અવસ્થામાં અચાનક પ્રાણ છોડી દે છે. મનુષ્યગતિમાં તિર્યંચગતિમાં તો પ્રાણ નીકળી જવા છતાં મૃતદેહ પડ્યું રહે છે. અગ્નિસંસ્કાર કર્યા બાદ જ (અથવા ગીધડા વગેરે ખાઇ જાય ત્યારે) તે નષ્ટ થાય છે જ્યારે દેવોમાં તો જેમ બધાની વચ્ચે રહેલ દેવ બીજે જાય તો ત્યાં અદશ્ય-અલોપ થઇ જાય. બાજુમાં રહેલ દેવોને પણ ખબર ન પડે તેમ બધાની વચ્ચે રહેલ દેવ જ્યારે ચ્યવી જાય-મરણ પામે ત્યારે એનું શરીર વિખરાઇ જવાથી કપુરની ગોટી જેમ હવામાં ઉડી જાય તેમ તે અદશ્ય થાય છે. એ દેવ બીજે ક્યાંક કામ માટે ગયો કે ચ્યવી ગયો તે પણ ક્યારેક ખબર પડતી નથી. મનુષ્યનુ જીવન ક્ષણવારમાં નાશ પામે તેવું ચંચલ છે. આમ કહીને આરાધનાના કાર્યોમાં સાધનામાં-દાનાદિમાં વિલંબ ન કરવો. અને અશુભભાવો અને પાપપ્રવૃત્તિઓમાંથી બને તો વહેલાસર નિવૃત્ત થવું. નિવૃત્તિ શક્ય ન હોય તો તેમાં રસવાળા અને સ્થિરતાવાળા ન થવું એ કહેવાનો ઉદ્દેશ છે. ચંચલ છે એટલે કે તેનો ક્યારે પણ અંત નિશ્ચિત છે. જીવનનો અંત આવે તે પહેલા જાગૃતિ

આવી જવી જોઇએ. આત્માએ જાગીને વર્તમાનકાળ-ક્ષણને શુભભાવયુક્ત બનાવવો, સતત શુભભાવમાં રહેવું, જીવનનો ભરોસો રાખ્યા વગર સત્કાર્યો જે કરવા હોય તે કરી લેવા, પાપકાર્યો જે સ્થગિત કરવા હોય તે અટકાવી દેવા - જે ન છૂટી શકે તેમાં પણ કરતી વખતે ઉદ્વિગ્નતા અને પાછળ પશ્ચાતાપનો ભાવ રાખવો. આ બન્નેના કારણે અચાનક મરણ આવે તો પણ જીવની દુર્ગતિ ન થતા સદ્ગતિ જ મળે. એવી રીતે જે ધર્મકાર્યો-વ્રત-પચ્ચક્ખાણ વગેરે કરવા હોય તે કરી જ લેવા. છતાં તાત્કાલિક તે ન થઇ શકે તેને માટે પણ વારંવાર ઇચ્છા-ભાવનામાં રમતા રહેવું. આ ધર્મની ભાવના-ઇચ્છા પણ નાગકેતુની જેમ અચાનક મોત આવે તો સદ્ગતિનું જ કારણ બને છે. વારંવાર મરણની યાદ જીવને મોહ-માયા-મમતાના ભાવ-કાર્યથી દૂર અને ત્યાગ-વૈરાગ્યાદિ-શુભભાવોથી યુક્ત રાખે છે. આનાથી મરણભય નષ્ટ થાય છે, પરલોકમાં સદ્ગતિની પ્રાપ્તિ થાય છે.


''संझाणुरागसरिसं तारुण्णं'' તારૂણ્ય-જવાની-યુવાવસ્થા સંધ્યાના રંગ જેવી ક્ષણસ્થાયી છે. સૂર્યાસ્ત પછી આકાશમાં ખીલેલી સંધ્યાનો રંગ જેમ પળભરમાં અંધારામાં ફેરવાઇ જાય છે તેમ યુવાની પણ જોત-જોતામાં વૃદ્ધાવસ્થામાં રૂપાંતરિત થઇ જાય છે. જે જીવ યુવાવસ્થામાં મદનમસ્ત અને મદમસ્ત બને છે. કામાસક્ત કે ગર્વિષ્ટ બને છે, પોતાના શક્તિ-રૂપ-આવડત-હોંશિયારીના અભિમાનને ધારણ કરે છે તે જલ્દી ઘડપણનો શિકાર બને છે. આ જવાનીની શક્તિઓ વિવેક-નિગ્રહયુક્ત હોય-સંયમિત રહે તો થોડી લાંબી ચાલે પરંતુ મોટે ભાગે યુવાનીમાં વિવેક અને મનોનિગ્રહ ન હોવાના કારણે ૧-૨ દશકામાં રોગ-આપત્તિમાં સપડાઇને વહેલા પણ નાશ પામે છે. માટે સંધ્યાના રંગ સમાન અલ્પકાલીન તારૂણ્ય-જુવાની છે, સુંદરતા છે આમ વિચારવાથી સ્વસ્થ-શાંત-સમર્પિત-સમજુ-વિચારક અને ધર્મના-વડીલોના કહ્યામાં-આજ્ઞામાં રહેનાર બને છે.

તેથી આ ત્રણે વાતોના વારંવાર વિચારથી સંસારની-શરીરની-જીવિતની-ભોગની-શક્તિઓની પ્રધાનતા છોડીને ધર્મની-આત્માની અને એના સાધન-કારણોની મહત્તા જીવના હૃદયમાં વસે છે.



## ૩૭

गयकन्न-चंचलाओ,
लच्छीओ तिअसचावसारिच्छं ।
विसयसुहं जीवाणं,
बुज्झसु रे जीव! मा मुज्झ ।।



ગાથાર્થ - લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે. જીવોનું વિષયસુખ ઇન્દ્રધનુષ્ય જેવું છે. રે જીવ! તું સમજ અને મોહ ન પામ. ।।૩૭।।

*37. O living beings,*
*Wealth is as fickle as an elephant's ears*.*
*Sensual satisfaction is as transitory as a rainbow in the sky.*
*Know this, and give up your delusion.*
**Elephants keep twitching their ears in order to keep away flies.*

જ્યાં ને ત્યાં, જ્યારે ને ત્યારે, જેના-તેના ઉપર રાગાંધ બનતો-આસક્ત થતો-કાયમી સમજીને અંધ બનતો હે જીવ! તું બોધ પામ.... બોધ પામવો એટલે સાચી પરિસ્થિતિને જાણવી. સંસારના=સંસારના વસ્તુ-શક્તિ-સંયોગોના સાચા સ્વરૂપને ઓળખવું.

સંસારી જીવો ભવોભવ દુનિયાની મળેલ પરિસ્થિતિ-શક્તિ-સમૃદ્ધિ-કુટુંબ વગેરેના સંયોગો છોડી-છોડીને ચાલ્યા જાય છે. મળેલા કે પુરુષાર્થથી મેળવેલા-સાવધાનીથી ટકાવી રાખેલા-સ્નેહથી સાચવેલા આ બધાને કર્મની પરવશતાથી જીવે છોડીને-મૂકીને બીજે ચાલ્યા જવું પડે છે. માટે સંસારની કોઇપણ વ્યવહારથી સારી ગણાતી પરિસ્થિતિમાં લક્ષ્મી-પરિવાર-વૈષયિક સુખો અને એના સાધનોમાં તું મુંઝાઇશ નહીં એટલે તારૂ સમજી તું મમતા ધારણ ન કર, સુખનું કારણ સમજી એમાં આનંદ ન પામ. સાચા વાસ્તવિક વસ્તુ તત્વને સમજ.

લક્ષ્મી બે પ્રકારની આધ્યાત્મિક અને ભૌતિક. ભૌતિક લક્ષ્મી પુણ્યના આધારે છે. પુણ્યનું પીઠબળ હોય તો કરેલ મહેનતથી લક્ષ્મી મળે. પરંતુ જ્યારે પુણ્ય જ નાતરે ગયેલ નાર જેવું છે. દર વખતે સપોર્ટ કરે જ તેવું નહીં. પુણ્યનો ભરોસો ન હોય ત્યાં લક્ષ્મીનો ભરોસો ક્યાં રાખી શકાય? હાથીના કાન જો સ્થિર રહે તો જ આવેલ લક્ષ્મી એક જગ્યાએ કાયમ રહે. લોકમાં પણ દેખાય છે અને શાસ્ત્રોમાં પણ અનેક દ્રષ્ટાંતોથી એનું નાશવંતપણું-ચંચલપણું બતાવેલ છે. આ લક્ષ્મી આવ્યા પહેલા ક્લેશ-શ્રમ અને આવ્યા પછી ભય-વિરોધ અને આર્તરૌદ્રધ્યાનનું કારણ થતી હોય છે. છતાં જીવ એની મમતાથી એની પાછળ પડીને દુઃખી થાય છે, ખાધે-પીધે સામાન્ય નિર્વાહ પામેલ જીવ અધિક સુખ-સાહ્યબી-સમૃદ્ધિની ઝંખના-લાલસામાં આખી જિંદગી એની પાછળ વેડફીને વધુ દુઃખી થાય છે.

જીવ જો તૃષ્ણાને છોડે તો મળેલ સંપત્તિનો ત્યાગ અને સન્માર્ગે વ્યય કરવાની ભાવના અને પ્રયત્ન કરે, પણ જો તૃષ્ણાવાળો હોય-અધિકની ઝંખનાથી પીડાતો હોય તો મળેલ લક્ષ્મી-શક્તિ ઓછી પડે, તેને ગુપ્ત રાખવા-સંગ્રહ કરવા પ્રયત્ન કરે, અધિક મેળવવા મમ્મણની જેમ ધમપછાડા કરે, એક પાઇની પણ સન્માર્ગે વાપરવાની



ઇચ્છા ન થાય. આ મૂર્ચ્છાથી જીવ બીજા ભવમાં ૭મી નરકે પણ જાય અને ભવોભવ લક્ષ્મીના ઘોર અંતરાય પણ પામે. માટે બાહ્ય-ભૌતિક અનેક પ્રકારની શક્તિરૂપ લક્ષ્મીની ચંચળતા સમજી એનો સદ્વ્યય કરી-ત્યાગ કરી-એના ઉપરની મમતા તોડી-અપેક્ષા છોડી વૈરાગ્યમય બનવું.

આધ્યાત્મિક શક્તિઓ પણ ક્ષયોપશમભાવરૂપ હોવાથી એ પણ જો ક્ષાયિકભાવ-રૂપ ન બને તો એ પણ ચંચલ અને નાશવંત સમજી તેનો સદ્વ્યય અને આરાધનામાં ઉપયોગ કરવાપૂર્વક ગર્વરહિત બની-દુરૂપયોગ છોડી-એની પણ આત્મસાધના સિવાય ગૌણતા સમજી ક્ષાયિક ભાવની લક્ષ્મી મેળવવા કટિબદ્ધ થવું જોઇએ. **ક્ષયોપશમભાવના આત્મગુણો પણ વૈરાગ્યની-અધ્યાત્મની-આંતરિકદૃષ્ટિની તીવ્રતા વગર ક્ષાયિકભાવનું કારણ બનતા નથી.** માટે **અપર વૈરાગ્ય**=બાહ્ય સામગ્રીમાં વૈરાગ્ય, પુણ્ય-આબરૂ-કીર્તિ વગેરે ઉપર વૈરાગ્ય. **પરવૈરાગ્ય**=ક્ષાયોપશમિક ભાવના આત્મગુણો ઉપર પણ ક્ષાયિક ભાવની પ્રાપ્તિ માટે નીચેની ભૂમિકાના ગુણો હોવાથી તેની ઉપર વૈરાગ્ય-તેની ગૌણતા. આ બે વૈરાગ્યથી જીવે વાસિત બની બાહ્યશક્તિ-લક્ષ્મીનું મમત્વ છોડીને આંતરિક અધૂરી-અપરિપૂર્ણ શક્તિઓ પરનું મમત્વ પણ છોડવું. અતિશયો લબ્ધિઓ-પુણ્યના અનેકાનેક પ્રકારો ઉપર પણ જીવે એના પ્રાધાન્યપણાનો ભાવ છોડવો પડે. અને એ છૂટે તો આવી શક્તિઓની અપેક્ષા જાય અને આત્મસાધનાની પ્રધાનતા આવે માટે ઉપરની ભૂમિકાએ આ મમતા પણ છોડવાની છે.

મેઘધનુષ્ય સમાન વિષયસુખ છે. કહેવાય મેઘધનુષ્ય પરંતુ સૂર્યના કિરણોના કારણે વાદળામાં બહાર પ્રગટ થતું જે ધનુષ્ય આકાર, અનેકવર્ણયુક્ત આ પ્રકાશ અને પાણીવાળા વાદળથી થતું આકૃતિરૂપ વાદળા ઉપરનું દૃશ્ય છે. આ વાસ્તવમાં ઇન્દ્રધનુષ્ય પણ નથી અને શસ્ત્ર પણ નથી. એમ પુદ્ગલોના રૂપ-રસ વગેરેને વિષયો કહેવાય છે. અતૃપ્ત રાગાંધ જીવ શરીર અને ઇન્દ્રિયોના સંયોગોથી આ વિષયોમાં સુખની જે બુદ્ધિ કરે છે તે ભ્રામક-અલ્પકાલીન-બનાવટી-આરોપિત છે. વિષયોમાં સુખ નથી કેમ કે તે પુદ્ગલ છે. અને પુદ્ગલ જડ છે. જડમાં સુખનો ગુણ નથી. ચેતનનો ગુણ છે. છતાં અતૃપ્ત-અજ્ઞાની આત્મા જડ પુદ્ગલાત્મક વિષયોમાં સુખનો ભ્રમાંત્મક અનુભવ કરે છે. જો સુખ હોય તો સતત-દીર્ઘકાલીન રહેવું જોઇએ. પૌદ્ગલિક કોઇપણ વસ્તુઓ કે શક્તિઓ નિરંતર અને કાયમી સુખ આપી શકતા જ નથી. માટે આવા અલ્પકાલીન

નાશવંત સુખમાં જીવે મુંઝાવું ન જોઇએ. આત્મિક સુખને સમજવું-જાણવું જોઇએ.

जं च कामसुहं लोए जं च दिव्वं महासुहं ।
वियरायसुहस्स य अणंतभागो वि नग्घई।। बृहत्संग्रहणी।।

લોકમાં જે કામસુખ છે, જે દિવ્ય મહાસુખ છે તે બન્ને વીતરાગ સુખના અનંતમાં ભાગે પણ નથી આવતા. એવી રીતે

तेजोलेश्याविवृद्धिर्या, साधोः पर्यायवृद्धितः।
भाषिता भगवत्यादौ सेत्थम्भूतस्य युज्यते ।।

**જ્ઞાનસાર** સાધુપણામાં સમતા અને વૈરાગ્યના સુખો ૧૨ મહિનાના પર્યાયમાં અનુત્તર સુખને પણ ઓળંગી જાય છે. આ મોહનીયના ક્ષયોપશમ ભાવયુક્ત આત્મિક સુખ છે. માટે વિષયસુખમાં ન મુંઝાય તે વ્યક્તિ વૈષયિક સુખ મુક્ત-આત્મિક સુખ અનુભવયુક્ત બને.


જે જીવ ત્યાગ-વૈરાગ્ય-અધ્યાત્મ દ્વારા વૈષયિક સુખ વિમુખ બનવા પ્રયત્ન કરે છે. તે આત્મિક સુખના અનુભવ દ્વારા ક્રમશઃ વૈષયિક સુખથી વિમુખ બની જાય છે. મળે તો રાજીપો નહીં, ન મળે તો નારાજી નહીં. **બાહ્યત્યાગ-આંતરિક વૈરાગ્ય અને સર્વત્ર અધ્યાત્મની ભાવના આત્માને વિષયોમાં અત્યાર સુધી જે સુખનો ભ્રમ હતો તેનો નાશ કરે છે** અને એ ભાવના-વિચારણાથી આત્મ-શમરસના સુખનો અનુભવ કરાવે છે. ટૂંકમાં જેમ-જેમ વિષયવિમુખતા ત્યાગ-વૈરાગ્ય-અધ્યાત્મ દ્વારા કેળવાતી જાય તેમ શમરસ અનુભવમાં આવતો જાય.

અંતે વિષયમાં સુખની ભ્રાંતિ એ મોહ છે અને શમરસનો અનુભવ એ વાસ્તવિક બોધ-સંવેદન સુખયુક્ત જ્ઞાન છે. જેને મેળવવા પ્રયત્ન કરવો.



## ૩૮

जह संझाए सउणाणं,
संगमो जह पहे अ पहियाणं ।
सयणाणं संजोगो,
तहेव खणभंगुरो जीव! ।।



**ગાથાર્થ** - હે જીવ! જેમ સંધ્યા સમયે પંખીઓનો સંગમ અને માર્ગમાં જેમ પથિકોનો સમાગમ ક્ષણિક છે, તે જ પ્રકારે સ્વજનોનો સંયોગ પણ ક્ષણભંગુર છે. ।।૩૮।।

*38. The company of loved ones*
*Is as fleeting as*
*The company of birds settling on a tree for the night,*
*Or the company of fellow travellers on a journey.*

સંસારના બધા જીવો એકલા છે. એકલા આવે છે, એકલા ચાલ્યા જાય છે. જન્મ વખતે પણ કોઇ સાથે નહીં અને મૃત્યુ સમયે પણ કોઇ સંગાથે નહીં.

**''કુટુંબ-પરિવાર સુત-દારા-સુપન સમ દેખ જગ સારા ।**
**નિકલ જબ હંસ જાવેગા ઉસી દિન હૈ સભી ન્યારા ।।''**

વચગાળામાં-જિંદગીની કાલાવધિમાં સંબંધ બંધાય છે, પરંતુ કાયમી સંબંધવાળા કોઇ હોતા નથી.

જીવમાત્ર સ્વરૂપથી એકલો છે. મોટે ભાગે જીવને બીજા થોડા જીવો સાથે જે સંબંધ બંધાય છે તે તદ્‌ભવ પુરતો કે એથી પણ અલ્પકાલીન હોય છે. ભવ શરૂ થતાં કે પાછળથી શરીર-વેપાર આદિના કારણે સંબંધ જોડાય છે. એનું કે આપણું મરણ થતાં તે પૂર્ણ થઇ જાય છે. ક્યારેક કોઇની સાથે સારા-નરસા ઋણાનુબંધથી જીવના પરસ્પર સ્નેહ-વેર વગેરેથી ઉત્પન્ન થયેલ સારા-ખરાબ સંબંધો પણ ૫-૨૫ ભવો સુધી સાંતર કે નિરંતર જેવા રહે પણ પછી એ છૂટી જાય. માટે જીવ માત્રના બીજા જીવો સાથેના સંબંધો અલ્પકાલીન-આગતુંક છે એમ કહેવાય. આ સંબંધો પણ પાછા આંશિક-એકદેશીય હોય છે. બધાના કર્મો અને આત્મા જુદા હોવાથી, તેજસ-કાર્મણ શરીર પણ અલગ હોવાથી અને નિગોદને છોડીને દરેક સંસારી જીવના ઔદારિક-વૈક્રિય શરીર પણ જુદા હોવાથી આ સંબંધો વ્યાવહારિક-આરોપિત હોય છે. ભારંડ પક્ષીને બે જીવ એક શરીર કહેવાય છે પરંતુ મુખ તો બન્નેના જુદા હોય છે. જીવને ઉત્પત્તિ માટેના-જીવન વ્યવહારના અનેક પ્રકારના ચાલુ સંબંધો મામુલી કર્મજન્ય-સાહજિક-ઔપચારિક-પ્રાસંગિક-વિશિષ્ટ રાગ-દ્વેષ વિનાના વ્યવહાર માત્ર જેવા હોય છે. આવા સંબંધોમાં પછી નિમિત્ત વિશેષથી, મોહ-મમતા કે કષાયની-લાગણીઓની તીવ્રતાથી સ્નેહ-કામ-મિત્રતા-શત્રુતાના સંબંધો ઊભા થાય છે, કેટલોક કાળ કે થોડા ભવો એ સંબંધો નભે છે પછી સ્નેહ-અરૂચિ, રાગ-દ્વેષ પણ કાળક્રમે ઘસાઇને નાશ પામે છે. સંબંધો છૂટી જાય છે, બહુધા બીજા ભવમાં એના એ સંબંધો રહેતા નથી.




જેમ ચારેબાજુથી પક્ષીઓ આવી એક ઝાડ ઉપર સાંજે ભેગા થાય, રાત રહે અને સવાર થતાં જ છૂટા પડીને ચારે દિશામાં ઉડી જાય છે, જેમ માર્ગમાં ચાલતા અનેક અલગ દિશા-ગામથી આવેલ લોકો ભેગા થાય, થોડો કાળ સાથે પસાર કરે પછી પોતાનું ગામ કે અલગ રસ્તો આવતાં ચાલ્યા જાય છે તેમ જીવો પણ જુદા-જુદા ભવોમાંથી આવી આ ભવમાં ભેગા થાય છે. ૫૦-૬૦ વર્ષ મા-બાપ, પતિ-પત્ની, નોકર-શેઠના સંબંધોમાં રહી આયુષ્ય પૂર્ણ થતાં બધા છૂટા પડે છે. આ રીતે સ્વજનોનો સંબંધ અલ્પકાલીન છે. નિગોદના જીવોને તો એક શરીર (ઔદારિક) માં અનંતા જીવોના સંબંધ-જોડાણ એકમેક જેવું હોવા છતાં તે દુઃખનું કારણ છે, સુખનું કારણ નથી, આ પણ એક ભવ પૂરતો હોય છે, નવા ભવમાં નવા સંબંધો. આ સંબંધો કર્મપરાધીન છે. આ અવસ્થામાં જીવને વ્યક્ત જ્ઞાન-સમજણ ન હોવાથી વિશિષ્ટ રાગ-દ્વેષ નથી હોતા. વ્યક્ત પણ એવા નથી. નિગોદના જીવોના સંયોગને સંબંધનો વ્યવહાર નથી.

**સંબંધો રાગ-દ્વેષ પ્રયુક્ત અને એના કારણ રૂપ હોય છે. તેથી અનંતા શ્રી સિદ્ધ ભગવંતો એક જ ક્ષેત્રમાં રહેવા છતાં એમનો સંબંધ-વ્યવહાર નથી.** વાસ્તવમાં એકત્વ અને અન્યત્વ બે વાત પ્રત્યેક જીવમાં છે. જ્યારે અનેકપણું-અમુકમાં મારાપણું, અમુકમાં પારકાપણું થાય ત્યારે સંસાર ચાલે છે. આ ત્રણ જો વિચારસરણીમાંથી ખસે તો મોહ-માયા-મમતા-ઘટે-ખસે. સંસાર મુખ્ય સંબંધોના આધાર ઉપર અને વિષયોના આધાર ઉપર વિકાસ પામે છે, વિસ્તૃત બને છે. એના આધારથી રાગ-દ્વેષ, આરંભ-સમારંભ પ્રવર્તે છે. જેમ જેમ સંબંધો ઘટે-છૂટે તેમ તેમ બાહ્ય સંસાર ઘટે અને બાહ્ય સંસાર ઉપર વૈરાગ્યભાવવાળાને આંતર સંસાર પણ ઘટે.

એકત્વભાવના બાહ્ય સંસાર ઘટાડવા દ્વારા-આંતરસંસાર ઘટાડવા માટે પણ છે. એ જ રીતે અન્યત્વ ભાવના સંબંધોના અલ્પકાલીનપણાને-ઔપચારિક અને વ્યાવહારિક જાણીને અન્યત્વ બુદ્ધિ દૃઢ થવાથી રાગ-દ્વેષ ઘટે છે, જીવ બાહ્યસંસાર પરાઙ્મુખ બને છે, આત્મદૃષ્ટિમાં સ્થિર થાય છે. માટે સર્વત્ર મોહ-રાગ-દ્વેષ-અવિવેકના નાશ માટે સંબંધોનું અનિત્યપણું ભાવિત કરવા પ્રયત્ન કરવો.

## ૩૯

निसाविरामे परिभावयामि,
गेहे पलिते किमहं सुयामि ।
डज्झंतमप्पाणमुविक्खयामि,
जं धम्मरहिओ दिअहा गमामि ।।



ગાથાર્થ - રાત્રિના અંતે ફરી ફરીને વિચારું છે કે, બળતા ઘરમાં હું કેમ સૂઇ રહ્યો છું? દાઝી રહેલા આત્માને હું કેમ ઉપેક્ષા કરી રહ્યો છું! અને ધર્મરહિત દિવસો પસાર કરું છું. ।।૩૯।।

*39. I get up each morning and realise that*
*My home caught fire while I was asleep.*
*Why am I idling my days away,*
*In a life devoid of dharma,*
*When my soul suffers from an inferno of passions?*



શ્રાવક જીવનનું, સાધક આત્માનું એક કર્તવ્ય બતાવ્યું છે **'जागरिज्जा धम्मजागरियाए'** ધર્મ જાગરિકા કરવી જોઇએ. રાતની પૂર્ણાહુતિ વખતે કે સવારે ઉઠતાં કે રાત્રે ઊંઘ ઊડી જાય ત્યારે જેવી રીતે વ્યવહારથી ઉદ્યમશીલ સંસારી જીવો સાંસારિક કાર્યના-વેપારાદિના ઉદ્યમ-સુધારા-વધારાની ચિંતા કરે. જેના મનમાં જે અત્યંત જરૂરી અને મહત્વનું વસે-લાગે તેના અંગે વારંવાર કાળજી લેતા હોય છે, તેના વિકાસ-વિસ્તૃતિકરણની વિચારણા અને પ્લાન કરતાં હોય છે. એના સામે પક્ષે જે વ્યવહારમાં પણ સુસ્ત-બેદરકાર-ઉપેક્ષાવાળા અને પોતાના ભૌતિક લાભને પણ જાણી ન શકનાર - જોઇ ન શકનાર જીવો ભાવિનો પોતાનો વ્યવસ્થિત વિચાર કે પ્લાન કરતા નથી અને ભૂતકાલની પોતાની ભૂલો આળસ વગેરેને જોતા નથી, જોઇને સુધારતા નથી. તેવી રીતે અંતરાત્મા-જાગૃત થયેલા જીવો-ભવિષ્યનો અનંતકાળ અને મોક્ષના માર્ગને જાણનાર-એના ઉપાયોને જાણનાર તથા પાપ-આશ્રવ-દુઃખ અને દુર્ગતિની પરંપરા-એના કારણોને સમજનાર ધર્માત્મા=ધર્મ પામેલ અને ધર્મ પામવાની યોગ્યતા-ઇચ્છાવાળા જીવો રાતના અંતે સવારે ઊઠતા કે જ્યારે પણ ઊંઘ ઊડી જાય ત્યારે આજ સુધીનું આત્માનું ભ્રમણ વિચારે - હવે એમાંથી પાર પામવા માટે આત્માના-જાતના કર્તવ્યની વિચારણા કરે. સામે પક્ષે જીવનમાં ચાલતા પ્રમાદ-ઉપેક્ષા-બેદરકારીને જુવે-વિચારે અને યથાશક્ય છોડે.

આ વિચાર હૃદયની લાગણીથી અવાર-નવાર કરવાથી હૃદયમાં મોક્ષની-ધર્મની-આત્મશુદ્ધિની લાગણીઓ પ્રગટે છે, દૃઢ થાય છે. એ જ રીતે આ લાગણીઓના પ્રતિપક્ષ ભાવો-લાગણીઓ એટલે કે સંસારની-વિષય સુખોની, દેહની, કુટુંબની, ધન-ધાન્ય-વૈભવ-માન વગેરેની લાગણી અને તેમાં તેના માટે થતી ઉલાસપૂર્વકની એકાંગ પ્રવૃત્તિઓ ઉપર આંચકો લાગે છે, અંધાપો દૂર થાય છે, આંખ બંધ કરીને કરાતી વ્યર્થ દોડને સમજે છે અને એ તરફની મનના રસની અને પ્રવૃત્તિની માત્રા ઘટે છે. આ બન્ને કાર્ય આ વિચારણાથી થાય છે માટે તેને ધર્મજાગરિકા કહેવાય છે. જે સંવેગ-વૈરાગ્યનો પાયો છે માટે બધાએ કરવી જરૂરી છે.

આ ધર્મજાગરિકા આત્મવિચારણા અનેક પ્રકારે હોય છે, થઇ શકે છે. તેમાંથી,

અહીં થોડીક બતાવે છે. (૧) ઘરમાં આગ લાગી છે ત્યારે હું કેમ સૂતો છું? (૨) બળી જતાં-બળવાની નજીકમાં શક્યતાવાળા આત્માની હું કેમ ઉપેક્ષા કરું છું, કેમ તેને બચાવતો નથી? (૩) બચાવનાર ધર્મ કર્યા વિના દિવસો કેમ પસાર કરું છું? આમાં ૩ વાત બતાવી. (૧) ઘરને બળતાની ઉપમા આપી એટલે કે આ સંસાર અર્થ અને કામની ઇચ્છા-પ્રયત્ન-સાધનો, કષાયો-વિષયો, રસ-ઋદ્ધિ-શાતાગારવ અને સંસારી જીવના વિચાર-વાણી-વર્તન આ બધું પાપ-આશ્રવરૂપ હોવાથી, પરિણામે દુઃખ-ક્લેશ-દુર્ગતિ અને તેની પરંપરાનું કારણ હોવાથી આગરૂપ છે. (૨) સંસારની પરિસ્થિતિઓ અને જીવો તેમાં સળગે છે, સળગી રહ્યા છે. (૩) આને દૂર કરવા માટે સંસારમાંથી દ્રવ્ય અને ભાવથી નીકળી જવું પડે.


આ આખો સંસાર ભડકે બળતો લાગે તો જાતને બળી મરવાની શક્યતાનો ભય લાગે. જો સંસાર એ.સી.ની ઠંડક લાગે તો આત્માને એમાં સુખ-સગવડ-શાંતિની ટાઢક લાગે. માટે પ્રથમ સંસારને આગરૂપે ભાવિત કરવો તો આત્માને સંસારના દરેક પ્રકારોથી બચાવવાની તમન્ના જાગે. આ તમન્ના જાગે પછી ધર્મ એ આ આગથી બચાવનાર-બહાર કાઢનાર-ટાઢક આપનાર છે તેનું જ્ઞાન-ભાન થવાથી તે કરવા જીવ તલપાપડ બને. જેટલા દ્રવ્ય સંસારના પ્રકારો છે એની સામે એટલા ધર્મના પ્રકારો છે. અર્થાત્ સંસારના ત્યાગરૂપ, એની નિંદા-ગર્હા-જુગુપ્સા કરવા રૂપ, અને એને ધર્મસ્વરૂપે રૂપાંતર કરવા રૂપ બાહ્ય સંસાર સામે આ બાહ્યધર્મ ત્રણ પ્રકારે છે, જે સંસારની આગને ઠારે છે. આત્માની દુર્ગતિ અટકાવે છે, પાપ કર્મ બાંધતા રોકે છે. આત્માને પુણ્ય-વિવેક અને વૈરાગ્યમય બનાવે છે.

આંતર સંસારને - અસદ્ભાવના-વિચાર-વલણની સામે સદ્ભાવના-સદ્વિચાર અને સદ્વલણ રૂપ ધર્મ દાહને ઠારી આત્માને અપૂર્વ સ્થાયી ટાઢક આપે છે. માટે પ્રત્યેક વાણી-વિચાર-વર્તન-વસ્તુ જે સંસારનું કારણ છે તેની સામે ધર્મરૂપ વિચાર-વાણી-વર્તન-વસ્તુનો શક્ય સદુપયોગ અને ત્યાગ દ્વારા આત્માને ઉપશમ-વિવેક-સંવર પ્રધાન બનાવવો.



## ૪૦

जा जा वच्चइ रयणी
न सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स,
अफला जंति राइओ ।।




ગાથાર્થ - જે જે રાત્રિ જાય છે તે ફરી પાછી આવતી નથી. અધર્મ કરનારની રાત્રિઓ અફળ જાય છે. ।।૪૦।।

***40. Nights that pass,***
***Do not come back.***
***The nights of those who do not engage in dharma***
***Are wasted.***

દરેકના જીવનમાં જે જે રાત્રિ (કાળ) પસાર થાય છે તે પાછી આવતી નથી. ગયેલ સંપત્તિ થોડા પુરૂષાર્થ દ્વારા પાછી મેળવી શકાય છે. રોગાદિના કારણે ગયેલ શક્તિ પૌષ્ટિક ખોરાક-રસાયણ-વીટામીનની ગોળીઓ દ્વારા ફરી આવી શકે છે. વિમુખ થયેલ-છૂટો પડેલ પરિવાર સ્નેહ-ઇચ્છાપૂર્તિ દ્વારા પાછો વળી શકે છે. ભૂલાઇ ગયેલ વિદ્યા-અભ્યાસ પુનરાવર્તન-પરાવર્તન દ્વારા ઉપસ્થિત થઇ જાય છે. ગયેલ સત્તા પણ પુણ્ય-પ્રયત્નના જોરે પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ કાળ-સમય-ક્ષણ જે ગઇ તે ગઇ, લાખ પ્રયત્ને તેને પાછા વાળી-લાવી શકાતા નથી. **कालो हि दुरतिक्रमः**

અધર્મ કરનાર, પાપ-પ્રમાદ-આળસ-વિષય-કષાય-મોહ-અવિવેકથી યુક્ત રહેનાર અપુનરાવૃત્તિવાળા કાળને નિષ્ફળ કરે છે. પસાર થયેલ સમય નિરર્થક જાય છે.

આટલું કહીને આ ગાથામાં અનેક વાતો સમાવિષ્ટ કરી દીધી છે. (૧) જ્યારે જે કાળ જાય છે તે પાછો આવતો નથી. (૨) ગયેલ કાળ ભવિષ્યના સુખદુ:ખનું સર્જન કરતો હોય છે. (૩) યથાયોગ્ય શુભ કે અશુભ સંસ્કારોને ઉપાર્જન પણ કરી શકે છે. (૪) વિપરિત સંસ્કારોનો હ્રાસ પણ પસાર થતાં કાળમાં થઇ શકે છે. (૫) તે કાળમાં વિશિષ્ટ પુણ્ય-પાપના સર્જન પણ થાય છે. (૬) વિશિષ્ટ પુણ્ય-પાપના પરિણામોને પામીને વિનાશ-વિસર્જન પણ થઇ શકે છે.

આ બધું વર્તમાનકાળમાં જીવની જ્ઞાનદશા અને અજ્ઞાન દશાનું તથા એ વખતે પ્રવર્તતા જીવના આંતરવીર્ય-આનંદ-ઉત્સાહ, ખિન્નતા-પશ્ચાત્તાપ-અનુત્સાહ-હતાશાના કારણે થતું હોય છે.

**વર્તમાનકાળ, ભવિષ્યકાળને સુધારે પણ છે અને બગાડે પણ છે. તેમ વર્તમાનકાળ બગડેલા ભૂતકાળને પશ્ચાત્તાપ દ્વારા સુધારે પણ છે અને સારા કાર્યના પશ્ચાતાપ દ્વારા સારા ભૂતકાળના સારા સર્જનનો નાશ પણ કરે છે.**

પુણ્ય કર્મના ઉદયથી ઉત્તમ સંયોગો અને ઉત્તમ આરાધનાના અવસરને જે પાપમાં કે પરચૂરણ-ફિઝૂલ-નિરર્થક-અપ્રધાન કાર્યોમાં વેડફી નાખે છે તેનો સારો



ગણાતો કાળ નકામો જાય છે. આ એક હળવી ભાષા વાપરી છે. સામાન્ય નુકશાન બતાવવા રૂપ, પરંતુ વાસ્તવમાં ઉત્તમ પુણ્ય નાશ પામે છે. અને આર્ત-રૌદ્રધ્યાનથી ઘોર-ભયંકર પાપો પણ ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં આવા ઉત્તમ સંયોગાદિ મેળવી શકતો નથી. આ વાત બતાવી એ જણાવે છે કે ધર્મ આરાધનાની સમજણ-શક્તિ-સંયોગ અને સામગ્રી કાળે-વિશિષ્ટ ધર્મ-શુભસંસ્કાર અને પુણ્યોપાર્જન કરવાના અવસરને જે અત્યંત નુકશાનનું કારણ બનાવે છે તેનો કાળ નકામો ગયો, નુકશાનકારી થયો તેમ કહેવાય.

પાપ હોય કે ધર્મ તેના ચાર પ્રકાર થાય (૧) સમજણ અને રૂચિ. આત્માના લાભની અપેક્ષાએ બાહ્ય અને આંતરિક હેય અને ઉપાદેય વસ્તુ-વાણી-વિચારણા-દૃષ્ટિની સમજણ અને તે રૂપે રૂચિ. રૂચિ અને માન્યતા એ બન્ને પરસ્પર એકરૂપ બને છે, પરસ્પર એકબીજાના ઉપષ્ટંભક-પોષક છે, અપેક્ષાએ એક કહી શકાય. હેયમાં હેય તરિકેની - ઉપાદેયમાં ઉપાદેયતાની રૂચિ તે પ્રમાણેની સમજણ આ ધર્મનો પ્રથમ પ્રકાર અને આથી વિપરિત આશ્રવમાં ઉપાદેયતાની સમજણ-રૂચિ અને સંવરમાં હેય તરીકેની સમજણ-રૂચિ હોવી તે અધર્મ-પાપનો પ્રથમ ભેદ છે.

અનાદિકાળથી ચાલતા પાપોમાં ઉપાદેયતાની રૂચિ કાઢવા માટે સંવરમાં ઉપાદેયતાની રૂચિ ઉત્પન્ન કરવા આચાર-અનાચારજ્ઞાન, આશ્રવ-સંવર જ્ઞાન, પુણ્ય-પાપનું જ્ઞાન, એના કારણોનું જ્ઞાન અને તેના કારણોમાં=આચારોમાં પ્રવર્તવા રૂપે, પ્રવર્તાવવા રૂપે, બીજાને આચારમાં સહાય કરવા રૂપે, બીજાના સદ્આચારોની પ્રશંસા-ઉપબૃંહણા કરવા રૂપે, જાતે અનુમોદના કરવા રૂપે, જીવનમાં જે આ બધામાં આનંદ-રસ-ઉત્સાહ તેને રૂચિ કહેવાય. ટૂંકમાં તે તે વિષયનું જ્ઞાન અને આ બધી પ્રવૃત્તિ ને ધર્મની રૂચિ એ ધર્મનું પ્રથમ પગથિયું છે. જ્ઞાન અને ક્રિયા દ્વારા રૂચિનું ઉત્પાદન થાય છે. જો કે **ક્રિયા બધા પ્રકારે પ્રાયઃ પ્રારંભમાં અશક્ય હોય છે. માટે રૂચિ સહિતના જ્ઞાનને સમ્યગ્દર્શન કહ્યું છે. આમાં જ્ઞાન ઓછું-વત્તું હોઇ શકે પણ રૂચિ ધર્મમાં સર્વત્ર હોવી જોઇએ. રૂચિ ક્વચિત્ હોય, ક્વચિત અરૂચિ હોય તો એ સમ્યક્ત્વનું દૂષણ પણ છે.**

**બીજો પ્રકાર :** પાપમાં પશ્ચાતાપ અને ધર્મમાં આપણા, બીજાના, બધાના=શ્રી સંઘના ધર્મમાં અને ધર્મી ઉપર સ્નેહ-આનંદ-મમતા. આ ભેદ સમ્યક્ત્વને નિર્મળ

અને દઢ બનાવે છે. આ ભેદના કારણે જ્ઞાન-ક્રિયામાં રૂચિની તીવ્રતા થાય છે. શક્ય પ્રયત્ન આવે છે. ધગશ જાગે છે અને જીવ શ્રદ્ધામાં અને આચારમાં આગળ વધે છે. આનાથી વિપરિત પાપમાં પણ સમજવું.

**૩જો ભેદ :** વિશેષ જ્ઞાનાભ્યાસ અને યથાશક્ય અધિક-અધિક પ્રવૃત્તિ... ધર્મની બાબતમાં જિનપ્રણિત શાસ્ત્રનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો અને તેને અનુસારે યથાશક્ય આચારમાં પ્રવૃત્તિનો અને પાપમાંથી નિવૃત્તિનો પ્રયત્ન કરવો. અહીં માત્ર કરણરૂપ પ્રયત્ન ન સમજતાં કરાવણ-સહાયકતા-ઉપબૃંહણા અને અનુમોદના પણ સમજવા.

અહીં જ્ઞાનનું પઠન-ભાવન-પરિશીલન રૂચિ-શ્રદ્ધાપૂર્વક વિશેષ હોય, જ્ઞાન પ્રધાન રૂપે વૈરાગ્ય-અધ્યાત્મ અને આચારવિષયક લેવાનું જેનું ઉંડાણથી ભાવનારૂપે પરિશીલન કરવાનું હોય છે. આનાથી વિપરીત પાપના ભેદ તરીકે પાપનો રસ-તેનું વિશેષ જ્ઞાન-યથાશક્તિ પ્રવૃત્તિ સમજવા. અહીં પણ પાપનું માત્ર કરણ જ ન લેતાં કરાવણ-બીજાને પાપમાં સહાય - તેની ઉપબૃંહણા-સ્વ-પર પાપ પ્રવૃત્તિની અનુમોદના પણ સમજવી.


**૪થો ભેદ :** જીવનમાં સર્વશક્તિથી-સર્વ પ્રયત્નથી જ્ઞાનીની નિશ્રા સ્વીકારવી. તેઓની આજ્ઞાને શિરસાવંદ્ય કરવી. જીવન સમર્પણ કરવું. સતત અભ્યાસ અને આચાર પાલન દ્વારા સતત આરાધનામય અને પાપનિવૃત્તિની બદ્ધલક્ષતાવાળા બનવું.

આ ચાર ભેદો ઉત્તરોત્તર જીવને પ્રયત્ન અને જાગૃતિથી પ્રાપ્ત થાય છે. અને વિપરીતમાં અનાદિકાળથી અશુભકર્મ સંસ્કારથી પ્રવર્તતા પાપના ભેદો છૂટતા જાય છે. જીવનનું આ સફળપણું છે. તેથી અનિવર્તન સ્વભાવવાળા કાળ (સમય)ને સાર્થક બનાવવા પાપના ભેદો છોડી ધર્મના ભેદો આત્મસાત કરવા.



## ૪૧

जस्सऽत्थि मच्चुणा सक्खं,
जस्स वऽत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि,
सो हु कंखे सुहे सिया ।।



ગાથાર્થ - જેને મૃત્યુ સાથે મિત્રતા છે, અથવા જે મૃત્યુથી પલાયન થઈ શકે છે, અથવા જે જાણે છે કે હું મરવાનો નથી, તે આવતી કાલે ધર્મ થશે એવી ઇચ્છા કદાચિત્ કરે. ।।૪૧।।

*41. Only he shall seek worldly pleasures,*
*Who has death as his friend*
*(and reckons that death will spare him),*
*Or one who thinks he can escape death,*
*And is convinced that he shall never die.*

જન્મેલ કોઇ વ્યક્તિ રોગથી છૂટકારો મેળવી શકે, મતલબ આખી જિંદગીમાં તેને નખમાંય રોગ ન આવે તે સંભવ છે. ઉંમર થવા છતાં શરીરનું પુણ્ય લઇને આવ્યો હોવાથી વૃદ્ધાવસ્થાના એકેય લક્ષણ ન દેખાય તે શક્ય છે પરંતુ દરેકને મોતના શિકાર બનવું જ પડે છે. આખી જિંદગી તનતોડ મહેનત કરીને ભેગા કરેલ વસ્તુ-વાસ્તુ-વસુ-વ્યક્તિને એક જ સાથે છોડીને જવું જ પડે ત્યારે સુખની ઇચ્છા શી રીતે રાખી શકાય?

ગ્રંથકાર કહે છે જેને મરણની સાથે મિત્રતા હોય - જે મરણથી ભાગીને બચી શકતો હોય કે જે એમ જાણતો હોય કે હું ક્યારેય મરવાનો જ નથી આ ત્રણ શક્તિવાળો જીવ કદાચ સુખની ઇચ્છા કરે તો ક્ષંતવ્ય ગણાય.

**સામાન્યથી ભૌતિક સુખની ઇચ્છા કરવી વ્યાજબી નથી કેમ કે આ સુખની ઇચ્છાના કારણે જીવની મૂઢતા-રાગ-દ્વેષની તીવ્રતાથી સાક્ષાત કે પરંપરાએ અઢારે પાપસ્થાનોમાં પ્રવર્તન થતું હોવાથી તેનાથી પ્રાપ્ત સુખ(?) અનંત દુઃખનું કારણ બને છે.**

મરણ એ પ્રાપ્ત સર્વ ભૌતિક સુખોનો અને તેની સામગ્રીનો જીવથી વિયોગ કરાવે છે.એટલે કે નાશ કરે છે. મરણથી જો સર્વ સુખ નાશ થાય છે તો તેવા ભૌતિક સુખની ઇચ્છા કે પ્રવૃત્તિ કરવી વ્યાજબી નથી. આ ઇચ્છા અને પ્રવૃત્તિ એ પણ ભવાંતરના દુઃખ અને દુર્ગતિની પરંપરાનું કારણ છે.

જે વાત અશક્ય-અસંભવિત છે તેવી વાત વ્યંગરૂપે બતાવે છે કે નંબર એક જે જીવને મરણ સાથે મિત્રતા હોય કે જેના કારણે મરણ તે જીવને દોસ્તીના નાતે છોડી દેતું હોય તો ભલે તે ભૌતિક સુખની ઇચ્છા કરે. પણ તે અશક્ય છે. તેને માટે પોતાનું-પરાયું જેવું કાંઇ નથી. અગ્નિની જેમ તે સર્વભક્ષી છે.

નંબર બીજો - જે મરણથી ભાગીને બચી શકતો હોય, જે તેના સકંજામાંથી છૂટીને પલાયન થઇ શકતો હોય તે ભલે સુખની ઇચ્છા કરે પરંતુ ત્રણે કાળમાં સંસારી સર્વજીવો ક્યારે પણ મરણથી બચી શકતા નથી, અત્યાર સુધી કોઇ જીવ બચ્યો નથી, મોક્ષે ગયા સિવાય કોઇ જીવ ક્યારે પણ મૃત્યુના પંજામાંથી છટકી શકતો નથી. પોલીસના હાથમાંથી કે વિરૂદ્ધ રાજાના સૈનિકના હાથમાંથી હજી છટકી શકાય પણ




મોતની પકડ ક્યારેય ઢીલી પડતી નથી. તેથી પણ ભૌતિક સુખની ઇચ્છા કરવા જેવી નથી.

નંબર ત્રીજો - જે વાસ્તવિક રીતે એમ જાણે કે હું મરવાનો નથી - અમરપટ્ટો લઇને જ આવ્યો છું. બાકી બધા ભલે જતા દેખાય પણ મારે તો કાયમી અહીં જ રહેવાનું છે તો તે સુખની ઝંખના કરે તે વાત જુદી. પરંતુ સંસારી જીવોમાં ત્રણે કાળમાં ત્રણે જગતમાં કોઇ જીવ એવો હતો નહીં - અત્યારે નથી અને ભવિષ્યમાં હશે નહીં જે એમ જાણે કે હું મરવાનો નથી. મૂઢ-ગાંડો માણસ આવું બોલે કે જાણે તો તે સત્યરહિત છે-પ્રમાણભૂત નથી.

ટૂંકમાં મોક્ષને પ્રાપ્ત કર્યા વગર મરણથી કોઇ પણ જીવ છૂટી-બચી કે રહી શકતો નથી. ભૌતિક સુખની ઇચ્છા પણ ન કરવી જોઇએ આમ કહીને એ બતાવવું છે કે જીવનમાં તેની રૂચિ-ઇચ્છા-પ્રધાનતા ઘટાડતા આવો અને તેને પાપ-દુઃખ-દુર્ગતિ-તેની પરંપરાનું કારણ સમજી તેના ઉપર નફરત-જુગુપ્સા-ઉપેક્ષા કરતા રહો અને શક્ય એનો ત્યાગ કરતાં-કરતાં આગળ વધો. આ વિષયસુખો ઉપરના અરૂચિ અને ત્યાગ દ્વારા જીવ કષાયનિગ્રહ અને ઇન્દ્રિયદમનને સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે. આના માટે ધર્મના આચારો-વ્રતો-ક્રિયાઓ-મર્યાદાઓ અને ભાવનાઓ, વૈરાગ્યના પ્રકારો-અધ્યાત્મપરિણતિ કેળવણી અનિવાર્ય છે. અને તેના સ્વરૂપ-પ્રયત્ન-ઉપાયો બતાવતા જે શાસ્ત્રો ઉપલબ્ધ છે તે શાસ્ત્રો તથા એના અનુભવી ગુરૂગમ દ્વારા આચાર અને ભાવનામાં જીવ પ્રયત્નપૂર્વક આગળ વધે તો જગતના જીવોમાં સંસારની અનાદિકાલીન ભ્રમ-અજ્ઞાન-મોહ, રાગ-દ્વેષ, કષાય વિષયોના રંગને અવલંબીને જે સંસારમોહ રસિકતા-તેવી પ્રવૃત્તિઓની તત્પરતા-લાગણી અને અસદ્ભાવનાઓ પ્રવર્તે છે તે નાબૂદ થતી જાય છે. અર્થાત્ રોગના કારણો અને નિરોગિતાના કારણો પરસ્પર વિલક્ષણ હોય છે, બુદ્ધિશાળી અને મૂર્ખની પ્રવૃત્તિ-સ્વરૂપ પરસ્પર ભિન્ન હોય છે, સજ્જન અને દુર્જનના ચિહ્નો જુદા હોય છે તેમ ધર્મનું અને મોહ-પાપ-સંસારનું સ્વરૂપ પણ સ્વભાવ અને ઉદ્દેશ બન્ને રીતે અલગ છે. માટે ભૌતિક સુખનો ત્યાગ વૈરાગ્ય દ્વારા કરતાં આધ્યાત્મિક સુખની પરાકાષ્ટારૂપ સર્વથા મરણથી રહિત-સંપૂર્ણ આત્મસ્વરૂપના પ્રગટીકરણરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે.

## ૪૨

दंडकलिअं करित्ता,
वच्चंति ह राईओ य दिवसा य ।
आउसं संविलंता,
गया वि न पुणो नियत्तंति ।।


દંડકલિઅં કરિત્તા,
વચ્ચંતિ હુ રાઈઓ ય દિવસા ય
આઉસં સંવિલંતા,
ગયા વિ ન પુણો નિયત્તંતિ ॥૪૨

ગાથાર્થ - હે આત્મા! દંડથી ઉકેલાતા સૂત્રની જેમ રાત્રિ-દિવસો આયુષ્યને ઉખેળી રહ્યા છે, પરંતુ ગયેલા તે ફરી પાછા આવતા નથી. ।।૪૨।।

*42. Life is like a large piece of cloth,*
*Coloured by the soul-hurting acts of mind, speech and body.*
*Just as thread is ripped away from a piece of cloth,*
*Day and night are ripping apart, inexorably,*
*The fabric of life.*
*And the thread that they have ripped away,*
*Shall not come back.*



એક ખોખામાં દાંડીઓ ભેગી કર્યા પછી જેમ જેમ દિવસો પસાર થાય તેમ તેમ એક એક દાંડી બીજા ખોખામાં મુકતા જાય, આ રીતે દંડ દ્વારા ગણતા ગણતા સંસારી જીવોના દરેક ભવમાં જે રાત્રિ-દિવસો પસાર થાય છે તે ગયેલા પાછા નથી આવતા તે સર્વવિદિત છે પણ નુકશાન એ કરતા જાય છે કે મન-વચન-કાયાના દંડયુક્ત થઈને જાય છે - ભોગવાતા આયુષ્યને લપેટીને જાય છે.

ગયેલ કાળ તો સિદ્ધભગવંતોનો પણ પાછો નથી આવતો પરંતુ એમને મન-વચન-કાયાના દંડરૂપી=પાપબંધરૂપી નુકશાન નથી અને એ ત્યાં શાશ્વત ભવિષ્યકાળ માટે છે, માટે તેમનું આયુષ્ય નથી, આયુષ્ય ઘટતું નથી, આયુષ્ય વિંટળાતું નથી. સંસારી બધા જીવો આયુષ્યવાળા હોય છે, બધાને મરણ આવે છે, બધાનું આયુષ્ય ઘટતા-ઘટતા નાશ પામે છે એટલે ભૂતકાળરૂપે વિંટળાઈને ખાલી થાય છે તથા સંસારી જીવો લગભગ બધા મન-વચન-કાયાના દંડવાળા હોય છે, પાપકર્મ બાંધનારા હોય છે, જેમ જેમ કાળ પસાર થાય છે તેમ પાપકર્મ બંધાય છે, ભોગવવાના ઊભા થાય છે. આ વાત બતાવીને એ કહેવું છે કે જે કાળ પસાર થાય છે તે કાળનો સાવધાની અને કાળજીથી અત્યંત વિવેકપૂર્વક ધર્મ આરાધનામાં સદુપયોગ કરવા દ્વારા વિશિષ્ટ રીતે કર્મનો નાશ કરવો અને ભવિષ્યમાં વિશિષ્ટતમ રીતે કર્મોનો ખાત્મો બોલાવી શકાય તેવા સાનુબંધ પુણ્ય અને ધર્મને આત્મસાત્ કરવો. આ જ પસાર થતાં રાત-દિવસોનું પ્રધાન કાર્ય છે. વર્તમાનકાળમાં ભૂતકાળની ભૂલો-પાપો-અશુભ સંસ્કારોનો પશ્ચાતાપ-નિંદા-ગર્હાથી નાશ કરીને ભૂતકાળ સુધારાય છે. આ પશ્ચાતાપ-નિંદા-ગર્હા માટે પાપસ્થાનોની વાસ્તવિક સૂક્ષ્મ ઓળખ અને એની જુગુપ્સા-અરુચિ હોવી જરૂરી છે. ઓળખ એ જ્ઞાન છે અને એની જુગુપ્સા એ જ્ઞાનનું સમ્યક્‌પણું છે. જ્ઞાનનું સમ્યક્‌પણું એ સમ્યગ્દર્શનસહકૃતપણું છે એ પાપમાં જુગુપ્સા-અરુચિથી વ્યક્ત જણાય છે. 'अइयं निंदामि' આ ભૂતકાળને સુધારવાનો વર્તમાનકાળનો ઉપાય છે. વર્તમાન પોતે સુધરે તો ભૂત-ભવિષ્યને પણ સુધારે છે તેથી એમ કહેવાય જેનો વર્તમાન સારો તેના ત્રણે કાળ સારા.

રાત-દિવસ સતત પસાર થાય છે અને જે જાય છે તે પાછા આવતા નથી. આ


વિચારસરણી જીવને વર્તમાનકાળમાં સાવધ કરે છે કે તું શક્ય પાપો છોડ, પાપની પ્રશંસા-અનુમોદના કરવાનું બંધ કર, પાપમાં પ્રવર્તવું જ પડે તો અરૂચિ અને જુગુપ્સા ધારણ કર. વર્તમાનકાલીન પાપમાં પશ્ચાતાપ પણ આવી શકે.

બીજાના પાપોમાં આનંદ ન પામવો, પ્રશંસા ન કરવી. બીજાને પાપકાર્યની પ્રેરણા પણ નહીં. **જે નિંદા-ગર્હા કરવા દ્વારા ભૂતકાળના પાપથી નિવૃત્ત થાય એ વર્તમાન પાપમાં ત્રિવિધે પાપોથી નિવૃત્ત થઇ શકે અને જે વર્તમાન પાપથી ત્રિવિધે નિવૃત્ત હોય-થાય તેને સંવરણ=દ્રવ્યભાવથી પાપથી અટકવું તે સાંગોપાંગ વાસ્તવિક આવે. અતીત નિંદા પછીનું વર્તમાન સંવરણ વિશિષ્ટ અને પાવરફૂલ હોય, સંપૂર્ણ હોય.** આમ વર્તમાનકાળમાં ભૂતકાળ સુધરે તો વિશિષ્ટ રીતે વર્તમાન સંપૂર્ણ સુધરે અને તો તે જીવના ભવિષ્યના ત્રિકરણ પાપ વિરામના કરેલ પચ્ચક્ખાણ વાસ્તવિક છે. આમ ભવિષ્યને પણ ધર્મ અને પુણ્યથી સાનુબંધ વર્તમાન બનાવે છે. જેમ વર્તમાન ભૂતના અશુભ અનુબંધનો-કર્મનો-સંસ્કારોનો નાશ કરે છે તેમ વર્તમાનમાં સાનુબંધ ધર્મ અને શુભસંસ્કાર અને કર્મનું ઉત્પાદન પણ કરે છે. અને વર્તમાનમાં ઉત્પન્ન થયેલ સાનુબંધ ધર્મ-શુભ સંસ્કારો અને કર્મ જીવના ભવિષ્યકાલીન સંયોગ-મતિ અને પુરૂષાર્થને સુધારે છે-વેગવંત બનાવે છે. અને જો કાયમ વર્તમાન સાંગોપાંગ રીતે કાળજી-પ્રયત્નથી સુધારતા જ રહીએ તો મોક્ષ સુધી જીવ નિરાબાધ-નિષ્કલંક પ્રયત્ન કરી શકે છે. માટે વર્તમાનકાળ=હાથમાં રહેલ ક્ષણ-પળનો વિચાર કરી તેનો સદુપયોગ કરતા રહેવું જેથી ત્રણે કાળ ઉજ્જવળ બને.



## ૪૩

जहेह सिंहो व मियं गहाय,
मच्चू नरं णेई हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया,
कालंमि तंमि सहरा भवंति ।।



ગાથાર્થ - આ લોકમાં જેમ સિંહ મૃગને પકડીને લઇ જાય છે. તેમ મૃત્યુ અંત સમયે માણસને પકડીને લઇ જાય છે. તે સમયે માતા-પિતા કે ભાઇ સહાયક બનતા નથી. ॥૪૩॥

***43. Death invariably captures its prey***
***Just as a lion hunts deer.***
***And at that time,***
***The mother, father, brothers of the one who is about to die***
***Cannot prevent his death.***

રોગથી ડૉક્ટર છોડાવી શકે. પૈસા ગરીબીથી છોડાવી શકે, ગુંડાથી પોલીસ બચાવી શકે પણ મોતથી બચાવનાર-છોડાવનાર કોણ? આ એક બહુ મોટો ચિંતાજનક પ્રશ્ન છે. તેથી અહીં કહે છે જંગલમાં જેમ સિંહ હરણને (તેના જેવા પ્રાણી-પશુને) લઇ જાય ત્યારે તેને બીજા કોઇ છોડાવી શકતા નથી તેમ મૃત્યુ મનુષ્યને (એના આત્માને) લઇ જતું હોય ત્યારે નજીકમાં બેઠેલા-રહેલા માતા-પિતા-પત્ની-ભાઇ તેને બચાવવા સમર્થ થતા નથી.

સિંહ જેમ સામાન્યથી બધા કરતાં બળવાન છે તેમ આયુષ્ય પૂર્ણ થતા આવતું મૃત્યું બધા કરતા બળવાન છે. ઇન્દ્ર-ચક્રવર્તિ-ખુદ પરમાત્મા પણ આવતા મરણને અટકાવી શકતા નથી. ઉદયમાં રહેલ આયુષ્યને લંબાવી-વધારી શકતા નથી. આયુષ્ય કર્મની પૂર્ણાહુતિમાં જીવનું કશું ચાલતું નથી. **''દોરી તૂટી આયુષ્યની ત્યાં સાંધનારૂ કોણ છે?''** આમ કહીને એ જણાવે છે કે આયુષ્ય પુરૂં ન થાય - જબ લગ ઘટમેં પ્રાણ ત્યાં સુધી શક્ય હોય તે કરી લેવું-મરણ આવે ત્યારે કશું ચાલતું નથી. અહીંના સંયોગો-સામગ્રીઓ-શરીર-સ્વજનો બધુ કાચી સેકંડમાં જીવને છોડાવીને નવા કર્મના-આયુષ્યના અનુસારે કર્મ જીવને જ્યાં લઇ જાય - જેવી સામગ્રી-સંયોગ-શક્તિ અને જેવું શરીર આપે તે જીવે સ્વીકારવું પડે તેમાં જીવનું કશું ''ननु न च'' હા-ના, ગમો અણગમો ચાલે નહીં.

જ્યારે સંસારી બધા જીવોની કર્મબલવત્તા કાળે આટલી-આવી કંગાલીયતા-પરવશતા હોય ત્યારે કોણ કર્મની સામે માથું ઊંચુ કરીને લડી શકે-મરણથી બચવાનો કોઇ ઉપાય નથી. પરંતુ જીવ શાંતિથી-સમતાથી-સંકલેશ છોડીને કર્મના ઉદયને સહન કરી લે તો તે પછીની અવસ્થામાં કર્મનું બળ ઘટતું જાય અને આત્માનું બળ વધતું જાય. એટલે કે પ્રતિકુળ અવસ્થામાં-બળવાન કર્મની અવસ્થામાં આત્માએ ધૈર્ય-સમતા-સહનશીલતા અપનાવવાની હોય છે અને અનુકૂળ પરિસ્થિતિમાં સત્વ ફોરવી-વિવેકપૂર્વક મોહ-માયા-મદ-કામ વગેરેને જ્ઞાન અને ભાવના દ્વારા નિર્બળ પ્રાયઃ- નષ્ટપ્રાયઃ કરવા માટે દાન-શીલ-તપ-ભાવ-જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ વગેરે વ્યવહારધર્મના વિશેષ અને સતત આચરણ દ્વારા શુભભાવના સહયોગપૂર્વક કર્મોને



જર્જરિત કરવાનું કામ કરવાનું હોય છે. શક્તિના કાળમાં કર્મોને હરાવવાનું અને ધર્મ કરી લેવાનું કામ કરી લેવું જોઇએ. સામગ્રી-શક્તિ-સંયોગના અભાવ વખતે પૂર્વે કરેલ ધર્મ સહાયક બને છે અને કર્મનું બાહ્ય જોર હોવા છતાં આંતરિક પ્રસન્નતા-સમાધિ-ધર્મભાવના-આત્મજાગૃતિ વિકસતી જાય છે. અને સદ્ગતિની પરંપરા પ્રાપ્ત થાય છે.

જ્યારે બાહ્ય ધર્મ કરવાની મોસમ-સંયોગ ન હોય ત્યારે સદ્ભાવનાઓ કરવાની અને સદ્ધર્મ કરનારને સહાય-પ્રશંસા-ઉપબૃંહણા-અનુમોદના કરવાની મોસમ સમજવી. આ કર્તવ્ય ધર્મિ આત્માને ધર્મ કરવાના કાળે પણ છે અને ધર્મ ન કરી શકે તેવા કાળે પણ છે. એવી જ રીતે ધર્મિ આત્માઓને પાપજુગુપ્સા-પાપરૂપે નિંદા-ગર્હા, અસદ્ભાવનાઓ-વિચારણાઓની-વાણી વર્તનની અરૂચિ, બીજાના પાપવલણ-વાણી-વિચારમાં અસહાય-પ્રશંસા-અનુપબૃંહણા-અનનુમોદના પણ પોતાના પાપકર્મનો નાશ કરે છે. પોતાને વિશેષ પુણ્યયોગ્ય અને ધર્મયોગ્ય બનાવે છે. એટલે અંતરાયકર્મની બળવત્તામાં ધર્મ કરવાની પ્રક્રિયા-પ્રકાર જુદા છે. અને તેની નિર્બળતામાં ધર્મ કરવાના વિશેષ પ્રકારો છે. આમ ધર્મિ આત્માને બન્ને સંયોગોમાં કમાણી છે. પરંતુ ધર્મની દૃષ્ટિ વગરનો-ધર્મની ભાવના વિનાનો જીવ, કર્મ નિર્બળ હોય ત્યારે પાપના વધારે પ્રયત્નો કરવા અને વધારે ભટકવાની તૈયારી કરવી અને કર્મની બલવત્તામાં દીન-હતાશ બનીને ઈર્ષા-દ્વેષથી વધારે પાપ બાંધવા અને ભવિષ્યમાં વધારે હેરાન થવાની સ્થિતિ સર્જતો હોય છે.

મૃત્યુ પર વિજય મેળવવા કાળ અનુકુળ હોય કે પ્રતિકુળ ધર્મ કરવા દ્વારા તેને સફળ બનાવવો જ પડે.


## ૪૪

जिअं जलबिंदुसमं,

संपत्तिओ तरंगलोलाओ ।

सुमिणय समं च पिम्मं,

जं जाणसु तं करिज्जासु ।।


जीअं जलबिन्दुसमं
संपत्तीओ तरंगलोलाओ
सुमिणय समं च पिम्मं
जं जाणसु तं करिज्जासु ॥४४

ગાથાર્થ - જીવિત જલબિંદુ જેવું છે. સંપત્તિઓ જળના તરંગની જેમ ચંચળ છે અને સ્નેહ સ્વપ્ન સમાન છે. જે જાણે તે પ્રમાણે તું કર. ।।૪૪।।

*44. Like a drop of water,*
*Life is fleeting and fragile.*
*Like the waves of water,*
*Wealth is fickle.*
*Like a dream,*
*Love is illusive.*
*Know this, and do what is right.*



જીવન પાણીના બિંદુ-ટીપા જેવું છે, સંપત્તિઓ સમુદ્રમાં ઉઠતા તરંગ સમાન ચંચલ છે, દુન્યવી બધો જ પ્રેમ સ્વપ્ન સમાન છે આ ત્રણે અતિ અલ્પકાલીન અને નાશવંત છે તે સમજીને જે યોગ્ય લાગે તે કરજે.

જિઅં નો અર્થ જીવ ન કરતાં જીવિત કરવો. જીવિત એટલે આયુષ્ય. બિંદુસમં એટલે અલ્પકાલપ્રમાણ છે. અર્થાત બિંદુ જેમ ઝટ શોષાઇ જાય છે, સુકાય છે, લટકતું હોય તો ખરી પડે છે તેમ મનુષ્યનું આયુષ્ય અલ્પ હોય છે અને તે પણ શીઘ્ર અનેક કારણે નાશ પામે છે. ક્યારે-કેવી રીતે નાશ પામે તે પણ જાણી શકાતું નથી. માટે જીવનના ભરોસે રહેવું નહીં, ધર્મ આરાધનાના કાર્યમાં પ્રમાદ-ઉપેક્ષા કરવી નહીં, અચાનક પણ મરણ આવી પડે ત્યારે સંકલ્પ-વિકલ્પરહિત અને સમતામય બનવું-રહેવું જોઇએ અને એવી અવસ્થા કાયમ બને તો અંતકાળે એ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય માટે જીવનકાળ દરમ્યાન સંકલ્પ-વિકલ્પોને ઘટાડતા રહેવા, ચિત્તની શાંતતા-સ્વસ્થતા-પ્રસન્નતાને સદા કેળવતા રહેવી અને એ માટે સંસાર, સંસારની વ્યક્તિઓ, વસ્તુઓ, સંયોગો, શક્તિઓ પર પ્રધાનતાની-મુખ્યતાની લાગણી-બુદ્ધિ ન રાખવી, સંસાર ગૌણરૂપે જોવો.

જીવનમાં અચાનક આવતા અવસર માટે એને સફળ બનાવવા એમાં સારા કાર્ય તાત્કાલિક કરી લેવા જોઇએ અને એ માટે એની તૈયારી જીવનમાં પહેલાથી કરી રાખવી પડે અને કાયમ માટે એ કાર્ય અંગે સાવધ રહેવુ પડે. આ નિયમ બધી બાબતમાં લાગુ પડે. માટે મરણ વખતની સ્વસ્થતા-શાંતિ-સમાધિ-સદ્દભાવના માટે જીવનમાં સતત આનો અભ્યાસ-પ્રેક્ટીસ કરવી પડે, આ અભ્યાસ-સ્વભાવ આત્મસાત કરવો પડે અને આનાથી વિપરીત સંકલ્પ-વિકલ્પ-ઉશ્કેરાટ-રાગ-દ્વેષ-મોહ-મમતાની કામ-ક્રોધાદિની-આવેશ-ઉશ્કેરાટની લાગણીઓ સતત ઘટાડવી જોઇએ એ માટે પ્રયત્નશીલ બનવું તો મરણ વખતે સમાધિ સહજ મળે. મરણ અચાનક આવે છે એ જણાવવા જીવન અલ્પકાલીન-જલબિંદુની જેમ શીઘ્ર-સહજ નાશ પામે છે તે બતાવ્યું.

સંપત્તિઓ સમુદ્રના મોજા, સરોવરમાં ઉઠતા તરંગની જેમ ચંચલ છે. એટલે કે મોજા-તરંગો જેમ વાયુના કારણે થાય છે તેમ પુણ્યના કારણે શક્તિઓ અને સંપત્તિઓ

મળતી હોય છે. પણ જ્યારે પુણ્ય જ ચંચલ હોય છે તો તેનાથી પ્રાપ્ત લક્ષ્મી-શક્તિઓ સ્થાયી ક્યાં હોવાની? આ ચંચળતા સમજી ધનનો થાય તેટલો સદ્ઉપયોગ કરવો. સંયમ લેવા દ્વારા તેનો સંપૂર્ણ ત્યાગ કરવો, તે શક્ય ન હોય તો પરિગ્રહ પરિમાણ કરી તેને વધારવું નહીં, જે પાસે હોય તેની પણ મૂર્ચ્છા છોડવા પ્રયત્ન કરવો, ક્યારેક કોઇપણ રીતે તે નાશ પામે-જતી રહે કે ઓછી થાય તો દીનતા પણ ન કરવી, અને ન ધારવા છતાં વધતી રહે તો તેનો ગર્વ પણ ન કરવો.

**શક્તિ કે સંપત્તિનો ગર્વ-મમત્વ કે દીનતા એ જીવને તેના અંતરાયનું કર્મ બંધાવે છે. જ્યારે સંપત્તિ-શક્તિનો ત્યાગ-ઉદાસીનતા અને સદુપયોગ એ ભવિષ્યમાં તેની વિશિષ્ટ પ્રાપ્તિ કરાવે છે.** તેના પર મમત્વનો અભાવ-તેના ત્યાગનું સામર્થ્ય-વિશિષ્ટ સદુપયોગ-એના ગર્વનો અભાવ-સંપત્તિ આદિથી રહિત વ્યક્તિઓ ઉપર તિરસ્કારનો અભાવ-કરૂણા વગેરે જીવને પ્રાપ્ત કરાવે છે. માટે તેની ચંચળતા-પુણ્યાધીનતાને મનમાં વસાવીને તેની ઝંખના ન કરવી અને જે મળેલ છે તેનો સદ્વિનિયોગ કરવો.

સંપત્તિ એ પુણ્યનો ભાર છે, આત્માનું ગૌરવ નથી. આત્માનું ગૌરવ આત્માની સંપૂર્ણ શુદ્ધ અવસ્થા છે. આત્માના અપૂર્ણગુણો એ પૂર્ણગુણોનું કારણ અને નજીકના કાળમાં પૂર્ણ ગુણો પ્રાપ્ત થવાના હોવાથી અપેક્ષાએ ગૌરવરૂપ હોવા છતાં અપૂર્ણતા એ કર્મની વિટંબના છે એ પણ ગર્વનો વિષય નથી, એ પણ સંપૂર્ણતા ન પામે તો નાશ યોગ્ય હોવાથી ચંચલ છે એમ વિચારવું.

પરમાત્માનો જીવ વીતરાગી છે. અને મોક્ષને યોગ્ય જીવ વૈરાગી છે માટે સંસારી વ્યક્તિ-ચીજો-શક્તિ-સંયોગોમાં જે પ્રેમ છે, રાગ છે, લાગણી છે તે સ્વપ્નની જેમ નાશવંત છે. જરૂર પડે ત્યારે વ્યવહાર પૂરતું-ઔપચારિક એનો ઉપયોગ-દેખાડ કરવો તે ઠીક છે. બાકી વૈરાગ્યમય બની તેમનાથી અલિપ્ત રહેવું.

સ્વપ્ન સમાન બતાવવાથી પ્રેમ એકપક્ષી પણ હોય છે અને પરસ્પર બન્નેને પણ હોય છે છતાં બન્નેના લક્ષ્ય-ઉદ્દેશ જુદા હોય છે. સ્વપ્નની જેમ પ્રેમ ઘડીવારમાં ઊડી જાય છે. નાશ પામે છે. જડવસ્તુ પરનો પ્રેમ-રાગ તો એક પાક્ષિક છે. સામે લાગણી વગરની વ્યક્તિ ઉપરનો પ્રેમ પણ એકબાજુનો હોય છે. તેથી તેમાં પણ કાંઇ વળતું-મળતું નથી.




ધર્મસ્થાનો ઉપર પણ જે પ્રેમ-મમતા-સ્નેહ ઊભા કરવાની-રાખવાની વાત કરી તે પણ સંસારના મોહને છોડવા માટે, ત્યાંથી તોડીને અહીં મનને જોડવા માટે છે. બાકી આગળ વધતા જીવે સ્વયં અંતર્મુખ-વૈરાગી બની, પ્રીતિ-ભક્તિ-વચન પ્રેમને સ્વભાવગત-અસંગરૂપ ધર્મમય બની વીતરાગી બનવાનું છે.

એ ધર્મ પ્રેમ વિવેક અને વૈરાગ્યયુક્ત હોવાથી ઉપર ચઢતા તેમાંથી પ્રેમ-લાગણી અંશ નિવૃત્ત થઇ વીતરાગતા-સ્વભાવગુણમયતા અને સ્વભાવ સર્વદોષરહિતતા યુક્ત જીવ બને છે. માટે ધર્મમાં ત્રણ પ્રકારના પ્રેમ (પ્રીતિ-ભક્તિ-વચન) ક્રમશઃ લાવીને અંતે ધર્મસ્વભાવરૂપ બનવું-મોહમુક્ત-પ્રેમમુક્ત બનવું.

## ૪૫

संझरागजलबुब्बुओवमे,
जीविए य जलबिंदु चंचले ।
जुव्वणे य नई वेग-संनिभे,
पावजीव! किमियं न बुज्झसे ।।


સંઝરાગ જલબુબ્બુઓવમે
જીવિએ ય જલબિંદુ ચંચલે
જુવ્વણે ય નઈ વેગ સંનિભે
પાવજીવ! કિમિયં ન બુજ્ઝસે ॥૪૫॥

ગાથાર્થ - સંધ્યાના રંગ અને પાણીના પરપોટા સમાન જીવિત જળબિંદુ જેવું ચંચળ હોવા છતાં અને યૌવન નદીના પૂર જેવું હોવા છતાં, હે પાપી જીવ! તું બોધ કેમ પામતો નથી? ॥૪૫॥

*45. O sinner,*
*Do you not realise that,*
*Life is as brief as twilight,*
*As momentary as a water bubble,*
*And as fleeting as a drop of water.*
*Youth flashes by as fast as a gushing river.*



સંધ્યાના રંગ સમાન શીઘ્ર નાશ પામી જાય તેવું જીવિત છે. સાંજના સૂર્યાસ્ત બાદ સુંદર રીતે ખીલેલી-ખૂલેલી સંધ્યા જેમ વધારે સમય ટકતી નથી એમ જીવન પણ લાંબુ ટકતું નથી. વર્તમાનકાળમાં મનુષ્યના આયુષ્ય અલ્પ હોય છે એ પણ પાછું નિમિત્ત પામતાં સંક્ષેપાઇને શીઘ્ર નાશ પામે છે. ગમે તે અવસ્થામાં મનુષ્યનું આયુષ્ય અપવર્તનથી નાશ પામે છે.

બીજું દ્રષ્ટાંત બતાવે છે પાણીના પરપોટા જેવું જીવન છે. પરપોટા વધારે સમય રહી ન શકે તેમ જીવન પણ વધુ સમય રહી શકતું નથી.

ત્રીજું ઉદાહરણ કહે છે - ઘાસના અગ્રભાગ ઉપર લટકતા પાણીના ટીપા જેવું-ચંચલ-ક્ષણસ્થાયી જીવન છે. પલકમાં પડી શકે છે. આજે આપણે નજર સામે હાર્ટએટેક-એક્સીડંટ-કે ઉગ્ર રોગ કે બીજા પણ ઉગ્ર નિમિત્તે કેટલાયને મૃત્યુ પામતાં જોઇએ છીએ. જીવનની પૂર્ણાહુતિનો કોઇ ભરોસો નથી. પરભવમાં ગયેલ જીવને અહીંનું કશું રહેતું-મળતું નથી. બધી જ માલિકી અને સંબંધો સંપૂર્ણ છૂટી જાય છે.

જીવનમાં બાલ્ય અવસ્થા અસમર્થ-પરાધીન અને અજ્ઞાનપૂર્ણ હોવાથી તે અપ્રધાન છે, ઘડપણ પણ અસમર્થ અને અપેક્ષાએ પરાધીન હોવાથી અપ્રધાન છે. યૌવન-યુવા અવસ્થા દેખાવડી-આવકાર્ય અને શક્તિ સંપન્ન હોવા છતાં સામાન્યથી લાંબી ટકતી નથી. રોગ-ટેન્શન આદિ નિમિત્તોથી અકાળે વૃદ્ધાવસ્થા દેખા દે છે. અધવચ્ચે યુવાની નાશ પામે છે. એટલે કે મનુષ્યના શક્તિ-પુણ્ય-આવડત વગેરે અતિપુણ્ય-સાનુબંધી પુણ્ય સિવાયના લગભગ બધા માટે અનિશ્ચિત અવસ્થાન-કાળવાળા હોય છે. નદીનું પૂર જેમ થોડા સમયમાં ઊતરી જાય તેમ પુણ્ય અને શક્તિઓ થોડા સમયમાં નિમિત્ત પામી ફેરવાઇ જાય-ઘટી જાય-નષ્ટ થઇ જાય માટે પુણ્ય કે શક્તિઓનો ભરોસો રાખી બેસવું નહીં, તેનો દુરૂપયોગ પણ ન કરવો. જ્યારે જેટલો થાય તેટલો સદુપયોગ કરવો કેમ કે ભૌતિકશક્તિઓથી આત્માનું ગૌરવ નથી.

જિંદગી અને યૌવન બન્નેની અસ્થિરતા-ચંચલતા-નાશવંતપણું શાસ્ત્રોમાં અને આ ગ્રંથમાં પણ અનેક દ્રષ્ટાંતોથી વારંવાર બતાવવાનું કારણ એ છે કે એની

અલ્પકાલીનતા અને નાશવંતપણાનું જો જીવને હૃદયમાં સંવેદન થાય તો જીવ આ બે વાતમાં રાગાંધ-બેકાળજીવાળો ન થાય, એનો દુરૂપયોગ ન કરે, ભાવી ઘડપણ અને પરભવનો વિચાર કરનાર બને, તેને સુધારનાર બને, ભવિષ્યમાં સુખી-સ્વસ્થ-પ્રસન્ન રહેવાની શક્યતા સર્જાય.

યૌવનમાં જે ખાન-પાનનો વિવેક જાળવે છે, ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર બને છે તેનું સ્વાસ્થ્ય સુંદર રહે છે. વૃદ્ધાવસ્થા પણ બગડતી નથી. અને જે પ્રચુર ભોગવિલાસમાં મગ્ન બને તેનું શરીર અનેક રોગોનું ઘર બન્યા વિના રહેતું નથી.

યુવાનીમાં જે સંપત્તિનો દુર્વ્યય ન કરતાં સદ્વ્યય અને સંચય કરે છે તેને ભવિષ્યમાં ક્યાંય હાથ લાંબો કરવો પડતો નથી. પાછળની જિંદગી તે શાંતિથી-વેપારાદિથી નિવૃત્ત થઇને પસાર કરી શકે છે.

યુવાવસ્થામાં ભવિષ્યમાં સહાય કરી શકનાર આશ્રિતો અને બીજા જોડે ઉપકાર દ્વારા, પ્રેમ-વાત્સલ્ય દ્વારા સ્નેહ ઉભો કરે છે, મૃદુ-મધુરભાષણ-પરોપકાર-સહાયકતાને પ્રધાન બનાવે, ઇન્દ્રિયનિગ્રહપૂર્વક સદાચાર તત્પર થાય તેને બહારથી સેવા કરનારના સંયોગો સાહજિક મળે, બધા આશરો આપે અને ઘડપણમાં પણ જીવન નિયમિત હોવાના કારણે બહુધા રોગરહિત અને કાર્યકરણ સામર્થ્ય ટકી રહે. ઇન્દ્રિયો પણ તેવા પ્રકારે ક્ષીણ થતી નથી.

**યુવાનીમાં કે ઊતરતી યુવાનીમાં કે ઘડપણમાં જે બીજાથી અતડા રહે છે, પોતાના તેવા પ્રકારના વ્યવહારથી બીજાને વિમુખ કરે છે, જે બીજાની નિંદા-દોષો બોલવા વગેરે કરીને આશ્રિતોને અને સ્નેહી-સંબંધી-પડોશીઓને પોતાની ઉપર અરૂચિવાળા-ઉદ્વેગવાળા બનાવે છે તે ઘડપણમાં ધન ઘણું હોય તો પણ નિર્માલ્ય-નિરાધાર-દયાપાત્ર-અસહાયપણાથી દિલમાં દુભાતા-દુભાતા જીવન પૂર્ણ કરે છે.**

આમ યૌવનને ઘડપણના રક્ષણ-સહાયરૂપ-સુખરૂપ પણ બનાવી શકાય છે. અને અનિયંત્રિત યુવાની સદાચાર-શિષ્ટાચાર-આરોગ્ય-સંબંધોની નાશક પણ બની શકે છે.

યૌવનનો નાશ થયા પછી-યૌવન પસાર થયા બાદ વિશેષ ઘડપણ આવે ત્યારે કરેલ ભૂલો જીવને સમજાય છે પરંતુ તે વખતે પશ્ચાતાપ સિવાય કશું કરી શકાય તેમ



રહેતું નથી. કામ બગડ્યા પછી-રસોઇ બગડ્યા બાદ એને સુધારી શકાતા નથી. દૂધમાંથી દહીં બને પણ ફાટેલા દૂધમાંથી દહીં પણ ન બને.

બીજું યૌવન મદપ્રધાન હોય છે તેમાં સદાચારના અને શિષ્ટાચારના નાશની પૂરી સંભાવના છે છતાં જે હોંશમાં રહી આ બન્નેનું વિશેષ પાલન કરે તો વિશિષ્ટ પુણ્યનું કારણ બને. અને ભવાંતરમાં સારા સંસ્કારો નાખવાનો અવસર પ્રધાનતયા આ જ છે. કારણ એ વખતે માણસ બળવાન-સ્વાધીન હોય છે. માટે યૌવનમાં આત્માની સદ્ગતિની રાખેલ જાગૃતિ આત્માને સદ્ગતિની પરંપરા અને મોક્ષ સુધી પહોંચાડે છે. યૌવનમાં શિષ્ટાચાર અને સદાચાર રાખનારને જીવનના અંતકાળ સુધી આ બન્ને સાહજિક રહે છે. તેથી પરભવ વિશેષ ઉજ્વલ બને છે. માટે નાશવંત વસ્તુ-શક્તિઓમાં જીવની જાગૃતિ હોવી જોઇએ. દુરૂપયોગ રોકાણ-શક્યતયા સદુપયોગમાં જોડાણ કરવું, મળેલ શક્તિઓની અપ્રધાનતા-અમહત્તા સમજવી. ધર્મ-ધર્મની ભાવના, ધર્મના પ્રયત્નો, આચાર-ભાવના પ્રત્યે જીવનો અહોભાવ-ધર્મના આલંબનથી મરણ વખતે પણ જીવની પ્રસન્નતા અને સ્વસ્થતા તે આવી ભાવનાના બળથી આવે છે. આચારમાં રૂચિ અને સ્થિરતા આવે છે. પાપ-પાપવૃત્તિ-પાપબુદ્ધિથી જીવ સદા ભયવાળો બન્યો રહે છે. અને તેના કારણે પાપનો ઉદ્રેક-વિશેષરસ વગેરે જીવનમાં પ્રગટ થતા નથી.

જીવનનું અનિત્યપણું બતાવીને એ પણ કહેવું છે કે સંસારી સર્વજીવોનું મરણ અવશ્ય છે, મરણ પછી અહીંની શક્તિ-સંયોગ બધા નાશ પામે છે. મોક્ષે જનાર કેવળજ્ઞાનીને મરણ પછી બીજો જન્મ લેવાનો નથી તે સિવાયના બધાને જન્મ-મરણના ચક્રો ચાલુ છે. માટે **(બહુધા જીવોને) જીવનમાં લગભગ કશું કરવાનું કે કશું મેળવવાનું હોતું નથી. જુના કર્મો ભોગવો - નવા કર્મો બાંધો - કર્મો તથા સંસ્કારોના આધારે પુરૂષાર્થ-પ્રયત્ન કર્યા કરો. પાપસંસ્કાર-પાપાચાર-મધ્યમ-જઘન્ય વ્યાવહારિક સારા સંસ્કાર-સારા કર્મ સર્જન દ્વારા સુખ-દુઃખ અનુભવતા જીવન પૂર્ણ કરતા રહેવું અને ચારેગતિમાં ભટકયા કરવું આમ સંસારરસિક જીવોનું પર્યટન અંત વગરનું ચાલે છે. આ ભ્રમણનો અંત ક્યારે ? જીવન પ્રધાન કાર્ય વગર નિરર્થક અને ભયંકર દુઃખ પરંપરાનું કારણ લાગે તો આવે.** પછી જીવ સદાચાર અને સદ્વિચારો દ્વારા આત્માના અશુભ સંસ્કારોનો ધીમે-ધીમે ઘસારો કરે છે-નાશ કરે છે. અશુભ ઉગ્ર અને અનુબંધવાળા કર્મોનો પણ નાશ થતો આવે છે અને પુણ્યકર્મ-સાનુબંધ પુણ્યકર્મ બંધાય છે. જે સદાચાર અને સદ્વિચારની પરંપરામાં સહાયક છે. સદાચારો અને


સદ્‌વિચારો આત્મામાં શુભ સંસ્કારોને ઉત્પન્ન કરે છે જેને મોહનીય કર્મનો ક્ષયોપશમ કહેવાય છે. આ મોહનીય કર્મ ક્ષયોપશમ જોડે સંકળાયેલ બાકીના જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાય નામક ત્રણ ઘાતી કર્મનો ક્ષયોપશમ એ પણ શુભસંસ્કાર હોય છે અને આ શુભ સંસ્કારો તીવ્ર બનતા-બનતા ક્ષાયિક ભાવરૂપે-આત્મગુણરૂપે પરિણમે છે. માટે મરણને નિત્ય જોવાથી એને યાદ કરવાથી જીવ પાપોને-પાપાચારોને-પાપવિચારોને સર્વાંશે કે શક્ય અંશે છોડે છે. મતલબ પાપઆચારોને છોડે કે પાપવિચારોને ફેરવે છે. આના ફળરૂપે સર્વાંશે પાપમુક્ત થવા સમર્થ બને છે.

માટે મરણને આંખ સામે રાખવા જીવિત અનિત્ય છે એ ભાવિત કરવું અનિવાર્ય છે.



## ૪૬

अन्नत्थ सुआ, अन्नत्थ
गोहिणी परिअणोऽवि अन्नत्थ ।
भूअबलिव्व कुडुंबं,
पक्खित्तं हयकयंतेण ।।



ગાથાર્થ - હા! નિંદનીય એવા યમે ભૂતને ફેંકાતા બલિની જેમ પુત્રને અન્યત્ર, પત્નીને અન્યત્ર અને સ્વજનોને પણ અન્યત્ર, એ પ્રમાણે કુટુંબને છૂટું છૂટું ફેંક્યું છે. ।।૪૬।।

*46. Just as one flings grain in the air,*
*To appease malicious demi-gods,*
*Yama, the demi-god of death,*
*Has flung erstwhile family members in different directions.*
*So give up all attachment to spouse, children and siblings.*

કૃતાંત એટલે કરેલાનો નાશ કરનાર, લોકભાષામાં જેને યમરાજા કહેવાય છે. જીવનો કદાપિ નાશ થતો નથી, જીવે ઉત્પન્ન કરેલ પુણ્યનો કે પાપનો નાશ પણ જીવ પોતે કરી શકે. બીજાઓથી તે પણ નષ્ટ કરી શકાતા નથી. એ રીતે ખરાબ કે સારા સંસ્કારોનો નાશ પણ નિમિત્ત વગેરે કારણે પોતે જ કરે છે. તો નાશ કોનો? **જીવે તે-તે ભવમાં મેળવેલ શક્તિ-સંયોગો-સામગ્રીઓને તદવસ્થ-ત્યાં જ-તેવા જ રાખી, જે - તે જીવને ત્યાંથી ઉપાડી, યમરાજ બીજે મૂકે છે તેથી તે-તે જીવનો તે-તે સંયોગાદિથી વિયોગ કરવા રૂપે નાશ કરે છે. જેને મોત કહેવાય છે.**

યમરાજ તરીકે પણ જે ઓળખાણ છે તે લોક વ્યવહારના આધારે છે. બાકી જીવને પોતાના આ ભવની આયુકર્મની પૂર્ણાહૂતિ થતાં બીજા ભવમાં જવાનું થાય છે. આ ભવના આયુષ્યકર્મની સમાપ્તિ પૂર્વે મોક્ષે જનાર કેવળજ્ઞાની સિવાયના બધા જીવો નવા-આગળના ભવનું આયુષ્ય અવશ્ય બાંધે છે. આ આયુષ્યકર્મ જીવને પોતાના અધ્યવસાય-લેશ્યા-વિચારણાના આધારે બંધાય છે અને મરણ પછી બાંધેલ આયુષ્ય પ્રમાણે તે-તે સ્થળે કર્મ જ જીવને લઈ જાય છે.

આયુષ્ય જ્યારે સ્વના અધ્યવસાય પ્રમાણે બંધાય છે ત્યારે એક કુટુંબમાં રહેલ જીવો એક જ લેશ્યા-વિચારણાવાળા હોય તેવું બહુધા શક્ય નથી. માટે બધાના જીવન જ્યારે પૂરા થાય ત્યારે પોતપોતાના કર્મને અનુસારે જુદા-જુદા સ્થાને જીવ ઉત્પન્ન થાય છે. આકાશમાં ઉછાળાતા બલિબાકળા જેમ ચારે દિશામાં ફંગોળાય છે તેમ યમરાજ (કર્મ) એક જ કુટુંબના જીવોને મૃત્યુ બાદ જુદા-જુદા સ્થાને ફેકે છે. મરણ બાદ બધા છૂટા પડે છે. મરણ યમરાજનું કાર્ય છે તેમ વ્યવહાર કરીને ઉપમા આપી છે.

આ વાત બધા જ માટે ન સમજવી-સમાન સદાચાર-સદ્‌વિચારો અને સમર્પણના બળથી નેમ-રાજુલ, પૃથ્વીચંદ્ર-ગુણસાગર આદિના દૃષ્ટાંતોમાં ધર્માત્માઓ વારંવાર ભેગા થતા પણ સાંભળવા-દેખવા મળે છે. એક જ ઘરમાં ઉત્પન્ન થતા દેખાય છે. એવી જ રીતે પાપી જીવો પણ દ્વેષ-ઈર્ષાના કારણે અલગ સ્થાને ઉત્પન્ન થવા છતાં વારંવાર ભેગા થાય છે.




ધર્મી અને પાપી જીવો કમઠ-મરૂભૂતિ, ગુણસેન-અગ્નિશર્માની જેમ પરસ્પરની તેવી ભવિતવ્યતા-ઋણાનુબંધથી અવાર-નવાર ભેગા વિરોધી સંબંધરૂપે થાય છે. પણ આ બધું અલ્પપ્રમાણમાં ક્વચિત હોય છે. મોટે ભાગે તો આ ભવમાં ભેગા થયેલા જીવો બીજા ભવમાં છુટા પડતા હોય છે.

માટે શ્લોકમાં કહ્યું-બલી-બાકળાની જેમ યમરાજા દ્વારા ઉછાળાયેલ એક કુટુંબમાંથી પુત્ર એક બાજુ-સ્ત્રી બીજી બાજુ તો સ્વજનો ત્રીજી બાજુ પડે. એક પરિવાર વિખરાઈ જાય છે. સંસારી જીવો આ રીતે ભવોભવ ભમ્યા જ કરે છે. તેથી ધર્મી સિવાયના જીવો પર રાગ-દ્વેષ-કષાય-વિષયોના મમત્વ-વૈર છોડીને ત્યાગભાવ-ઉપેક્ષાભાવ અને ઉદાસીનભાવ કેળવવો. કેમ કે તેઓ પરનો રાગ પણ મારક અને દ્વેષ પણ નુકશાનકારી બને છે. બીજા ભવમાં જો બધા છૂટા જ પડવાના છે તો અહીં અલ્પકાળ માટે ભેગા થયેલ તે જીવો પર રાગ કરવો પણ વ્યર્થ અને દ્વેષ કરવો પણ નકામો.

ધર્મી જીવો પ્રત્યે ધર્મમાં સહાયકભાવ-પ્રેરણાભાવ પરસ્પર ધર્મદૃષ્ટિથી રાખીને આપણે મોક્ષગમનમાં તેમને સહાયક બનવું. આપણે પણ તેમની સહાયતા લેવી. ધર્મી પરનો રાગ ગુણસંબંધી-આરાધના સંબંધી-આત્મોન્નતિના લક્ષવાળો હોવાથી તે રાગ વિરાગમાં લઈ જઈ વીતરાગ બનાવે છે.

## ૪૭

जीवेण भवे भवे,
मिलियाइ देहाइ जाई संसारे ।
ताण न सागरेहिं,
कीरइ संखा अणंतेहिं ।।




ગાથાર્થ - સંસારમાં ભવે ભવે જે શરીરો, જીવો વડે પ્રાપ્ત કરાયા છે, તેની સંખ્યા અનંત સાગરોપમથી કરી શકાતી નથી. ॥૪૭॥

*47. If one were to measure or count,*
*Various bodies we were born with during transmigration,*
*They would exceed by far,*
*The infinite oceans and seas.*



સંસારમાં રહેલ જીવોએ ભવોભવ ભમતાં-રખડતાં જે શરીરો લઇને મૂક્યા છે તેની સંખ્યા અનંતી છે. અને તે ઘણી મોટી છે, કાળની અપેક્ષાએ કહીએ તો અનંત સાગરોપમની સમય સંખ્યા કરતાં પણ વધારે છે અને ક્ષેત્રની અપેક્ષાએ જોઇએ તો અનંત સમુદ્રો ભરાય તેનાથી પણ વધારે છે.

આમ બતાવીને જણાવ્યું કે જીવ મોક્ષે ન જાય ત્યાં સુધી ભવોભવ તેણે નવા શરીરો બનાવવાનું-સાચવવાનું-અંતે છોડવાનું-બીજા ભવમાં બીજું બનાવવાનું. મળેલ શરીર ગમે તેટલું રૂપાળું હોય-હૃષ્ટપુષ્ટ હોય, સાચવીને રાખ્યું હોય છતાં એક દિવસ તેને છોડવું જ પડે છે, કોઇનું ચાલતું નથી વહેલા કે મોડા તેને અહીં મૂકીને જ જવું પડે છે.

આ વાસ્તવિકતામાં શરીર કરતાં પ્રભુને-ધર્મને-સાધનોને મહત્વ અપાય અને વિવેકપૂર્વક શરીરને તથા સંસારની બીજી વાતોને ગૌણ કરીને પરમાત્માનો ધર્મ જો આરાધાય તો આ જ શરીર મોક્ષનું કારણ બની શકે. આ જ શરીર પાસેથી સાધના કરવા દ્વારા સંસારથી છૂટી શકાય.

પરંતુ સંસાર અને શરીરની, કુટુંબ અને સ્વજનોની, માન-અપમાનની, સુખ-સાહ્યબીની, એશ-આરામની, ખાન-પાનની, ઋદ્ધિ-રસ-શાતાગારવની જેના મનમાં પ્રધાનતા છે. વિશેષ આનંદ છે તે આત્માઓ વૈરાગ્યગુણો-સદાચારો-સદ્‌વિચારો રૂપ ધર્મને જાણી શકતા-આરાધી શકતા-પ્રધાનતા આપી શકતા નથી. અને બાહ્યાનંદના લોભને કારણે તેમનું સંસારભ્રમણ અટકતું નથી.

**જીવ સંસાર અને શરીરને ગૌણ કરે ત્યાર પછી જ તે ભાવસમકિત પામે છે. અને આ ગૌણતા જો પકડાયેલી રહે-રાખે તો સંખ્યાતા ભવમાં તે મોક્ષ પામે છે. કદાચ એ ગૌણતા છૂટી જાય તો પણ એક વાર પામેલ ભાવ-સમ્યક્ત્વના કારણે અર્ધપુદ્‌ગલપરાવર્તકાળમાં તેનો નિસ્તાર અચૂક થાય છે.**

આ ગાથાના અર્થ દ્વારા કર્તવ્ય એ જણાવવું છે કે સંસાર અને શરીરને લાગતા-વળગતા વસ્તુ-વ્યક્તિ કે વ્યવહારને પ્રધાનતા ન આપતા-ધર્મને સહાયક વસ્તુ-વ્યક્તિ-વ્યવહારને જ પ્રધાનતા આપી શરીર પાસેથી જેટલી સાધના શક્ય હોય તે કરી લેવી તેમાં જ આ કાયાની સફળતા-સાર્થકતા છે. આ પ્રધાનતા જીવને સંસાર-શરીરથી વહેલા છોડાવી શાશ્વત-શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે.


## ૪૮

नयणोदयंपि तासिं

सागरसलिलाओ बहुयरं होइ ।

गलियं रुअमाणीणं,

माऊणं अन्नमन्नाणं ।।




**ગાથાર્થ – અન્ય-અન્ય જન્મોમાં મળેલી માતાઓના નયનમાંથી રડતી સમયે વહેતું જલ પણ સાગરના જળથી અધિક હોય છે. ।।૪૮।।**

*48. If one were to measure or count,*
*The tears one's mothers have shed in all the births one has taken,*
*They would greatly exceed in quantity,*
*The vast waters of the ocean.*



સંસારની રખડપટ્ટી દરમ્યાન દરેક ભવમાં જન્મસમયથી લઇ જીવનના અંતિમ સમય સુધી રડવાનું કામ બહુજનવર્ગ કરતો આવ્યો છે. પરંતુ રડવા-રડવામાં પણ તફાવત છે. **આંસુ દુ:ખના પણ હોય અને દોષના પણ હોય, પીડાનું પણ રૂદન હોય અને પાપનું પણ રૂદન હોય, પ્રેમનું પણ રડવાનું હોય અને પશ્ચાતાપનું પણ રડવાનું હોય. ઇષ્ટ અપ્રાપ્તિનો ય વિલાપ હોય અને અનિષ્ટ પ્રાપ્તિનો ય વિલાપ હોય.**

દુ:ખનાં આંસુ પણ અલગ અલગ હોય, પોતાના દુ:ખ માટે ય માણસ રડે અને સ્વજન-પરિવારજનના દુ:ખ માટે પણ માણસ રડે તેથી અહીં ગ્રંથકાર મોટા ભાગના જીવોના રડવાનું કારણ તથા આંસુઓનું પ્રમાણ બનાવતા કહે છે. સંસારમાં પોતાના દુ:ખથી રડતા જીવોના આંસુઓ, માતા વગેરે બીજા જીવોના દુ:ખથી તેમના પ્રત્યેના મોહ-રાગના કારણે રડતા જીવોના આંસુઓ, પરસ્પર એકબીજાના દુ:ખથી રડતા જીવોના આંસુઓ જો ભૂતકાળના ભેગા કરવામાં આવે કે દરેક જીવના જુદા જુદાની ગણતરી કરીએ તો સમુદ્રના પાણીના જથ્થાને પણ શરમાવું પડે.

**આનો અર્થ સંસારી જીવોને દુ:ખમાં રડવું અને માનસિક હળવાશ મેળવવી આ એક દુ:ખમુક્તિનો ઉપાય લાગે છે, પરંતુ તે કામચલાઉ છે કાયમી દુ:ખ આનાથી દૂર થતું નથી. જે પાપઆચરણનો અને પાપવિચારણાનો ત્યાગનો ઉપાય છે તે જીવનમાં લાવતા નથી.** પાપપ્રવૃત્તિ અને પાપવૃત્તિને જીવ સુખનું કારણ સમજે છે. હકીકતમાં તે દુ:ખ અને દુર્બુદ્ધિનું કારણ છે જેના કારણે જ જીવો દુ:ખી બનતા હોય છે, લગભગ કાયમ બાહ્યદુ:ખથી દુ:ખી રહેતા હોય છે, રડતા હોય છે.

ધર્મી આત્મા સમજણવાળા હોય છે, વિશેષ ધૈર્યવાળા હોય છે, વૈરાગ્યવાળા હોય છે, સમજણ હોવાથી દુ:ખના સાચા કારણને જાણે છે, તેના ઉપાયોને જાણે છે. વિશેષ ધૈર્યવાળા હોવાથી આવેલ દુ:ખને સમતાથી સહન કરી શકે છે અને વૈરાગ્યયુક્ત હોવાથી ભયમુક્ત હોય છે. 'વૈરાગ્યમેવાભયમ' વૈરાગ્ય નિર્ભયતાને આપે છે. ધર્મી આત્મા પરમાત્મા કેન્દ્રિત હોવાથી પ્રભુ વૈરાગ્ય આપે છે એટલે અભય આપે છે. સમજણ અને વૈરાગ્યના કારણે દુ:ખ આવ્યા પહેલા દુ:ખના કારણોને જાણે છે અને

છોડે છે, દુઃખ આવ્યા પછી પણ દુઃખના કારણો છોડવાથી દુઃખ ધીમે ધીમે નાશ પામે છે. માટે કહ્યું ધર્મી દીન અને દુઃખી નથી હોતો કેમ કે પરમાત્માના પસાય =કૃપાથી તેને સમજણ વૈરાગ્ય મળેલ છે.


ધર્મી આત્મા પણ રડતો હોય છે, પણ રડવાનું કારણ-સ્થાન ભિન્ન હોય છે. તે પાપ કરવું પડે ત્યારે રડે છે, કર્મની પરાધીનતાથી પાપમાં ખેંચાય ત્યારે રડે છે. આ રડવાથી પણ પાપકર્મ ખપે છે, પુણ્ય બંધાય છે; જીવ વિશેષરૂપે વૈરાગ્યને અને ધર્મને યોગ્ય બને છે. એ જ રીતે ધર્મી આત્મા પોતાની પરિસ્થિતિના કારણે કે માનસિક નબળાઇને કારણે ધર્મ ન કરી શકે ત્યારે પણ રડે છે અને આ રડવાનું જીવને પાપકર્મ ખપાવનાર અને ધર્મમાં આગળ વધારનાર છે. આ બન્ને પ્રકારે પાપકરણ અને ધર્મ-અકરણ વખતે રડતો જીવ કર્મ ખપાવતો વિશેષ ધર્મમાં યોગ્ય બને-આગળ વધે છે. જો કે આ રડવાનું અનેક ભવોમાં થતું નથી મતલબ આ આંસુઓ વધારે ભવમાં પાડવા પડતાં નથી કેમ કે પાપ-દોષો માટે રડવાથી પાપની વૃત્તિ અને પ્રવૃત્તિ સાહજિક છૂટી જાય છે. ધર્મની વૃત્તિ તો સ્થાયી છે અને ધર્મની પ્રવૃત્તિના સંયોગો પાપકર્મના ક્ષયથી પ્રાપ્ત થાય છે.

**પાપી આત્મા પાપમાં સુખી ભાસે અને ધર્મમાં દુઃખી ભાસે જ્યારે ધર્મી આત્મા પાપમાં ઉદ્વિગ્ન હોય અને ધર્મમાં વિશેષ પ્રસન્ન હોય.** માટે માતા, સ્વજનના પરસ્પરના આંસુ અહીં બતાવ્યા અને સાગરના પાણી કરતાં વધારે બતાવ્યા. ધર્માત્માને લાંબો ટાઇમ અને વારંવાર દુઃખી થવાનું રહેતું નથી કારણ કે તેને અલ્પકાળ અને અલ્પભવમાં સદ્ભાવના અને પ્રવૃત્તિના કારણે આત્મસાત વિશેષ ધર્મ પ્રાપ્ત થાય છે. ધર્માત્માપણું સળંગ સંખ્યાત-અલ્પ સંખ્યાત ભવ જ રહે છે. પછી મોક્ષે જાય છે અથવા વિષય-કષાય-પ્રમાદ-અજ્ઞાનગ્રસ્ત બની ધર્મભ્રષ્ટ થાય છે. માટે અહીં જે રડવાની વાત છે તે પાપી માટે જાણવી. ધર્માત્મા ક્યારેય દીન-દુઃખી-રોદનશીલ હોતો નથી.



## ૪૯

जं नरए नेरइया,
दुहाइं पावंति घोर-णंताइं ।
तत्तो अणंतगुणियं,
निगोअमज्झे दुहं होइ ।।


जं नरए नेरइया
दुहाइं पावंति घोर-णंताइं
तत्तो अणंतगुणियं
निगोअमज्झे दुहं होइ ।।४९

**ગાથાર્થ – નરકમાં નારકો જે ઘોર અને અનંત દુઃખો પામે છે, તેથી અનંતગણું દુઃખ નિગોદની મધ્યમાં હોય છે. ।।૪૯।।**

***49. The denizens of hell undergo intense agonies.***
***The denizens of nigoda experience***
***Immeasurably more acute pain than that of hell.***

નરકમાં નારકીઓ જે દુઃખ પામે છે, ભોગવે છે એ દુઃખો અત્યંત દુઃસહ છે. આ દુઃખો મનુષ્ય-તિર્યંચોનાં ઉગ્ર દુઃખો કરતાં પણ અનંત ગુણ પાવરવાળા હોય છે. નારકીઓને મન હોવાથી આ વ્યક્ત રીતે અનુભવાય છે. નારકીના એક પણ દુઃખને મનુષ્ય-તિર્યંચ એક ક્ષણ પણ સહન ન કરી શકે એના પ્રાણ નીકળી જાય. ક્ષેત્રકૃત-પરમાધામીકૃત-અન્યોન્યકૃત પીડાઓ સતત ચાલુ હોય. ગરમી-ઠંડી-શ્વાસ-તાવ વિ. ૧૦ પ્રકારના મોટા દુઃખો-રોગોથી હંમેશા ઘેરાયેલ હોય. તેને ત્યાંના દુઃખના બદલે અહીંના દુઃખના વાતાવરણ-સ્થાનમાં મૂકવામાં આવે તો તેને શાતા-શાંતિ મળે. અર્થાત્ ત્યાંની કાતિલ ઠંડીમાંથી નારકને લઇ અહીં હિમાલય પર સુવાડવામાં આવે કે ત્યાંના તીવ્ર ગરમીના વાતાવરણમાંથી નરકના જીવને લઇ અહીં ટાટાની ભઠ્ઠી પર સુવાડવામાં આવે તો તે નિરંતર ૬ મહિના ઘસઘસાટ ઊંઘી જાય. એટલે કે અહીંના દુઃખો કરતાં ત્યાંના દુઃખો અનંતગુણા છે. આ નારક જીવોનું સ્વરૂપ માત્ર ભય બતાવવા માટે કાલ્પનિક નથી પરંતુ વાસ્તવિક છે. તેના સ્થાનો-સ્વરૂપ-દુઃખના પ્રકારો વગેરે શ્રી સર્વજ્ઞપ્રભુના શાસ્ત્રોમાં બતાવેલ છે. નરકાયુ બંધના કારણો પણ બતાવ્યા છે.

જે આત્મા પાપપ્રવૃત્તિમાં આનંદ પામનાર-તેની પ્રશંસા કરનાર-તેમાં પોતાની હોંશિયારી-બડાઇ મારનાર, કોઇપણ પાપની પ્રવૃત્તિમાં કે વિચારણામાં મશગુલ બનનાર છે તેને આ સ્થાન મળે છે. તેનું ઉગ્ર-નિરંતર દુઃખ અસંખ્યકાળનું હોય છે જેને ૩૩ સાગરોપમ જેવા પારિભાષિક શબ્દોથી ઓળખાવાય છે. પરંતુ નરકમાં જનાર જીવોમાં કેટલાક જીવો પાપબુદ્ધિની ગાઢતાના કારણે નારકમાંથી ફરી પાછા નારક નથી થવાતું તેથી બે નારકભવોની વચ્ચે એક તિર્યંચ કે મનુષ્યનો ભવ કરી ફરી નારક તરીકે ઉત્પન્ન થાય છે. આવા એકાંતરે-બે આંતરે અવારનવાર જીવ મહા આરંભ-પરિગ્રહ-હિંસા-વિષયનો ગાઢ રાગ વગેરેથી નરકના ભવમાં જાય છે. જ્યાં સતત-સર્વપ્રકારે ઉગ્ર વેદના ભોગવતો રહે છે ત્યાંથી તેને કોઇ છોડાવી શકતું નથી. અચ્યુતેન્દ્ર (સીતાનો આત્મા) જેવા પણ દુઃખમાં રીબાતા લક્ષ્મણને ત્યાંથી બહાર લઇ જઇ શક્યા ન હતા.

જેમ નરક એ રૌરવ અને લાંબા દુઃખનું કારણ છે એનાથી પણ વધારે દુઃખ નિગોદમાં છે. અનંતકાળ સુધી સતત જન્મ-મરણ કર્યા જ કરવાના. એક શ્વાસોશ્વાસમાં સાડા સત્તર ભવો થાય. અહીં શ્વાસ એટલે હૃદયના ધબકારા જેટલો કાળ સમજવાનો. અનંતા જીવોને એક જ શરીરમાં સાથે ઉત્પન્ન થવાનું-જીવવાનું અને મરવાનું, જે દુઃખ નારકમાં નથી. આવી નરક કરતાં પણ અનંતગણી વેદનાવાળી નિગોદમાં કર્મવશ



જીવ અનંતપુદ્ગલ પરાવર્ત કાળ સુધી રહ્યો છે. અવ્યવહાર રાશિના કાળની અપેક્ષાએ બધા જીવોએ અનંત પુદ્ગલ પરાવર્તકાળ ત્યાં પસાર કર્યા છે. વ્યવહાર રાશિમાં આવેલા-રહેલા જીવોએ પણ સંભવતઃ સંખ્યાત-અસંખ્ય પુદ્ગલ પરાવર્તો પસાર કર્યા છે. મતલબ ત્યાંના દુઃખો સહન કર્યા છે અને કરે છે.

આ દુઃખોનું મૂળ અજ્ઞાન-પાપસ્થાનોની પ્રવૃત્તિ અને તેમાં રહેલા તીવ્ર રસ અને એ તીવ્રરસને પોષણ કરનાર સંસારની અનેક પ્રકારની અનર્થદંડની-આરંભ-સમારંભની-પરિગ્રહની-મમતાની પ્રવૃત્તિ-તેમાં તન્મયતા-આનંદ-પ્રસન્નતા છે.


**માટે નરક-નિગોદમાં ન જવું હોય - તેના ઉગ્ર દુઃખો ન જોઇતા હોય તો અઢારે પાપ સ્થાનોની પ્રવૃત્તિ-તેનો પક્ષપાત-તેમાં આનંદને છોડવા-ઘટાડવા-મનને સમજાવીને તેમાંથી પાછું વાળવું, પાપવિચારણા કે પ્રવૃત્તિમાં ઉદ્વિગ્નતા ધારણ કરવી, દરેક પાપ સ્થાનોના રસ અને પ્રવૃત્તિથી થતા નુકશાનો વિચારવા. જેમ તંદુલીયો મત્સ્ય મનના-પાપના કારણે આહારરસના કારણે સાતમી નરકમાં જાય છે એ રીતે તમામ પાપસ્થાનના રસથી જીવ નરકમાં જઇ શકે છે. આમ વિચારી તેનો રસ છોડવો.**

આ રસને છોડવા-ઘટાડવા માટે, આપણે જેમ પાપની પ્રવૃત્તિઓ શક્યતા પ્રમાણે છોડવી જોઇએ એમ પાપની પ્રવૃત્તિમાં તીવ્રતા પણ ઘટાડવી જોઇએ.

દુનિયાનું-બહારનું જોવામાં-વાંચવામાં-વિચારવામાં પણ પાપનો રસ આત્મામાં વધે છે. સ્થિર થાય છે. માટે એ પણ છોડવા. જેમ અશુભવૃત્તિઓ તેવા પ્રકારની પ્રવૃત્તિથી પુષ્ટ બને છે તેમ તેવી પ્રવૃત્તિઓ પણ તથા પ્રકારના જોવા-વાંચવા-સાંભળવા-વિચારવા દ્વારા વારંવાર તીવ્ર બને છે. અને ઉગ્રપાપકર્મ અને દુર્ગતિઓ સર્જે છે. તેથી પાપપ્રવૃત્તિઓની તીવ્રતામય પીકચર-નાટક-નવલકથાઓ-જાસુસી સ્ટોરી-કામુક વાર્તાઓ-તેવી ચેનલો-છાપા-મેગેઝીનો વગેરેને ધર્માત્માએ દુર્ગતિ-દુરતસંસારના કારણ સમજી-સંક્લિષ્ટતાની વૃદ્ધિ કરનારું સાધન માની તેને છોડી દેવા જોઇએ. અન્યથા નરક-નિગોદના અનંત દુઃખનો જીવ અધિકારી બને છે, દુર્ગતિની પરંપરા સર્જે છે, અનંતકાળ પણ સંસારમાં ભમે છે. જે આનો ત્યાગ કરે-ઘટાડવાનું કરે છે, તેનો પક્ષપાત તોડે છે, તેનાથી સતત જાગ્રત-સાવધ રહે છે તે જીવ ધર્મને યોગ્ય બને છે, ધર્મના રસવાળો થાય છે, આરાધના દ્વારા સદ્ગતિ અને પરંપરાએ મોક્ષનો અધિકારી બને છે અને ક્રમશઃ **આગળ વધતો મોક્ષને પામે છે, પામશે.**

## ५०

तंमि वि निगोअमज्झे,
वसिओ रे जीव! विविहकम्मवसा ।
विसहंतो तिक्खदुहं,
अणंतपुग्गलपरावत्ते ।।




ગાથાર્થ - હે આત્મા ! વિવિધ કર્મની પરાધીનતાથી તે નિગોદમાં પણ અનંત પુદ્‌ગલ પરાવર્ત સુધી તીક્ષ્ણ દુઃખ સહન કરતો તું રહ્યો. ।।૫૦।।

*50. O living being,*
*As a resident of nigoda you have endured horrific agonies*
*For infinite spans of time*
*Because of the karmas you have bound.*



પૂર્વની ગાથામાં નિગોદની વાત કરતાં જણાવ્યું કે રૌરવ દુઃખોવાળી નરક કરતાં પણ તે અનંતદુઃખવાળી છે. નરકના જીવને વ્યક્ત રૂપે છે એટલે તે વ્યક્ત કરી શકે છે જ્યારે નિગોદના જીવને અવ્યક્તરૂપે છે - તે જણાવી શકતો નથી. આવી નિગોદમાં પણ હે જીવ! અનેક પ્રકારના કર્મને વશ-પરાધીનપણે તીક્ષ્ણદુઃખો સહન કરતો અનંતકાળ તું વસ્યો-ગોંધાઇ રહ્યો.

અવ્યવહારરાશિની અપેક્ષાએ અનંતપુદ્‌ગલ પરાવર્તકાળ જીવે નિગોદમાં પસાર કર્યો, વ્યવહાર રાશિની અપેક્ષાએ એક સાથે નિરંતર અઢી પુદ્‌ગલ પરાવર્ત પસાર થાય, જો કે એ કાળ પણ અનંત જ છે.

**આ નિગોદમાં જવાના-એકેન્દ્રિયપણું મળવાના શાસ્ત્રમાં (૪) કારણ બતાવ્યા છે. (૧) મોહનો તીવ્ર ઉદય (૨) અજ્ઞાનપણું (૩) અલ્પ-તુચ્છ શાતામાં મસ્તી-આનંદ (૪) મહાભય. આનાથી જીવ જેમ એકેન્દ્રિયમાં જાય છે તેમ ત્યાં તેને દીર્ઘકાળ રહેવું પડે છે. આ પરિસ્થિતિ નરકની જેમ દુઃખો ભોગવતા પસાર કરવાની હોય છે.**

ઉપરના ચાર કારણોને જેઓ સત્ત્વ-ધૈર્ય-વૈરાગ્ય અને સદ્‌ભાવના દ્વારા માનસિક પરિણામોમાંથી બાદબાકી કરીને ઘટાડે છે, આ ચારની લાગણીઓ છોડતા જાય છે તે આત્માઓ ધર્મને આરાધી શકે છે. (૧) ધર્મ આરાધના કરવા દરેક બાબતમાં મોહની તીવ્ર લાગણીઓને સમજણ-જ્ઞાન-ઉપયોગ-સત્ત્વ-ધૈર્યથી સતત ઘટાડવા પ્રયત્નશીલ બનવું પડે.

(૨) અજ્ઞાનને દૂર કરીને સમ્યક્ અનુભવરૂપ-જ્ઞાનજ્યોત પ્રગટાવવી, જેને જ્ઞાન ન હોય કે જ્ઞાન હોવા છતાં તે વિપરીતરૂપે અનુભવાય તેનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય. આ અજ્ઞાન આશ્રવો-વિષયો-કષાયો હેયરૂપ, દુઃખ-દુર્ગતિનું કારણ હોવા છતાં એને સુખનું કારણ લગાડે-બતાવે છે. આ વિપરીત જ્ઞાન અને જ્ઞાનરહિતપણું બન્નેનો નાશ ધર્મની શ્રદ્ધા અને ધર્મના સમ્યગ્જ્ઞાન દ્વારા થાય છે. અને જીવ કાયમ માટે દુર્ગતિમાં=નરક-નિગોદમાં જતો બચી જાય છે.

(૩) ભૌતિક-પૌદ્ગલિક શાતા વેદનીયમાં જીવ જે મસ્ત-ગૃદ્ધ બને છે, તેનું કારણ વૈરાગ્યનો અભાવ અને મોહાંધતા-રાગાંધતા છે તેથી જીવ પરભવમાં નિગોદ જેવી વ્યવહારથી (બાહ્યદષ્ટિથી) જડ જેવી અવસ્થા પામે છે. જેમ જડ કશું સમજે-જાણે નહીં તેમ મોહાંધતા-રાગાંધતાના કારણે જીવ આ ભવમાં પણ વસ્તુ-વ્યક્તિના ગુણ-દોષને જાણી શકતો નથી. અથવા દોષોને ગુણરૂપે અને દ્વેષાંધતાથી ગુણો પણ દોષરૂપ સમજે છે. આના-પરિણામે જીવ પરભવમાં એકેન્દ્રિયપણું મેળવે છે. અને દીર્ઘકાળ ત્યાં તેને પસાર કરવો પડે છે.

(૪) જે રાગની તીવ્રતાવાળા હોય, વિષયોમાં લંપટ હોય તેવા આત્માઓ સત્ત્વહીન બનીને કાયમ મહાભયવાળા હોય છે અર્થાત્ પ્રિયવસ્તુ-વ્યક્તિ-વિષયોના નષ્ટ કે વિયોગ થવાના વિચારથી હંમેશા ચિંતા-ભયવાળા હોય છે.

મોહનો તીવ્ર ઉદય આદિ ચાર ખોટી લાગણીઓ દુઃખ-દુર્ગતિની પરંપરા સર્જે છે અને ધર્મની પ્રવૃત્તિ-જ્ઞાન અને રૂચિરૂપ લાગણીઓથી ઉપરોક્ત દોષો અને બીજા દોષો નાશ પામે છે.

ધર્મી જીવ પણ મોક્ષે ન જાય ત્યાં સુધી કર્મના ઉદયને પરાધીન જરૂર છે પરંતુ કર્મના ઉદયો પણ ભવિતવ્યતા અને જીવના સત્ત્વ વગેરેને પણ પરાધીન છે તેથી જ્ઞાનાવરણાદિ ચાર ઘાતીકર્મના ઉદયો આત્માની ધર્મસાધનાથી ક્ષયોપશમ થઈને મંદ પડે છે અને કાળક્રમે એના ઉદયો ક્ષયોપશમના કારણે નિયંત્રિત રહે છે અને ગુણો વિકસિત થાય છે.

બીજા ચાર અઘાતી કર્મો પણ અમુક રીતે ઉદયમાં શુભરૂપે બળવાન બને છે અને અશુભ કર્મોના ઉદયો નિર્બળ બને છે. ક્યાંક-ક્યારેક નિકાચિત પ્રાયઃ કર્મના ઉદયો અલ્પકાળ માટે બળવાન દેખાય. પરંતુ ધર્મના અને શુભ આત્મપરિણતિના કારણે અશુભ કર્મો ચાહે ઘાતી કે અઘાતી તીવ્ર બંધાતા નથી અને જીવ આરાધનામાં આગળ વધતો શુભ કર્મોને ભોગવતો-આત્મશક્તિઓનો-આત્મગુણોનો વિકાસ કરતો કરતો-ઘાતી કર્મોનો હ્રાસ કરતો મોક્ષ સુધી પહોંચે છે.